

૨

# પ.પૂ.બાપજી સંગે દિવ્યાનુભૂતિ

## ગુરુવર્ય પ.પૂ.બાપજીના જીવન પ્રેરક પ્રસંગો...



પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)


સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનું લક્ષ્ય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સનાતન સિદ્ધાંતો અને અજોડ ઉપાસનાના પ્રવર્તનનું મહામોટું ભગીરથ કાર્ય કરી જેઓએ ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના રહસ્યને યથાર્થ છતું કર્યું છે એવા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ સમજાવેલા શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન અર્થે સન ૧૯૭૪માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રથમ સોપાન ભરી આ ભગીરથ કાર્યને નૂતન ક્રાંતિ આપી હતી. આ નૂતન ક્રાંતિને વિરાટ સ્વરૂપ આપતા સન ૧૯૮૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થાની સ્થાપના કરી.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ SMVS સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૮૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૭૫ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૫૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યા છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવાં સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.



૨

# પ.પૂ. બાપજી સંગે દિવ્યાનુભૂતિ

## ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનપ્રેરક પ્રસંગો...

**રજૂકર્તા :**
શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**સંસ્થાપક :**
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. બાપજી)

**પ્રેરણા :**
પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (પ.પૂ. સ્વામીશ્રી)

**લેખનકાર્ય :**
સાહિત્ય લેખન વિભાગ

**પ્રકાશક :**
સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર - ૩૮૨૦૦૭

**આવૃત્તિ :** દ્વિતીય, ઑક્ટોબર-૨૦૧૭

**પ્રત :** ૧૦,૦૦૦ નંગ

**મૂલ્ય :** ₹ ૩૭/- ▪ **સેવા મૂલ્ય :** ₹ ૨૦/-

**(સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટના અનુદાનથી ઘટાડેલ સેવા મૂલ્ય)**

# વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીનો દિવ્ય સંદેશ

॥ સ્વામિશ્રીજી ॥

શુભ સંદેશ – આશીર્વાદ ---

વ્હાલા ભક્તો – બાળકો - - -.

અનંત જીવોના કલ્યાણ અર્થે તથા પોતાના આશ્રિતોની સલામતીની જેમ છે તેમ અવિચળ રાખવા શ્રીજી મહારાજે અપાર કૃપા કરી વડતાલના ૧૯ના વચનામૃતમાં દિવ્ય આશીર્વાદ વચન કર્યું છે કે,

"આ જીવને જ્યારે ભગવાનનો યોગ મળે છે ત્યારે ભગવાનના અવતાર કે ભગવાનના સાધુ એ જો દૃઢ પ્રતીત ઉપર વિશ્વાસ હોય, તો તે જીવની આત્યંતિક મુક્તિ થાય તો એ જીવ ભગવાનની પેઠે (મુક્ત) થાય છે."

આ દિવ્ય આશીર્વાદ મુજબ શ્રીજીમહારાજે પોતાના દિવ્ય સત્પુરુષો દ્વારા આત્યંતિક કલ્યાણની દોરીઓ અવિચ્છિન્ન રાખી છે.

શ્રીજીમહારાજના આશીર્વાદ મુજબ શ્રીજીસંકલ્પમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ 'આદ્ય ગુરુવર, આદ્ય દીવાન' અને આશીર્વાદ આપ્યા 'આદ્ય દીવાન' એટલે જ વ્હાલા ગુરુવર્ય ભગવાનની આજ્ઞાપાલન અને સાથે આધ્યાત્મિક સંપ્રદાયની સેવા પાલન કરીને આ કાર્યના સંકલ્પને આપ્યા.

"ભગવાનમાં બેઠો નથી એને ભગવાનમાં જોડ્યા હોય કોઈક" એવા આ દિવ્ય સત્પુરુષનું પ્રાગટ્ય શ્રીજીમહારાજે અહીં પોતાની અખંડ-સનાતન-આશ્રિતોની સુરક્ષા ભાવનાના પ્રવર્તન અર્થે જ કરાવ્યું હોય ! એનો સ્પષ્ટ જ ઉલ્લેખ છે - શરણ કે આશીર્વાદ - ભગવાનના દિવ્ય સંકલ્પ ભક્તવાત્સલ્યના પ્રતીક શાસ્ત્રોને આચરીને ગૃહસ્થાશ્રમીઓને સમજાવવા સરળ કરી સમજાવી રહ્યા છે. સાધુઓ તથા ગૃહસ્થ વિચારસરણી - નવધાભક્તિ આ

[illegible]

શ્રીજીમહારાજ [illegible] ૧૯મા વચનામૃતમાં કહ્યું છે કે, 'અમારા સ્વરૂપનો નિશ્ચય [illegible] મહાદુર્લભ છે, [illegible] [illegible]' [illegible]...

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] પ.પૂ. [illegible]

[illegible]

[illegible] પ.પૂ. [illegible]

[illegible]

[illegible]


જય સ્વામિનારાયણ.

# દિવ્યાતિદિવ્ય મૂર્તિ
# પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન




શ્રી સર્વોપરી રૂપ સદ્‌ગુરુ ગુરું, સર્વાવતારી સદા ।
સાકારાકૃતિકં ઘનસ્વરૂપ કા, નંદં ચ શુદ્ધં સદા ॥
સર્વં કારણ કારણં વર..મહા, રાજા ધિરાજં પ્રભું ।
જન્માજન્મ નિયામકં સકલજ્ઞં, વંદે સદા સ્વામિનં ॥

# શ્રીજી સંકલ્પમૂર્તિ
# જીવનપ્રાણ અબજીબાપાશ્રી




હે બાપા, સુખમૂર્તિદાતા શ્રીહરિતણા, તેજોમય પ્યારા તમે,
અગણિત ગુણ અપાર આપ મહિમા, કહો કેમ જાણી શકીએ અમે;
અતિ ઉત્તમ નવીન દિવ્ય સુખડાં, સ્હેજે કૃપાળુ અપાવજો,
રસબસ ઓતપ્રોત શ્રીજીરૂપ કરી, મુજ દેહભાવ ટળાવજો.

# દિવ્ય કારણ સત્સંગની
# અમીરપેટી



દિવ્ય સ્વરૂપ શ્રી સદ્‌ગુરુ, છો કારણ સત્સંગમાંય;
સંકલ્પ સ્વરૂપ શ્રીજીતણા, આશિષે સ્થિતિ થાય.
સ્વામી ગોપાળાનંદ નિર્ગુણજી, શ્રીજી સમ સામર્થ કહું,
ઈશ્વર વૃંદાવન મુનિ સહ, સહુને ચરણે શીશ નમું.

## વચનામૃતના અનુભવી ગ્રંથ પ્રણેતા સત્પુરુષ
## પ.પૂ.અ.મુ.સદ્‌ગુરુ શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (પ.પૂ. બાપજી)



દ્વિતીય નમન ગુરુદેવને, જે છે સંકલ્પ શ્રીજીના જ;
સર્વે ક્રિયાઓ જેમની, કરનારા મહારાજ.
જેમાં શ્રીજીના જ છે, દિવ્ય કલ્યાણકારી ગુણ;
જીવમાંથી શિવ કરવા, અન્ય પરોપકારી કોણ.

## પ્રસ્તાવના

જીવાત્માનો આત્યંતિક મોક્ષ થવો સહેલો છે. પરંતુ આત્યંતિક મોક્ષ કરનારા સત્પુરુષ મળવા અતિ અઘરા છે. આપણી ઉપર શ્રીજીમહારાજની અકારણ કૃપા વરસી છે કે સમર્થ સત્પુરુષ જ ગુરુ તરીકે મળ્યા છે.

હવે એમને વિષે જેટલો દિવ્યભાવ કેળવાય તેટલા જ સુખી રહેવાય. એમના સ્વરૂપને જેટલું દિવ્ય સમજાય તેટલી જ તેમની સર્વે ક્રિયાઓ દિવ્ય ભાસે. દિવ્યભાવે નિહાળેલી ક્રિયા, પ્રસંગોનું મનન-ચિંતન આપણને મહારાજના સંબંધથી ભર્યા કરી દે છે. માટે મળેલા દિવ્યપુરુષના મહિમાઆકારે અખંડ રાચતા થઈએ.

આપણને મળેલા સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આપણા સૌની ઉપર અનંતાનંત ઉપકાર છે. એમના ઋણમાંથી મુક્ત થવાનો એક જ ઉપાય છે : એમનો અધિકાધિક મહિમા સમજી તેમને વિષે દિવ્યભાવ દૃઢ કરવો. એ માટે જરૂર છે મોટાપુરુષના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાંનિધ્યમાં રહી તેમના જીવનમાંથી જોતાં, લેતાં, લખતાં, ગાતાં શીખવું. આપણા સૌના જીવનમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનો વિશેષ મહિમા દૃઢ કરવા તથા અખંડ મહિમાસભર થવા એમના જીવનના દિવ્ય પ્રસંગોનું મનન-ચિંતન કરવું તે અદ્‌ભુત ઉપાય છે.

આ દિવ્ય પ્રસંગોના સરળ પ્રવાહ દ્વારા હજારો મુમુક્ષુઓને આધ્યાત્મિક યાત્રાએ ચાલવાનું દિશાદર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમનાં દિવ્યજીવનથી આપેલ છે. શાશ્વત, સરળ અને અનુભવપૂર્ણ આ દિશાદર્શન પણ મુમુક્ષુઓ માટે દીવાદાંડીરૂપ બની જાય તેવું અદ્‌ભુત છે.

સમગ્ર સમાજ મહિમાસભર થાય તે માટે મહિમાસભર સંતો-ભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં રહી અનુભવેલ તથા અન્ય થકી સાંભળેલ એવા કલ્યાણકારી ગુણોના દિવ્ય પ્રસંગોને સંકલન કરી તથા તેઓની વિવિધતમ છબીઓ સાથે આ પુસ્તક રૂપે રજૂ કરેલ છે.

તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના પ્રાગટ્યથી વર્તમાન સુધીના પ્રસંગોને ક્રમશઃ રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આજ સુધી એકમાત્ર શ્રીજીમહારાજનો જ મહિમા ગાયો છે અને સૌને એક શ્રીજીમહારાજનો જ મહિમા ગાવાનું કહે છે. આ પુસ્તક પ્રકાશન કરવામાં પણ તેઓની પ્રસન્નતા ન હોવા છતાં સર્વે સંતો-ભક્તોની ખૂબ પ્રાર્થના અને આગ્રહપૂર્વકની વિનંતી હતી કારણ કે આપણા સૌ માટે તો તેઓ જીવનપ્રાણ છે. તથા સૌના માટે દિવ્ય કલ્યાણકારી ગુણો મેળવવાનો પ્રેરણાસ્રોત છે.

જેથી અનંત જીવો એમના જીવનમાંથી પ્રેરણા પામી દિવ્યજીવન બનાવે તથા મળેલા સત્પુરુષને વિષે મહિમાઆકારે થાય એવા એકમાત્ર ઉમદા હેતુથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ૮૫મા પ્રાગટ્ય વર્ષે આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

જેને વાંચી મુમુક્ષુને દિવ્યજીવન જીવવાની પ્રેરણા તથા સત્પુરુષનું આપણા ઉપર કેટલું ઋણ છે તે જાણી તથા આપણા માટે કેટલા દાખડા છે એ જાણી જરૂર અહોભાવ આકારે થવાશે એવી અમોને ખાતરી છે.

શ્રીજીમહારાજ, બાપાશ્રી અને અમીરપેઢીના સમર્થ સદ્‌ગુરુશ્રીઓને પ્રાર્થના કે સર્વે સંતો-હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીને ખૂબ રાજી કરી કલ્યાણકારી ગુણોના વારસદાર બની શકીએ એવી દયા કરો.

- સાહિત્ય લેખન વિભાગ

## અનુક્રમણિકા


૧. જાણો પર ઉપકારી એહી રે ૧
૨. એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહીં ૭
૩. સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ–ધર્મમાં છૂટછાટ નહીં ૧૨
૪. સાધુતાના શણગાર ૧૫
૫. કર્તાપણું બસ એક શ્રીજીનું ૧૭
૬. તન કી ઉપાધિ તજે સોહી સાધુ ૨૨
૭. સત્પુરુષ તો તેને રે કહીએ, જે શાશ્વત શાંતિ પમાડે રે ૨૬
૮. વચનામૃતના આચાર્ય ૩૦
૯. સૌમાં મહારાજ બિરાજમાન છે ૩૩
૧૦. મુક્તપુરુષ તો તેને રે કહીએ, જે મૂર્તિના સુખમાં રમાડે રે ૩૫
૧૧. આપ્યા કોલ, કર્યા કૃતાર્થ ૩૯
૧૨. ચાર રૂપિયાનાં જોડાં ચૌદ વર્ષ ચલાવ્યાં ૪૩
૧૩. પરભાવની અલૌકિક સ્થિતિ ૪૭
૧૪. સાધુને મોટું પાપ લાગે ૪૯
૧૫. રજોગુણનો લેશ નહીં ૫૩
૧૬. અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે ૫૭
૧૭. નિર્દંભ સાધુતા ૫૯
૧૮. પસંદગી તો પ્રતિકૂળતાની જ ૬૨
૧૯. અનંતના આત્મીય સ્વરૂપ ૬૫
૨૦. સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહીં ૭૦
૨૧. રૂપિયો એટલે રૂપિયો એમાં ૯૯ પૈસા પણ ન ચાલે ૭૫
૨૨. અમને તો એક સ્વામિનારાયણનો જ મહિમા
કહેવાનો હવાલો આપ્યો છે ૭૮

૨૩. નિશ્ચય તો નવડા જેવો કરવો ________ ૮૧
૨૪. ભગવાન તો એક સ્વામિનારાયણ જ,
એ વિના ગુરુ કે સત્પુરુષ પણ નહીં ________ ૮૫
૨૫. મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ? ________ ૮૯
૨૬. આવા સ્વામિનારાયણ મળ્યા પછી મોબત કોની ? ________ ૯૪
૨૭. મહારાજનું જ્ઞાન તો શ્રેષ્ઠ ફિલૉસૉફી છે ________ ૯૭
૨૮. પુરુષોત્તમ વતે જ પુરુષોત્તમ પમાય ________ ૧૦૧
૨૯. ગમ્મત સાથે જ્ઞાન પાયું છે ________ ૧૦૪
૩૦. નિર્માનીપણાના પ્રેરણામૂર્તિ ________ ૧૧૩
૩૧. થોકડો ફેરવી નાખ્યો છે ! ________ ૧૧૭
૩૨. દિવ્ય આશીર્વાદ ________ ૧૨૦
૩૩. નિખાલસતા ________ ૧૨૬
૩૪. દિવ્ય સ્મૃતિઓ ________ ૧૨૯
૩૫. દિવ્ય પ્રસાદમ્ ________ ૧૩૫
૩૬. હજુ જોજો તો ખરા આજના કિશોરો અને નવી પેઢીને ________ ૧૪૨
૩૭. જીવંત સાધુતા ________ ૧૪૫
૩૮. હજુ જોજો તો ખરા ________ ૧૫૧
૩૯. ગુણગ્રાહકતા ________ ૧૫૬
૪૦. રચવો એવો દિવ્ય સમાજ ________ ૧૬૧
૪૧. કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે ________ ૧૬૭
૪૨. દિવ્યપુરુષ મહિમાગાન ________ ૧૭૪

પરિશિષ્ટ :
પરિશિષ્ટ ૧ : પ્રકરણની વિષયવાર સૂચિ ________ ૧૭૭
પરિશિષ્ટ ૨ : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ ________ ૧૭૯









પરમાર્થં અર્થે આવિયા, નિજ સ્વાર્થ નહિ લવલેશ;
એવા થકા ભમે ભૂમિમાં, આપે સહુને સારો ઉપદેશ.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૧

# જાણો પર ઉપકારી એહી રે

"**સન્તાઃ પરોપકારાય વિભૂતિઃ** ।" અર્થાત્ 'સંત પરમ હિતકારી સ્વરૂપ છે.' નિજ સ્વાર્થને ન સાધતાં બીજા માટે જ જીવન જીવી જાય છે. આવા પરોપકારી દિવ્ય સત્પુરુષ એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી.

જેમણે પોતાના જીવનમાં એક ક્ષણ પણ સ્વસુખનો વિચાર કર્યો નથી. જેનો આજે સમગ્ર **SMVS**નો ત્યાગી-ગૃહી સમાજ સાક્ષી છે.

ઈ.સ. ૧૯૮૧-૧૯૮૨ના વર્ષની આ વાત છે.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી, વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી સાથે ચરોતર પ્રાંતના મોરજ ગામે વિચરણાર્થે પધાર્યા હતા. ત્યાં ગામના સ્વામિનારાયણ મંદિરમાં ઉતારો લીધો.

હરિભક્તો રાજી રાજી થઈ ગયા. સાત વાગ્યા એટલે સંધ્યા આરતી થઈ.

સંધ્યા આરતી થઈ ગયા કેડ્યે હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "અમારા ઘરે પધરામણીએ પધારશો ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "જાઓ, ઘરે જઈને તૈયારી કરો. અમે થોડા જ સમયમાં ઠાકોરજીના થાળ કરીને આવીએ છીએ."

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ જલદીથી પ્રાઈમસ ઉપર રસોઈ બનાવી ઠાકોરજીના થાળ કર્યા. પછી તરત જ હરિભક્તોના ઘરે પધરામણીએ પધાર્યા.

વીસેક જેટલી પધરામણી કરી ત્યાં તો સાડા આઠ - પોણા નવ વાગી ગયા.

સભાનો સમય થઈ ગયો એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં લાભ આપવા પધાર્યા. સભામાં તેઓએ મહારાજના સ્વરૂપના મહિમાની ખૂબ વાતો કરી.

સભા પૂરી થતાં તો સાડા અગિયાર વાગી ગયા. સભા પછી હરિભક્તો લાઈનમાં દર્શન કરવા આવતા હતા.

એમાંથી અમુક હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "દયાળુ, અમારે પધરામણી બાકી છે તો આપ પધારો ને !"

રાત્રે સાડા અગિયાર વાગી ગયા હતા. વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજીને રાત્રે જ વાસણા પરત આવવાનું હતું.

એટલે પ.પૂ. સ્વામીશ્રીએ હરિભક્તોને વિનંતી કરતાં કહ્યું કે, "દયાળુ, પધરામણી પછી રાખો તો સારું, અત્યારે ખૂબ મોડું થયું છે અને અમારે વાસણા પહોંચવાનું છે તો બીજી વખત આવીએ ત્યારે પધરામણી કરશું."

આ સાંભળી હરિભક્તો કોઈ ઉત્તર આપે તે પહેલાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલી ઊઠ્યા કે, "આ તો આપણા સુખનો વિચાર કર્યો કહેવાય; સાધુએ કોઈ દિવસ પોતાના સુખનો વિચાર ન કરાય, નિરંતર બીજાના સુખમાં જ રાચે, એમાં જ સુખી રહે, એનો જ આનંદ આવે એને સંત કહેવાય."

અને તરત જ હરિભક્તોને કહી દીધું કે, "જાઓ, તમે તૈયારી કરો; અમે આવીએ છીએ."

અને રાત્રે સાડા અગિયાર વાગ્યે પધરામણી શરૂ કરી, મોડી રાતના એક વાગ્યા સુધી પધરામણી કરી.

વહેલી પરોઢે ત્રણ વાગ્યાની આસપાસ વાસણા મંદિરે પહોંચ્યા છતાંય મુખ પર થાક કે ઊંઘની લકીર પણ જોવા ન મળે !!

• • •

ઈ.સ. ૨૦૦૩માં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ડાયાબિટીસની મંદવાડલીલા ગ્રહણ કરી હતી.

આયુર્વેદિક ડૉક્ટરના સૂચન-પ્રાર્થનાનુસાર તેઓ અન્નનો ત્યાગ કરી માત્ર

ગાયના દૂધ ઉપર આઠ મહિના સુધી રહ્યા હતા.

આ દરમ્યાન તેમનું અવરભાવનું શરીર અતિશે કૃશ થઈ ગયું હતું તથા ખૂબ અશક્તિ લાગતી હતી. તેમ છતાં તેઓ એક દિવસ જંપીને બેઠા ન હતા.

આઠ મહિના બાદ ડૉક્ટરે હળવો આહાર લેવાનું શરૂ કરાવ્યું અને સાથે A.C.માં રહેવાની અને મુસાફરીનો શ્રમ ન લેવાની ભલામણ રૂપે પ્રાર્થના કરી.

પરંતુ ડૉક્ટરનું સાંભળીને બેસી રહે એ બાપજી શાના ?

બે-ત્રણ દિવસમાં જ તેમણે સંતોની ના હોવા છતાં પરાણે પંચમહાલનું વિચરણ ગોઠવાવ્યું.

સવારે વહેલા છ વાગ્યે નીકળી તેઓ ઝાલોદ સમૈયામાં લાભ આપવા માટે પધાર્યા હતા. બપોરે મોડે સુધી દર્શન આપ્યાં.

વળી સાંજે સાતથી અગિયાર વાગ્યા સુધી ઘરના હરિભક્તોને લાભ આપ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને થાક ન લાગે તે માટે બીજા દિવસે સંતોએ સવાર-સાંજની માત્ર બે સભાનું આયોજન કર્યું હતું.

બીજા દિવસે સવારે પાંચ વાગ્યે પૂ. સંતો પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજી ઊઠી ગયા.

અને સંતોને ઉઠાડતાં કહ્યું, “સંતો, ઊઠો; આપણે સાત વાગ્યે હિંગલા વિચરણમાં નીકળવાનું છે.”

આંખો ખૂલતાં પૂ. સંતો આશ્ચર્યમાં પડી ગયા. તેઓ અંદરોઅંદર વાત કરવા લાગ્યા : “ટીંમલાની દસ વાગ્યાની સભા છે અને સાત વાગ્યે હિંગલા વિચરણમાં નીકળવાનું કેમ કહેતા હશે ?” કોઈ સંતે કહ્યું, “સમૈયામાં હિંગલાના હરિભક્તો આવ્યા હતા. તેમની સાથે સીધું જ બાપજીએ વિચરણ ગોઠવ્યું હશે.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સાથે રહેલા સંતો-હરિભક્તોને અલ્પાહાર કરાવ્યો. તુરત હિંગલા જવા નીકળ્યા.

હિંગલાના પ્રેમી હરિભક્તોએ સામૈયું કર્યું. તેમને કથાવાર્તાનો લાભ આપી આદિવાસી હરિભક્તોને વસ્ત્રદાન કર્યું. થોડા ખોરડામાં પધરામણી કરતાં દસ વાગી ગયા.

ત્યાંથી ટીંમલા પહોંચતાં અગિયાર વાગી ગયા. અહીં પણ હરિભક્તોએ સામૈયું કર્યું. બે બે ડુંગર ચડી વાઘાભાઈ, રનાભાઈ જેવા હરિભક્તોના ઘરોઘર પધરામણી કરી.

લગભગ બપોરનો દોઢેક વાગ્યાનો સમય થઈ ગયો હતો. ગરમી ખૂબ જ

હતી. ગુરુવર્ય પ.પૂ. બાપજી લક્ષ્મણભાઈ ખુમાભાઈ ડામોરને ત્યાં પધાર્યા કે જેઓ માછીમારનો ધંધો કરતા હતા. તેઓ રોજના ત્રણ-ચાર મણ (૮૦ કિલો) માછલાં મારતાં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને અંગત સત્સંગ કરાવી બળ આપી માછીમારનો ધંધો બંધ કરાવ્યો અને વર્તમાન ધરાવી શુદ્ધ સત્સંગી કર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ છેલ્લી પધરામણી હતી.

પધરામણી પૂરી કરીને તેઓ મંદિરે આવવા માટે નીકળતા જ હતા કે, વાઘાભાઈ છનાભાઈ ડામોર નામના એક હરિભક્તે આવીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, મારે ઘેર પધરામણી કરો ને !’’

પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને જાણ કરી કે, ‘‘આને ઘેર દારૂની ભઠ્ઠી છે અને દારૂનો ધંધો કરે છે.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘તારું ઘર ક્યાં છે ?’’

વાઘાભાઈએ કહ્યું, ‘‘આંય કણ નજીક જ છે.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘ચાલ હેંડ, તારે ઘેર અમે પધરામણીએ આવીએ છીએ.’’

અને બપોરના દોઢેક વાગ્યે બેથી ત્રણ ડુંગરા ચડીને વાઘાભાઈને ઘેર પધરામણી કરી દારૂની ભઠ્ઠી બંધ કરાવી.

આશ્ચર્યની વાત તો એ છે કે એ સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીને શારીરિક તકલીફ હોવાથી જમાડવામાં માત્ર ગાયનું દૂધ જ ધરાવતા હતા.

છતાંય ન કોઈ થાક ! ન કોઈ મુશ્કેલી ! કે મુખ પર ન કોઈ ઉચાટ જોવા મળે ! જોડે રહેલા સંતો-હરિભક્તો ડુંગરા ચઢીને થાકીને લોથપોથ થઈ ગયા હતા.

પણ એ દિવ્યપુરુષના ચહેરા ઉપર પરસુખનો આનંદ, ઉત્સાહ ને ઉમંગ તો એવા ને એવા જ જોવા મળતા કે જાણે હજુય કોઈ એકાદ-બે ઘરાક આવી જાય તો એને સુખિયા કરી મૂકીએ.

આ ઉપરાંત ગામના કૂવા તથા ખેતરો પ્રસાદીના કરી ૩૦૦ હરિભક્તોને કંઠી બાંધી સત્સંગી કર્યા. ત્યાં સુધીમાં બપોરના ત્રણ વાગી ગયા હતા.

ટીંમલાથી સંતરામપુર પહોંચતાં સાંજના ચાર વાગી ગયા હતા. સાથે રહેલા સંતો-હરિભક્તોને તો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અલ્પાહાર કરાવ્યો હતો.

પરંતુ પૂ. સંતો સરતચૂકથી પાણીની વૉટરબૅગ પણ સાથે લાવવાની ભૂલી

ગયા હોવાથી ચાર વાગ્યા સુધી પાણીનું એક ટીપું પણ એ દિવ્યપુરુષે મુખારવિંદમાં મૂક્યું ન હતું.

તેથી સેવામાં રહેલ સંતો અતિશે દિલગીર થઈ ગયા અને માફી માગી કે, "બાપજી, અમને તો આપે અલ્પાહાર કરાવ્યો પણ આપને અમે દૂધ તો નહિ, જળ પણ ન આપી શક્યા માટે રાજી રહેજો."

ચાર વાગ્યા સુધી નિર્જળા ઉપવાસ હોવા છતાં તેમના મુખારવિંદ પર આનંદ હતો. કારણ કે પોતાના દેહનાં સુખ-સગવડ તરફ દૃષ્ટિ નહોતી.

પરંતુ બીજા ઉપર પરોપકાર કરવા તરફ જ એકમાત્ર દૃષ્ટિ હતી તેવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સહસા સંતોને કહ્યું, "સંતો, આપણને અન્નજળ ન મળે તેનું કાંઈ નહીં. આટલા બધા આજે વ્યસન છોડી સત્સંગી થયા, દારૂની ભઠ્ઠીઓ બંધ કરી અને માછલાં મારવાનાં બંધ કર્યાં એનો આનંદ છે. મહારાજ-બાપા કેવા રાજી થતા હશે ! એમનાં જીવન સુધર્યાં, એમનું ભલું થયું એમાં આપણું જમવાનું પણ આવી ગયું."

અહાહા... પરોપકાર કરવાની કેવી ઉત્કૃષ્ટ કરુણા !!

સાંજે ચાર વાગ્યે સંતરામપુર પહોંચ્યા; ત્યાં જમાડ્યું ન જમાડ્યું ને તરત ઊભા થઈ ગયા. અને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "ચાલો ગાડિયા."

સાથે રહેલા સંતોએ પ્રાર્થના કરી કે, "દયાળુ ! આપ સવારથી ખૂબ થાકી ગયા છો માટે ગાડિયા ગામે કાલે જઈશું. આજે સમાચાર મોકલીને ના પડાવી દઈએ."

પરંતુ જેમને 'સ્વ' કરતાં સૌનું હિત કરવાની ચિંતા વિશેષ છે. તેથી તેઓ સંતોનો આ પ્રસ્તાવ કેમ સ્વીકારે ? તેઓ તરત ગાડીમાં બેસી ગયા અને પાંચ વાગ્યે ગાડિયાના પાદરમાં ગાડી આવી પહોંચી.

ગાડિયાના હરિભક્તોએ ઉત્સાહ-ઉમંગથી નાચતાં-ગાતાં સામૈયું કર્યું. ગાડિયામાં ઘરોઘર પધરામણી અને સભાનું આયોજન થયું. ત્યાંથી સાડા સાત વાગ્યે નીકળ્યા.

વળી, સંતરામપુર ખાતે રાત્રે નવ વાગ્યાની સભાનું આયોજન તો ગોઠવ્યું જ હતું. ગાડીમાં સાથે રહેલા હરિભક્તોએ પ્રાર્થના કરતાં કહ્યું, "બાપજી, અમારા ઘરે પધરામણીએ પધારો ને !"

પૂ. સંતોએ હરિભક્તોને સમજાવતાં ના પાડી અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને ગોધર જવા પ્રાર્થના કરી.

ત્યારે તેમણે સંતોને કહ્યું, ''પહેલાં હરિભક્તો અને એમની પધરામણી; પછી આપણું સુખ. એમનો આવો ભાવ હોય તો શેનો થાક લાગે ? માટે જાવ તમે કથા [illegible]થામાં આવીએ છીએ. આ દેહે હરિભક્તો માટે થઈ આરામ હરામ છે.''

સાડા નવ વાગ્યા સુધીમાં પધરામણી પૂર્ણ કરી તેઓ સભા સ્થળે પહોંચી ગયા.

અને રાત્રે સાડા અગિયાર વાગ્યે કથા પૂરી કરી ત્યારે તેઓ થાકીને લોથપોથ [illegible]કરી.

ત્યારબાદ નિત્ય ચેષ્ટા કરી ગોધર પધાર્યા. પોઢ્યા ત્યારે રાતના સાડા બાર વાગી ગયા હતા.

છે [illegible]જીના પોઢવાના આસનની ફરતે બેસી ગયા.

''સંતો, હવે પોઢી જાવ. સાડા બાર વાગી ગયા છે.''

''હા, બાપજી, પોઢી જઈએ છીએ. પણ એક પ્રશ્ન છે. જો આપ રાજી હોવ તો પૂછીએ.''

''પૂછો, શું જાણવું છે ?''

''બાપજી, સવારના પાંચ વાગ્યાથી રાતના સાડા બાર વાગ્યા સુધી આપને [illegible]' આટલો દાખડો કેમ ?''

આટલું પૂછતાં એ સંતની આંખ ભીની થઈ ગઈ. બીજા સંતો પણ ઢીલા થઈ ગયા.

[illegible]ને મહારાજનું સ્વરૂપ ઓળખાય તો એક બ્રહ્માંડ ઊગરે. અને એ જ સેવા મહારાજે અમને આપી છે. માટે આ જ પરોપકાર છે. એ માટે અમે આવ્યા છીએ. દેહ સામું જોવાનું નહીં. ક્યાં મહારાજ ! ને ક્યાં આપણે ! ચાલો હવે પોઢી જાવ.'' એમ કહી સંતોને પોઢાડી દીધા.

[illegible]કાદશી હતી માટે દિવસની નિદ્રાનો ત્યાગ હતો. છતાં પોતાના સુખની, આરામની પરવા કર્યા વિના પામર-પતિત જીવો ઉપર ઉપકાર કરવા આખો દિવસ વિચરણ કર્યું. આવું આવું તો હજારો વખત બન્યું છે. આ તો એક [illegible]ની માત્ર ઝાંખી કરાવી છે.

પર ઉપકાર કરવામાં જ પોતાનું જીવન ન્યોછાવર કરનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨

# એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહીં

સંસ્થાના સૌપ્રથમ ઘરધણીમુક્ત પ.ભ. કીર્તિભાઈ ભાવસાર ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી સાથે આત્મબુદ્ધિના નાતે જોડાયેલા હોવાથી મહારાજે તેમની ઘણી કસોટી કરી છે.

તેમને ચાર દીકરા હતા. તેમાંના પ્રથમ મુક્તરાજ સુરેશભાઈને ૧૮ વર્ષની યુવાન અવસ્થામાં જ મહારાજે મૂર્તિના સુખમાં લઈ લીધા. બીજા મુક્તરાજને પણ ૧૮ વર્ષ થતાં મહારાજે માંદગીનું નિમિત્ત ઊભું કરી ધામમાં લઈ લીધા.

ત્રીજા મુક્તરાજ ૧૬ વર્ષના થયા એટલે તેમને થયું કે મહારાજ કદાચ આને પણ ૧૮ વર્ષે ધામમાં લઈ લેશે તો ? આથી, તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય ચરણોમાં સાધુ થવા માટે અર્પણ કરી દીધા.

ચોથા મુક્તરાજ હરિકૃષ્ણની ૧૮ વર્ષની ઉંમર થતાં મહારાજે ફરી આકરી કસોટી લીધી.

હરિકૃષ્ણ ઈ.સ. ૨૦૦૪માં રક્ષાબંધનના આગલા દિવસે ફોર વ્હીલર ગાડી લઈ ભાવનગરથી અમદાવાદ આવતા હતા. રસ્તામાં ધોલેરા પાસે તેમનો ભયંકર અકસ્માત થતાં ત્યાં જ તેમને બ્રેઈન હેમરેજ થઈ ગયું. તેઓ બેભાન થઈ ગયા.

તાત્કાલિક અમદાવાદની વાડીલાલ હૉસ્પિટલમાં દાખલ કર્યા.

મગજનું ઑપરેશન કરવામાં આવ્યું જે ૧૦ કલાક સુધી ચાલ્યું. તેઓ અઢી

ઘરના તમામ સભ્યો ખૂબ જ ચિંતિત થઈ ગયા હતા. હરિકૃષ્ણને બચવાની કોઈ જ શક્યતા લાગતી નહોતી. પરિસ્થિતિ દિવસે દિવસે વણસતી જતી હતી.

આ સમયે વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા ખાતે વિદેશ વિચરણમાં હતા. ત્યાં તેઓને આ વાતની જાણ થઈ. તેથી પ.પૂ. સ્વામીશ્રીએ કીર્તિભાઈ સાથે

હરિકૃષ્ણના કુશળ સમાચાર પૂછતાં તેમણે બધી વાત કરી.

તેથી પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, ''તમારી શું ઈચ્છા છે ? હરિકૃષ્ણને રાખવો

કીર્તિભાઈ ખૂબ સમજણવાળા અને નિષ્કામ ભક્ત હતા. તેથી કહ્યું, ''દયાળુ, મહારાજની જેમ મરજી હોય તેમ કરો.''

તેમની સમજણની દ્રઢતા જોઈ રાજી થઈ પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ''બાપજી ! આપણે હરિકૃષ્ણને રાખવાનો છે. આપ દયા કરી આશીર્વાદ આપો. એમને એકનો એક દીકરો છે. એમની તો ઈચ્છા

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી આશીર્વાદ વરસાવતાં બોલી ઊઠ્યા, ''અરે હરિકૃષ્ણ તો મહારાજનો છે; અમારો છે. હરિકૃષ્ણને કાંઈ થવાનું નથી. મહારાજ

અને એ દિવ્યપુરુષના આશીર્વાદ ને કૃપાથી બીજા જ દિવસથી સ્વાસ્થ્ય સુધરવા લાગ્યું. ચોથે દિવસે તો તેઓ ભાનમાં આવી ગયા.

દસ દિવસ પૂર્ણ થયા ત્યારે ડૉક્ટરો અતિ આશ્ચર્ય અનુભવતાં એક જ શબ્દ

Oh miracle !!! really miracle !!! (ચમત્કાર... ચમત્કાર)

મારા ઘણાં વર્ષોના તબીબી જીવનમાં મેં આવો અકલ્પનીય ચમત્કાર જોયો જ નથી. વિજ્ઞાન આ વાતને સ્વીકારતી જ નથી. પણ મને આજે અદ્ભુત અનુભવ

હરિકૃષ્ણનું આયુષ્ય પૂરું થઈ ગયેલું હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નવું આયુષ્ય આપીને તેના નૂતન જીવનનો પ્રકાશ પાથરી દીધો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આપેલ ''હરિકૃષ્ણને કાંઈ થવાનું નથી'' તે વચનો

સંપૂર્ણ સાકાર થયાં.

આજે હરિકૃષ્ણભાઈ સંસ્થાના આજીવન ઘરધણીમુક્ત તરીકે સંનિષ્ઠ સેવા કરી રાજીપો કમાઈ રહ્યા છે.

•••

ઈ.સ. ૨૦૦૨, મે માસમાં વડોદરા સ્થિત ભરતભાઈ પટેલના પિતાશ્રી ચતુરભાઈને હૃદયની ખૂબ જ મોટી બીમારી થઈ હતી.

તે સમયે તેમની ૭૫ વર્ષની ઉંમર હતી. તેઓ લગભગ એક મહિના સુધી આ બીમારી સહન કરતા રહ્યા.

પછી એક હાર્ટ સ્પેશ્યાલિસ્ટ (હૃદયના નિષ્ણાત) ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરે હૃદયનો રિપૉર્ટ કઢાવવાનું સૂચવ્યું.

જેના પરથી ડૉક્ટરે નિદાન રજૂ કરતાં જણાવ્યું કે, ‘‘હૃદય પહોળું થઈ ગયું છે. આ કેસ ફેઈલ છે. બચવાની કોઈ શક્યતા નથી.’’

ભરતભાઈ તો ચિંતામાં મુકાઈ ગયા. ત્યારપછીના એક અઠવાડિયા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી વિચરણ દરમ્યાન વડોદરા મંદિરે પધાર્યા ત્યારે ભરતભાઈએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેમના પિતાશ્રીની બીમારી અંગે વાત જણાવી.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ પૂછ્યું કે, ‘‘ચતુરભાઈને હજુ રાખવા છે કે ધામમાં લઈ જવા છે ?’’

ભરતભાઈએ હાથ જોડીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, આપ હમણાં રાખો તો સારું.’’

આટલું સાંભળતાં જ અતિ દયાનિધિ સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદનું દાન કરતાં કહ્યું કે, ‘‘જાવ, તમારા પિતાશ્રીને મહારાજ રાખશે.’’ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદથી મહારાજે ચતુરભાઈને આ લોકમાં રાખ્યા.

તેમની આજે ૯૧ વર્ષની ઉંમર થવા છતાં ક્યારેય કોઈ જ પ્રકારની દવા લીધા વિના તેઓ તંદુરસ્ત રીતે જીવન જીવી રહ્યા છે. તેમને ૧૫ વર્ષના સમયમાં આજ દિન સુધી ક્યારેય હૃદયની જરીયે તકલીફ સુધ્ધાં થઈ નથી.

•••

પંચમહાલ જિલ્લાના રામાભાઈ માનાભાઈ બારિયા સ્વામિનારાયણ

ભગવાનના સત્સંગી નહીં. અને એમાંય સ્વામિનારાયણ સંપ્રદાયના ખૂબ જ વિરોધી ને ગુરુવર્ય પ.પૂ. બાપજીનો પણ સંપૂર્ણ અભાવ.

તેઓ મુંબઈ એરપૉર્ટ પર નોકરી કરતા. એક દિ' અચાનક તેઓ બીમારીમાં સપડાયા.

તેથી મુંબઈની મોટામાં મોટી હૉસ્પિટલમાં તેઓને ઍડમિટ કરવામાં આવ્યા. પણ બીમારી એટલી ભયંકર હતી કે હૉસ્પિટલના મોટામાં મોટા નામાંકિત ડૉક્ટરોએ પણ આ કેસમાંથી પોતાના હાથ ઊંચા કરી દીધા.

રામાભાઈને ઑક્સિજન પર રાખ્યા હતા. તેઓના સંબંધીઓમાં એક આપણા સત્સંગી.

તેઓને આ રામાભાઈની હાલત જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી યાદ આવ્યા. ને તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ફોન કરી, રામાભાઈની જીવનરક્ષા માટે દીનભાવે પ્રાર્થના કરી.

ત્યાં તો 'સાગર જેવાં દિલડાં જેનાં...' એવા એ દિવ્યપુરુષ બોલ્યા, "કશું જ નહિ થાય, ચિંતા ન કરશો. મહારાજ બધાં જ સારાં વાનાં કરી દેશે. તમે એટલામાં જોડે કોઈ સ્વામિનારાયણ મંદિર હોય તો ત્યાંથી મહારાજની પ્રસાદી અને કંઠી મેળવી લો. ને પછી રામાભાઈને મહારાજની અભયવર આપતી વરમાળા કહેતાં કંઠી પહેરાવી દેજો ને થોડી પ્રસાદી આપજો. અમે અહીં ઠાકોરજીને એમની રક્ષા માટે પ્રાર્થના કરીશું."

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આપેલ રક્ષાવચન મુજબ પેલા સત્સંગીભાઈ હૉસ્પિટલ નજીકના સ્વામિનારાયણ મંદિરમાં જઈ કંઠી ને પ્રસાદી લઈ જેવા તે હૉસ્પિટલમાં પ્રવેશ્યા ત્યાં તો રામાભાઈનો પચાસ ટકા રોગ આપોઆપ મટી ગયો.

પછી કંઠી પહેરાવી ને પ્રસાદી આપી ત્યાં પેલા ભાઈ બે-ત્રણ દિવસમાં સાવ સાજા-સારા થઈ ગયા.

પછી તો રામાભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે વાસણા મંદિરે આવ્યા ને એ દિવ્યપુરુષના ચરણોમાં ઢળી પડ્યા ને અગાઉ થયેલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના અપરાધ અંગે ક્ષમા પણ યાચી.

● ● ●

એક હરિભક્તને પોતાની સાત વીઘા જમીન વેચવી હતી.

આ માટે તેઓએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને નમ્રભાવે પ્રાર્થના કરતાં કહ્યું, “બાપજી... સેવકની સાત વીઘા જમીન છે. સાત વીઘાના અત્યારે પાંચ લાખ રૂપિયા આવે એમ છે, આપ રાજી હો તો વેચીએ કે પછી શું કરીએ ?”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “અત્યારે જમીન વેચવાની નથી. અમે તને જ્યારે જણાવીએ ત્યારે જ વેચજે. આ જમીનના ભાવ ખૂબ સારા આવશે.”

હરિભક્તે બાપજીનાં વચને પોતાના સંકલ્પને માંડી વાળ્યો.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વર્ષો પછી જ્યારે વેચવાનું કહ્યું ત્યારે એક વીઘાના સાડા ચાર લાખનો ભાવ આવ્યો.

આવા તો એક નહિ, દરેક હરિભક્તના અનુભવનો પ્રસંગ હશે જ કે એમના મુખે અપાયેલાં આશીર્વાદ કે વચન મહારાજના સંકલ્પે જરૂર સાકાર થયાં જ હોય.

મહારાજને કર્તા કરી આશીર્વચન વરસાવી અશક્યને શક્ય કરી પ્રેમી ભક્તોનાં દુઃખ ટાળનાર વચનસિદ્ધ સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# 3

# સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં

ઈ.સ. ૨૦૦૭ના નવેમ્બર માસમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને અવરભાવમાં છાતીમાં અસહ્ય દુખાવો થયો. સામાન્ય દુખાવો હોય તો તો કોઈને ખબર જ ન પડવા દે; સહી લે.

છાતીમાં સખત દુખાવો હોવાથી એન્જ્યોગ્રાફી કરાવી. ડૉક્ટર્સની સલાહ મુજબ હૃદયની બાયપાસ સર્જરી સત્વરે કરાવવી અનિવાર્ય હતી.

પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતોએ ઑપરેશન કરાવવા માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખૂબ પ્રાર્થના કરતાં તેમણે માંડ સંમતિ આપી.

તા. ૨૯-૧૧-૨૦૦૭ના રોજ અમદાવાદ ખાતે ક્રિષ્ના હાર્ટ હૉસ્પિટલમાં તાત્કાલિક ઑપરેશન કરાવવાનું નક્કી થયું. પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતો તેની તજવીજમાં હતા.

તેમ છતાં અવરભાવમાં એ દિવ્યપુરુષ સતત એક ચિંતા જણાવતા હતા કે, “રખે ને ઑપરેશન કરાવતાં શ્રીજીમહારાજની નિષ્કામ ધર્મની અણીશુદ્ધ આજ્ઞાનો ભૂલેચૂકે પણ ક્યાંય લોપ થશે નહિ ને !! અમારી સાધુતામાં લગારેય આંચ આવશે તો નહિ ને !”

સામાન્ય રીતે હૉસ્પિટલમાં ઑપરેશન વખતે ઑપરેશન થિયેટરમાં ડૉક્ટર્સના મદદનીશ તરીકે મહિલા નર્સ જ હોય. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “ઑપરેશન વખતે મને બેભાન કરે ત્યારે કોણ ઑપરેશન થિયેટરમાં આવ્યું તેની કોને ખબર પડે ?” ડૉક્ટરો જો નર્સને જોડે રાખે તો બેશુદ્ધ અવસ્થામાં પણ શ્રીજીમહારાજની આજ્ઞા લોપાઈ જાય. એ તો સાધુની સાધુતામાં ફેર પડ્યો કહેવાય.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને તાત્કાલિક બોલાવ્યા. પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, “સ્વામી, આપણે ઑપરેશન નથી કરાવવું; માંડી વાળો.”

પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, “પણ કેમ ? શા માટે નથી કરાવવું ?”

“સ્વામી, મહારાજની આજ્ઞા એટલે આજ્ઞા. ધર્મામૃતની કોઈ આજ્ઞા લોપીને આપણે ઑપરેશન કરાવવું નથી.”

પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું કે, “બાપજી, આપ કઈ આજ્ઞા લોપાવાની વાત કરો છો ?”

ત્યારે તેમણે કહ્યું કે, “ઑપરેશનમાં ડૉક્ટર જોડે મહિલા નર્સ તો હોય જ ને ! તેથી ઑપરેશન માંડી વાળીએ. મહારાજની મરજી હશે તેમ થશે.”

છાતીમાં અસહ્ય દુખાવો થતો હોવા છતાં દેહના દુ:ખને અવગણીને તેઓ નિયમ-ધર્મમાં અલ્પ છૂટછાટ મૂકવા માગતા નહોતા. તેથી તેઓ પોતાના નિર્ણયમાં અફર જ રહેશે તે વાતની પ્રતીતિ પ.પૂ. સ્વામીશ્રીને હતી જ તેથી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “બાપજી, ઑપરેશન વખતે ઑપરેશન થિયેટરમાં ફક્ત ડૉક્ટર જ હાજર હશે અને જો કાંઈ જરૂર હોય તો નર્સને બદલે બ્રધર્સ (પુરુષ)ને જ અંદર લેશે એવી બધી જ શરત કરીને વ્યવસ્થા કરી છે. માટે અલ્પ આજ્ઞા પણ લોપાશે નહીં. આપ હવે એની કોઈ ચિંતા ન કરો.” આટલું સાંભળતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીને હાશ થઈ. તેઓ હળવા થયા.

ડૉ. રાજેશભાઈ સાથે ઑપરેશન દરમ્યાન સંતોના બધા જ નિયમ-ધર્મ સચવાશે જ તેવું નક્કી થઈ ગયું ને ત્યાં તો સેવામાં રહેલ ‘બ્રધર્સ’ (પુરુષ)ની એક વાત ગુરુવર્ય પ.પૂ. બાપજીના કર્ણપટ પર પડી હતી. “ઑપરેશન વખતે તો હૉસ્પિટલનો સ્ટરિલાઇઝ કરેલો ડ્રેસ ફરજિયાત છે.”

જે વાત તેમને મૂંઝવતી હતી. કારણ, સંતોને ભગવું લૂગડું એ પણ રામપુર

ગામની માટીથી રંગેલું જ શરીર પર ધારણ કરાય, બીજું નહીં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, ‘‘સ્વામી, જો ઑપરેશન કરાવવું હોય તો ડૉક્ટરોને જે સેટિંગ કરવું પડે તે કરે પણ અમારા શરીરે તો ભગવું વસ્ત્ર જ રહેશે. આપણું કપડું ઓઢાડે તો આગળ વધો. આપણે બીજા રંગનું એમનું કપડું ન ચાલે. જો એમ ન થાય તો આપણે આજ્ઞા લોપીને ઑપરેશન કરાવવું નથી.’’

જ્યાં અલ્પ સાધુતામાં ફેર પડે તેવું આવે કે તુરત ગુરુવર્ય પ.પૂ. બાપજી એક નિર્ણય પર આવી જાય કે, ‘‘આપણે ઑપરેશન કરાવવું નથી.’’

પ.પૂ. સ્વામીશ્રીએ આ વાત ડૉક્ટરોને કહી. સંતોના નિયમ-ધર્મ વિષે સમજાવ્યું.

ડૉક્ટરો તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા અને નિયમ-ધર્મની દૃઢતા જોઈ અચંબિત થઈ ગયા અને સ્વતઃ બોલ્યા કે, ‘‘અમે આ ક્રિષ્ના હૉસ્પિટલમાં આજ સુધી ઘણા સંતોનાં ઑપરેશન કર્યાં છે. પણ કોઈનામાં આવી સાધુતા કે નિયમ-ધર્મની દૃઢતા જોઈ નથી.’’

‘‘ખરેખર ગુરુવર્ય પ.પૂ. બાપજી અસલ સાચા સાધુ છે.’’ ડૉક્ટરોને સાધુતા જોઈ ગુણ આવ્યો અને ભગવાં વસ્ત્રોને જ સ્ટીમ સ્ટરિલાઇઝ કરાવ્યા.

તે ધારણ કરાવી ઑપરેશન થિયેટરમાં ઑપરેશન માટે લઈ ગયા.

ત્યાં વળી નવી મૂંઝવણ ઊભી થઈ.

ઑપરેશન વખતે ગળામાંથી કંઠી તથા જનોઈ કાઢી નાખવા ડૉક્ટરોએ કહ્યું ત્યારે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની દૃઢતામાં અડગ રહ્યા અને કહ્યું, ‘‘શ્રીજીમહારાજની આજ્ઞાના ભોગે સ્વામી આપણે કશું નથી કરવું.’’

છેવટે ડૉક્ટરોને મનાવ્યા ને કંઠી-જનોઈ હસ્ત ઉપર એક બાજુ ટેપથી લગાવી દીધી પણ શરીર પરથી ઉતારવા તો ન જ દીધી. ભગવાં વસ્ત્રે જ ઑપરેશન થયું.

ઑપરેશન બાદ નેત્રો ખોલ્યાં ત્યારે પ્રથમ પ્રશ્ન પૂછ્યો, ‘‘મારી કંઠી અને જનોઈ ક્યાં ?’’

શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞા ન લોપાઈ જાય તેવી સાધુતા રાખવાનો અદ્‌ભુત આગ્રહ સમગ્ર સંત સમાજને સાધુતાની પ્રેરણા આપે છે.

નિયમ-ધર્મની બાબતમાં જેમણે ગમે તેવા વિકટ સંજોગોમાં પણ છૂટછાટ લીધી નથી અને આપી પણ નથી. એવા નિયમ-ધર્મના સાચા રક્ષક એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪

# સાધુતાના શણગાર

વર્ષાઋતુના આગમનની તૈયારી હતી. વાતાવરણમાં ખૂબ ગરમી અને અસહ્ય બાફ હતાં.

સૌ ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. એ દિવસોમાં એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા જેઠ સુદ પૂનમના સમૈયામાં લાભ આપવા પધાર્યા હતા.

હરિભક્તોની દર્શનની લાઈન ખૂબ મોટી સંખ્યામાં હતી. ગુરુવર્ય પ.પૂ. બાપજીને ખૂબ ગરમીનું અંગ તેથી પંખા ચાલુ હોવા છતાં મુખારવિંદ પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું.

ગમે તેવી સ્વસ્થ વ્યક્તિ પણ ગરમીના જોરથી માંદી થઈ જાય એટલી અસહ્ય ગરમી હતી. એમાં વળી હરિભક્તોની અતિશે ભીડ હોવાથી સેવામાં રહેલા સેવક પરિસ્થિતિ પારખી ગયા.

અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિનય વચને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, આજે અતિશય ગરમી છે. માટે આપનું ગાતડિયું ખભેથી સહેજ ઊંચું કરીએ તો આપને ગરમી ન લાગે.’’

સાધુતાનો નિરંતર શણગાર સજનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીને શારીરિક

ગરમીની તકલીફ કરતાં સાધુતાનું મૂલ્ય અતિ અધિક હતું તેથી આવી પ્રાર્થના તેઓ કેમ સ્વીકારે ?

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, ‘‘શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે કે પોતાનાં અંગ દેખાય તેવાં ઝીણાં વસ્ત્રો ન પહેરવાં. આપણે એવાં વસ્ત્રો પહેરતાં તો નથી તો પછી આપણું અંગ દેખાય તેવી રીતે વસ્ત્ર પણ શા માટે ઓઢવું જોઈએ ?’’ એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગાતડિયું વધુ નીચું કરી દીધું.

અઢી-ત્રણ કલાક દર્શન ચાલુ રહ્યા ત્યાં સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અસહ્ય ગરમી સહન કરી, પણ ગાતડિયું સહેજ નીચે સરકવા પણ ન દીધું.

ક્ષણે ક્ષણે સાધુતાના મર્યાદી જીવનનો કેટલો આગ્રહ !! શ્રીજીમહારાજની અલ્પ રુચિને સરાધાર પાળી સાધુતાને શોભાડવાનું કેટલું અનુસંધાન !!

●●●

તા. ૨૭-૨-૨૦૧૭ ને સોમવારના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સવારે સાડા સાત વાગ્યે નરોડા મંદિરે પ્રાતઃ સભામાં લાભ આપવા પધાર્યા.

સભા શરૂ થયા પહેલાં વ્હીલ ચેરમાં બેસી ઠાકોરજીનાં દર્શન કરવા ગર્ભગૃહમાં પધાર્યા.


દર્શન બાદ જ્યારે જોડેવાળા સંતે વ્હીલ ચેર પાછી વાળવા જે બાજુ હરિભક્તો ઊભા રહીને દર્શન કરે એ બાજુ ફેરવી ને તરત ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ‘‘ઊભા રહો, એ બાજુથી નહિ, ઠાકોરજીના સિંહાસન બાજુથી ફેરવીને વ્હીલ ચેર પાછી વાળો.’’

આ વાતમાં જોડેવાળાને ખબર ન પડી.

એટલે તેમણે સભામંડપમાં જતાં જતાં પ્રશ્ન પૂછ્યો, ‘‘બાપજી, આમ કેમ કરાવ્યું ? તે કાંઈ સમજાયું નહીં !’’

સંતોને શીખ આપતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, ‘‘એ બાજુ પાછળ સ્ત્રીઓ બેઠાં હતાં. એ બાજુ વ્હીલ ચેર ફેરવીને લો ને દૃષ્ટિ પડી જાય તો મહારાજની આજ્ઞા લોપાય માટે ઠાકોરજીના સિંહાસન બાજુથી ફેરવીને લેવડાવી. જીવનમાં જેટલી સૂગ રાખશો એટલી રહેશે અને જેટલું નેવે મૂકતા જશો એટલી સાધુતા સાફ થતી જશે. માટે ખૂબ સાવધાન રહેવું.’’

સાધુતાના સર્વોચ્ચ શણગારને સદા ધારણ કરી અનંતની સાધુતાનું પ્રગટીકરણ કરાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









"પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી." (કારિ.-૧૦)

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

# ૫

# કર્તાપણું બસ એક શ્રીજીનું

અશક્ય, અસંભવ લાગતાં કાર્યો પણ સહજ રીતે પાર પડી જાય છે. તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી એક જ વાત ઉચ્ચારે છે કે, ‘‘મેં કશું જ કર્યું નથી. બધું મહારાજ જ કરે છે.’’

આધ્યાત્મિક બાબત હોય, વ્યવહારિક બાબત હોય કે શારીરિક દેહલક્ષી બાબત હોય પણ તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી એકમાત્ર શ્રીજીમહારાજના કર્તાપણાને જ મુખ્ય ગણાવતાં કહે કે, ‘‘અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન સ્વામિનારાયણનું જ એક કર્તાપણું છે. બીજા કોઈથી કશું થાય નહિ કારણ કોઈની પાસે ચપટીયે પોતાનું કર્તાપણું નથી.’’

એક વખત એક હરિભક્ત આર્થિક ભીંસની વચ્ચે શારીરિક બીમારીમાં સપડાઈ ગયા હતા.

કોઈ ઊગરવાનો આરો ન હોવાથી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની પાસે ગયા. પોતાનાં દુઃખની આપવીતી રજૂ કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત કહ્યું, ‘‘ચિંતા ન કરશો, મહારાજ આપણી ભેળા છે. અમે મહારાજને પ્રાર્થના કરીશું. તેઓ સૌ સારાં વાનાં કરશે.’’

થોડાક જ દિવસોમાં તે હરિભક્તની સ્થિતિમાં સુધારો થયો.

તેથી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા અને કહ્યું, "બાપજી, આપના આશીર્વાદથી મારી આર્થિક અને શારીરિક બંને પરિસ્થિતિ સુધરી અને મારું બધું દુઃખ ટળી ગયું. આપે બહુ દયા કરી."

ત્યારે તેમને અટકાવતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "શા માટે અમારા ઉપર આરોપ મૂકો છો ? જે કર્યું તે શ્રીજીમહારાજે કર્યું છે. આશીર્વાદ તો મહારાજના હોય. અનંતકોટિ બ્રહ્માંડમાં એમની મરજી વિના કંઈ થતું નથી. તો પછી અમે કર્તા શાના ! અમે તો એમના સેવક છીએ." એવી રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ યશ શ્રીજીમહારાજના કર્તાપણાને જ અપાવ્યો.

સારપનો યશ લેવામાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાનું અકર્તાપણું અને શ્રીજીમહારાજનું કર્તાપણું જ દૃઢ કરાવે.

• • •

રોજબરોજના જીવનની સામાન્ય ક્રિયામાં પણ મહારાજનું કર્તાપણું દૃઢ કરાવવાનો એટલો જ ખટકો રાખે અને રખાવે.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીને બહારગામ વિચરણમાં જવાનું હતું.

તે સ્થળ અમદાવાદથી આશરે ૧૫૦ કિ.મી. જેટલું હતું. સૌ ગાડીમાં ગોઠવાઈ ગયા. ગાડી શરૂ થઈ.

૧૫૦ કિ.મી. દૂર જવાનું હતું એટલે સ્વાભાવિક જ ગણતરી કરીને કહ્યું, "દયાળુ, આપણે બે કલાકમાં ત્યાં પહોંચી જઈશું."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તરત જ સામું જોયું અને કહ્યું, "શું બોલ્યો ?"

"દયાળુ, આપણે બે કલાકમાં પહોંચી જઈશું."

તેમણે કહ્યું, "બે કલાકમાં પહોંચી જઈશું એવું બોલીએ તો આપણું પોતાનું કર્તાપણું થયું કહેવાય. આ આપણો ઠરાવ થયો કહેવાય. ફરી વખત આવું નહિ બોલવાનું. આ તો આપણે નક્કી કર્યું કહેવાય, આપણે કર્તા થયા કહેવાઈએ. ધાર્યું તો બધું મહારાજનું થાય છે. માટે કાયમ એમ બોલવું કે મહારાજની ઇચ્છા હશે તો આપણાથી બે કલાકમાં પહોંચી જવાશે. એમ મહારાજ પર છોડવું. રસ્તામાં કદાચ મહારાજની ઇચ્છાથી કંઈ થાય કે ટ્રાફિક નડે તેની આપણને શું ખબર ? એમની ઇચ્છા વગર કાંઈ થતું નથી. જો પોતે નક્કી કર્યું ને તો ગાડીમાં પંચર પડશે અથવા ગાડીમાં કંઈક ગડબડ થશે તો બે કલાકને બદલે ચાર કલાકે

પણ નહિ પહોંચાય. માટે હવે આજથી એક સિદ્ધાંત વાત યાદ રાખજો : ક્યારેય ધણી ના થતા.''

આવા કંઈક પ્રસંગોપાત્ત ગુરુવર્ય પ.પૂ. બાપજી મહારાજનું કર્તાપણું દૃઢ કરાવતા હોય છે. ત્યારે એમને મહારાજનું કેટલું બધું કર્તાપણું હશે ! એમના કર્તા સ્વયં મહારાજ છે એ જણાઈ આવે છે.

પેલા હરિભક્તો આ વાત સાંભળી બે ઘડી અવાચક થઈ ગયા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીને સામાન્ય તાવ-તરિયો કે સળેખમ થાય કે સામાન્ય કોઈ દુખાવો હોય તો જોડેવાળાને પણ કાંઈ ખબર પડવા દે નહીં.

અને વળી દવા પણ ન લે. કોઈ સંતને ખબર પડી જાય ને દવા લેવા પ્રાર્થના કરે :

''બાપજી, આપને અવરભાવમાં ભારે સળેખમ છે માટે આપ દવા લો એવી વિનંતી છે.''

''અરે, સળેખમ તો થાય... એમાં થોડી દવા લેવાની હોય ?''

''બાપજી, આપ તો અમને સામાન્ય તાવ આવે તોય તરત જ દવા લેવડાવો છો તો પછી આપ દવા લો ને !''

''સ્વામી, દવાથી સારું થશે કે મહારાજની મરજી હશે તો સારું થશે ? દવા તો નિમિત્ત છે. માટે મહારાજ બધું સારું કરશે. તમે બધું મહારાજ પર છોડો. અમે બધું મહારાજ પર જ છોડ્યું છે.''

ત્યારે સંત વિચારવા લાગ્યા :

''આપણે તો સાજા-માંદા થઈએ કે મોટી બીમારી આવી પડે તો તરત ડૉક્ટરની જોડે દોડી જઈએ. ડૉક્ટર દવા આપે કે ઑપરેશન કરે અને સારું થઈ જાય તો ચાર જણને જ નહિ, જે મળે તેને કહીએ કે મને આ દવાથી ફેર પડી ગયો કે આ ડૉક્ટરે સાજો કર્યો એવું રહેતું હોય છે. જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં એક શ્રીજીમહારાજ સિવાય અન્ય કોઈનું કર્તાપણું જોવા મળતું નથી.''

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજીને છાતીમાં અતિશય દુખાવો થતાં હૃદયનું પરીક્ષણ કરાવ્યું.

બાયપાસ સર્જરી કરાવવી પડશે એવું ડૉક્ટરોએ નિદાન કરતાં ઑપરેશન કરાવવું અનિવાર્ય બન્યું.

જેમનાં આશીર્વચને અનેકની બાયપાસ સર્જરી ટળી જતી હોય તેમને વળી બાયપાસ સર્જરી કેવી ? પરંતુ અનેક જીવોને દર્શન, સ્પર્શ ને સેવાએ કરી સુખ આપવા તા. ૨૯-૧૧-૨૦૦૭ના દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બાયપાસ સર્જરીના ઑપરેશનની લીલા ગ્રહણ કરી હતી.

ક્રિષ્ના હૉસ્પિટલના કુશળ સર્જન ને નામાંકિત ડૉ. રાજેશભાઈ દેસાઈને બાયપાસની સેવા મળી હતી. ઑપરેશન ખૂબ કુશળતાપૂર્વક ને સારું કર્યું હતું.

ઑપરેશનના ત્રીજા દિવસે એટલે કે તા. ૧-૧૨-૨૦૦૭ના રોજ ડૉ. રાજેશભાઈ દેસાઈ રૂટિન ચેકઅપ માટે આવ્યા હતા.

તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને સ્નેહથી પૂછ્યું, "કેવું છે ? સારું છે ને ? કાંઈ તકલીફ ?"

સાથેના પૂ. સંતોએ કહ્યું, "ડૉ. સાહેબ, છાતીમાં થોડો દુખાવો રહ્યા કરે છે. બાકી બધું બરાબર છે."

આ સાંભળી ડૉ. રાજેશભાઈ પોતાની આવડત તથા અનુભવને આધારે કૉન્ફિડન્સથી બોલ્યા, "બાપજી, તમે બધું મારા પર છોડી દો. તદ્દન સારું થઈ જશે. તમે કાંઈ જ ચિંતા કરશો નહીં."

ડૉક્ટર કુશળ સર્જન હતા તેમજ આવડત તથા સર્જરી માટે કાબેલ હતા તે વાત નિઃશંક હતી.

પણ તેઓ આજે એમના મુખે ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા દિવ્યપુરુષ કે જેના પળ પળમાં મહારાજનું મુખ્યપણું-કર્તાપણું રહેતું હોય ત્યારે તેમની સમક્ષ પોતાની કાબેલિયત-કુશળતા વ્યક્ત કરતા હતા તો ગુરુવર્ય પ.પૂ. બાપજી મીઠી ટકોર કરવાનું ભૂલે ? ન ભૂલે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ હળવેથી કહ્યું, "ડૉક્ટરસાહેબ, આપણાથી કાંઈ થાય નહીં. ભગવાનની ઈચ્છા હોય તેમ થાય. કોઈ પણ કાર્ય હોય તેમાં ભગવાનને કર્તા કરી દેવા; માટે તમારેય ભગવાન ઉપર છોડી દેવું. આપણે તો માત્ર નિમિત્ત બનવું." આ વાત હૃદયના સર્જન ડૉ. રાજેશભાઈના હૃદયમાં ખૂંપી ગઈ હતી. તેઓ નતમસ્તક થયા.

ડૉ. રાજેશભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી થકી પોતાની આવડત કરતાં મહારાજને

કર્તા કરી કાર્ય કરવાની શીખ મેળવી કૃતાર્થ થયા. તેમને જાણે કામના બોજ તળે હળવા રહેવાની અમૂલ્ય દવા ગુરુવર્ય પ.પૂ. બાપજી થકી મળી હોય તેમ રાજી થઈ વંદી રહ્યા.

●●●

એક દિવસ જે ડૉક્ટર ગુરુવર્ય પ.પૂ. બાપજીની સારવાર માટે આવતા હતા; તેઓ આ હૉસ્પિટલના માલિક શ્રી ડૉ. અનિમેષભાઈ ચોકસીને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-આશીર્વાદ માટે લઈને આવ્યા હતા.

એક ડૉક્ટરે પરિચય આપતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, "બાપજી, આ ડૉ. અનિમેષભાઈ ચોકસી છે અને તેઓ આ હૉસ્પિટલના માલિક છે."

વધુ તેઓ કાંઈ બોલે તે પહેલાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી સહસા જ બોલ્યા, "આપણા સૌના માલિક શ્રીજીમહારાજ છે... પછી આપણી માલિકીનું શું હોય ? આપણે કદી માલિક ન થવું, ધણી ન થવું."

પછી ડૉ. અનિમેષભાઈ તરફ કૃપાદૃષ્ટિ કરતાં બોલ્યા, "અનિમેષભાઈ, આપણે એવું જ માનવું ને સમજવું કે આ હૉસ્પિટલના માલિક ને ધણી ભગવાન છે ને હૉસ્પિટલ પણ ભગવાનની છે. મને તો માત્ર ચલાવવા આપી છે. માટે માલિક એમને કરી દેવા તો ઘણી નિરાંત વર્તે..."

શ્રીજીમહારાજનું મુખ્યપણું, કર્તાપણું ગુરુવર્ય પ.પૂ. બાપજીને માત્ર બોલવા પૂરતું ન હતું. એમને તો ઈદમ્ છે... સહજ છે.

એટલે આટલા શબ્દો એવા અસરકારક નીવડ્યા કે ડૉ. અનિમેષભાઈના અંતરની આરપાર ઊતરી ગયા. તેમણે વિનમ્રપણે ગુરુવર્ય પ.પૂ. બાપજીની વાતને સ્વીકારી લીધી.

સર્વે ક્રિયામાં એકમાત્ર શ્રીજીમહારાજનું જ કર્તાપણું દૃઢપણે રાખનાર અને સૌને દૃઢપણે રખાવનાર એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૬

# તન કી ઉપાધિ તજે સોહી સાધુ

"જેના જીવનમાં કદી એ વિચાર જ ન હોય કે, 'મારું શું ?' એ જ ખરો સાધુ. ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતામાં આ એક ગુણ 'સર્વોપકારક' ઝળહળે છે. જે ગુરુવર્ય પ.પૂ. બાપજીની કરુણાને તથા નિઃસ્વાર્થતાને દર્શાવે છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સમગ્ર સમાજ ઉપર સૌથી મોટો ઉપકાર એટલે 'ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની ઓળખાણ કરાવી, પ્રગટ ભગવાનની પ્રાપ્તિ કરાવી અને છતે દેહે મૂર્તિસુખના આશીર્વાદ આપ્યા, દિવ્યજીવન આપ્યું.' આપણા ઉપર આ એમનો બહુ મોટો ઉપકાર છે. તે માટે એમણે કદી પોતાના દેહ સામું દૃષ્ટિ કરી જ નથી, દેહની ચિંતા રાખી જ નથી. 'તન કી ઉપાધિ તજે સોહી સાધુ' એ પંક્તિને લક્ષ્યાર્થ કરી." એક સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં ગુણદર્શન વર્ણવતાં પ.પૂ. સ્વામીશ્રીએ જણાવ્યું.

પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીના તનની ઉપાધિ વિષે વાતો કરતાં કરતાં ગળગળા થઈ ગયા.

થોડી વાર પછી તેઓ બોલ્યા : "એ દિવ્યપુરુષે મહારાજના સંકલ્પ સારુ આરામની એક ક્ષણ ભોગવી નથી. નિરંતર દાખડો જ કર્યો છે. એમના દાખડા

સામું જોવા જઈએ તો આપણે તો એમની આગળ કશું નથી.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારે માત્ર ૧૦ X ૧૨ની નાની ઓરડી જ એમનું આસન ને રસોડું બેય હતાં.

રોજ સવારે વહેલા ત્રણ વાગ્યે ઊઠી સ્નાનાદિક ક્રિયાથી પરવારી જતા.

વહેલી સવારે પાંચ વાગ્યે ખીચડી બનાવતા. ખીચડીમાં નાખવા હળદર પણ નહોતી તો બીજા મસાલા તો શું જડે ?

સવારે મંગળા આરતી થાય તે પહેલાં એ બનાવેલી ખીચડીની તપેલી છાજલી ઉપર મૂકી દેતા.

મંગળા આરતી થાય ત્યારપછી ગુરુવર્ય પ.પૂ. બાપજીના વાતોના અખાડા ચાલુ થઈ જતા.

એક એક હરિભક્તને સત્સંગથી રંગવા માટે એ દિવ્યપુરુષ ગરજુ થઈને મથતા.

માન-અપમાન ને મેણાં-ટોણાંને સહન કરતા. શા માટે ? તો, એકમાત્ર ભગવાન સ્વામિનારાયણને ઓળખાવવા.

દિવસ દરમ્યાન દર્શન-સમાગમ માટે આવેલ હરિભક્તોની ભીડ ઓછી થાય તો ઠીક, નહિતર રાત્રે દસ વાગ્યે જમવાનો મેળ પડે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના નિયમિત ઘરાકમાં છેલ્લા પ.પૂ. સ્વામીશ્રી અર્થાત્ પૂર્વાશ્રમમાં ઘનશ્યામભાઈ રહેતા. ઘનશ્યામભાઈ ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરીથી વાંચન કરી રાત્રે દસ વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો લાભ લેવા જતા.

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને લાભ આપ્યો. લાભ લઈ તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરીને પધાર્યા. પરંતુ તેઓ તેમનું પુસ્તક લેવાનું ભૂલી ગયા હોવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને પાછા આવવાનું થયું. ત્યાં તો એ દિવ્યપુરુષ સવારની પાંચ વાગ્યાની બનાવેલ ખીચડી જમાડતા હતા.

''સ્વામી, આપે ખીચડી ક્યારે બનાવી ? સેવક આવ્યો ત્યારે આપ તો કથા કરતા હતા !'' ગુરુવર્ય પ.પૂ. બાપજી કંઈ ન બોલ્યા.

એટલે તેમણે ફરી આગ્રહ કરી પૂછ્યું, ''સ્વામી, કહોને આ ખીચડી આપે ક્યારે બનાવી ?''

''આ ખીચડી તો અમે સવારની પાંચ વાગ્યાની બનાવી છે.''

''તો છેક અત્યારે કેમ જમાડો છો ?''

''અત્યારે સમય મળ્યો એટલે જમાડીએ છીએ. આ ક્રમ કંઈ આજનો થોડો

છે. આ તો અમે સાધુ થઈ સત્સંગ કથાવાર્તાની સેવા ચાલુ કરી ત્યારથી આમ જ કરીએ છીએ. રોજ સવારે પાંચ વાગે ખીચડી બનાવી દઈએ ને અમારો છેલ્લો ઘરાક લાભ લઈ જાય પછી જમાડીએ છીએ. છેલ્લાં સાડા ત્રણ વર્ષથી તમે અમારા છેલ્લા ઘરાક છો એટલે તમે જાવ પછી જમાડીએ છીએ.''

સવારે પાંચ વાગ્યે બનાવેલી ઊતરી ગયેલી ખીચડી રાત્રિના દસ વાગ્યે કેવી લાગે ? છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કદી એ તરફ દૃષ્ટિ રાખી નથી. પોતાના દેહનો વિચાર કર્યો જ નથી.

●●●

ઈ.સ. ૨૦૦૬-૦૭માં ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌરાષ્ટ્ર વિચરણમાં પધાર્યા હતા.

અમદાવાદથી નીકળી બપોરે બાર વાગ્યા સુધીમાં તુરખા પહોંચી જવાય તેવું આયોજન કરેલું હતું. હરિભક્તો માટે ત્યાં રસોઈ તૈયાર રાખવાનું અગાઉથી જણાવેલું હતું.

જ્યારે સંતોએ કોરું જમાડવાનું સાથે લીધું હતું. રસ્તામાં પધરામણી વધી જતાં તુરખા પહોંચતાં બપોરના અઢી વાગી ગયા.

તેથી સંતો-હરિભક્તો સૌ ભોજન ગ્રહણ કરવા શાંતિભાઈ અબાસણાના ઘરે સીધા ઉતારે પધાર્યા. સંતોએ ઠાકોરજીને થાળ કર્યો. બીજી બાજુ હરિભક્તો રસોઈ તૈયાર હતી તે જમાડવા બેઠા.

ઠાકોરજીને થાળ થયા પછી સંતોએ પત્તર પીરસ્યાં. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મહારાજને પ્રાર્થના કરી જમવા માટે હાથમાં કોળિયો લીધો.

ત્યાં બહારના રૂમમાં થતી વાતચીતના શબ્દો તેમના કાને પડ્યા કે, ''સંતો આવી ગયા ? અમે મંદિરે બાર વાગ્યાથી રાહ જોતા બેઠા છીએ.''

ત્યારે કોઈક હરિભક્તે કહ્યું, ''સંતો જમાડવા બિરાજ્યા છે; થોડી વાર પછી આવશે.''

આ શબ્દો ગુરુવર્ય પ.પૂ. બાપજી સાંભળી ગયા. તેઓ અવરભાવમાં સવારના થાક અને ભૂખ જણાવતા હોવા છતાં ભૂખ અને આરામને અવગણી પીરસેલાં પત્તર ઉપરથી ઊભા થઈ ગયા.

અને સંતોને કહ્યું, ''ચાલો સંતો, પછી જમાડીશું. મંદિરે હરિભક્તો આપણી બાર વાગ્યાના રાહ જોઈને બેઠા છે. એવામાં આપણે ઠાકોરજી જમાડવા બેસી

જઈએ તે યોગ્ય ન કહેવાય. માટે ખટકો રાખો...ચાલો જઈએ.''

એટલું બોલતાં હસ્ત ધોઈ ઝડપથી બહાર નીકળી ગાડીમાં બિરાજી ગયા. સાથે આવેલ હરિભક્તો તથા સંતોને તો શું બન્યું તેની કાંઈ ખબર જ ન પડી, પણ તેઓ પણ પાછળ પાછળ ગાડીમાં બેસી ગયા.

મંદિરમાં નવા દસ-બાર હરિભક્તોને બેઠેલા જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમની આગળ કથા ચાલુ કરી દીધી.

ઉતારે પીરસેલાં પત્તર રઝળતાં રહ્યાં અને મંદિરમાં બ્રહ્મરસ પીરસવાનો ચાલુ કરી દીધો.

સાથેના સંતો-હરિભક્તોને ચિંતા થવા લાગી કે હવે ક્યારે કથાને વિરામ આપશે અને ઠાકોરજી જમાડશે.

સંતો-હરિભક્તોને ભૂખ્યા પેટે કથામાં ચિત્ત ચોંટતું નહોતું પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી તો દેહની કે ભૂખની પરવા કર્યા વગર કથા કરતા હતા.

એક-દોઢ કલાકે કથાને વિરામ આપ્યો ત્યારે સાથેના સંતો-હરિભક્તોને જીવમાં જીવ આવ્યો. પછી સૌએ ઉતારે જઈ ઠાકોરજીને જમાડ્યા.

સ્વસુખની ચિંતા કર્યા વિના અજાણ્યા હરિભક્તોને મહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવવાની કેટલી તત્પરતા ! પોતે દુઃખો વેઠીને જીવોને સુખ આપ્યાં છે. એવા દિવ્યપુરુષનો આપણે શું મહિમા ગાઈશું ?

''પોતે દુઃખો ઘણાં વેઠી જીવોને સુખ આપ્યાં છે;
કૃપાથી મૂર્તિ આપીને, જનમનાં દુઃખ કાપ્યાં છે.''

સ્વસુખની ચિંતા છોડી અનંતને સુખિયા કરતા એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદના...

# ૭

## સત્પુરુષ તો તેને રે કહીએ, જે શાશ્વત શાંતિ પમાડે રે

જીવનપ્રાણ બાપાશ્રીએ ભાગ-૧ની ૧લી વાતમાં કહ્યું છે કે, ‘‘મૂર્તિમાં રહેલા મુક્તો આ પૃથ્વી ઉપર આવ્યા હોય તેમનો સમાગમ કરે તેના ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય ને ધ્યાનમાં વિક્ષેપ ન આવે ને મૂર્તિનું સુખ આવે ને છેટે રહે થકે પણ જે સંભારે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય ને એમની પાસે બેઠા હોઈએ તે વખતે માયિક ઘાટ-સંકલ્પ થાય જ નહીં.’’

આવો શાશ્વત શાંતિનો અનુભવ કરાવનાર દિવ્ય સત્પુરુષ એટલે જ ગુરુવર્ય પ.પૂ. બાપજી.

જેમના અલ્પ સાંનિધ્યમાં આવનાર નવા મુમુક્ષુ પણ આ શાશ્વત શાંતિના અનુભવથી અજાણ રહેતા નથી.

અજમેર નિવાસી શ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ ત્રિવેદી પ્રથમથી જ સત્સંગ પ્રત્યે વિશેષ રસ-રુચિ ધરાવતા હતા. મોક્ષપિપાસુ-મુમુક્ષુ હતા.

તેમણે ‘નિષ્કુળાનંદ કાવ્ય’ ગ્રંથ પર પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હતી.

તેમણે અનેક સંતોનો જોગ-સમાગમ પણ કર્યો હતો. છતાં શાશ્વત શાંતિના અનુભવથી અજાણ હતા.

ઈ.સ. ૨૦૦૯માં ડૉ. ચંદ્રકાંતભાઈ કોઈ વ્યવહારિક પ્રસંગે તેમના વેવાઈ ધરમભાઈ પંડ્યાના ઘરે વાસણા આવ્યા હતા.

ધરમભાઈ પંડ્યા તેમની ઉત્કૃષ્ટ મુમુક્ષુતા જોઈ તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરાવવા લઈ ગયા.

મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે ડૉ. ચંદ્રકાંતભાઈની સાથે આંખની પણ ઓળખાણ ન હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્નેહભરી દૃષ્ટિથી તેમને કૃતાર્થ કર્યા હતા.

ધરમભાઈના સુપુત્ર ચિંતનભાઈએ પરિચય કરાવતાં કહ્યું કે, "આ મારા ગુરુ પ.પૂ. બાપજી છે. તેઓ બહુ મોટા સત્પુરુષ છે, એમનાં દર્શને અનેક મુમુક્ષુનાં કલ્યાણ થાય છે."

ધરમભાઈના મુખે આવી પ.પૂ. બાપજીની મોટપ જાણી અહોહોભાવ થયો. જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી તરફ દૃષ્ટિ કરી ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીના બ્રહ્મસ્મિતથી તેમના અંતરના તમામ ઘાટ-સંકલ્પોનો એ જ ક્ષણે વિરામ થઈ ગયો.

શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિનાં દિવ્ય દર્શન થયાં. તેમને પૂર્વે કદી અનુભવેલી નહિ એવી દિવ્ય શાશ્વત સુખ-શાંતિનો અનુભવ થતાં ચૈતન્યનું પરિવર્તન થઈ ગયું.

તેઓ અહોભાવની દિવ્ય દુનિયામાં ગરકાવ થઈ ગયા. ગુરુવર્ય પ.પૂ. બાપજીના અલ્પ સમાગમમાં ડૉ. ચંદ્રકાંતભાઈને થયેલી દિવ્ય અનુભૂતિ ઘરે ગયા પછી પણ તેઓને અખંડ તાજી રહી હતી.

તેઓને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આ પ્રથમ દર્શન-મુલાકાત દરમ્યાન થયેલ અનુભવ જણાવતાં તેઓ કહે છે કે, "મેં જેમને મારા ગુરુ તરીકે સ્વીકાર્યા હતા તેમના ચરણોમાં જેવી શાંતિ થતી હતી તેથી પણ વિશેષ શાંતિ આજે મને આ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શનથી થઈ."

વળી, તેઓએ આગળ કહ્યું છે કે, "મેં દર્શન કર્યાં ને તરત જ મારા અંતરના ઘાટ-સંકલ્પોનો તો વિરામ જ થઈ ગયો. નૂતન આત્મશાંતિનો અનુભવ થયો."

સંધ્યા આરતીમાં પણ તેમને શ્રીજીમહારાજની સાથે સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીના પણ એવાં જ દિવ્ય તેજોમય દર્શન થયાં. અદ્વિતીય શાશ્વત શાંતિનો અનુભવ થયો.

થયેલી શાશ્વત શાંતિના દિવ્ય અહેસાસની વાત કરતાં તેમણે સૌ સંબંધીજનોને

કહ્યું કે, “મને દિવ્ય શાંતિનો અનુભવ થયેલો તે અવર્ણનીય, શબ્દાતીત છે. મને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં મહારાજની મૂર્તિમાં નિમગ્ન એવાં દિવ્ય તેજોમય દર્શન થયાં છે. તેઓ કોઈ સામાન્ય સંત નથી. મેં આજ સુધી ઘણાં સ્થાનમાં સંતોનો જોગ-સમાગમ કર્યો, પરંતુ મને આજે જે શાશ્વત સુખ-શાંતિનો દિવ્ય અનુભવ થયો છે તેવું કદી અનુભવાયું નથી. એ દિવ્ય સત્પુરુષ આ બ્રહ્માંડમાં વિચરી મુમુક્ષુને વગર ધ્યાને સહજમાં ભગવાન પામવાનો ધોરીમાર્ગ ચલાવી રહ્યા છે. માટે તેમની સાથે જોડાઈ શાશ્વત સુખ પામવું છે. કારણ, એમના વગર શાશ્વત સુખ પામવું શક્ય જ નથી. હવે એ દિવ્ય સત્પુરુષના સહારે સત્સંગના પૂર્ણવિરામ સુધી પહોંચવું જ છે.”

વળી, તેઓ ભગવાનનું સુખ પામવા રોજ એક-બે કલાક ધ્યાન પણ કરતા હતા. પરંતુ આ દર્શન બાદ તેઓને ધ્યાનમાં પણ મહારાજ સાથેના દિવ્ય સંબંધનો અલૌકિક અનુભવ થવા લાગ્યો. તેઓ કહેતા કે, “આ દર્શન પછી હવે બધા જ વિચારો મને ભગવાનસંબંધી જ આવે છે.”

ડૉ. ચંદ્રકાંતભાઈ થયેલી એ દિવ્ય અનુભવની સ્મૃતિને આજે ૮૦ વર્ષની વયે વાગોળે છે : “આ દિવ્ય અનુભૂતિનો અલૌકિક, અદ્ભુત આસ્વાદ આજે પણ એવો ને એવો બેઠો હું માણી રહ્યો છું...”

• • •

અમદાવાદ શહેરમાં ૧૭-૧૮ વર્ષનો સત્સંગી કિશોર રહેતો હતો. તેને ક્લુષિત વાતાવરણ અને વધતી યુવાનીના કારણે ઉંમરના ભાવો ખૂબ પીડતા હતા.

સ્ત્રીઆદિકને વિષે રાગ-વાસના રહી જતી. પરંતુ સત્સંગનો જોગ હોવાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીની સભામાં આવતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અંતર્યામીપણે બધું જાણે આથી કથાવાર્તામાં પણ નિર્વાસનિકપણાનું મહત્ત્વ, બ્રહ્મચર્યની દૃઢતા જેવા વિષયો પર લાભ આપતા.

કિશોર થોડો આંતરમુખી અને મુમુક્ષુ હતો. સ્વજીવનની ચકાસણી થતાં ખૂબ દુઃખ થયું, પસ્તાવો થયો. પોતાને નિર્વાસનિકપણાનું મહત્ત્વ સમજાયું અને નિર્વાસનિક થવાનો, વિષયવાસનાથી દૂર રહેવાનો નિર્ધાર કર્યો.

પરંતુ બન્યું એવું કે તે વિષયવાસનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે તેટલી ઘાટ-સંકલ્પોની પીડા વધુ ને વધુ વધવા લાગી.

આથી ખૂબ મૂંઝાતો અને હેરાન થતો. એક બાજુ નિર્વાસનિક થવાની અભિરુચિ

અને બીજી બાજુ તેના પ્રયત્નના બદલામાં વિષયનું જોર સામે વધતું હતું.

વળી, આવું તો વારંવાર થતું પરંતુ શું કરવું ? તે અંગે કંઈ સમજાતું નહોતું.

એક દિવસ તો ઘાટ-સંકલ્પોએ માઝા મૂકી દીધી. આજ્ઞાઓના લોપના વિચારોમાં ગૂંચાયો. ખૂબ પરેશાન, દુઃખી થઈ ગયો. કાંઈ સૂઝતું જ નહોતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને આ અંગે કહેવાનો વિચાર આવ્યો પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સમક્ષ જવાની હિંમત નહોતી ચાલતી.

આથી તેણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને એક પત્ર લખી રવાના કર્યો. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પત્ર વાંચી તે જ દિવસે તે કિશોરમુક્તને રૂબરૂ મળવા દર્શને બોલાવ્યો.

તેની હિંમત તો નહિ પરંતુ આજ્ઞાએ કરીને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યો. આસને જઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીને દંડવત કર્યા ને પ્રથમ દંડવત કરતાંની સાથે જ અંતરના સમરાંગણમાં ચાલતી વિકારવાન વિચારો ને ઘાટ-સંકલ્પોની વણઝારનો વિરામ થઈ ગયો અને દિવ્ય શાંતિનો અનુભવ થયો.

આ આનંદમાં ને આનંદમાં તે કિશોર પ્રથમ દંડવતમાં નીચે ઢળ્યો એ ઢળ્યો; ઊભો જ ન થયો. આથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આનંદ કરાવતાં કહ્યું, "ગાદલું લાવી દઉં !!! જોજે સૂઈ ના જતો." આટલું સાંભળતાં કિશોર દોડતો ગુરુવર્ય પ.પૂ. બાપજીના ખોળામાં માથું મૂકી ભેટી પડ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેના માથા પર હાથ મૂકી કહ્યું, "તને તારા પત્રનો જવાબ મળી ગયો ને !"

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં આવાં વચન સાંભળી કિશોર જવાબ આપવા સક્ષમ ન રહેતાં આંખમાં હર્ષનાં આંસુ તથા મંદ સ્મિત કરી ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્યભાવે દર્શન કરતો જ રહ્યો... કરતો જ રહ્યો.

તે કિશોરના ઘાટ-સંકલ્પોનો તો વિરામ થઈ ગયો પરંતુ ભગવાનમાં અતિશે પ્રીતિ થઈ ગઈ.

આ જ છે દિવ્યપુરુષની દિવ્યતા કે તેમના સંબંધમાત્રથી માયાના ઘાટ બંધ થઈ જાય અને દેહાદિક દોષો-વિકારો તત્કાળ શમી જાય અને શાશ્વત શાંતિ પામી જવાય છે.

શ્રીજીમહારાજના સંકલ્પથી મુમુક્ષુમાત્રના હૈયે પોતાનાં દર્શન-સ્પર્શાદિક સંબંધે શાશ્વત શાંતિનો અનુભવ કરાવનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૮

# વચનામૃતના આચાર્ય

આજે સમગ્ર સંપ્રદાયમાં એક વાયકા પ્રસરી ચૂકી છે કે, દેવસ્વામી (ગુરુવર્ય પ.પૂ. બાપજી) એટલે 'વચનામૃતના આચાર્ય'.

સંપ્રદાયના મૂર્ધન્ય સંતો પણ સ્વમુખે કહે છે કે, ‘‘જો વચનામૃતનો પ્રત્યક્ષાર્થ શબ્દે શબ્દ સમજવો હોય તો જાવ વાસણા ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે.’’

એટલું જ નહિ, તેઓ પોતે પણ સ્વીકારે છે કે, ‘‘આપણે બીજી બધી કથા કરી જાણીએ પણ સદ્. દેવનંદનદાસજીની જેમ વચનામૃતના ગૂઢ રહસ્ય સમજાવીને કથા કરતા ન આવડે. આપણે કદાચ વચનામૃતના અર્થ કરીએ પણ શ્રીજીમહારાજના પ્રત્યક્ષ અભિપ્રાયનો ખ્યાલ તો વાસણાવાળા બાપજી સમજાવે ત્યારે જ આવે.’’

પરોક્ષનાં કે પ્રત્યક્ષનાં શાસ્ત્રો બુદ્ધિગમ્ય નથી જે આ લોકની બુદ્ધિથી, વિદ્વત્તાથી, ભણતરથી ન સમજી શકાય. આ વાતની પુષ્ટિ કરતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત

સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'' એટલે ગ્રંથરાજ 'વચનામૃત' એ બુદ્ધિગમ્ય નહિ પરંતુ અનુભવગમ્ય એવું પરભાવનું દિવ્ય શાસ્ત્ર છે. પરભાવના અનુભવી સત્પુરુષ મળે ત્યારે જ તેમાં રહેલા ભગવાનના સ્વરૂપનાં ગૂઢાર્થ તથા મર્મવચનોની સમજ પડે છે. એવા પરભાવના અનુભવી સત્પુરુષ એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ઈ.સ. ૨૦૧૩માં કચ્છમાં વિચરણાર્થે પધાર્યા હતા.

ભૂજના વિચરણ દરમ્યાન એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીની અનુજ્ઞાથી પ્રથમ સંતો જૂના મંદિરમાં દર્શન કરવા પધાર્યા.

એક પધરામણી પૂર્ણ કરી ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ પાછળથી પધારવાના હતા.

પૂ. સંતોએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. એક વડીલ સંત પ્રદક્ષિણા કરતા હતા.

પૂ. સંતોએ નજીક જઈ તેમને દંડવત કરી નમીને જય સ્વામિનારાયણ કર્યા.

તેથી વડીલ સંતે પૂછ્યું, ''સંતો, ક્યાંથી આવો છો ?''

સંતોએ કહ્યું, ''દયાળુ, અમદાવાદ વાસણાથી.''

આ સાંભળતાં જ વડીલ સંતે અહોભાવ સાથે પૂછ્યું, ''એ તો દેવનંદનસ્વામીનું ને !''

પૂ. સંતોએ વિનમ્રતાપૂર્વક કહ્યું, ''હા, અમે સદ્. દેવનંદનસ્વામીના જ શિષ્ય છીએ. તેઓ અમારા ગુરુ છે.''

વાર્તાલાપ ચાલી રહ્યો હતો એ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે દર્શનાર્થે પધાર્યા.

વડીલ સંતે નમીને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં ભાવથી દર્શન કર્યાં.

દર્શન થતાં તેમણે ભૂતકાળની સ્મૃતિને તાજી કરતાં કહ્યું, ''વર્ષો પહેલાં મેં તમારા મુખે વચનામૃતની કથા સાંભળી હતી. જેનો સ્વાદ હજીયે મારાથી ભુલાતો નથી. એવી કથા મેં આજદિન સુધી ક્યાંય સાંભળી નથી. આજે આટલાં વર્ષો પછી પણ મને એમની કથા કરવાની છટા ને વચનામૃતનાં રહસ્યોની પાંથીએ પાંથી ઉકેલવાની રીત વિસરાઈ નથી.''


વડીલ સંતે પછી સાથે રહેલા પૂ. સંતોને ઉદ્દેશીને કહ્યું, ''સંપ્રદાયમાં બધે જ સત્સંગીજીવન, ભક્તચિંતામણિ જેવા સાંપ્રદાયિક તેમજ પરોક્ષ ગ્રંથની પારાયણ થાય છે. પરંતુ સમગ્ર સંપ્રદાયમાં એક અને માત્ર એક તમારા ગુરુ પ.પૂ. બાપજી જ 'વચનામૃત' ગ્રંથ ઉપર પારાયણનો લાભ આપી શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ

ઓળખાવી રહ્યા છે. તમારી સંસ્થાની સામાન્ય સભા હોય કે જ્ઞાનસત્ર કે મોટા મોટા મહોત્સવો હોય, પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી વચનામૃત ગ્રંથ ઉપર જ લાભ આપે છે. સંતો, તમે બહુ ફાવી ગયા છો. શ્રીજીમહારાજની તમારા ઉપર બહુ દયા છે કે તમને આ દેવસ્વામી જેવા ગુરુ મળ્યા છે. આજે સંપ્રદાયમાં કોઈ વેદાંતાચાર્ય હોય, કોઈ વ્યાકરણાચાર્ય હોય, કોઈ ન્યાયાચાર્ય હોય પરંતુ આ તમારા ગુરુ તો સંપ્રદાયના 'વચનામૃતના આચાર્ય' છે. માટે તેમની પાસેથી વચનામૃતનું જ્ઞાન શીખજો. એમને ખૂબ ખૂબ સેવી લેજો."

અન્ય સંસ્થાના વડીલ સંત હોવા છતાં તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ચાર મુખે વચનામૃતના આચાર્ય તરીકે બિરદાવતાં અહોભાવથી ગદ્‌ગદિત થઈ જાય છે.

એક નહિ, સંપ્રદાયના અનેક સંતો-હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીને 'વચનામૃતના આચાર્ય' તરીકે સ્વીકારી મહિમા ગાય છે.

વચનામૃતના ગૂઢાર્થને પાંથીએ પાંથી છૂટી પાડી ખરો પ્રત્યક્ષાર્થ સમજાવનાર વચનામૃતના આચાર્ય એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







"ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મનીમૂર્તિઓ છે; એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહીં." (ગ.મ.૬૩)

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

# ૯

# સૌમાં મહારાજ બિરાજમાન છે

જે નિરંતર સૌમાં મહારાજનાં દર્શન કરવાની રીત શીખવે છે એવા દિવ્યપુરુષના જીવનમાં આ વાત પ્રસંગોપાત્ત સ્પર્શી આવે છે.

એક દિવસની વાત છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી વિચરણમાં પધાર્યા હતા.

જેમના મુખે અવિરત કથાવાર્તારૂપી અમૃત વહેતું હોય એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રાતઃ સભામાં લાભ આપી સૌ મુક્તોને બળિયા કર્યા.

સભામાં ઓતપ્રોત થઈ જવાથી ઘડિયાળ સામે નજર ન રહેતાં થોડું મોડું થઈ ગયું હતું.

આથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઉતાવળે ઉતાવળે ઠાકોરજી જમાડ્યા.

રોજની જેમ આજે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને દવા લેવાની હતી.

જે પોતે અનંતની દુઆ સમાન છે અને તે અનંતના રોગને દૂર કરવા માટે દવા લે છે; એમાં કોઈ શક નથી.

સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને દવા આપવા માટે દવાના બૉક્ષમાં હાથ નાખ્યો. પરંતુ હાથને કંઈ સ્પર્શતું જ નહોતું; કારણ કે દવા પૂરી થઈ ગઈ હતી.

સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "દયાળુ ! રાજી રહેજો. દવા પૂરી થઈ ગઈ છે."

આ સાંભળી બાપજી તે સંતને થોડું વઢ્યા, "દવા ભૂલી ગયો ! ગોળી સમયે ન લઉં તો મને દુખાવો બહુ થાય છે. ખટકો રાખતો હોય તો ? સેવામાં અસેવા થાય છે."

આ સાંભળી સેવક સંતને દુઃખ થયું, "અરરર !! મારા કારણે બાપજીને કષ્ટ પડશે, દુઃખાવો થશે !"

આટલી બિના બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડીમાં બેસીને પરત પધારવા નીકળ્યા.

જોડે સેવક સંત પણ હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળની સીટ પર હતા અને સેવક સંત પાછળ બેઠા હતા.

એક બાજુ ગાડી હરણફાળ ગતિએ દોડી રહી હતી. બીજી બાજુ આ દિવ્યપુરુષ કંઈક અલગ વિચારોમાં ખોવાયેલા જણાતા હતા.

એ પુરુષ વારે વારે પાછળની બાજુએ સેવક સંત સામે અમી ભરેલી દૃષ્ટિ કરતા હોય એમ જણાતું હતું. જાણે કંઈક કહેવાની તક શોધતા ન હોય !

અને થોડા સમયમાં તો એમનું અંતર દ્રવી ઊઠ્યું અને શબ્દો મુખકમળ દ્વારા સરી પડ્યા.

એ શબ્દો હતા, "હું તને વઢ્યો તો તું દુખાયો તો નથી ને ! જે હોય તે મને સાચું કહેજે."

આવા કરુણ શબ્દો સાંભળતાં સેવક સંતે બે હાથ જોડી કહ્યું, "બાપજી ! આમ કેમ બોલો છો ? મારી ભૂલ છે એમાં મને દુઃખ શાનું લાગે ? આપ તો કદાચ વગર ભૂલે વઢો તોપણ શું ? મારી પર સંપૂર્ણ આપનો જ અધિકાર છે."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "તું દુખાય તો ભેળા મહારાજ દુખાય અને મહારાજ દુખાય તો શું કામનું ?"

આવા દાસભાવના શબ્દો બોલતી આ દિવ્યપુરુષની મુખાકૃતિ જોતાં જોતાં સેવક સંતની આંખ અહોહોભાવ સાથે અશ્રુધારા વહાવી રહી હતી.

સૌમાં દિવ્યભાવ ભરી દૃષ્ટિ દાખવનાર તથા દાસભાવે વર્તનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૦

## મુક્તપુરુષ તો તેને રે કહીએ, જે મૂર્તિના સુખમાં રમાડે રે

“અનંત જન્મમાં પોતાની મેળે અનંત સાધનાઓ કરવા છતાં આત્મા ગંતવ્ય સુધી પહોંચતો નથી કારણ મુક્તપુરુષ વગર મૂર્તિસુખના ગંતવ્ય સુધી પહોંચવું શક્ય જ નથી. જેમ કોઈ ગણિત ભણેલા હોય તે ગણિત શીખવી શકે તેમ જેઓ અખંડ મૂર્તિના સુખમાં રમણ કરતા હોય તેવા દિવ્ય સત્પુરુષ જ મૂર્તિના સુખમાં રાખી શકે. એવા સત્પુરુષને શાનું તાન હોય ? તો એક અને માત્ર એક જ પોતાની જેમ સંગમાં આવનાર મુમુક્ષુને મૂર્તિમાં રમાડવાનું. એવા સત્પુરુષ જ ચૈતન્યનું પરિવર્તન કરી મૂર્તિના સુખમાં રમાડી શકે. મને પણ એવા જ મૂર્તિના સુખમાં રમમાણ રહેનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી મળ્યા. તેઓએ મને પણ સાધનમાત્રની સમાપ્તિ કરાવી મૂર્તિસુખનો અનુભવ કરાવ્યો હતો. મને પ્રતિલોમ લટક આપી અનાદિમુક્ત કર્યો હતો.”

આ અનુભવ છે મૂ.નિ. ડૉ. નવીનચંદ્ર શેલતનો.

ઉમરેઠના નંદુભાઈના જેઓ વંશજ હતા. તેઓને વારસામાં જ સત્સંગ મળ્યો હતો.

બાળપણથી જ તેમની મોક્ષ પામવાની ઉત્કૃષ્ટ મુમુક્ષુતા ઝળહળતી હતી.

તેમના જીવનનો એક ધ્યેય હતો કે, "બસ, આ દેહે કરીને મોક્ષ પામવો છે, ભગવાનનું સુખ પામવું છે."

આ ધ્યેયને પૂર્ણ કરવા તેઓ સંસારમાં રહેવા છતાં સંસાર-વ્યવહારનાં કાર્યોથી નિર્લેપ રહેતા, આંતરમુખી જીવન જીવતા અને દિવસ દરમ્યાન બહુધા સમય વાંચન અને ધ્યાનમાં પસાર કરતા.

ધ્યાને કરીને ભગવાનના સુખને પામવાની તેમની તીવ્ર તલપ હતી છતાં સુખનો અનુભવ થતો ન હતો.

ડૉ. નવીનચંદ્ર શેલત રંગમહોલના ઘનશ્યામ મહારાજ આગળ બેસી નિત્ય પ્રત્યે ધ્યાન કરતા હતા.

અનુલોમ લટકે ધ્યાન કરતા પણ મોટાપુરુષની કૃપા નહોતી થઈ. તેથી તેમને શ્રીજીમહારાજની મૂર્તિના સુખનો કોઈ અનુભવ થતો ન હતો.

તેઓ રાત્રિ-દિવસ થાક્યા વિના સતત પ્રયાસ કરતા હતા પરંતુ તેનું કોઈ ફળ મળતું ન હતું.

તેથી તેઓ રોજ ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરતા કે, "હે મહારાજ ! મારે આપની દિવ્ય મૂર્તિના સુખનો અનુભવ કરવો છે, પણ એના માટે મને કોઈ એવા દિવ્ય સત્પુરુષનો યોગ કરાવો કે જેઓ મને તેનો અનુભવ કરાવે."

નિત્યક્રમ મુજબ એક દિવસ ડૉ. નવીનચંદ્ર ઘનશ્યામ મહારાજ આગળ બેસી ધ્યાન કરતા હતા.

ઝવેરી જેમ સાચા હીરાને પારખી જાય તેમ ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની મુમુક્ષુતાને પારખી ગયા.

નેત્ર બંધ હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને પૂછ્યું, "તમે શું કરો છો ?"

આ શબ્દમાં જ તેમને કોઈ દિવ્યતાનો અહેસાસ થયો. નેત્ર ખોલતાં સામે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન થયા.

પ્રથમ દર્શને જ શાશ્વત શાંતિનો અનુભવ થયો. તેમણે મનોમન નક્કી કરી નાખ્યું કે, "આ એ જ સાચા સંત છે જેમને હું તલસતો હતો."

તેથી તરત જ ઊભા થઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં ઝૂકીને કગરી પડ્યા કે, "સ્વામી, ધ્યાન કરું છું, ધ્યાનમાં મૂર્તિ ધારવાનો પ્રયત્ન પણ કરું છું છતાં મૂર્તિ દેખાતી નથી. મૂર્તિસુખનો કોઈ અનુભવ પણ થતો નથી. રાત-દિવસ થાક્યા વિના સતત પ્રયાસ કર્યા કરું છું. છતાંય મને ધ્યાનમાં વાલ (એક તોલાનો

ચાલીસમો ભાગ) માત્ર પણ મહારાજના સુખનો અનુભવ થતો નથી. સ્વામી, મુજ પર કૃપા કરો.''

મુક્તપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજી આવા મૂર્તિસુખના પ્યાસી માટે જ તો પધાર્યા છે.

તેથી તેમણે કરુણાનો ધોધ વરસાવ્યો અને શાશ્વત શાંતિનો દિવ્ય અનુભવ કરાવ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમને પોતાના આસને લઈ ગયા.

આસને પહોંચ્યા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને ધ્યાન અંગે થોડી પ્રારંભિક વાત કરી.

પછી પૂછ્યું, ''ભગત, કઈ લટકે ધ્યાન કરો છો ?''

''સ્વામી, હું તો સન્મુખભાવે ધ્યાન કરું છું.''

''તમે તો અનુલોમની લટકે ધ્યાન કરો છો. એ લટકે પરમએકાંતિકની સ્થિતિ પ્રાપ્ત થાય. અને પરમએકાંતિકનું સુખ બિંદુ જેટલું છે. જ્યારે પ્રતિલોમની લટકે અર્થાત્ રસબસભાવે, એકમેકપણે એટલે કે ચૈતન્યને મહારાજે અનાદિમુક્ત કરીને મૂર્તિમાં જ રાખ્યો છે. હું મૂર્તિમાં જ છું એ સમજણથી મૂર્તિમાં રહી મૂર્તિનું ધ્યાન કરવું એ રીતે પ્રતિલોમપણે ધ્યાન થાય તો અનાદિમુક્તની સ્થિતિ થાય. અને અનાદિમુક્તનું સુખ સિંધુ જેટલું છે.''

''સ્વામી, માત્ર લટકમાં ફેર થતા સુખમાં બિંદુ-સિંધુ જેટલો ફેર પડી જાય ?''

''હા.''

''ઓહોહો... તો સ્વામી પછી પ્રતિલોમ લટકે જ ધ્યાન કરાય ને !''

''હા.''

''સ્વામી, કૃપા કરીને પ્રતિલોમ લટકે ધ્યાન કરવાની રીત શીખવો ને !''

ખરો ખપ ને મુમુક્ષુતા જોઈ તેઓને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અનાદિની પ્રતિલોમ લટકે ધ્યાન કરવાની રીત શીખવી.

અનહદ કૃપા વરસાવતાં ધબ્બો માર્યો અને આશીર્વાદ આપ્યા કે, ''જાવ, આજથી મહારાજ તમને પ્રતિલોમપણે મૂર્તિસુખનો અનુભવ કરાવશે.''

તે જ દિવસથી તેમને ધ્યાનમાં શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિનાં પ્રતિલોમપણે દર્શન થવા માંડ્યાં હતાં.

તે જ દિવસથી તેઓ અવરભાવમાત્રમાંથી વૃત્તિનો સંકેલો કરી જીવનનો બહુધા સમય પ્રતિલોમપણે ધ્યાનમાં વિતાવતા, નિરંતર મૂર્તિના સુખમાં રમણ કરતા.

એ પછી તેઓ પ્રતિલોમ લટકે ધ્યાન કરતા અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદથી સુખ લેવાને પાત્ર થયા.

આ વાતની અનુભૂતિ વર્ણવતાં તેઓ કહેતા હતા, “બાપજીએ જે દિવસથી આશીર્વાદ આપ્યા તે દિવસથી મને મહારાજની દિવ્યાતિદિવ્ય તેજોમય મૂર્તિનાં દર્શન થવા લાગ્યાં. જે સુખમાં અનંત અનાદિમુક્તો એકમેકપણે, ઓતપ્રોતપણે, રસબસભાવે, એકકળાવિચ્છિન્ન ને વાણાતાણાની પેઠે મૂર્તિના સુખમાં રમણ કરી રહ્યા છે; એ જ દિવ્ય સુખમાં મને પણ ગરકાવ કરી દીધો !”

અનહદ અપાર સુખનો અનુભવ થવા છતાં તેઓને અંતરમાં એક અહોભાવ રહેતો કે, “આજે હું જે કાંઈ મૂર્તિના સુખનો અનુભવ કરું છું તે આ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદથી જ કરું છું. જો તેઓ ન મળ્યા હોત તો હું ક્યાંય અનુલોમની લટકમાં અટવાયેલો હોત. પ્રતિલોમપણે સુખનો અનુભવ થયો જ ન હોત.”

તેથી જોગમાં આવનારને પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી થકી એવી અનાદિમુક્તની લટક પામી સ્થિતિ કરવાનો ખૂબ આગ્રહ રખાવતા.

જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદે સદા મૂર્તિમાં વિહરતા રહ્યા હતા. આખી રાત તો ખરી, દિવસ દરમ્યાન પણ અખંડ ધ્યાને સુખ માણતા.

જીવની જીવદશા ટળાવી પ્રતિલોમપણે પરભાવની દિવ્ય મૂર્તિના સુખનો અનુભવ કરાવનાર મુક્તપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન…

# ૧૧

## આપ્યા કોલ, કર્યા કૃતાર્થ

તા. ૨૬-૯-૨૦૧૦ના રોજ નૂતન કડી મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા વખતે ભવ્ય શોભાયાત્રા નીકળી રહી હતી.

મયૂરરથમાં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી બિરાજમાન થયેલા.

કડી નગરના જાહેર માર્ગો ઉપરથી પસાર થતી શોભાયાત્રા આગળ વધી રહી હતી. નગરવાસીઓ આ શોભાયાત્રાનાં ભાવથી દર્શન કરી રહ્યા હતા. તો વળી, કેટલાક ગુરુવર્ય પ.પૂ. બાપજીને નતમસ્તક કરી બે હાથ જોડી વંદન કરી પોતાના ભાવ સમર્પી રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રી પણ આશીર્વાદ રૂપે કોઈને હાર પહેરાવે તો કોઈ ઉપર ગુલાબની પાંદડીની ખૂબ વર્ષા કરે એમ તેઓ અનેકને કૃતાર્થ કરતા હતા.

એવામાં રસ્તા પર એક માળી ફૂલનો હાર તથા ફૂલ લઈને બેઠા હતા. તેની નજર ગુરુવર્ય પ.પૂ. બાપજી પર પડી. એટલે તેમને ખૂબ ભાવ થયો તેથી તે સરસ

મજાનું તાજું ગુલાબનું ફૂલ લઈને ગુરુવર્ય પ.પૂ. બાપજીને આપવા માટે આવ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગુલાબનું ફૂલ સ્વીકાર્યું. અને પછી તેમણે તે ફૂલ હરિકૃષ્ણ મહારાજના હસ્તમાં ધરાવ્યું.

જેમની દિવ્યદષ્ટિમાં ગરીબ કે અમીરનો ભેદ નથી. સંબંધમાં આવે, દષ્ટિમાં આવે તેનું અતિ રૂડું કરવાનો જ એકમાત્ર સંકલ્પ છે, તેથી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, આ માળીએ એની પાસે જે હતું (ગુલાબનું ફૂલ) તે આપ્યું. તો આપ પણ આપની પાસે જે હોય તે એને આપો.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી માળીનો નિર્દોષ ને નિષ્કામભાવ જોઈ રાજી થયા ને આશીર્વાદ આપતાં બોલ્યા, ‘‘સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી), આપણી પાસે શ્રીજીમહારાજ છે એ તેને આપ્યા. તેનો અંતકાળ આવશે ત્યારે એને આ હરિકૃષ્ણ મહારાજ સાથે ને આ ગુલાબના ફૂલ સાથે અમે મૂર્તિના સુખમાં લઈ જઈશું.’’

આટલી નાનકડી સેવાના બદલામાં મોટાપુરુષ કેટલા બધા વરસી જાય ને કેવા કોલ આપી દેતા હોય છે ને કેવા કૃતાર્થ કરી મૂકતા હોય છે એ તો જે માણે એ જ જાણે.

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સત્સંગ વિચરણ અર્થે પધારી રહ્યા હતા. અચાનક એમની ગાડી આગળ એક ફ્રૂટથી ખચોખચ ભરેલી લારીવાળો આવ્યો. એટલે ગાડી રોકવી પડી.

એ સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજી નેત્ર બંધ કરી માળા કરી રહ્યા હતા. ગાડી રોકાઈ એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીના નેત્ર ખૂલી ગયા ને પૂછ્યું, ‘‘અલ્યા શું થયું ?’’

‘‘બાપજી, આ ફ્રૂટની લારીવાળો જોતો પણ નથી ને આપણી ગાડી સામે આવી ઊભો રહ્યો છે.’’

‘‘એમાં એવું નથી. એને તો મહારાજે મોકલ્યો છે !’’

‘‘મહારાજે, એને મોકલ્યો...? બાપજી, એ સમજાયું નહીં...’’

‘‘અરે, મહારાજનો સંકલ્પ છે કે અમારે અનંત જીવોનું કલ્યાણ કરવું છે એ માટે આને મોકલ્યો છે.’’

એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મહારાજને પ્રાર્થનારૂપ સંકલ્પ વહાવ્યો કે, ‘‘હે મહારાજ, આ ફ્રૂટ જે જે જમાડે, જેના ઘરે પહોંચે, જેમણે ઉગાડ્યું હોય, જેનું

ખેતર હોય, જેણે મજૂરી કરી હોય, આ લઈ જનાર ગાડીવાળાને સર્વેને આ ને આ જન્મે કારણ સત્સંગમાં લાવી આપનું સ્વરૂપ ઓળખાવી છેલ્લો જન્મ કરજો.''

●●●

એક વખત હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે ગાડીમાં બેઠા કે તુરત તેઓ બોલ્યા, ''હેઠા ઊતરો.''

આ શબ્દ સાંભળી બધાને નવાઈ લાગી.

પછી તરત ગુરુવર્ય પ.પૂ. બાપજી જ બોલ્યા, ''રસ્તામાં જે દેખાય તેના કલ્યાણના સંકલ્પો ચાલુ કરી દો, કેમ ખાલી બેસી રહ્યા છો ?''

હરિભક્તોએ પ્રાર્થના કરી કે, ''બાપજી, સંકલ્પ તો આપને કરવાના હોય. અમારા સંકલ્પથી શું થાય ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''આપણા બાપ સ્વામિનારાયણ ભગવાન અબજોપતિ છે. તેમના ઘરે ક્યાં આત્યંતિક કલ્યાણની ખોટ છે ! આપણે પ્રાર્થના કરી ચેક લખવાનો, પાસ એમને કરવાનો છે તો આપણે ઠાલા શા માટે બેસવું ?''

આહાહા... આ આત્યંતિક કલ્યાણની શરદઋતુ નહિ તો બીજું શું...?

●●●

સભામાં નવા-જૂના મુમુક્ષુઓ જ્યારે બેઠા હોય ત્યારે એ દિવ્યપુરુષ કોઈની પાત્રતા-અપાત્રતા જોયા વિના કેવળ કરુણા કરીને કૃતાર્થપણાના કોલનું અખંડ ગાન કરાવી, સૌને એની દૃઢતા કરાવતા હોય છે :

''મારાં અનંત જન્મનાં ખોટ્યનાં ખાતાં વાળીને, મારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિના સુખમાં રાખ્યો છે... રાખ્યો છે... અને રાખ્યો જ છે. સૂર્ય ફરે, ચંદ્ર ફરે, અનંતકોટિ બ્રહ્માંડ ફરે પણ આપણે ફરવું નહીં.''

''હવે તું દેહધારી નથી, જગતનો જીવ નથી. હવે તું આત્મા પણ નહિ, તારા આત્માને પુરુષોત્તમરૂપ કરીને મૂર્તિમાં રાખ્યો જ છે. આ વાત નક્કી છે એની દૃઢતા કરીને આવી રીતે સ્વ-સ્વરૂપનું મનન-ચિંતન કર. હવે તું ભૂલી જા કે મારું નામ આ છે, ગામ આ છે. પહેલાં હું આમ હતો, આવો હતો એ બધું તારું નામ, રૂપ, ગામ બધું ગયું. હવે તું અનાદિમુક્ત જ છે.''

''આ સભામાં આપણ સહુનાં, તેજોમય તન છે;
છટા છૂટે છે તેજની, જાણે પ્રગટિયા કોટિ ઈન્દુ છે.''

''આ સભા જેતલપુરની નથી, ગઢપુરની નથી, વાસણાની નથી,

સુરેન્દ્રનગરની નથી. જ્યાં શ્રીજીમહારાજ બિરાજે ત્યાં અક્ષરધામનું મધ્ય એટલે આ સભા અક્ષરધામની છે. અક્ષરધામને વિષે કહેતાં પરભાવમાં કોઈ દેહધારી ન હોય. ત્યાં તો બધા અનાદિમુક્તો જ હોય માટે આપણને સહુને મૂર્તિમાં રાખ્યા છે ને આપણે અનાદિમુક્તો જ છીએ.''

વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજી અનેક નવા મુમુક્ષુને વર્તમાન ધરાવીને અનાદિમુક્તની સ્થિતિના કોલ આપતા હોય છે.

વર્તમાન ધરાવતી વખતે તેઓ કહેતા હોય છે, ''આ અમે કારણ સત્સંગના સ્પેશ્યલ વર્તમાન ધરાવીએ છીએ, ને તે આ મુજબ હોય છે : 'જે સુખમાં, જે સ્થાનમાં આપણા સદ્. ગોપાળાનંદ સ્વામી છે, સદ્. નિર્ગુણબાપા છે, સદ્. ઈશ્વરબાપા છે, આપણી અમીરપેઢી રહી છે; એ જ સુખમાં, એ જ સ્થાનમાં, એ જ સ્થિતિમાં તને (ચૈતન્યને) રાખ્યો છે.' અર્થાત્ તેને અનાદિમુક્ત કરીને મૂર્તિસુખના કોલ આપી દીધા. નહિ ચાલોચાલ, નહિ એકાંતિક, નહિ પરમએકાંતિક પણ શ્રેષ્ઠ સ્થિતિ એવી અનાદિમુક્તની પદવી એને ક્ષણમાં આપી દે છે.'' મુમુક્ષુને આવા કોલ મળવા એ કેટલા દુર્લભ હોય છે ! છતાં મોટાપુરુષની પાસે જે આવે તેને આ કોલ આપીને કૃતાર્થ કરી મૂકે છે.

આમ, કેવળ કરુણા કરીને આત્યંતિક કલ્યાણના કોલનું મનન કરાવી, એ દિવ્યપુરુષે અનેક મુમુક્ષુઓની ભવાબ્ધિ ટાળી દીધી છે.

વિના પાત્રતાએ કોઈ પ્રકારનાં સાધન વિના ફદલમાં આત્યંતિક કલ્યાણના, મૂર્તિના સુખના કોલ આપનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૨

## ચાર રૂપિયાનાં જોડાં ચૌદ વર્ષ ચલાવ્યાં

ઈ.સ. ૧૯૬૯ની આસપાસ જીવનની કટોકટીનો એ સમય હતો કે જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા.

ત્યારે તેઓને ચરણમાં પહેરવા માટે જોડાં પણ નહોતાં. અડવાણા ચરણે પોતે દુઃખો વેઠીને આ દિવ્યપુરુષ ઠેર ઠેર વિચરતા.

ચરણમાં કાંટા-કાંકરા વાગે, ઠંડી-ગરમી લાગે તેને સહર્ષ સહન કરીને જીવોને સુખિયા કરવા વિચર્યા જ કરતા.

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજીને આવી રીતે અડવાણા ચરણે વિચરતા દેખીને એક મહિમાવાળા હરિભક્તનું હૈયું ભરાઈ આવ્યું.

તેઓ ખૂબ દુઃખી થઈ ગયા અને દિલગીરી વ્યક્ત કરતાં બોલ્યા કે, "અરર... આટલો બધો દાખડો ! દિવસ-રાત જંપીને બેસવાનું નહીં. નિરંતર મહારાજ માટે ત્રણેય ઋતુઓને વેઠવાની; એય પાછા અડવાણા ચરણે..! મહારાજના હાચા સાધુને આટલી બધી કઠણાઈ ! એ તો કેમ ચાલે ! એમના ઉઘાડા ચરણ ક્યાં સુધી ! હવે એમને જોડાં વગર જરીક વારે કેમ રખાય !"

પછી તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને અસલ ચામડાંનાં ચાર રૂપિયાનાં જોડાં

લાવી આપીને સમયે તકની સેવા કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમની મહિમાસભર થઈને કરેલી સેવાને દેખી ઘણા રાજી થયા.આ જોડાં ગામડામાં જૂના મોચી સીવે તેવાં ખૂબ મજબૂત હતાં.

જે શિયાળામાં ખૂબ કડક થઈ જાય. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજીને તે ચરણમાં ડંખે અને પહેરવામાં તકલીફ પડે. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી વર્ષમાં એક વાર તેને તેલ ચોપડતા.

આ જોડાં પહેરીને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખાખરિયા, ઝાલાવાડ અને નળકંઠાનાં અનેક ગામોમાં વણથંભ્યું રાત્રિ-દિન વિચરણ કર્યું હતું. તેમજ ધર્માદો ઉઘરાવવા પણ જતા હતા.

ઈ.સ. ૧૯૭૪માં ઘનશ્યામનગર મંદિર થયું ત્યારે પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી એ જ જોડાં વાપરતા.

ઈ.સ. ૧૯૮૩ની સાલ પર્યંત ચાર રૂપિયાનાં આ એકના એક જોડાંને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખૂબ કરકસરેયુક્ત ઉપયોગ કરીને ચૌદ વર્ષ સુધી વાપર્યાં હતાં અને તે તૂટ્યાં નહિ ત્યાં સુધી બીજાં જોડાં લાવ્યાં નહોતાં. વસ્તુની કેવી સાચવણી !

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાના જીવનની કપરી પરિસ્થિતિના એ દિવસોના આ પ્રસંગની સ્મૃતિ કરાવતાં કહેતા હોય છે કે, ‘‘ચાર રૂપિયાનાં જોડાં ચૌદ વર્ષ ચલાવ્યાં. હવે મોંઘવારી મને નડે કે હું મોંઘવારીને નડું ?’’ તેઓનાં આ મર્મવચનો આપણ સૌને કરકસરેયુક્ત જીવન જીવવાની અદ્‌ભુત પ્રેરણા આપે છે. તેઓની કરકસરની તેમજ વસ્તુના જતનની રીત અનોખી છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું આસન વર્ષોથી વાસણા મંદિર ખાતે ભોંયરામાં હતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના સ્વાસ્થ્યની સાનુકૂળતા માટે ઈ.સ. ૨૦૧૨માં સંત આશ્રમના માળમાં નવું આસન બનાવ્યું.

તેમાં નવું ફર્નિચર બનાવવાનું સંતોએ આયોજન કર્યું.

ત્યારે તુરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતોને રોક્યા ને કહ્યું, ‘‘ભોંયરામાં આસન હતું એમાંથી ફર્નિચર નીકળે એવું હોય તે પ્રથમ આ નવા આસનમાં લગાવો. નછૂટકે જરૂર પડે તો જ નવું ફર્નિચર બનાવવાનું. જૂનું કાઢી નાખવાનું ને નવું બનાવવાનુ એમાં તો મહારાજના ગુનેગાર થવાય. આપણું જીવન કરકસરેયુક્ત રાખતા શીખવું.’’ એમ સર્વે સંતોને શીખ આપી.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં રહેવાનો દિવ્ય લાભ નવા સંતને મળ્યો હતો.

એક દિન તે સંતને ગુરુવર્ય પ.પૂ. બાપજીના બાથરૂમમાં કોઈ કારણોસર જવાનું થયું. ત્યાં ક્ષારથી મઢાયેલી જૂની બે ડોલનાં દર્શન થતાં આશ્ચર્યનો ઉદ્‌ગાર થયો.

આ ડોલનાં જે કોઈ દર્શન કરે તેને પ્રથમ દૃષ્ટિ જ નવી ડોલ લાવવાની પ્રેરણા કરી દે. આથી તે સંતે જૂની ડોલ બદલી નવી ડોલ બાથરૂમમાં મૂકી દીધી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નવી ડોલને જોતાં જ સેવક સંતને કહ્યું, “કોણ આ ડોલ લાવ્યું ?”

“સેવક લાવ્યો છે.”

આટલું સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “નવી ડોલની શી જરૂર હતી ? જૂની ડોલ હતી તે સારી જ હતી ને !”

આવાં વચન સાંભળતાં તો ક્ષણભર સંત આશ્ચર્યના ઉદ્‌ગાર સાથે મૌન જ રહી મનસા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ દિવ્ય સાધુતાને વંદી રહ્યા.

સંતે કહ્યું, “બાપજી, ડોલ બહુ જૂની થઈ ગઈ હતી તેથી સંતોના બાથરૂમમાં મૂકી છે ને નવી ડોલ લાવવાની હતી તે અહીં મૂકી છે.”

આમ ખૂબ પ્રાર્થના-વિનંતી કરી ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતની સેવાનો સ્વીકાર કરી ડોલ ગ્રહણ કરી.

તેઓનું કહેવું હતું કે, “આપણે સાધુને જ્યાં ત્યાં, જેવું તેવું, જે મળે તે ચાલવું જોઈએ. આપણે ડોલ નવી કે જૂની તેની સાથે ક્યાં કામ છે ? આપણે તો એનો હેતુ પાણીના વપરાશનો છે. એ તો સરે જ છે ને. માટે કોઈ પણ વસ્તુ જૂની થઈ તેને કાઢી નવી લાવીએ તેવું ના કરાય. ખાલી સાધુએ નહિ, ગૃહસ્થ હોય તેમણે પણ ના કરાય. ઘણા હરિભક્તો અમને પૂછતા હોય, ‘ગાડી હવે જૂની થઈ છે તો કાઢી નવી લાવીએ ?’ અમે પૂછીએ કેટલાં વર્ષથી લીધી છે ? તો કહે, ‘૫-૭ વર્ષ થયાં.’ ૫-૭ વર્ષમાં ગાડી જૂની થઈ જાય ? પણ અત્યારની પેઢીને બચત કરવાનો, કરકસર કરવાનો કોઈ વિચાર જ હોતો નથી. માટે એમ ન કરવું. મળે તેટલું ભોગવવું નહીં. જરૂર પૂરતું અને જરૂર પડે ત્યારે જ લેવું જોઈએ.”

એમ ટકોર કરી સંતોને રાજી રાખવા ડોલ વાપરી.

તેમ છતાંય અઠવાડિયા સુધી નવી ડોલ અંગે ટકોર કરી અનિચ્છા જ જણાવતા રહ્યા.

• • •

ઠંડીની મોસમમાં અવરભાવનું સ્વાસ્થ્ય સાનુકૂળ રહે તેવા હેતુથી પૂ. સંતોની પ્રાર્થનાથી ગુરુવર્ય પ.પૂ. બાપજી ઈન્હેલર તથા ભગવા રૂમાલનો ટુકડો રાખતા હતા.

સેવક સંત આ બે વસ્તુ કાયમી જોડે ભગવી થેલીમાં મૂકી રાખતા ને ગુરુવર્ય પ.પૂ. બાપજીની જરૂરિયાત મુજબ સમયે સમયે ઈન્હેલર તથા રૂમાલ આપવાની સેવા કરતા.

ક્યારેક ઉતાવળમાં ભૂલી જવાય તો ગુરુવર્ય પ.પૂ. બાપજીને તકલીફ પડે તેવા આશયથી એક ઈન્હેલર તથા ભગવા રૂમાલનો ટુકડો ગાડીમાં મુકાવી રાખ્યાં હતાં.

આ બાબતનો ગુરુવર્ય પ.પૂ. બાપજીને અણસાર આવતાં સેવક સંતને કહ્યું, “સ્વામી, આ વધારાનું અહીં રાખવાની જરૂર નથી. આપણી પાસે છે તે પૂરતું છે. આપણાથી કારણ વિના વધારાની વસ્તુ ન રખાય.”

એક સામાન્ય ઈન્હેલર ને કપડા જેવી વસ્તુમાં પણ નિર્બંધતા રાખે એવી વિરલ વિભૂતિને કોટિ પ્રણામ !!!

●●●

એ દિવ્યપુરુષના જીવનમાં પળે પળે વસ્તુ સાચવણીની અને તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાની અભિરુચિ વ્યક્ત થતી હોય છે.

તેઓ સ્વયં તો આવા ઉચ્ચ આદર્શોથી જીવન જીવી રહ્યા છે, પરંતુ પોતાના સંગીને પણ તે મુજબ વર્તાવી રહ્યા છે.

તેઓ સહેજ પણ વસ્તુનો બગાડ ન થવા દે. સંતો-હરિભક્તોને મીઠી ટકોર કરી કરકસરના પાઠ શીખવે.

તેઓના જીવનમાં સાદશ્ય થતા સાદગી, સંયમ, કરકસર અને ચોકસાઈના સર્વોચ્ચ આદર્શોને સાધનિકમાત્રને શીખવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૩
## પરભાવની અલૌકિક સ્થિતિ

અવરભાવમાં મોટાપુરુષ આપણને દેખાય... બોલે છે, ચાલે છે, ખાય છે, પીએ છે, મંદવાડ ગ્રહણ કર્યો છે...પણ એ તો નિરંતર પરભાવમાં જ છે.

એ દિવ્યપુરુષ તો નિરંતર એમની પરભાવની સ્થિતિમાં જ રમણ કરતા હોય છે. એવા કેટલાય પ્રસંગો એમના જીવનમાં તાદૃશ્ય થતા હોય છે.

તા. ૨૯-૧૧-૨૦૦૭ ને ગુરુવારનો દિવસ હતો.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીને બાયપાસ સર્જરી માટે અમદાવાદની ક્રિષ્ના હૉસ્પિટલમાં ઍડમિટ કર્યા હતા.

ત્યાંના નિષ્ણાત ડૉ. રાજેશભાઈ દેસાઈને આ દિવ્યપુરુષની અણમોલ સેવાનો લાભ મળ્યો હતો.

બપોરે અઢીથી સાડા પાંચ સુધી - ત્રણ કલાક ઑપરેશન ચાલ્યું.

ઑપરેશન દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. બાપજીને ક્લૉરોફૉર્મ આપી બેભાન કરી દીધા હતા. ઑપરેશન દરમ્યાન ગુરુમહિમાથી અતિશય ભીના એવા વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શનની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા.

સાથે મહાપ્રભુને દિલગીર થઈ પ્રાર્થના પણ કરી રહ્યા હતા.

જોડે વ્હાલા પૂ. સંતો પણ પ્રાર્થનામાં સૂર પુરાવતા હતા.

આ બાજુ ઑપરેશન પૂરું થયાના સમાચાર મળ્યા ત્યારે પ.પૂ. સ્વામીશ્રી નાનું બાળક ‘મા’ની પાસે જઈ બેસી જાય એમ નીચે બિરાજી ગયા.

હજુ તો ગુરુવર્ય પ.પૂ. બાપજી ઑપરેશન કર્યા બાદ પ્રથમ ભાનમાં આવ્યા ત્યારે પ.પૂ. સ્વામીશ્રીને કહેવા લાગ્યા કે, “સ્વામી, આજે તો કથા અધૂરી રહી !”

પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, “બાપજી, ક્યાં કથા ચાલતી હતી ?”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા, “સ્વામી, નરોડામાં કથા ચાલતી હતી.”

પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું, “બાપા ! શું લાભ આપ્યો ?”

ઉત્તરમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વંચાતું હતું અને એમાં પ્રકૃતિપુરુષ એટલે કોણ ? આનો જવાબ આપતો હતો ત્યાં જાગી ગયો એટલે મારી કથા અધૂરી રહી.”

આ પ્રસંગે સહેજે જ દૃશ્યમાન થાય છે કે આ દિવ્યપુરુષને નથી દવાખાનું, નથી મંદિર કે નથી અવરભાવ. એ તો અખંડ પરભાવમાં જ છે.

તેથી જ કીર્તનમાં કહ્યું છે કે,

“પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે.”

વાહ ! દયાળુ, વાહ...! આ જ આપની અલૌકિક સ્થિતિ !

પરભાવમાં નિરંતર રહી જોગમાં આવનારને પણ પોતાની જેમ જ પરભાવની અલૌકિક સ્થિતિ કરાવવાના આગ્રહી પરભાવી સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...









હવે કહું નિરસ્નેહ જન, સુણો રીત્ય તેની દઈ મન;
એક પ્રભુ સાથે પ્રીત જોડી, બીજા જક્ત સહુ સાથે તોડી.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૧૪

## સાધુને મોટું પાપ લાગે

ઈ.સ. ૨૦૧૨ની ચોથી ફેબ્રુઆરીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમના ગામ વાસણમાં ભવ્ય શાકોત્સવનું આયોજન કર્યું હતું.

આ પ્રોગ્રામના થોડા દિવસ પહેલાં વિરમગામ ખાતે શાકોત્સવમાં પ.પૂ. સ્વામીશ્રી લાભ આપવા પધાર્યા હતા.

વાસણથી હરિભાઈ પરમાર તથા જેશીંગભાઈ પરમાર આદિક હરિભક્તો ત્યાં લાભ લેવા ગયા હતા. તેમણે પ.પૂ. સ્વામીશ્રીને ગુરુવર્ય પ.પૂ. બાપજીને લઈ શાકોત્સવમાં પધારવા પ્રાર્થના કરી.

પ.પૂ. સ્વામીશ્રી સંતોનાં પંચવર્તમાન જાણતા હતા.

તેથી ના ન પાડતાં, હરિભક્તોને રાજી રાખવા કહ્યું, ‘‘અમો આવીશું, પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીને તમે પ્રાર્થના કરજો.’’

તા. ૨૮-૧-૨૦૧૨ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે સમૈયાનું આયોજન કરેલું હતું. આ બંને હરિભક્તો સ્વામિનારાયણ ધામ આવ્યા.

સભા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીને વાસણ શાકોત્સવમાં પધારવા આગ્રહભરી પ્રાર્થના કરી, ‘‘બાપજી, કોઈ કારણ વગર તો આપ વાસણ ન પધારો, પણ

શાકોત્સવ છે, તો તેમાં લાભ આપવા પધારો.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું અતિ કોમળ હૃદય જેઓ રાત્રે બાર વાગ્યે પણ કોઈ હરિભક્તને પધરામણી માટે ના ન પાડે તો સભા માટે તો ના પાડે જ કેમ ? પરંતુ કથાવાર્તા કરતાં પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને મન શ્રીજીમહારાજની પંચવર્તમાનની આજ્ઞા અતિ અધિક હતી. તેથી તેમણે હરિભક્તોની પ્રાર્થનાનો સવિનય અસ્વીકાર કર્યો.

શ્રીજીમહારાજની ગઢડા છેલ્લાના ૧૯મા વચનામૃતની અભિરુચિ દર્શાવતાં કહ્યું, ''દેહના સંબંધીમાં હેત રાખવું તે તો પંચમહાપાપ કરતાં પણ અધિક પાપ છે. પૂર્વાશ્રમનાં સગાં જોડે સંબંધ રાખવાથી કે પૂર્વાશ્રમના ગામમાં જવાથી સાધુને બહુ મોટું પાપ લાગે. માટે અમે શાકોત્સવમાં નહિ આવીએ, રાજી રહેજો.''

હરિભક્તોએ વિશેષ પ્રાર્થના કરતાં કહ્યું, ''દયાળુ, અગ્નિને ઊધઈ ન લાગે તેમ આપ તો પરભાવનું દિવ્ય સ્વરૂપ છો. આપને ક્યાં કોઈ પૂર્વાશ્રમ અડે ? માટે સૌને સુખિયા કરવા પધારો.''

હરિભક્તોના અતિશે આગ્રહની સામે ગુરુવર્ય પ.પૂ. બાપજી નમી જવાને બદલે આકરા થઈ ગયા.

નારાજગી દર્શાવતાં કહ્યું, ''એક વાર કહ્યું તો ખરું, અમારાથી પૂર્વાશ્રમમાં ન અવાય. ગમે તેવા મોટા સિદ્ધ હોય તોય ત્યાગીની રીતમાં તો ત્યાગીને રહેવું જ પડે ને સંત જો નિઃસ્નેહ વર્તમાનને લોપે તો મોટું પાપ લાગે. અમે વર્તીશું તો સૌ સંતો પણ વર્તશે માટે એ નહિ બને.''

છેવટે હરિભક્તો પોતાનો દુરાગ્રહ છોડી ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિઃસ્નેહી વર્તમાનની દૃઢતાને વંદી રહ્યા.

તા. ૪-૨-૨૦૧૨ના રોજ વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજ અને સંતો સાથે લાભ આપવા પધાર્યા પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અનેકના આગ્રહને ઠુકરાવી શ્રીજી વચનને સમર્થન આપ્યું.

• • •

એક વખત અમાસના સમૈયામાં લાભ આપવા ગુરુવર્ય પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર જતા હતા.

ત્યારે ગાડીમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પૂ. સંતો તથા હરિભક્તોને સત્સંગનો લાભ આપતા હતા. એમાં રાજેશભાઈ અબાસણાને ગુરુવર્ય પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમના જીવન અંગેના કેટલાક દિવ્ય પ્રસંગોની વિગત જાણવી હતી એટલે

એક-બે વાતોનો પ્રસંગ કાઢ્યો.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દિવ્ય લીલાઓના પ્રસંગો 'નિઃસ્નેહી વર્તમાન'ની મર્યાદામાં રહીને કહ્યા.

આ પ્રસંગો સાંભળી પૂ. સંતો તથા હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્યતામાં ગરકાવ થયા.

હજુ એમને વિશેષ પ્રસંગો થોડા વિગતે જાણવાની જિજ્ઞાસા થઈ એટલે તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિશેષ પ્રશ્નો વધુ ઊંડાણથી પૂછવાનું શરૂ કર્યું.

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી સાવધ થઈ ગયા, "અલ્યા, સાધુને એના પૂર્વાશ્રમની વાત પુછાય નહીં."

રાજેશભાઈ બોલ્યા, "બાપજી ! આપ રાજી રહેજો... દયાળુ, આપ તો પરભાવનું સ્વરૂપ છો... આપને કોઈ આશ્રમ જ નથી."

એટલે તેઓ તુરત બોલ્યા..."અવરભાવની રીત પ્રમાણે બધાએ મહારાજે રચેલા વર્તમાનના નિયમો સાચવવા પડે જ. ગમે તેવા મોટા સદ્‌ગુરુ કેમ ન હોય ! તેણે પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તમાન યથાર્થ પાળવાં જ પડે."

એમ કહી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલાવીને પૂર્વાશ્રમની વાતો પર પડદો પાડી દીધો અને શ્રીજીમહારાજના મહિમાની અલૌકિક વાતો શરૂ કરી દીધી.

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામના સમૈયામાં પધાર્યા હતા. ગુરુવર્ય પ.પૂ. બાપજી જેવા ધામ પર પધાર્યા એટલે એસ.ટી.કે.ના સમર્પિત-સાધકમુક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવામાં એકસાથે જોડાઈ ગયા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત આશ્રમના પ્રાર્થના મંદિરમાં આવી બિરાજ્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે કેટલાક સમર્પિત-સાધકમુક્તો પણ બેઠા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સૌને ક્ષેમકુશળ પૂછી, સૌની સાથે માતૃત્વભાવે નેહ કરવા લાગ્યા.

એવામાં એક સમર્પિતમુક્ત બાપજીના સોફા પાસે આવીને ઊભા રહ્યા.

એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સમર્પિતમુક્તનો હાથ પકડ્યો ને પૂછ્યું, "અલ્યા, આજે સમૈયો ને !"

પેલા મુક્તે કહ્યું, "હા, બાપજી."

"તો તારા કોઈ સંબંધીને તું મળ્યો નથી ને !"

એમ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સમર્પિતમુક્તને કહ્યું. ત્યારે સમર્પિતમુક્ત બોલ્યા : “ના, બાપજી.”

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી નિઃસ્નેહી વર્તમાનની દૃઢતા કરાવતાં બોલ્યા, “જોજે હોં મળ્યો અને સંબંધ રાખ્યો તો સાધુને મોટું પાપ લાગે. તારે અત્યારથી એમ જ માનવાનું કે તું સાધુ જ છે. કોઈ પ્રકારનો સંબંધ પૂર્વાશ્રમના સાથે રાખવાનો જ નહીં. તો જ મહારાજ, બાપા ને સદ્‌ગુરુઓ તારા પર રાજી થશે.”

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજી આવી નિઃસ્નેહીપણાની ટકોર સમર્પિતમુક્તોને કરી, તેમને પૂર્વાશ્રમમાંથી હેત તોડાવે છે.

શ્રીજીમહારાજની અલ્પ આજ્ઞાના લોપને પણ મોટું પાપ ગણી એ આજ્ઞાપાલનમાં સાવધ રહી અતિ દૃઢતાપૂર્વક પાળનાર અને અનંતને પળાવનાર શ્રીજીવચનના અતિ આગ્રહી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૫

## રજોગુણનો લેશ નહીં

ઈ.સ. ૨૦૧૨માં **SMVS** સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ રજત જયંતી પર્વે સુવર્ણ યુગનાં વધામણાં કરવાં સ્વામિનારાયણ ધામની સંકલ્પભૂમિ પર મહોત્સવનું આયોજન થયું હતું.

સૌ સંતો-હરિભક્તોના હૈયે સુવર્ણ યુગનાં વધામણાં કરવાનો અનેરો આનંદ હતો. તેથી રોજ વ્હાલા હરિકૃષ્ણ મહારાજ અને ગુરુવર્ય પ.પૂ. બાપજીનું વિવિધ સ્પોટ દ્વારા ભવ્યતાથી સ્વાગત કરવાનું આયોજન વિચાર્યું હતું.

**SMVS** રજત જયંતી મહોત્સવના પ્રથમ દિને તા. ૨૧-૧૨-૨૦૧૨ના રોજ સંત આશ્રમથી મુખ્યમંચ ઉપર ગુરુવર્ય પ.પૂ. બાપજી ભવ્ય સ્વાગત સાથે પધારે તે માટે સુવર્ણવર્ણી નયનરમ્ય સ્પોટ તૈયાર કર્યો હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી મુખ્ય સભામંડપમાં પધારવા સંત આશ્રમમાંથી બહાર પધાર્યા.

સંત આશ્રમના પ્રાંગણમાં અગિયાર સાફાધારી યુવકો સુવર્ણવર્ણી સ્પોટ લઈ તત્પર ઊભા હતા.

સુવર્ણવર્ણી સ્પોટ જોતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજી ત્યાં ને ત્યાં જ થંભી ગયા.

સંતો-હરિભક્તોના અંતરમાં સ્વાગત કરવાનો આનંદ હતો.

પરંતુ તેમનું મુખ શ્યામળું થઈ ગયું. અંતર ઉદાસ થઈ ગયું.

પોતાના સેવક સંતને ઉદ્દેશીને કહ્યું, ''આવા ભવ્ય રથ આપણને ન શોભે. સાધુના જીવનમાં રજોગુણનો લેશ ન આવવા દેવો; સાધુતા ઝળહળે નહીં. સાધુનું જીવન ખૂબ સાદું હોય. માટે આપણે આ રથમાં બેસવું નથી. આપણે સાદી ગાડીમાં બેસી જઈએ.''

સ્પોટ હાંકનાર યુવકો તત્પરતાથી ગુરુવર્ય પ.પૂ. બાપજી બિરાજે તેની રાહ જોતા હતા.

વળી, સભામંડપમાં પહોંચવાનું મોડું પણ થતું હતું.

તેથી સેવક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ''દયાળુ, આ રથ સોના કે ચાંદીનો નથી. પણ કાષ્ઠ અને થર્મોકોલનો જ છે. વળી આપ આ રથ પર નહિ બિરાજો તો આ યુવકોનું દિલ દુભાય અને સભામાં પહોંચવાનું મોડું પણ થાય છે. માટે ફક્ત આજનો દિવસ આપ રાજી થઈ બિરાજો, અમારી ભૂલને ક્ષમા કરો.''

સૌ સંતોએ કેટકેટલીય વિનવણી કરી ત્યારે તેઓ કમને પરાણે સ્પોટમાં બિરાજ્યા, પણ મુખારવિંદ પર હાસ્યની કોઈ રેખા જોવા ન મળે.

સ્પોટમાં બેસવું રુચતું નહોતું તેથી છેવટે કહી દીધું કે, ''આજે ભલે બેઠા; પણ કાલથી આપણી સાદી ગાડીમાં જ આવીશું.''

અને ખરેખર પછી મહોત્સવના બધા જ દિવસે ગુરુવર્ય પ.પૂ. બાપજી સાદી ગાડીમાં જ પધાર્યા. બનાવેલા તમામ સ્પોટ એમના એમ રહી ગયા.

રજત જયંતી મહોત્સવ જેવા મોટા મહોત્સવમાં હજારો-લાખો હરિભક્તો જેમના ભવ્ય સ્વાગતનાં દર્શન માટે તલપાપડ હતા તે દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેની કોઈ સ્પૃહા નહોતી. પરંતુ રજોગુણના યોગે સાધુતામાં ફેર ન પડી જાય તેની ચિંતા હતી.

● ● ●

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરમાં પોતાના આસને બિરાજમાન હતા. સંતો-ભક્તો એમનાં દર્શને આવતા એટલે એમને દર્શન આપવાં માટે તેઓ બિરાજ્યા હતા.

એક યુવક એમનાં દર્શન કરવા આવ્યો. તેણે ચેક્ષ પૅટર્નનો ભપકાદાર શર્ટ પહેર્યો હતો. એ શર્ટનો રંગ આંખોને આંજી દેતો હતો. એટલે બાપજીએ પ્રથમ

એના પર દૃષ્ટિ ન કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમની સાથે પાંચ મિનિટ સત્સંગલક્ષી વાતો નીચી દૃષ્ટિએ કરી.

વાતો પૂર્ણ થતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી યુવકના શર્ટ તરફ આંગળી ચીંધતાં બોલ્યા : ‘‘આપણે સત્સંગી છીએ. આવાં રજોગુણી શર્ટ આપણાથી ન પહેરાય. આ આપણને ના શોભે.’’

‘‘તો શું કરું બાપજી ?’’

‘‘શર્ટ બદલી નાખવો પડે. અરે એટલું જ નહિ પણ આજ પછી આવા ભપકદાર રજોગુણી આંખે ચોંટે એવાં વસ્ત્રો નહિ પહેરવાં.’’

એ યુવક દર્શન કરી તરત જ પોતાના ઘરે રવાના થયો.

પછી એ યુવક સાદા-શ્વેત વસ્ત્ર પહેરી ફરી બાપજીનાં દર્શન કરવા આવ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને સાદાં વસ્ત્રો પહેરેલાં જોઈ ખૂબ રાજી થઈ ગયા ને બોલ્યા : ‘‘મહારાજને સાદાં ને શ્વેત જ વસ્ત્રો ગમે છે ને અમને પણ સાદાં ને શ્વેત જ વસ્ત્રો ગમે.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાના સ્વજીવનમાં તો રજોગુણનો લેશ આવવા કે જણાવવા દેતા નથી. પરંતુ પોતાના જોગમાં આવનારમાં પણ રજોગુણનો લેશ રહેવા દેવા માગતા નથી.

●●●

એક વખત સાગરદાનભાઈ સ્વામિનારાયણ સાથે તેમના મિત્ર મોટા મંદિરે આવ્યા હતા.

તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતાથી અત્યંત પ્રભાવિત હતા.

તેથી તેઓ સાગરદાનભાઈ સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીના આસને આવ્યા.

તેઓ જાણતા હતા કે, ‘‘ગુરુવર્ય પ.પૂ. બાપજી શ્રીજીમહારાજે આપેલ પાંચ વર્તમાનમાં શૂરા-પૂરા છે. એમાં તેઓ ક્યારેય છૂટછાટ લેતા નથી. માટે વર્તમાન લોપાય એવી કોઈ વસ્તુ કે પદાર્થ તેઓ નહિ લે.’’

આથી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સેવા થાય તે માટે રેશમી ગૌમુખી લાવ્યા હતા.

તેઓએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને ગૌમુખી આપતાં કહ્યું, ‘‘સ્વામી, આપ તો કંઈ લેતા નથી. તો મારી એક સેવા સ્વીકારો.’’

‘‘અરે, ભગત, આ અમારાથી ન વપરાય. આ રેશમી કાપડ રજોગુણી કહેવાય.

અમારે સાધુઓને સુતરાઉ કાપડની ભગવી માટીથી રંગેલ ગૌમુખી જ વપરાય.''

''સ્વામી, તમે મારી... આટલી.. સેવા સ્વીકારો.''

''ભગત, મહારાજની આજ્ઞા લોપીને ન લેવાય એટલે આ ગૌમુખી તમે જ રાખો.''

''સ્વામી, હું ખૂબ ભાવથી આ ગૌમુખી લાવ્યો હતો. અમને ખબર છે કે આપ મહારાજની શિક્ષાપત્રીનું જીવંત સ્વરૂપ છો. એટલે આપ પૈસા કે પદાર્થ નહિ લો પણ ગૌમુખી તો લેશો જ. પણ આમાં પણ આપે મહારાજની આજ્ઞા જણાવી.''

અત્યારે પણ કોઈ હરિભક્તો કંઈ સારી વસ્તુ કે પદાર્થ ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે લાવે ત્યારે પણ તેઓ તે અંગે લેશમાત્ર રુચિ ન જણાવે.

એ વખતે એમની તો બસ એક જ રુચિ હોય, ''સાદું હોય એ જ સાધુનું; બાકી બીજું બધું ખોટું.''

આ અંગે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંતોને પણ અવારનવાર શીખ આપતાં કહ્યું છે કે, ''સંતો, આપણા બેસવામાં, જમવામાં, સૂવામાં, વિચરણમાં કે કોઈ વસ્તુના વપરાશમાં રજોગુણનો લેશમાત્ર અંશ પણ ન આવવા દેવો. આપણે સાવ સાદું જીવન રાખવું તો જ સાધુતા આવે.''

તેથી સંતો એમની રજોગુણ વિષેની દૃષ્ટિ અંગે વર્ણવતાં મુમુક્ષુઓને ઘણી વાર જણાવતા હોય છે, ''એ દિવ્યપુરુષને રજોગુણ ફેલફિતૂર જેવો લાગે. રજોગુણનો લેશમાત્ર યોગ થાય તોય તેમને અરેરાટી થઈ જાય છે. એમના જીવનમાં સૂક્ષ્મદર્શક યંત્રથી પણ રજોગુણ શોધ્યો ન જડે. ગમે તેવા મોટા ઉત્સવ-મહોત્સવો હોય પરંતુ તેમાં સહેજ રજોગુણની છાંટ આવી જાય તો તેમનું મુખ શ્યામળું થઈ જાય. આ અંગે તેઓ ભારોભાર અરુચિ દર્શાવે.''

ચારેબાજુ વાહ વાહ ને સન્માનોનો વરસાદ વરસતો હોય તેમ છતાં જેઓએ જીવનમાં રજોગુણ લેશમાત્ર પ્રવેશવા દીધો નથી એવા સાધુતાની મૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૬

## અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે

ઈ.સ. ૨૦૧૩માં ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે જ્ઞાનસભામાં બપોરે લાભ આપવા પધાર્યા હતા.

સભા બાદ સમગ્ર સત્સંગ સમાજના શિરમોર પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીને એકાંતમાં સૌ સંતો-હરિભક્તોની અવરભાવમાત્રની કસર ટાળવા માટે પ્રાર્થના કરી રહ્યા હતા કે, "બાપજી, આ દિવ્ય કારણ સત્સંગના યોગમાં આવેલા સૌને પ્રાપ્તિ તો બહુ મોટી થઈ ગઈ છે; તેમ છતાં કામ, ક્રોધ, માનાદિક દોષો બહુ નડતા હોય છે. સારા સત્સંગી કહેવાતા હોય તેમ છતાં માનાદિક દોષથી બહુ મોટા ધક્કા લાગતા હોય છે. માટે આ દોષો ટળે એવી દયા કરો."

આશ્ચર્ય સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, "માન વળી કેવું ? શાનું માન આવે ?"

પ.પૂ. સ્વામીશ્રીએ સાધનિકની સ્થિતિ વર્ણવતાં કહ્યું, "બાપજી, સાધનકાળમાં દેહ રૂપે વર્તે તેને તો નાની નાની બાબતોમાં માન આવી જાય. મોટું દાન કરે તો તેનું માન આવે, કોઈ સારી સેવા કરતાં આવડે તો આવડતનું માન આવે, કોઈ સત્તા કે પદવી મળે તો તેનું માન આવે, સારું રૂપ હોય તો રૂપનું માન આવે,

સારી કથા આવડે તો તેનુંય માન આવે. એટલું જ નહિ, આપે કથામાં પ્રશ્ન પૂછ્યો ને જવાબ આવડ્યો તો તેનુંય માન આવે. આવી તો નાની નાની વાતોમાં ઘણું માન આવતું હોય છે માટે આવું સૂક્ષ્મ માન ટળે એવી દયા કરો.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''આવી વાતોમાં કેમ માન આવતું હશે ? અમને તો કોઈ દિવસ એવો વિચાર જ આવતો નથી કે આ મેં કર્યું. આપણને તો મહારાજે મૂર્તિમાં રાખ્યા છે. મૂર્તિમાં ફિટ કરી દીધા છે. પછી આપણું કર્તાપણું જ ક્યાં છે ? આપણે તો એય મૂર્તિમાં રહેવાનું, પછી કાર્ય બધું મહારાજ કરે તો એમાં આપણે કરવાનું જ ક્યાં રહ્યું ? તો પછી માન શાનું ?''

પ.પૂ. સ્વામીશ્રીએ કહ્યું, ''દયાળુ, આપ તો પરભાવનું સ્વરૂપ છો. પરભાવના સુખના અનુભવી છો માટે મૂર્તિરૂપી બ્રહ્મરસમાં અલમસ્ત છો જ પણ અવરભાવવાળા દેહ રૂપે વર્તે તેને આવા દોષો નડે. માટે કૃપા કરો તો બધાયના દોષ ટળે.''

સદા બ્રહ્મરસના ભોગી એવા અનુભવી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''સ્વામી, બધાયને મહારાજે મૂર્તિમાં રાખ્યા જ છે. તો એય બધા અમારી જેમ મૂર્તિમાં રહે તો એમનેય કોઈ માનાદિક દોષ ન નડે પણ સુખના અનુભવી થવા પ્રયત્ન તો કરવો પડે. માટે તું હવે બધાયને એવો અનુભવ કરાવ.''

આ સાંભળી પ.પૂ. સ્વામીશ્રી ગુરુવર્ય પ.પૂ. બાપજીની 'બ્રહ્મરસના ભોગી'ની સ્થિતિ અંગે મનોમન વિચારતાં વિચારતાં એમના અહોભાવમાં ગરકાવ થયા : ''વાહ, બાપજી વાહ ! પરભાવના બ્રહ્મરસના આનંદમાં સદા વિહરનારા અનુભવી એવા આપને અવરભાવના કોઈ આનંદની સ્પૃહા નથી હોતી. આપ તો સદા પરભાવના બ્રહ્મરસના અનુભવાત્મક આનંદમાં નિમગ્ન હોવ છો. ક્યાં આપ ! ને ક્યાં એક સાધનિક ! ''

પરભાવના બ્રહ્મરસના અનુભવી અને અનંતને એવો અનુભવ કરાવવાના સદા આગ્રહી એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૭

## નિર્દંભ સાધુતા

તા. ૧૨-૭-૨૦૧૪ના રોજ ગુરુપૂર્ણિમાના દિવ્ય અવસરે હજારો સંત-હરિભક્તોનો સમુદાય ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-સમાગમનો લાભ લેવા વાસણા ખાતે આવ્યો હતો.

સૌને ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં પૂજન અને નિકટ દર્શન કરવાનો અનેરો ઉમંગ હતો.

દેશોદેશના હરિભક્તો જાતજાતના નાના-મોટા હાર લઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું પૂજન કરવા અધીરા બન્યા હતા.

હજારો હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનું પૂજન કરતા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને વ્યવસ્થામાં તકલીફ ન પડે એ માટે એક સાધકમુક્ત બાજુમાં ઊભા હતા.

ઘાટલોડિયાના પ્રેમી હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે એલાયચીને ગૂંથીને સુંદર હાર બનાવી તે ધારણ કરાવ્યો.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને કોઈ ગમે તેવો મોટો, ભારે હાર ધારણ કરાવે તોપણ તેઓ તુરત જ તેને કાઢી નાખે.

એક મિનિટ પણ કંઠમાં ધારણ કરીને રહેવા ન દે. તેઓની આ કાયમી રીત પ્રમાણે તેમણે એલાયચીનો હાર તુરત કાઢવા પ્રયત્ન કર્યો.

હાર વજનમાં હળવો હોવા છતાં ખૂબ સુંદર દેખાતો હતો.

તેથી સાધકમુક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, "બાપજી, હાર વજનમાં હળવો છે માટે ધારણ કરી રાખો તો આજના દિવ્ય અવસરે સારું લાગે અને સૌને આપનાં દર્શનનું ખૂબ સુખ આવે."

જેમના રૂંવાડે રૂંવાડે નિર્દંભ સાધુતાનું ઓજસ ઝળહળે છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી આ પ્રસ્તાવને કેમ સ્વીકારે ?

તેમણે તુરત હરિભક્તોની આટઆટલી દર્શનની ભીડમાં પણ સ્વરુચિ દર્શાવતાં સાધકમુક્તને કહ્યું, "સાધુને આવું બધું ન શોભે. આ બધો બાહ્યિક ભપકો કહેવાય. આ તો ઠીક છે, હરિભક્તોના અંતરનો ભાવ હોય તેથી મહિમાથી લાવે એટલે તેમનો ભાવ પૂરો કરવા, રાજી રાખવા સ્વીકારીએ. પણ અંતરથી ગમવું ન જોઈએ. આ બધું પહેરીએ તેમાં આપણી સાધુતા ન દીપે. આનાથી તો ભગવાન ભુલાય. આવા બાહ્યિક દેખાવથી કાંઈ આપણી મોટપ નથી. આપણી મોટપ તો શ્રીજીમહારાજના સિદ્ધાંતો, એમના આદર્શો અને ગમતાને જીવનમાં ધારણ કરવામાં છે, નહિ કે હારથી. માટે આવા હાર આપણને ન શોભે." એમ શીખ આપી હાર કાઢી નાખ્યો.

ઓહોહો... નાનકડી એવી બાબતમાંથી મોટાપુરુષે કેટલું બધું શિખવાડ્યું ! મોટાપુરુષ ઉપદેશથી નહિ પણ એમના વર્તનથી જ આપણું પરિવર્તન કરે છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીએ દર્શનની ભરચક ભીડ વચ્ચે પણ સાધકમુક્તને સાધુતાની રીત શિખવાડી દીધી.

પછી તો એ સાધકમુક્ત સદ્. નિષ્કુળાનંદ સ્વામીના એક કીર્તનની પંક્તિ ગણગણવા લાગ્યા :

"દેખી ઉપરનો અટાટોપ, રખે મને મોટા માનો રે;
એ તો ફોગટ ફૂલ્યો છે ફોપ, સમજો એ સંત શાનો રે."

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી વિશ્વના ફલક પર વિસ્તરેલી **SMVS** સંસ્થાના વડાપદે બિરાજમાન હોવા છતાં તેમના માટે કોઈ ખાસ પ્રકારનો પ્રબંધ કરવામાં આવે કે વ્યવસ્થા કરે તોપણ તેમને રુચે નહીં.

તેમની ૮૫ વર્ષની અવરભાવની ઉંમરના કારણે ક્યારેક તબિયત નાદુરસ્ત રહેતી.

તેથી સંતો-હરિભક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, એક સામાન્ય કંપનીના માલિકને મળવું હોય તોપણ અગાઉથી પરવાનગી મેળવવી પડે તો આપ તો **SMVS**ના વડા છો, હજારો-લાખોના ગુરુ છો. આપના જમવાના, આરામના સમય સચવાતા નથી તો આપનાં દર્શન માટે અગાઉથી પરવાનગી તો લેવી જ પડે ને !? માટે હવે જો કોઈ પરવાનગી લીધા વગર દર્શને આવે તો તેમને અમે ના પાડી દઈએ.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીના સ્વાસ્થ્યની ચિંતા કરતાં સંતો-હરિભક્તોએ પ્રાર્થના કરી હતી.

પરંતુ તેમાં તેઓ રાજી થવાને બદલે અતિશે નારાજ થઈ ગયા અને કહ્યું, ‘‘શા માટે આવો દંભ કરવાનો, દેખાડો કરવાનો ? સાધુ તો ભગવાનની વાતું કરવા માટે કાયમ નવરા જ હોય. વાતું કરવા તો આપણો જનમ છે. આવું કરીને થોડી અમારી કિંમત વધારવાની છે ? અમે તો હરિભક્તો માટે મોંઘા નહિ, સાવ સોંઘા છીએ. માટે હરિભક્તો આગળ એવી મોટપનો કોઈ ખોટો દંભ ન કરવો.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતાની બાહ્ય આડંબર રહિતની વાત સાંભળી સૌ થોડી વાર ચૂપ જ થઈ ગયા. કોઈ કાંઈ બોલી શક્યું નહિ કે કશું કરી પણ શક્યું નહીં.

નિર્દંભ સાધુતાએ કરી હજારોનાં હૈયાંમાં સ્થાન પામનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૧૮

## પસંદગી તો પ્રતિકૂળતાની જ

માગશર-પોષ મહિનાની ગમે તેવી કાતિલ ઠંડી હોય તોપણ ગુરુવર્ય પ.પૂ. બાપજી ભાગ્યે ક્યારેક જ સાજે-માંદે શાલ ગ્રહણ કરે.

એક દિવસ શિયાળાની કડકડતી ઠંડીમાં સવારે પ્રાતઃ સભામાં બધા જ હરિભક્તો બે-ત્રણ ગરમ વસ્ત્રો પહેરીને આવ્યા હતા.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી માત્ર ગાતડિયાભર કથાવાર્તામાં લાભ આપી રહ્યા હતા. સભામાં કોઈ ખિસ્સામાંથી કે શાલમાંથી હાથ પણ બહાર કાઢતું નહોતું એવી ઠંડીમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી આજાનબાહુ લંબાવી આગવી અદાથી સૌને લાભ આપી રહ્યા હતા.

તીવ્ર ઠંડીમાં બધા કાંપતા હતા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કશું ઓઢેલું નહીં.

તેથી ચાલુ સભાએ એક હરિભક્તથી ના રહેવાયું અને ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી પૂછી લીધું કે, “દયાળુ ! આપ આવી કડકડતી ઠંડીમાં પણ કેમ શાલ ઓઢતા નથી ? શું આપને ઠંડી નથી લાગતી ? કહો તો અમે આપને ફાવે તેવી શાલ લાવી આપીએ. શા માટે જાણીજોઈને ટાઢ સહન કરો છો ?”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સહજભાવે હસતાં હસતાં ઉત્તર કર્યો કે, ‘‘સહન કરે એ જ સાધુ. અમે અત્યારે શિયાળામાં ઠંડી સહન કરીએ તો ઉનાળામાં ગરમી સહન કરી શકાય.’’ એમ કહી વાત વાળી લીધી ને કથાવાર્તા ચાલુ કરી દીધી.

સંતોએ શાલ આપી છતાં ગ્રહણ ન જ કરી. સગવડ હોવા છતાં પ્રતિકૂળતામાં રહેવું એ જ દિવ્યપુરુષની મહાનતા છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી ૮૫ વર્ષની જૈફ વયે સ્વસુખ કે સ્વસ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ્ય સેવી દૂર દૂરનાં સેન્ટરોમાં અવિરત વિચરણ કરી રહ્યા છે.

જેમાં જમવાનું-સૂવાનું બધું જ અનિશ્ચિત. વળી અવરભાવમાં ડાયાબિટીસની લીલા દર્શાવે તેથી રસ્તામાં વારે વારે લઘુ કરવા જવું પડે.

જમવાનું બરાબર પચે નહીં. શારીરિક અસ્વસ્થતાના કારણે ગાડીમાં બેસવા-ઊઠવામાં ઘણી તકલીફ પડે જે પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતોથી દેખ્યું જતું નહોતું.

તા. ૨૮-૧-૨૦૧૭ના દિવસે સંત શિબિરમાં પ.પૂ. સ્વામીશ્રી તથા વડીલ સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ‘‘બાપજી, આપને વિચરણ દરમ્યાન રસ્તામાં વારે વારે લઘુ કરવા જવું પડે ત્યારે ગાડીમાં બેસવા-ઊઠવામાં તકલીફ પડે છે તો એક મોટી ગાડી લાવીએ કે જેમાં વ્હીલ ચેર સાથે બેસી જવાય જેથી આપને તકલીફ ન પડે.’’

સંતો હજુ વાત પૂરી કરે તે પહેલાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને બોલતાં અટકાવી દીધા કે, ‘‘આપણે કોઈ એવા ઠાકોરજીના પૈસા બગાડવા નથી. હરિભક્તો લાવી આપે તોપણ નહીં. અમારે તો આ જે નાની ગાડી છે તે બરાબર છે. બીજી નવી ગાડી જોઈએ જ નહીં.’’

પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજી આગળ બીજો પ્રસ્તાવ મૂક્યો કે, ‘‘બાપજી, આપને અવરભાવમાં અવસ્થાના ભાવને કારણે વિચરણમાં ઘણી તકલીફ પડે છે. માટે આપની સેવામાં ત્રણ સંતોને મૂકીએ જેથી આપની સગવડ સાચવવામાં સુગમતા રહે.’’

તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ઘસીને ચોખ્ખી ના પાડતાં કહ્યું, ‘‘મારે કોઈ વધારાના સંતો જોઈતા નથી; જે એક છે તે બહુ થઈ ગયા. જો તું બીજા સંતને મારી સાથે સેવામાં મૂકે તો બીજા સેન્ટરમાં અને સત્સંગના વિકાસમાં કાપ મૂકવો પડે. તમે કોઈ મારી લગીરેય ચિંતા ન કરશો. અગવડ-સગવડ ને પ્રતિકૂળતાઓ

તો અમને કોઠે પડી ગઈ છે, માટે મારે કોઈ વધારાના સંત જોઈતા જ નથી.''

પ.પૂ. સ્વામીશ્રીએ અશ્રુભીના વચને પ્રાર્થના કરી કે, ''બાપજી, હવે આપની અવરભાવની અવસ્થા થઈ; એક શિષ્ય તરીકે અમારે આપનું જતન કરવું એ અમારી ફરજ છે, અમારું કર્તવ્ય છે. અમારે આપનાથી અધિક બીજું શું હોઈ શકે ? આપનું સ્વાસ્થ્ય જળવાય અને સેવામાં સુગમતા જળવાય તે માટે બીજા સંતને સેવામાં રાખવાની અનુમતિ આપો.''

તેમ છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી એકના બે ન જ થયા. આવી તો આ પ્રથમ વાર નહિ, કેટલીય વાર પ્રાર્થના કરી હોવા છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી કદી તૈયાર ન જ થાય.

પોતાના સ્વસુખ માટે કોઈ સાનુકૂળતા જ નહીં. બેસવા-ઊઠવાની, વાપરવાની વસ્તુમાં પણ નરી પ્રતિકૂળતાની જ પસંદગી એ તેમના સાધુતાસભર જીવનનો આગવો ગુણ છે.

●●●

''બાપજી, આપ અત્યારે કેમ આટલી બધી પ્રતિકૂળતા વેઠો છો ? પ.પૂ. સ્વામીશ્રી તથા સંતો અમે આપને આપની અવસ્થાને અનુકૂળ આવે એવી વ્યવસ્થા કરવા ઇચ્છીએ છીએ તોપણ આપ સાનુકૂળતા ઠેલી દો છો ?'' આટલું કહેતા સેવક સંત ઢીલા પડી ગયા.

''અરે, અમારે તો સાનુકૂળતા જ છે. ક્યાં કોઈ તકલીફ છે ?''


''બાપજી, આપને જેટલી તકલીફ છે તેટલી તકલીફ તો અમારે પણ નથી. છતાં આપ પ્રતિકૂળતાની જ પસંદગી કરો છો.''

''જો સાંભળ, પ્રતિકૂળતાની વચ્ચે પ્રતિકૂળતાને પસંદ કરવી તે લાચારી છે. જ્યારે અનેક સાનુકૂળતાઓની વચ્ચે પણ પ્રતિકૂળતાને જ પસંદ કરવી એ સાધુતા છે. એટલે તો નંદસંતોએ કહ્યું છે,

''તન કી ઉપાધિ તજે સોહી સાધુ...''


માટે પ્રતિકૂળતામાં રહેવું. એથી મહારાજ રાજી થાય.''

સ્વસુખને ગૌણ કરી સદા પ્રતિકૂળતાને પસંદ કરી અનંત જીવોને સુખિયા કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...









સાચા સંત સગાં સૌ જનનાં રે, ઉદાર છે અપાર મનના રે;
જેને શત્રુ મિત્ર સમતોલે રે, સુખે દુ:ખે દિલમાં ન ડોલે રે.
– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૧૯

## અનંતના આત્મીય સ્વરૂપ

સત્સંગના બહોળા વ્યવહારની સાથે અનેક મુમુક્ષુને સુખિયા કરવા ગુરુવર્ય પ.પૂ. બાપજી રોજ નવાં નવાં ગામ-શહેરોમાં વિચરણ કરે છે.

વિચરણ દરમ્યાન અનેક નવા-જૂના હરિભક્તો સાથે મુલાકાત થાય. ચાહે પછી તે મુલાકાત આસન પર બિરાજ્યા હોય ત્યારે થઈ હોય કે ગાડીમાં બેઠા બેઠા કંઠી ધારણ કરાવતા થઈ હોય, પરંતુ તેમાં કોઈ ઔપચારિકતા ન હોય.

એ અલ્પ સમયની મુલાકાતમાં આત્મીયતાનો સેતુ બંધાઈ ગયો હોય. વર્ષો પછી પણ તેઓ એ સેતુ તેમની સાથે જોડી સત્સંગના પ્રાણ પૂરે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાની પરભાવની મોટપને ભૂલી નવા મુમુક્ષુ ઉપર કેમ વધુ ને વધુ કરુણા થાય તે જ જોતા હોય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કોઈ પણ નાનામાં નાની કે નવી વ્યક્તિ સાથે સરળપણે એવા હળીમળી જાય કે એમની સાથે પોતીકો નાતો તુરત જોડી તેને પોતીકી કરી લે છે.

કોઈ પણ વ્યક્તિ એમના આવા નિજી પ્રેમાળ સ્નેહને પામી આત્મીયતાથી અભિભૂત થઈ જતી હોય છે.

આવી અનુભૂતિ આજ સુધી એકને નહિ, તેમના સંગ-પ્રસંગમાં આવનાર અનંતને સાંપડી છે.

તેથી જ ગુરુવર્ય પ.પૂ. બાપજી પંચમહાલના આદિવાસીથી લઈને અમેરિકાવાસી હરિભક્તને પોતીકા લાગે છે, પોતાના નિકટતમ સ્વજન જેવા લાગે છે. જે આત્મીયતાભર્યા નાતાને તેઓ કદી ભૂલી શકતા નથી.

દેશ હોય કે પરદેશ ગુરુવર્ય પ.પૂ. બાપજીની એક વખત આંખથી થયેલી ઓળખાણની સ્મૃતિને સમયના વહેણ પણ ભૂંસી શકતા નથી.

જેનો અનુભવ કેનેડાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન-સમાગમનો લાભ લેવા પધારેલા કિંજનભાઈ દક્ષિણીને થયો.

તા. ૨૦-૧-૨૦૧૭ ને શુક્રવારે ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં લાભ આપવા પધારી રહ્યા હતા.

રાજેશભાઈ અબાસણાના આગ્રહથી કિંજનભાઈ દક્ષિણી પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો અંગત લાભ લેવા ગાડીમાં સાથે આવ્યા હતા.

નિત્યક્રમ મુજબ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, "ગાડીમાં કોણ કોણ છે ?" જોડે રહેલા સેવકોએ બધાનાં નામ કહ્યાં અને વિશેષ કહ્યું, "કેનેડાથી કિંજનભાઈ પણ લાભ લેવા સાથે આવ્યા છે."

કિંજનભાઈનું નામ સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમના પિતાશ્રી જશુભાઈને યાદ કર્યા.

પછી તેમના દાદા ચીમનભાઈને યાદ કરી કહ્યું, "ચીમનભાઈને પાંચ દીકરા નટુભાઈ, જયંતીભાઈ, જશુભાઈ, અરવિંદભાઈ ને ઘનશ્યામભાઈ. જશુભાઈ ત્રીજા નંબરના દીકરા ખરું ને ?"

વળી ઉમેર્યું કે, "નટુભાઈને કોઈ સંતાન ન હતું એટલે એમણે અરવિંદભાઈના દીકરાને દત્તક લીધેલો."

આ બધું સાંભળતાં કિંજનભાઈ તો આભા જ બની ગયા. આશ્ચર્ય સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ વાતોની કડી મેળવવા લાગ્યા.

કારણ ખુદ તેમને પણ એમની બાપ-દાદાની પેઢીનો આટલો ઊંડો ખ્યાલ ન હતો.

આ ઉપરાંત કેટલાક પ્રસંગોની સ્મૃતિ કરાવતાં કહ્યું...

"ઈ.સ. ૧૯૮૪માં સત્‌સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) એમના વતન કેસરડીમાં સત્સંગ કરાવવા ગયા હતા. એ મંદિર જૂના મંદિરના તાબાનું હતું એટલે ત્યાંના

પૂજારીએ મંદિરમાંથી 'વિમુખ... વિમુખ' કરી અપમાન કરીને બહાર કાઢી મૂક્યા હતા. એ વખતે ગામના એક હરિભક્ત ચીમનભાઈ માણેકભાઈ અને કિંજનભાઈના દાદા ચીમનભાઈ કાનજીભાઈએ ખૂબ પક્ષ રાખેલો. એમના ઘરે ઉતારો કરાવ્યો હતો. ખરા સમયે પક્ષ રાખ્યો હતો એટલે મહારાજ, બાપા અને અમો ખૂબ રાજી થયા હતા."

કિંજનભાઈને તો માત્ર તેમના દાદા ગુરુવર્ય પ.પૂ. બાપજીનો સમાગમ કરતા હતા તેટલો જ ખ્યાલ હતો પણ આવા કોઈ પ્રસંગનો ખ્યાલ નહોતો.

આવા તો કેટલાય પ્રસંગો ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યા.

વિશેષ ચીમનભાઈના જીવન વિષે વાત કરતાં કહ્યું, "ચીમનભાઈ વહેવારે ખૂબ સુખી હતા. નળકંઠાના રાજા જેવો તેમનો રુઆબ હતો. તેઓ સુખી હતા પણ જીવન સાવ સાદું હતું. એમને અમારે વિષે ખૂબ હેત. અમે પહેલેથી જ તેમને ઓળખીએ છીએ."

રાજેશભાઈ અબાસણાએ વચ્ચે પુષ્ટિ આપતાં કહ્યું, "બાપજી, ચીમનભાઈનું જીવન સાદું હતું એટલે આપને એમની સાથે બનતું હશે. જો તેઓ રજોગુણી હોત તો આપ તેમને યાદ પણ ન કરતા હોત."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ્રત્યુત્તર રૂપે મસ્તક હલાવી સંમતિ આપી અને અતિશે પ્રસન્ન થયા.

કિંજનભાઈ આ બધી વાતો સાંભળી દિગ્મૂઢ અવસ્થામાં સ્થિર થઈ ગયા હતા.

તેમને રાજેશભાઈએ ઢંઢોળ્યા ત્યારે તેમાંથી બહાર આવ્યા. તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે નજીકનો લગાવ થઈ ગયો.

તેથી તેઓ અતિ આનંદિત થઈ બોલ્યા, "બાપજી ! તમને આટલો બધો અમારા પરિવાર વિષે ખ્યાલ છે ! દયાળુ, આપે તો અમારાં ૬૦-૭૦ વર્ષનો ઈતિહાસ ઈદમ્ કહી બતાવ્યો."

કિંજનભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીની દિવ્યતાને વંદી રહ્યા. ગાડીમાંથી ઊતર્યા બાદ તેઓએ રાજેશભાઈને વાત કરતાં જણાવ્યું, "મને આજે પોતાના સાવ નિકટના સ્વજન પ્રાપ્ત થયા હોય તેવો આત્મીયતાભર્યો સ્નેહનો અહેસાસ થયો છે. જે મારા માટે એક અપૂર્વ સંભારણું કહેવાય."

ત્યાં તો રાજેશભાઈ એમની વાતને સમર્થન આપતાં બોલ્યા, "ગુરુવર્ય પ.પૂ. બાપજી આપણા ચૈતન્યના નિકટના કાયમી સ્વજન તો છે જ; કદાચ આપણે

એમને વીસરી જઈએ પણ તેઓ પોતાના સંગમાં એક વાર આવનારને કદી વિસારતા નથી.

તેઓએ આપને અવરભાવની રીતે ૬૦-૭૦ વર્ષ જૂની ત્રણ-ચાર પેઢીની ઓળખાણ આપી. બાકી જો જીવની જીરવવાની તાકાત હોય તો જન્મોજન્મની આપણી ઓળખાણ કાઢી આપે તેવું એમનામાં અજબ સામર્થ્ય રહેલું છે.

તેમ છતાં તેઓ જીવાત્માને ખેંચવા પૂરતી બે-ચાર પેઢીની ઓળખ આપી મુમુક્ષુને કાયમી પોતીકો કરી લે છે. આજે એ દિવ્યપુરુષે લાખો હરિભક્તોના સમાજને પોતીકો કર્યો છે અને આખા સમાજને તેઓ પોતીકા આગવા લાગે છે કેમ કે તેઓએ અવરભાવના દિવ્ય ગુણોથી સહુની સાથે આત્મીયતાભર્યો વ્યવહાર કરી સૌને પોતાની નજીક ખેંચ્યા છે ને ખેંચી રહ્યા છે.''

●●●

તા. ૭-૫-૨૦૧૭ના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે સમૈયો હતો.

ગુરુવર્ય પ.પૂ. બાપજી વ્હીલ ચેરમાં સભાખંડ તરફ પધારી રહ્યા હતા. એટલે રસ્તામાં કડીવાળા વિક્રમભાઈ પટેલ તેમના પિતાશ્રી સાથે ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન કરવાના આશયથી ઊભા હતા.

જેવા ગુરુવર્ય પ.પૂ. બાપજી નજીક પહોંચ્યા એટલે વિક્રમભાઈએ નીચા નમી ગુરુવર્ય પ.પૂ. બાપજીને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પણ સામે જય સ્વામિનારાયણ પાઠવતા બોલ્યા, ''અલ્યા, આ તો કુંડાળવાળા ધૂળાભાઈ પટેલ છે ને ! આપણે ૨૦૧૩માં કરણનગર મંદિરે પાટોત્સવ વખતે પ્રથમ મળ્યા હતા. ખરું ને ધૂળાભાઈ !''

ધૂળાભાઈ બોલ્યા : ''હા, બાપજી, તમે એકદમ સાચું કહ્યું.''

''આવો, આવો...'' કહી એમને નજીક બોલાવી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કૃપાનો ધબ્બો માર્યો ને બોલ્યા : ''આ તો બહુ મોટા મુક્ત છે !''

આ શબ્દો સાંભળતાં જ ધૂળાભાઈની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી એમને દર્શન આપી આગળ વધ્યા.

પણ ધૂળાભાઈએ તો ભીની આંખે એ દિવ્યપુરુષને નીરખતાં પોતાના દીકરા વિક્રમભાઈને કહ્યું, ''બાપજી મને ભૂલ્યા નથી. તેઓ મને ચાર વર્ષ પહેલાં એક વાર જ મળ્યા હતા.

છતાં એમણે મને નામ દઈને બોલાવ્યો. આહાહા... ચાર વર્ષ પહેલાંનું કોણ યાદ રાખે ? પણ મને એમણે એમના હૈડામાં રાખ્યો છે.

પણ મેં તો એમને કેવા જાણ્યા હતા. હું તો એમને સામાન્ય સાધુ જેવા જાણતો હતો.

તને યાદ છે જ્યારે તેઓ એક વખત આપણા કડીવાળા ઘરે પધરામણી માટે પધારવાના હતા તો હું ઘરેથી નીકળી ગયો હતો. મેં તો એમના વિષે બહુ અવળું વિચાર્યું.

વળી, આપણી દીકરીને તેં ભક્તિનિવાસમાં અર્પણ કરી અને તું એમની સેવામાં આવ્યો એ પણ મને નહોતું ગમ્યું. પણ હવે આ બધી મડાગાંઠ એ પુરુષે આજે છોડાવી દીધી છે. મને ચોખ્ખો કર્યો છે. હવે મારે પણ સેવામાં આવવું છે.''

અનંતના પોતીકા આગવા સાચા સ્વજન બનનાર અનંતના આત્મીય સ્વરૂપ એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૦

## સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહીં

'અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે, બે નહીં.' ગઢડા છેલ્લા પ્રકરણના ૩૯મા વચનામૃતના આ ટૂંકા પણ સિદ્ધાંતસાગર સમા વાક્યના ગુંજારવ વિનાની ગુરુવર્ય પ.પૂ. બાપજીની એક પણ સભા ન હોય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યારે સનાતન ભગવાન અને આધુનિક ભગવાનનો ભેદ સમજાવે ત્યારે અવશ્ય આ સંદર્ભને ઉચ્ચારે. આ વાક્ય બોલતી વેળાએ તેઓનું મુખ અનેરી ખુમારી અને રજમાથી ભરાઈ જાય.

તેઓના અવાજમાં જોમ, જુસ્સો અને રણકાર આવી જાય. તેઓના હસ્તના લટકા અને મુદ્રા શ્રીજીમહારાજના મહાત્મ્યની પરાકાષ્ઠાને પ્રદર્શિત કરતા હોય છે.

અને ''અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન જ એકમાત્ર સનાતન ભગવાન છે, બીજા કોઈ નહીં.'' આ વાતને તેઓ અતિશે ભારપૂર્વક રજૂ કરે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની આ વાક્યના ઉચ્ચારણની આગવી શૈલી છે. તેઓ એ જ શૈલીમાં, એકસરખી લઢણ, ભાવ અને ભારપૂર્વક હંમેશાં આ વાક્ય ઉચ્ચારે.

એક વખત સ્વામિનારાયણ ધામ પ્રાતઃ સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા

હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સભામાં એક આશ્ચર્યકારી પ્રકરણ ચલાવ્યું.

તેઓએ કહ્યું, "અને વળી જે ભગવાન છે એ જેવા તો એ એક જ છે, બે નહીં. આ નિષ્ઠા પ્રેરકવાક્ય કેટલાને બોલતા આવડે છે તે જોવું છે. શરૂઆત આપણે પહેલાં સંતોમાંથી કરીશું. ખરું ને સંતો ! કારણ સંતો એંજિન કહેવાય.

પછી હરિભક્તોમાં બધાને બોલવાનું છે. અમે જેને જેને કહીએ તે સર્વેએ આ નિષ્ઠા પ્રેરકવાક્ય બોલવું. તમે હરિભક્તો બસ સાંભળવા જ ટેવાયેલા છો. પણ આજે જોઈએ કે તમને કેવું બોલતા આવડે છે. પેલા સ્વામી બોલે !"

તે સ્વામી વાક્ય બોલ્યા. "અને વળી જે ભગવાન..."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "તમને બરાબર ન આવડ્યું. ધીમેથી ઉતાવળ કર્યા વગર બોલો..."

"હા, હવે બરાબર બોલ્યા..." આમ પાંચ-સાત સંતો પાસે આ નિષ્ઠા પ્રેરકવાક્ય બોલાવ્યું.

"હવે હરિભક્તોનો વારો... બોલો તમે." એમ કહી આગળ બેઠેલા જ્ઞાનમાં સમજતા હોય એવા ભક્તો પાસે આ વાક્ય બોલાવ્યું.

પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને એમાં સંતોષ ન થયો.

"અલ્યા એ, તું બોલ...હા...હા...મોટો તાડ જેવો લાંબો છે તે તું બોલ..."

એ યુવક સાચું વાક્ય બોલ્યો. પણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "બરાબર ન સંભળાયું. તું ફરીથી બોલ..."

એ યુવક વાક્ય ફરીથી પણ સાચું બોલ્યો એટલે બાપજી રાજી થયા.

આ પ્રકરણ દરમ્યાન ઓછામાં ઓછું આ નિષ્ઠા પ્રેરકવાક્ય તેઓએ ૫૦-૬૦ વખત બોલાવ્યું હતું.

પછી આ પ્રકરણનું રહસ્ય ઉદ્‌ઘાટિત કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા,

"અરે, તમને અમારા આ પ્રકરણમાં કંઈ સમજાયું નહીં. પણ અમે તમને આ વાક્ય પ્રથમ તો સારી રીતે બોલતા આવડે એ ઇચ્છતા હતા. પ્રથમ સાચી રીતે બોલતા આવડશે તો તમે એને દૃઢ કરશો. આ વાક્ય આપણે દૃઢ કરવું ફરજિયાત છે. કારણ કે આ નાનું વાક્ય શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ ઓળખાવનારું અતિ મહત્ત્વનું વાક્ય છે. આપણા નાનામાં નાના બાળમુક્તને પણ આ વાક્ય તો બોલતાં આવડવું જ જોઈએ."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નિષ્ઠા પ્રેરકવાક્ય બોલવાના પ્રકરણનું રહસ્ય જણાવતાં

સૌ સંતો-ભક્તો હરખાઈ ઊઠ્યા ને તાળીઓના ગડગડાટ સાથે આખો હૉલ ગુંજી ઊઠ્યો.

"બાપજી, અમને તો આ વાક્ય બોલવામાં આજ સુધી તકલીફ પડતી હતી. તે આપની કૃપાથી દૂર થઈ. હવે આ વાક્ય અમે જે તે શબ્દોને ભાર આપતા બોલી શકીએ છીએ."

"માત્ર વાક્ય કડકડાટ બોલવાનું નથી પણ એને જીવનમાં પણ કડકડાટ રીતે લક્ષ્યાર્થ કરવાનું છે. એટલે જ મહારાજ અમને અને તમને આ વખત સાથે લાવ્યા છે. માટે હવે પાકું કરી લેજો."

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ.બાપજી જ્ઞાનસભામાં અમદાવાદ પ્રકરણના સાતમા વચનામૃત પર અમૃતવાણીનો લાભ આપતા હતા.

"ભગવાનને વિષે મન વ્યભિચારને કોઈ કાળે ન પામે તે કહો" અને વાંચતાં વાંચતાં હરિભક્તોને પૂછ્યું : "આ વચનામૃતમાં મહારાજે ભગવાનના બે પ્રકાર જણાવ્યા છે તે કયા કયા છે તે કહો."

"ભગવાનના બે પ્રકાર છે : સનાતન ભગવાન ને આધુનિક ભગવાન." કોઈ હરિભક્ત બોલ્યા.

"શું સંપ્રદાયમાં બધાને સનાતન ભગવાન ને આધુનિક ભગવાનનો ભેદ ખબર છે ?"

"ના, બાપજી, સંપ્રદાયમાં બધા ભગવાનને એક જ સમજે છે. એમને ક્યાં આ ભેદની ખબર છે ? એ તો ગૉળ ખૉળ બધું એકસરખું સમજે છે. બાપજી અમનેય ખબર નહોતી. આ તો આપે કૃપા કરીને અમને સમજાવ્યું. આપણા આખા સંપ્રદાયમાં વર્તમાનકાળે આ વાત કોઈ સમજાવતું હોય તો એકમાત્ર આપ જ છો."

"અમારા સમજાવાથી કાંઈ ન થાય. આ તો મહારાજ અમને ને તમને બધાયને સમજાવે છે. તમને બધાને પણ આ ભેદ બહુ સ્પષ્ટ રીતે આવડવો જોઈએ. ચાલો હવે આ ભેદ કોણ સમજાવશે ?"

સંતો-ભક્તોએ આ ભેદ સમજાવવા પ્રયત્ન કર્યો પણ એની સચોટ વિગત રહી જતા ગુરુવર્ય પ.પૂ. બાપજી આ ભેદ સમજાવતાં બોલ્યા :

"સનાતન ભગવાન એટલે જે છે, છે ને છે જ. અર્થાત્ પહેલેથી જ જે એક જ ભગવાન છે, વર્તમાન સમયે પણ જે એક જ ભગવાન છે અને ભવિષ્યમાં પણ જે

એક જ ભગવાન રહેવાના છે તે સનાતન ભગવાન.

એટલે કે જે કોઈના કર્યા થયા નથી અને કોઈના કાઢ્યા (ભગવાનની પદવીમાંથી) જતા નથી. જે પોતે જ સંપૂર્ણ સ્વતંત્ર સત્તાયમાન અને સ્વતંત્ર સત્તાધીશ છે તથા જેમના કોઈ ઉપરી નથી અને જેમને કોઈની ભજનભક્તિ કે ઉપાસના કરવાની નથી એવા જે હોય તેને સનાતન ભગવાન કહેવાય.

આવા સનાતન ભગવાન અનંતકોટિ બ્રહ્માંડમાં એક જ હોય અને તે સ્વામિનારાયણ ભગવાન છે.

આધુનિક ભગવાન એટલે જે સનાતન ભગવાનની સત્તાથી જ થયા છે અને એમની સત્તાના આધારે જ રહ્યા છે. અર્થાત્ તેઓ પોતાની સત્તાથી નહિ પણ સનાતન ભગવાનની આપેલી સત્તાથી જ સત્તાયમાન છે.

વળી, જે સનાતન ભગવાનના કર્યા થયા છે અને સનાતન ભગવાનના કાઢ્યા જાય છે; એવા હોય તેને આધુનિક ભગવાન કહેવાય. આવા આધુનિક ભગવાન અનંતાનંત છે. જ્યારે સનાતન ભગવાન એક જ છે.''

આમ, સનાતન ભગવાન અને આધુનિક ભગવાનનો ભેદ સમજાવી સૌની પાસે આ ભેદ બે-ત્રણ વાર દૃઢ કરવા બોલાવડાવ્યા.

''બાપજી, આ ભેદ તો અત્યારે સમજાઈ ગયો પણ સમયે યાદ રહેતો નથી.''

''એ તો યાદ રહે જો આપણે એનું વારંવાર મનન કરીએ એટલે ભેદ દૃઢ થઈ જાય. માટે હવે તમને બધાને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) જેમ લેસન આપે છે તેમ આજે અમે પણ લેસન આપીએ છીએ. આવતી સભામાં બધાને આ ભેદ અમે પૂછીશું માટે બધા એનું વારંવાર મનન કરજો. તો આપણી નિષ્ઠા પણ દૃઢ રહેશે. સાધનકાળ છે માટે એનો કંઈ જ ભરોસો નહીં. આજે અમે અવરભાવમાં છીએ; પાછળ પડી સમજાવીએ છીએ, પાકું કરાવીએ છીએ. માટે ખાસ યાદ રાખજો... મહારાજ બહુ રાજી થાય છે.''

આમ એ દિવ્યપુરુષને નિષ્ઠાની એક એક વાત દૃઢ કરાવવાનો ભારે આગ્રહ અવરભાવમાં ૮૫ વર્ષની ઉંમરે પણ એવો જ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સર્વે સંતો-હરિભક્તોને આવા બ્રહ્મજ્ઞાનના રંગે રંગી દીધા છે. તેઓએ એક નિષ્ઠાવાળો સમાજ તૈયાર કરીને સહજાનંદી સિંહોનાં ટોળાં ઊભાં કર્યાં છે. તેઓએ સર્વોપરી ઉપાસનાનો એવો રસ પિવડાવ્યો છે.

''એક શ્રીજીમહારાજ સિવાય અન્ય કોઈનો ભાર, પ્રતીતિ, સારપ કે મહત્તા ન હોય. એક સ્વામિનારાયણ ભગવાન સિવાય કોઈને માથું ન નમે, કોઈની

વાત ન સાંભળે કે કરે, એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની જ ભજનભક્તિ, તેમનું જ એકમાત્ર કર્તાપણું અને તેમની જ સંપૂર્ણ શરણાગતિ, તેમનો જ એકમાત્ર અતિ દૃઢ આશ્રય હોય. એવો દિવ્ય સમાજ એ દેવનંદનસ્વામીએ રચ્યો છે. એ સમાજમાં એક નાનામાં નાના બાળકના રઈ રઈ જેટલા ટુકડા કરી નાખે તોપણ તેના અંતરમાંથી એક જ નાદ નીકળે : સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...” આવું આજે સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા મોટા સંતો પોતાના મુખે ગૌરવથી કહેતા હોય છે.

વર્તમાનકાળે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં એસ.એમ.વી.એસ. સંસ્થાની સર્વોપરી ઉપાસનાની બાબતે આગવી ઓળખ રચાઈ છે તેનો સંપૂર્ણ શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં સમર્પિત છે.

અપાર દાખડા અને સર્વોપરી ઉપાસના પ્રવર્તનની જહેમત ઉઠાવીને સ્વામિનારાયણ ભગવાનની એકમાત્ર દૃઢ નિષ્ઠા સમગ્ર સમાજને કરાવનાર ક્રાંતિકારી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૧

## રૂપિયો એટલે રૂપિયો એમાં ૯૯ પૈસા પણ ન ચાલે

ગુરુવર્ય પ.પૂ. બાપજીની તત્ત્વજ્ઞાનનાં ગૂઢ રહસ્યોને લૌકિક અને વ્યવહારુ દૃષ્ટાંતો સાથે સાંકળીને સમજાવવાની રીત ખૂબ ન્યારી છે.

તેઓ તત્ત્વજ્ઞાનના સમજવામાં કઠિન તેમજ ગહન સિદ્ધાંતોને સચોટ દૃષ્ટાંતો સાથે એવી રીતે સમજાવે છે કે સર્વેને સાવ સરળ રીતે સમજાઈ જાય.

તા. ૧૪-૧૧-૨૦૧૫થી તા. ૧૮-૧૧-૨૦૧૫ દરમ્યાન સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે પાંચ દિવસીય જ્ઞાનસત્ર-૯નું આયોજન થયું હતું.

તેમાં ચતુર્થ દિને તા. ૧૭-૧૧-૨૦૧૫ ને મંગળવારના રોજ સવારે સાડા દસ વાગ્યે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અમૃતવાણીનો લાભ આપવાનું શરૂ કર્યું.

સભામાં સુરતના એક હરિભક્ત આગળ બેઠા હતા. તેમને શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠામાં ક્યાંક અલ્પ કસર વર્તતી હતી.

તેની જાણ ગુરુવર્ય પ.પૂ. બાપજીને હોવાથી તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પોતાની સામે પ્રથમ હરોળમાં આગળ બેસાડ્યા.

આજે તેમને ઉદ્દેશીને તેમની સ્વરૂપનિષ્ઠાની કચાશને દૂર કરવા માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ગઢડા મધ્ય પ્રકરણના ૧૪મા વચનામૃત આધારિત

શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય દૃઢ કરાવતાં દૃષ્ટાંત આપી કહ્યું કે, ‘‘રૂપિયો એટલે રૂપિયો. ૯૯ પૈસાને પણ રૂપિયો ન કહેવાય. ૧૦૦ પૈસાને જ રૂપિયો કહેવાય. તેમાં ૧ પૈસાની પણ ખોટ ન ચાલે.

તેમ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનો નિરુત્થાનપણે નિશ્ચય કરવો કે જેમાંથી ક્યારેય મન ડગમગે નહીં. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈ સનાતન ભગવાન છે એવો સંકલ્પ પણ થઈ જાય તો તે મન ડગ્યું કહેવાય.’’

આટલું સમજાવ્યા બાદ એ હરિભક્ત પાસે આખું દૃષ્ટાંત ફરી બોલાવડાવ્યું ને પૂછ્યું, ‘‘આ દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજ્યા ? જો સમજ્યા હોય તો બોલો.’’

હરિભક્ત બોલ્યા : ‘‘બાપજી, આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે સ્વામિનારાયણ ભગવાન જ સનાતન ભગવાન છે. તેમના સ્વરૂપનો નિરુત્થાનપણે નિશ્ચય કરવો એટલે મન ક્યારેય ડગમગે નહીં.’’

‘‘બરોબર સમજ્યા છો. વગાડો તાળી.’’

ગુરુવર્ય પ.પૂ. બાપજી આ વાતને વધુ વિગતે સમજાવતાં બોલ્યા :

‘‘જેમ એક વાર લીમડાને લીમડો જાણ્યો પછી તેમાં કોઈ રીતે મનમાં સંકલ્પ નથી થાતો જે આ લીમડો હશે કે નહિ હોય ? કદી લીમડાને આંબો નથી મનાતો ને આંબાને લીમડો નથી મનાતો. લીમડો એ લીમડો છે ને આંબો એ આંબો છે.

તેમ સનાતન ભગવાન એ સનાતન છે અને આધુનિક ભગવાન એ આધુનિક છે. સનાતન કદી આધુનિક નથી થતા અને આધુનિક કદી સનાતન નથી થતા. આવો નિરુત્થાપણે નિશ્ચય કરવો.

નિરુત્થાન એટલે નહિ ઉત્થાન. એટલે કે એક વાર શ્રીજીમહારાજને યથાર્થ સર્વોપરી-સનાતન જાણ્યા કે, અનંતકોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન જ એકમાત્ર સનાતન ભગવાન છે. પછી તેમાં કદી મન તર્ક-કુતર્ક ન કરે કે સમજણનું પરિવર્તન ન થાય, નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ ન થાય તે ખરી નિષ્ઠાની દૃઢતા કહેવાય.’’

વળી, ગઢડા પ્રથમ પ્રકરણના ૩૩મા વચનામૃત દ્વારા આ જ વાતને પુષ્ટ કરતાં સમજાવ્યું કે, ‘‘શ્રીજીમહારાજનો જે દૃઢ આશરો એ જ એક સર્વે સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને જ મહારાજ રાજી થાય છે ને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહિ એટલે કે નિશ્ચય નક્કી નકોર જોઈએ.

‘નક્કી નકોર નિશ્ચય રાખજો, નથી મુજ વિના કોઈ ભગવાન રે...’

જો નિશ્ચય પોલો હોય તો તેમાં સળી જાય. માટે નિશ્ચયની એવી દૃઢતા કરી

દો કે તેમાં ક્યારેય ડગમગાટ ન થાય.''

અઢી કલાક સુધી ગુરુવર્ય પ.પૂ. બાપજીના આવા અતિશે આગ્રહભર્યા લાભને માણ્યા બાદ પેલા હરિભક્તની નિષ્ઠાની કસર દૂર થઈ ગઈ.

આમ, શ્રીહરિના સ્વરૂપનો ૧૦૦ પૈસાના રૂપિયા જેવો નક્કી નકોર નિરુત્થાનપણે નિશ્ચય દૃઢ કરાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૨
## અમને તો એક સ્વામિનારાયણનો જ મહિમા કહેવાનો હવાલો આપ્યો છે

સ્વામિનારાયણ સંપ્રદાયના મોટેરા સંતો જ્યારે પોતાના સંતો-હરિભક્તોની સભામાં મહારાજના મહિમાની વાતો કરતા હોય ત્યારે તેઓ એમ કહેતા હોય છે :

“સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી એક એવા ભવ્ય અને નૂતન ક્રાંતિકારી દિવ્ય સત્પુરુષ છે કે જેઓએ પોતાના જીવનમાં એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનો જ સર્વોપરી મહિમા જેમ છે તેમ છડેચોક ગાયો છે.

આજ સુધી સ્વામિનારાયણ સંપ્રદાયમાં થઈ ગયેલા અનેક સત્પુરુષોએ સત્સંગની રીતિનીતિને લીધે તથા નવા આદરવાળો સમાજ હોવાને લીધે એકમાત્ર શ્રીજીમહારાજનો જ યથાર્થ સર્વોપરી મહિમા જેમ છે તેમ ગાયો હોય અને બીજા કોઈ પરોક્ષ અવતારોનો મહિમા ન જ ગાયો હોય તેવું બન્યું નથી.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી એવા અજોડ દિવ્ય સત્પુરુષ છે કે જેઓના દ્વારા શ્રીજીમહારાજ વર્તમાનકાળે પોતાના સર્વોપરીપણાનું જેમ છે તેમ યથાર્થ અને વાસ્તવિકતાભર્યું પ્રવર્તન કરી રહ્યા છે. તેઓએ જીવનમાં કદી પણ પોતાના મુખે એક સ્વામિનારાયણ ભગવાન સિવાય અન્ય પરોક્ષના અવતારોનો મહિમા ગાયો

નથી કે વાત પણ કરી નથી.

તેઓએ એકમાત્ર શ્રીજીમહારાજનો જ સર્વોપરી મહિમા ચાર મુખે ગાઈને સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાનો પ્રચંડ જુવાળ જગાવ્યો છે. તેને નિહાળતાં એક વાતની સહેજે અનુભૂતિ થાય કે જાણે તેઓ એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનનો જ મહિમા ગાવાનો ઠેઠથી હવાલો લઈને આવ્યા છે.''

એક દિવસ બપોરના સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે એક હરિભક્ત આવ્યા. તેઓ અન્ય ઘણાંબધાં સ્થાનોમાં શ્રીજીમહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખવા માટે ફર્યા હતા પણ તેમને સંતોષ થયો ન હતો જેથી તેઓ ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા.

તેમણે આવીને ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રશ્ન પૂછ્યો, ''બાપજી ! મેં સાંભળ્યું છે કે આપ શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવો છો. તો મને શ્રીજીમહારાજના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવો અને તે અંગે મને કેટલાક પ્રશ્નો છે તેનું નિવારણ કરી આપો.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત બોલ્યા : ''અમને તો શ્રીજીમહારાજે એમનો જ મહિમા ગાવા ને દૃઢ કરાવવા મોકલ્યા છે. એમનો મહિમા ગાઈ નિષ્ઠા કરાવવી એ જ અમારો ધંધો છે. લાવો તમારા પ્રશ્નો... આપણે એનું સમાધાન કરીએ.''

ત્યારે એક એક જીવને મહારાજના સ્વરૂપની નિષ્ઠા કરાવવા અવિરત અથાક દાખડો કરતા રહ્યા છે તે આમ સામેથી મુમુક્ષુ શ્રીજીમહારાજના સ્વરૂપને ઓળખવા આવ્યા હોય તો છાના કેમ રહે ?

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમની ભૂખ-ગરજ જોઈ અને બપોરે આરામ કરવાનું મૂકી દીધું.

બપોરે બે વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી એમ એકધારા ચાર કલાક તેમની જોડે બેસી વચનામૃતના આધારે જ મહારાજના અભિપ્રાય મુજબ અન્વય-વ્યતિરેકનું જ્ઞાન સમજાવવા માંડ્યું.

● ● ●

એક દિવસ કોઈ હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રશ્ન પૂછ્યો કે, ''બાપજી ! અમે આપની પાસે જ્યારે જ્યારે સમાગમનો લાભ લઈએ છીએ ત્યારે કથાવાર્તામાં એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના અને નિષ્ઠાની જ વાત આવે છે. નિયમની-વર્તમાનની, મનુષ્યજન્મની કંઈ પણ વાત કરતા હોય પરંતુ

નિષ્ઠા-ઉપાસનાની વાત તો આવે, આવે અને આવે જ. જ્યારે અમે અન્ય બીજે વક્તાઓની કથા સાંભળીએ તો તેમાં પરોક્ષનાં શાસ્ત્રોમાંથી જ વાતો થતી હોય છે. તો તેનું કારણ શું ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી જે શ્રીજીમહારાજની નિષ્ઠા-ખુમારીથી ખમીરવંતું સ્વરૂપ છે તે ખીલ્યા વગર રહી શકે ખરા ?

તરત જ ગુરુવર્ય પ.પૂ. બાપજી ખુમારીપૂર્વક બોલ્યા કે, ''બીજા વક્તાઓ જે વાત કરતા હોય તે કરે, પણ અમને તો મહાપ્રભુએ એક સ્વામિનારાયણનો જ મહિમા કહેવાનો હવાલો આપ્યો છે. અમે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસનાની વાતો કરવાનો પરવાનો લઈને આવ્યા છીએ.

સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તાવવાની સેવા મહારાજે અમને સોંપી છે. અમારા જીવનમાં એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની જ નિષ્ઠા છે. 'નિષ્ઠા એક નાથની બીજું નવ જોઈએ' - તો પછી બીજી વાત અમે કેમ કરીએ ?

એક મૂળો ખાધો હોય તોપણ ઓડકાર મૂળાના જ આવે તો અમારા રૂંવાડે રૂંવાડે મહારાજની સર્વોપરી નિષ્ઠા-સિદ્ધાંતો વણાઈ ગયાં છે તો અમારી વાતમાં મહારાજ સિવાય અન્ય અવતારની વાત આવે જ ક્યાંથી ?''

ખૂણે બેસીને પણ નિષ્ઠાની વાતો કરી શકાતી નહોતી તેવા સમયમાં પણ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના મહિમાનું છડેચોક ગાન કરવામાં શૂરવીર એવા દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







"ભગવાનનો નિશ્ચય થાવો તે સૌથી મહાકઠણ છે ને
નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે." (લો. ૧૮)

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

# ૨૩

## નિશ્ચય તો નવડા જેવો કરવો

ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ કહેતા હોય છે કે, “નિશ્ચય તો નવડા જેવો કરવો.”

તેઓ શ્રીજીમહારાજના આશ્રિતે ઈષ્ટદેવના સ્વરૂપનો નિશ્ચય કેવો કરવો જોઈએ તેની અદ્‌ભુત ગાણિતિક રૂપક દ્વારા સરખામણી કરી સ્પષ્ટ રીતે સમજૂતી આપતાં કહેતા હોય છે કે, “નવના ઘડિયામાં ૯ x ૧ = ૦૯; જ્યાં ૦ + ૯ = ૯, ૯ x ૨ = ૧૮; જ્યાં ૧ + ૮ = ૯, ૯ x ૩ = ૨૭; જ્યાં ૨ + ૭ = ૯, ૯ x ૪ = ૩૬; જ્યાં ૩ + ૬ = ૯... જેમ ૯ના આખા ઘડિયામાં ૯નો અંક કોઈ પણ સંજોગોમાં પોતાનું સ્થાન છોડતો નથી તેમ ગમે તેવા દેશ, કાળ, ક્રિયા, સંગનો યોગ થાય, ગમે તેની વાત સાંભળીને કે શાસ્ત્રના ગમે તેવા હલકા શબ્દો વાંચી-સાંભળીને પણ મહારાજના નિશ્ચયમાં રંચમાત્ર ફેર ન પડવો જોઈએ.”

આમ સમજાવતાં સમજાવતાં તેઓ સભામાં બધા સમજ્યા છે કે નહિ તેની પાછી ખાતરી કરી લેતા હોય છે; એમાં વળી કોઈને ન સમજાય તો તેઓ ફરી સમજાવતા હોય છે.

તેઓ આ વાતને વધુ સમજાવતાં ફરી જણાવતા હોય છે,

"ગમે તેવી વિપરીત પરિસ્થિતિ અને સંજોગોનું શ્રીજીમહારાજ આપણા ઘડતર માટે નિર્માણ કરે તોપણ નિશ્ચયમાં કદી અનિશ્ચયનો ઘાટ ન થવો જોઈએ. શ્રીજીમહારાજની નિષ્ઠા, એકમાત્ર શ્રીજીનું જ કર્તાપણું, તેમનો જ અતિ દૃઢ આશરો અને પતિવ્રતાની ભક્તિ તેમાં અલ્પ પણ ફેર ન પડવો જોઈએ. બસ !

'મેરે તો તુમ એક હી આધારા...'

દેશમાં હોઈએ કે વિદેશમાં, દુનિયાના છેડે જઈએ કે પછી પર્વતની ટોચ ઉપર હોઈએ તોપણ શ્રીજીમહારાજની નિષ્ઠામાં સહેજ પણ ફેરફાર ન થવો જોઈએ. સ્થળાંતર થાય કે સ્થળનું પરિવર્તન ભલે થાય પણ શ્રીજીમહારાજના નિશ્ચય અને સમજણનું પરિવર્તન કદી ન થવું જોઈએ. જ્યારે આપણને આવું વર્તશે ત્યારે સમજવું કે શ્રીજીમહારાજનો નિશ્ચય નવડા જેવો દૃઢ થયો છે."

આવા શ્રીજીમહારાજના સ્વરૂપના નવડા સમાન દૃઢ નિશ્ચયવાળા હજારો હરિભક્તોનું ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અપાર દાખડા, કષ્ટો ને દુઃખો વેઠીને, લોહીનાં પાણી કરીને સર્જન કર્યું છે.

તેઓનું આ ક્રાંતિકારી કાર્ય તેઓના અથાક અને અવર્ણનીય દાખડા તથા સહેલાં અનેક કષ્ટોનું પરિણામ છે.

તેઓએ સહજાનંદી સિંહ સમાં એવાં નિષ્ઠાવાન પાત્રોની રચના કરી છે કે, જેમણે જીવનમાં ગમે તેવાં તન, મન કે જનનાં દુઃખો આવી પડે તોપણ શ્રીજીમહારાજ વિના અન્યનો આશ્રય કદી કર્યો નથી કે લગીરેય અન્યનું કર્તાપણું સમજ્યા નથી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો એસ.એમ.વી.એસ. સમાજ એટલે શ્રીજીમહારાજના રાજીપાવાળું જીવન જીવતો વ્હાલો સમાજ - શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ.

તેની એ ખાસિયત રહી છે કે સંતો-હરિભક્તોમાં તેમજ નાના બાળકમાં પણ સિદ્ધાંતની એકસૂત્રતા અકબંધ જળવાઈ રહી છે. જેમ દીવા વડે દીવો પ્રગટે તેમ નિષ્ઠા વડે નિષ્ઠા જન્મે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણી વાર કહેતા હોય છે કે, "સમજણવાળો એકાદ હરિભક્ત કે સંત અનંતનાં બંધનો તોડી શકે છે અને સમજણ વગરનો પોતાનોય ઉદ્ધાર ન કરી શકે. તો બીજાનો તો શું કરશે ?"

આમ, એ દિવ્યપુરુષે શ્રીહરિના નવડા જેવા નિશ્ચયવાળો એસ.એમ.વી.એસ.નો સમાજ રચ્યો છે.

જેમાંના એક પાત્રનું દર્શન આપણે કરીએ.

અમદાવાદના વાસણા વિસ્તારમાં પ.ભ. શ્રી હરીશભાઈ ભગવાનભાઈ દેસાઈ રહેતા હતા. તેઓને સ્વામિનારાયણ ભગવાન પ્રત્યેની સર્વોપરી ઉપાસનાની દૃઢતા હતી.

તેઓના પિતાશ્રી ભગવાનભાઈને ગંભીર માંદગીને કારણે અમદાવાદની કર્ણાવતી હૉસ્પિટલમાં દાખલ કરેલા. આથી તેમનાં સગાંવ્હાલાં મળવા આવી ગયાં. તેઓને એક જ ચિંતા હતી : ‘‘ભગવાનભાઈની ઉંમર તો હજુ ૫૨ વર્ષની જ છે. શરીરે તંદુરસ્ત છે. મજબૂત બાંધો છે. છતાં આ બીમારી શેને લઈ આવી હશે ? કંઈ સમજાતું નથી.’’

તેથી તેઓ બધા ભેગા થઈ ચર્ચા કરવા લાગ્યા : ‘‘આ હરીશે જૂની માનીનતાઓ મૂકી દીધી છે; દોરા-ધાગા-ભૂવા-મૂઠ-ચોટ-બાધા બધું મૂકી દીધું છે. એટલે દુઃખી થાય છે. એને આપણે બધાં સમજાવો.’’

‘‘પણ તમે બધા ધૂળ ખાવ છો. આ હરીશને જ્યારથી બાપજીનો ભેટો થયો છે ત્યારથી બીજા બધા આશરા એણે મૂકી દીધા. એને સ્વામિનારાયણ ‘મેરે તો તુમ એક હી આધારા છે’. માટે એ ભૂવા-ભરાડીઓની વાત નહિ માને.’’

‘‘ના માને તો પછી ભલે દુઃખી થાય...’’

એક વડવા બોલ્યા : ‘‘એ તો નાનો કહેવાય. પણ આપણે એને સમજાવીએ.’’

‘‘સારું, ભા ! તમે જ એને સમજાવો.’’

‘‘હરીશ, તારા બાપાને સારું થાય તે માટે આપણે એમને દોરો બંધાવવો પડશે અને બાધા રાખવી પડશે.’’

‘‘ભા, એ તો અનાશ્રય થયો કહેવાય. મારે તો એક સ્વામિનારાયણનો જ આશ્રય છે. માટે એ શક્ય નથી.’’

‘‘હરીશ, તું સ્વામિનારાયણને પણ રાખ અને બીજાને પણ રાખ એમાં કંઈ વાંધો નથી.’’

ત્યારે એકમાત્ર શ્રીજીનો જ જેમને આશરો દૃઢ હતો એવા હરીશભાઈએ સિંહગર્જના કરી ઉત્તર આપ્યો કે, ‘‘ભલે કદાચ સ્વામિનારાયણ ભગવાન આજે જ મારા પિતાને ધામમાં લઈ જાય. અરે, આખા પરિવારને ને મને પણ ધામમાં લઈ જાય પણ શ્રીજીમહારાજને મૂકીને અન્યનો આશરો કદાપિ શક્ય નહિ બને.’’ આ બાજુ ડૉક્ટરો છૂટી પડ્યા પણ તેમના પિતાની માંદગી કોઈ રીતે ટળે નહીં. એથી ભગવાનભાઈને ઘેર લાવવામાં આવ્યા.

હરીશભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને ગયા. ને આખી વીતક કહી

સંભળાવી. તેથી ગુરુવર્ય પ.પૂ. બાપજી એમના પર રાજી થયા.

હરીશભાઈએ કહ્યું, “ગુરુવર્ય પ.પૂ. બાપજી, આપ જેમ રાજી હોવ એમ કરો. અમારી આપને અરજ છે; પછી મહારાજ ને આપની જેમ ઇચ્છા હોય તેમ કરજો.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમને આશીર્વાદ આપ્યા કે, “ત્રણ દિવસમાં શ્રીજીમહારાજ તારા પિતાને ધામમાં તેડી જશે.”

અને એ જ રીતે શ્રીજીમહારાજ તેમના પિતાને ધામમાં તેડી ગયા તેમ છતાં તેમને નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ નથી થયો.

એમના પિતા ધામમાં ગયા કેડે આખો પરિવાર રોકકળ કરતો હતો. છતાં હરીશભાઈ તથા તેમના નાના ભાઈ ચેતનભાઈ પણ રોયા નહીં.

એમને આનંદ હતો કે, ‘અમારા પિતાશ્રીને મહારાજે મૂર્તિના સુખે સુખિયા કર્યા.’

જ્યારે અજ્ઞાની કુટુંબીઓએ તેમના પર વાંધો ઉઠાવ્યો કે, “આ ભગવાનભાઈના છોકરા કેવા છે ? તેઓને પોતાના બાપા ગયાનું દુ:ખ નથી પણ આનંદ છે. મારા હારા બેમાંથી એકેય આંસુનું ટીપું પણ નથી પાડતા.”

છતાં હરીશભાઈ ને ચેતનભાઈ કોઈના શબ્દો ન ગણતાં મહારાજ પરત્વેની નિષ્ઠામાં અડગ રહ્યા.

સગાંસંબંધીઓ, કુટુંબ, સમાજની સામે મહાપ્રભુની પતિવ્રતાની ટેક રાખવા માટે ઝઝૂમ્યા પણ જેમ નવડો કદાપિ પોતાનું સ્થાન નથી છોડતો તેમ તેમણે શ્રીજીમહારાજના નિશ્ચયમાં અલ્પ સરીખો ફેર ન પડવા દીધો.

તેમની નિષ્ઠાની આવી દૃઢતા જોઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ રાજી થયા.

રાત્રિ-દિવસના ઉપદેશ આપવારૂપી દાખડા કરી જેઓએ નવડા જેવી નિશ્ચયની દૃઢતાવાળા સમાજની રચના કરી છે એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૪

## ભગવાન તો એક સ્વામિનારાયણ જ, એ વિના ગુરુ કે સત્પુરુષ પણ નહીં

ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે પ્રાતઃ સભામાં લાભ આપી રહ્યા હતા.

તે સભામાં તેઓએ દાદાખાચરને સદ્. ગોપાળાનંદ સ્વામીએ ચપટી વગાડીને થોડી ક્ષણો માટે સ્થિતિ કરાવીને પરભાવના સુખનો અનુભવ કરાવ્યો હતો તે પ્રસંગ કહ્યો.

એટલે સામે બેઠેલા એક પ્રેમી હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કહ્યું કે, “બાપજી ! આપ પણ અમને ચપટી વગાડીને વિના દાખડે સ્થિતિ કરાવી દો ને...!”

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી તરત જ બોલ્યા કે, “ચપટી તો શ્રીજીમહારાજ વગાડે. ચપટી વગાડવાનો એટલે કે સ્થિતિ કરાવવાનો અધિકાર અમારો નથી, મહારાજનો જ છે. સ્થિતિ તો મહારાજ જ કરાવે માટે મહિમાની ઓથે અવળી સમજણ પર ન જતા રહેવું, પ્રેમી ન બનવું પણ સમજણવાળા થવું. ભગવાન તો એક સ્વામિનારાયણ જ છે.”

•••

ગુરુપૂર્ણિમાનો સમૈયો એટલે જ્યાં જુઓ ત્યાં ભક્તોની ભીડ જ હોય.

વાસણા મંદિર ખાતે મોટો સભામંડપ અને ઉપર-નીચે બંને ભોજનશાળા એમ ત્રણે હૉલમાં હરિભક્તો ખીચોખીચ બેઠા હતા.

તેઓ ચાતક પક્ષીની જેમ ગુરુનું પૂજન કરવા તત્પર હતા. ગુરુપૂર્ણિમાનો સમૈયો એટલે ગુરુના મહિમાગાનનો અવસર.

વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ સભામાં સત્પુરુષના મહિમાની-દિવ્યભાવની ખૂબ વાતો કરી.

સભાના અંતમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીને આજના પ્રસંગે આશીર્વાદ આપવા માઈક આપ્યું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આશીર્વાદનો પ્રારંભ કર્યો, જેના પ્રારંભિક શબ્દો હતા, "તમે બધાએ ગુરુ-સત્પુરુષનો મહિમા ભલે ખૂબ સાંભળ્યો ને સમજ્યા. મહારાજનો મહિમા સમજવા અને મૂર્તિસુખ સુધી પહોંચવા એ પણ ફરજિયાત છે. પણ જો તમારે સાચો મહિમા સમજવો હોય તો બધા બે હાથ ઊંચા કરીને આપણા શ્રીજીમહારાજના શબ્દોનો ગુંજારવ કરો : 'અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે. બે નથી.' ફરી બોલો..."

એમ કરતાં ત્રણ-ચાર વખત આ વાક્ય પાકું કરાવી કહ્યું, "તમે બધા એક સ્વામિનારાયણ ભગવાન સિવાય અનંતકોટિ બ્રહ્માંડમાં બીજા કોઈ સનાતન ભગવાન નથી એવું સમજો તો જ અમે રાજી. અનંત મુક્તો મૂર્તિરૂપ છે છતાં ભગવાન તો એક સ્વામિનારાયણ જ છે એ કદી ન ચૂકવું. જો અમને સેવ્યા હોય તો કદી વેદિયા ને વેવલા ન થતા. નિષ્ઠાવાન બનજો."

●●●

ભાવનગર નિવાસી પ.ભ. પ્રકાશભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શને આવ્યા.

તેઓનું અતિશે પ્રેમનું અંગ એટલે દંડવત કરી સીધા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણ ઝાલી ચોંટી પડ્યા, "બાપજી, આપનાં દર્શન થયાં, સ્પર્શ થયો ને હું તો ધન્ય બની ગયો. મારે તો આપનાં દર્શન એટલે ભગવાનનાં દર્શન. મારા માટે તો આપ જ ભગવાન છો."

આટલું કહ્યું ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બિલકુલ રાજી ન થયા અને તેમને ટકોર કરતાં કહ્યું, "પ્રકાશભાઈ, તમને પ્રેમ ખૂબ છે, પણ સમજણ દૃઢ રાખો કે અનંતકોટિ બ્રહ્માંડમાં ભગવાન તો એક સ્વામિનારાયણ જ છે. સત્પુરુષ એ ભગવાન નથી, સેવક છે. એ મૂર્તિના સુખભોક્તા છે."

એમ કહી શ્રીજીમહારાજનાં વચનો દ્વારા તેમની સમજણની અશુદ્ધિ દૂર કરવા તેઓએ સત્સંગ કરાવ્યો.

મુક્ત ભગવાન નથી એ બાબતને ગઢડા મધ્ય પ્રકરણના ૬૭મા વચનામૃત દ્વારા તેઓએ પ્રકાશભાઈને દૃઢ કરાવતાં કહ્યું, “મહારાજ સ્વયં બોલ્યા છે કે, **‘મું જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તોપણ ભગવાન જેવો કોઈ થાવાને સમર્થ થાતો નથી.’** માટે મુક્ત થવાનો વિધિ છે પણ ભગવાન થવાનો કોઈ વિધિ નથી એવો શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય આ પરથી ફલિત થાય છે. મુક્તો એ સેવક છે ને મહારાજ સ્વામી છે. મુક્તો મૂર્તિના સુખભોક્તા છે, જ્યારે મહારાજ સુખના દાતા છે. અનંત અનાદિમુક્તો મહારાજના કર્યા થયા છે, જ્યારે મહારાજ કોઈના બનાવ્યા થયા નથી. અનંત અનાદિમુક્તો ભેગા મળીને એક મહારાજને ન બનાવી શકે, કારણ કે એ સનાતન ભગવાન છે. માટે મુક્તનો મહિમા મુક્ત તરીકેનો પૂરેપૂરો સમજી તેમની સાથે આત્મબુદ્ધિ જરૂરથી કરવાની છે પણ ભગવાન તરીકેનો મહિમા તો નહિ જ સમજવો. અત્યારે મહારાજ મનુષ્ય રૂપે પ્રગટ નથી જ. પ્રતિમા સ્વરૂપે જ પ્રગટ અને પ્રત્યક્ષ છે. માટે ભગવાન તરીકેના તો સંવત ૧૮૩૭ના સિક્કા મારવાના...!”

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનની કોઈ એક ક્ષણ, વાત, પ્રસંગ કે ઉપદેશ એવાં નહિ હોય જેમાં તેઓએ મહારાજને કદી ગૌણ કર્યા હોય.

તેઓના હસ્ત નિરંતર એક જ નિશાન દર્શાવતા હોય - ભગવાન સ્વામિનારાયણ.

હરિભક્તોને સમજણ પાકી કરાવવા તેઓ સામેથી પૂછે, “અત્યારે સ્વામિનારાયણ ભગવાન મનુષ્ય રૂપે પ્રગટ હશે ?”

અને જ્યાં કોઈ બોલે કે, “હા, મોટાપુરુષ રૂપે...”

ત્યાં જ એમની કથા ચાલુ થાય, “અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે. સંવત ૧૮૮૬ પછી શ્રીજીમહારાજનું પ્રગટપણું યાવદ્ચંદ્રદિવાકરૌ - મૂર્તિ રૂપે જ સમજવું. મનુષ્ય રૂપે - સત્પુરુષ રૂપે નહીં.”

આવી દૃઢ સમજણ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ **SMVS**ના સમાજને રગેરગમાં દૃઢ કરાવી છે. સમગ્ર સમાજ સત્પુરુષનો મહિમા તો જરૂર સમજે છે, પણ ભગવાન તરીકેનો તો નહિ જ.

તેથી આ સમાજના પ્રત્યેક હરિભક્તોનો ગુરુવર્ય પ.પૂ. બાપજી માટે એક જ સૂર છે :

“અમારા ગુરુવર્ય પ.પૂ. બાપજી એક એવા અજોડ શુદ્ધ ઉપાસનાના આગ્રહી દિવ્ય સત્પુરુષ છે કે જેઓએ કદી પોતે ભગવાન હોવાનો દાવો કર્યો નથી. પોતે પોતાનો મહિમા ભગવાન તરીકેનો પ્રસ્થાપિત કર્યો નથી. કોઈને એવું સમજાવ્યું નથી કે અન્યને એવું સમજવા દીધું પણ નથી. તેઓએ ભગવાન તો એક સ્વામિનારાયણને જ બતાવ્યા છે અને તેમના જ સ્વરૂપનો અપાર મહિમા ચાર મુખે કહીને તેમની જ ઉપાસના-ભક્તિ, ધ્યાન-ભજન કરાવ્યાં છે પરંતુ કદી તેઓએ પોતાના શિષ્ય સમાજને પોતાનામાં નથી જોડ્યા. તેમણે હંમેશાં આંગળી મહારાજ સામે જ કરી છે અને તેમાં જ જોડ્યા છે. જે સ્વયં શ્રીજીની મૂર્તિમાં અખંડ જોડાયેલા છે તે પોતાનામાં કેવી રીતે જોડે ? તેઓએ સત્પુરુષનો મહિમા સત્પુરુષ તરીકે જરૂરથી જાળવી રાખ્યો છે પણ ભગવાન તરીકેનો તો નહિ જ. તેઓ આ બાબતે સંપૂર્ણ જાગૃત છે કે, રખેને ! ગુરુને ભગવાન માની લેવાની ગેરમાનીનતાને લીધે શ્રીજીમહારાજની શુદ્ધ ઉપાસનામાં કદી જરીયે ફેર ન પડી જાય તથા ઉપાસના રંચમાત્ર ખંડિત ન થાય.”

એકમાત્ર સ્વામિનારાયણ ભગવાનની શુદ્ધ ઉપાસના દૃઢ કરાવી, મુમુક્ષુને જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય સ્વરૂપ કરુણામૂર્તિ ભગવાન સ્વામિનારાયણમાં જ જોડી તેની અધ્યાત્મ માર્ગની સાધનાને ખૂબ જ ટૂંકી અને સલામત બનાવનાર, શુદ્ધ ઉપાસનાના હિમાયતી એવા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૫

## મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ?

ભગવાન સ્વામિનારાયણના સર્વોપરી સ્વરૂપનો જેમ છે તેમ યથાર્થ નિશ્ચય દૃઢ કરાવી શ્રીજીમહારાજના વ્યતિરેક સ્વરૂપની તથા પોતાના સ્વ-સ્વરૂપની ઓળખાણ કરાવી અનાદિમુક્તના ઉત્તમ પદની પ્રાપ્તિ કરાવવી એ ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સત્પુરુષ તરીકેનું કાર્યક્ષેત્ર છે.

પ્રાપ્તિનો વિચાર અખંડ રહે અને તેની સૌના જીવનમાં દૃઢતા થાય તે માટે કાયમ તેઓ હિન્દી ભાષામાં સુંદર, મધૂરું અને લઘુ મનનયુક્ત પ્રશ્નવાક્ય ઉચ્ચારે છે : **'મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ?'**

આ વાક્ય દ્વારા તેઓ શ્રીજીમહારાજના સ્વરૂપનું અને પોતાના સ્વ-સ્વરૂપનું મહાત્મ્ય દૃઢ કરાવતાં સમજાવતા હોય છે કે,

**'મુઝે કૌન મિલા હૈ ?'** તો, અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ રાજામહારાજાધિરાજ, સર્વોપરી, સનાતન, અજોડ અને અદ્વિતીય સ્વરૂપ કે જેમના એક રોમ(કિરણ)માં અનંતકોટિ બ્રહ્માંડો પરમાણુની પેઠે ઊડતાં ફરે છે. અનંત અક્ષરોને પણ જેમના વ્યતિરેક સ્વરૂપનો સંબંધ નથી ને તેમનાં સાક્ષાત્ દર્શન પણ નથી એવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મને પ્રગટ અને પ્રત્યક્ષપણે મળી

ગયા છે. હું જે મૂર્તિનાં દર્શન કરું છું તે પરભાવમાં, તેજના સમૂહમાં જ છે. અનંત મુક્તો, તેજ, ઓજસ, લાવણ્યતા અને અનંત કલ્યાણકારી ગુણો આ મૂર્તિમાં જ છે - આવો પ્રત્યક્ષપણે નિશ્ચય દૃઢ કરવો.

તેમજ આવા સ્વામિનારાયણ ભગવાન માત્ર મને પ્રગટ મળ્યા એટલું જ નહિ, પરંતુ **'મુઝે કૈસા કિયા હૈ ?'** એટલે કે સર્વોપરી એવા શ્રીજીમહારાજ તો મળ્યા જ છે પરંતુ મને પણ પોતાના જેવો પુરુષોત્તમરૂપ કરીને પોતાથી બીજા નંબરની અનાદિમુક્તની છેલ્લી ને કાયમી પદવી આપી. મને ૧૧૦% અનાદિમુક્ત કર્યો જ છે અને મૂર્તિના સુખમાં રાખ્યો છે, રાખ્યો છે ને રાખ્યો જ છે... તેમાં કોઈ બે મત નથી. માટે પ્રાપ્તિનો અખંડ વિચાર રાખવો કે, મને કોણ મળ્યું છે ને મને કેવો કર્યો છે ? તો કોઈ પ્રકારનું દુઃખ રહે જ નહીં.''

●●●

અમેરિકામાં તા. ૩-૯-૨૦૧૬ ને શનિવારે ચેરીહિલ, ન્યૂજર્સી ખાતે સ્વામિનારાયણ ધામનો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો હતો. આ પ્રસંગે દીપકભાઈ ભટ્ટ નામક મુમુક્ષુ પ્રથમ વાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના જોગમાં આવ્યા.

તેઓ મહાયાગના દિવસે ચારથી છ દરમ્યાન ત્યાં આવી પહોંચ્યા.

તેઓ કેમ્પસમાં આમથી તેમ આંટા મારતા હતા. કોઈકને શોધતા હતા. એમાં તેમને એમના ઓળખીતા સત્સંગી દિલીપભાઈ વ્યાસ મળી ગયા. દિલીપભાઈ સાત-આઠ વર્ષથી સત્સંગમાં આવેલા.

તે દૂરથી જોઈ ગયા કે, આ તો મારા ભત્રીજા જમાઈ છે. ''દીપકભાઈ, તમે અહીં ?''

દિલીપભાઈ જાણે છે કે દીપકભાઈ સત્સંગી નથી તેથી તેમણે પૂછ્યું કે, ''તમે અહીં ક્યાંથી ?''

''હું પ્રોગ્રામમાં આવ્યો છું.''

''તમને કોઈ સંતો ઓળખે છે ?''

''મને કોઈ ઓળખતું નથી પણ હું બાપજી, સ્વામીને ઓળખું છું. હું રોજ એસ.એમ.વી.એસ.ની વેબસાઈટ પરથી ત્રણ કલાક સ્વામીશ્રીની કેસેટ સાંભળું છું. વળી, સાઈટ પર આ ચેરીહિલ મૂર્તિપ્રતિષ્ઠા કાર્યક્રમ અને શિબિર અંગે પત્રિકા વાંચી હતી. માટે શિબિરનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાં પરવાનગી મળતાં હું આવ્યો છું. તમે બાપજી-સ્વામીને જોયા છે ? મારે એમનાં દર્શન કરવાં છે.''

દિલીપભાઈ તેમને પ.પૂ. સ્વામીશ્રી જોડે લઈ ગયા.

દીપકભાઈએ પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન કર્યાં એટલે નાના બાળકની જેમ તેમને ચોંટી પડ્યા : "સ્વામી...સ્વામી..." કહેતાં કહેતાં રીતસર તેમની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં.

"કેટલાં વર્ષની ઇચ્છા આજે મહારાજે પૂર્ણ કરી. સ્વામી, હું ઘણી આશાથી તમારી જોડે આવ્યો છું. વળી મારા કેટલાક પ્રશ્નો લઈને આપને મળવા આવ્યો છું. આપને એકલા મળવું છે.

હું ટેક્સાસમાં હ્યુસ્ટન શહેરમાં રહું છું. હું ફાર્મસી ક્ષેત્રમાં જોબ કરું છું. છેલ્લાં પંદર વર્ષથી તમામ સંપ્રદાયના વક્તાઓની કથા સાંભળું છું. હું આધ્યાત્મિક વેબસાઇટ જોઉં, સાંભળું છું.

પણ એક દિવસ એસ.એમ.વી.એસ. વેબસાઇટ પર પાંચ મિનિટ સત્સંગ સાંભળ્યો ત્યારથી મને એ સત્સંગ ખૂબ ગમ્યો. એટલે છેલ્લાં ૩ વર્ષથી કથાવાર્તા મારું વ્યસન થઈ ગયું છે.

મારા ફોનમાં ઓછામાં ઓછી સો વિડિયો કથાની ડીવીડી છે. ક્યાંક ગાડીમાં જતાં કથાવાર્તા જ સાંભળું છું."

પછી તેમણે તેમના ફોનમાંથી પ.પૂ. સ્વામીશ્રીને વિડિયો બતાવ્યા અને સંભળાવ્યા.

ને તેઓ બોલ્યા, "સ્વામી, આ ફોનની અંદર બીજું કંઈ જ ન મળે. મારે કોઈ મિત્રો જ નથી."

પછી તેમણે તેમના બગલથેલામાંથી એક ચોપડો કાઢ્યો. તેઓ કથાવાર્તા સાંભળ્યા પછી આંતરખોજ લખી વર્તવા માટે ઍક્શન પૉઇન્ટ નોંધે છે.

તેમણે તે ચોપડો પ.પૂ. સ્વામીશ્રીને બતાવીને કહ્યું, "આમાં કંઈ ભૂલ હોય તો બતાવો. હું પ્રોપર વે પર છું ? મેં નક્કી કર્યું છે કે, સ્વામિનારાયણ ભગવાન જ સર્વોપરી છે. મને અન્વય-વ્યતિરેકની લાઇન આવડે છે. મારે પંચવિષયમાંથી પ્રીતિ ટાળવી છે, સાંખ્યજ્ઞાન દૃઢ કરવું છે આદિ પૉઇન્ટ દૃઢ કરવા છે. ગુરુવર્ય પ.પૂ. બાપજીની અમૃતધારા અને આપશ્રીની પ્રાતઃ કથામૃતના તમામ ભાગ મેં પાંચ વખત સાંભળ્યા છે."

તેઓ બોલ્યા, "મૈં કૌન હૂઁ? આખું કીર્તન મુખપાઠ છે. સ્વામી, હું રોજ બોલું છું. કીર્તન બોલતાં બોલતાં જુદા પડતા જવાય છે."

એમની બાજુમાં જોડે દિલીપભાઈ બેઠેલા તે શરમથી નીચું જોઈ ગયા ને

બોલ્યા, “સ્વામી, હું તો સાત-આઠ વર્ષથી સત્સંગ કરું છું. દીપક બોલે છે એમાં મને પણ કંઈ ખબર પડતી નથી. હું તો એમની પાસે શૂન્ય છું. સ્વામી, એમના પર રાજી થજો. એ મારા કરતાં આગળ છે. તેમના મોટા ભાઈ ઘણા સમયથી બહુ બીમાર છે. તેમની બીમારી દૂર કરજો.”

ત્યાં દીપકભાઈએ તેમનું મોઢું દાબ્યું ને કહ્યું, “આને સકામભક્તિ કહેવાય. સ્વામી, સૉરી. એમના વતી હું માફી માગું છું, રાજી રહેજો. ગુરુવર્ય પ.પૂ. બાપજી ને પ.પૂ. સ્વામીશ્રી કોણ છે ? તે મૂર્તિનું સુખ આપવા પધાર્યા છે. તેમની ઝોળીમાં કાળી વસ્તુ ન હોય. માટે આપણાથી સકામ ન થવાય.”

આટલું બોલતાં તેઓ પ.પૂ. સ્વામીશ્રીના પગમાં પડી ગયા. અને રડતાં રડતાં માફી માગી.

“સ્વામી, મહારાજ રાખે તેમ રહેવું ને દેખાડે તે જોવું. મારે મૂર્તિનું સુખ જોઈએ છે. એ વિના કાંઈ જોઈતું નથી. માટે સ્વામી, સેવક પર રાજી થજો...

જગતની કોરે આંધળો, બહેરો, લૂલો કરજો પણ મૂર્તિના સુખ સિવાય મારે કંઈ જોતું નથી. આવા મહારાજ મળ્યા ! બાપજી-સ્વામીશ્રી મળ્યા ! ને મને એમના જેવો કર્યો ! હવે મારે મૂર્તિના સુખ સિવાય કંઈ ન જોઈએ ! કશું જ નહીં !”

આવા ભૂખ્યા-ગરજુ મુમુક્ષુઓ ગુરુવર્ય પ.પૂ. બાપજીની કૃપાથી મૂર્તિસુખના માર્ગે આગળ વધી રહ્યા છે.

નવેમ્બર, ૨૦૧૬માં જ્ઞાનસત્ર-૧૦ પૂર્ણ થયા બાદ પ.પૂ. સ્વામીશ્રી પર તેમનો ઇ-મેઇલ આવ્યો હતો.

અને તેમાં તેમણે મહારાજ અને મોટાપુરુષની થયેલી પ્રાપ્તિના આનંદનું વર્ણન કરતાં આલેખ્યું હતું કે, “હું રોજની ચારથી પાંચ કલાક આપની તથા ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથા સાંભળું છું. તેમાં મને ખૂબ રસ પડે છે.

તેમાં અવારનવાર ‘મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ?’ આ વાત આવે છે. તેનું મનન કરવાથી આખો દિવસ બસ, ‘મુઝે કૌન મિલા હૈ ? મુઝે કૌન મિલા હૈ ?’ના આનંદમાં જ રહેવાય છે.

‘મુઝે મહારાજને અનાદિમુક્ત કિયા હૈ’ એ વાતથી મારું આંતરતંત્ર નિર્મળ બનતું જાય છે. હવે કોઈ પ્રકારની મને કામનાઓ રહી નથી. જગતની કોરે મને અનાસક્તિ વર્તે છે.

આજ દિન સુધી જીવનમાં બધું હતું પણ કંઈક અધૂરપ જણાતી હતી તે આ

પ્રાપ્તિએ ટાળી દીધી. અકૃતાર્થપણું ને કંગાલપણું જતું રહ્યું. મને કેવળ શાંતિ... શાંતિ... શાંતિનો અનુભવ થાય છે. મને વ્યવહાર હવે ઉપાધિ લાગે છે. મને જોબ (નોકરી) કરવા જવાનું મન નથી થતું. એમ થાય છે કે આખો દિવસ હું આપની કથાવાર્તા જ સાંભળ્યા કરું.

“હું રજાના દિવસે ક્યાંય બહાર જવાને બદલે આઠ કલાક કથાવાર્તાનું શ્રવણ કરું છું. મને સગાંસંબંધીઓને ત્યાં પણ જવાનું મન નથી થતું.”

આવી પ્રાપ્તિના આનંદસંબંધી ઘણી વાત તેમણે ઈ-મેઈલમાં જણાવી હતી.

જેમાં તેમના દરેક વાક્યમાં પ્રાપ્તિનો આનંદ છલકાતો હતો.

‘મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ?’ આ બ્રહ્મવાક્યથી દશે દિશામાં પ્રાપ્તિના કેફની સુવાસ પ્રસરાવી સૌને મહારાજ મળ્યાના આનંદથી ભર્યા કરનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૬

## આવા સ્વામિનારાયણ મળ્યા પછી મોબત કોની ?

એક હરિભક્તને પોતાના વિસ્તારમાં મંદિર કરાવવાનો સંકલ્પ હોવાથી તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને મંદિર માટે જમીન અર્પણ કરી.

અને ભવિષ્યમાં આખું મંદિર બંધાવવાની સેવા કરવાનું પણ વચન આપ્યું.

પરંતુ, થોડા સમય બાદ તેઓ વિદેશ જઈ ત્યાં સ્થાયી થયા. મંદિરનિર્માણની સેવા તેમણે પોતાના નજીકના સગાને સોંપી.

તેમને શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાની પરિપક્વ દૃઢતા ન હોવાથી મંદિરમાં પરોક્ષના અવતારોની મૂર્તિ પધરાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તેમની લગીરે મોબત રાખ્યા વિના સ્પષ્ટપણે ઉત્તર આપી દીધો કે,

**“અમે શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરની રચના કરીએ છીએ જેમાં એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તો જ બિરાજમાન કરીએ છીએ;** માટે એમાં ફેર નહિ પડે.”

એમ કહી મંદિર તથા જમીનની સેવા મળતી હોવા છતાં તેમણે સિદ્ધાંતમાં સમાધાન ન જ કર્યું. તેમાં તેઓ કદીયે લેવાયા કે લલચાયા નહીં. તેમણે નમ્રપણે

તેનો અસ્વીકાર કર્યો અને સર્વોપરી સિદ્ધાંતોની બાબતે અડગ રહ્યા.

'મોબત એક મારા મહારાજની' આ સિદ્ધાંતને મુખ્ય કરીને જ તેઓ સિદ્ધાંતવાદી જીવન જીવી રહ્યા છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ શુદ્ધ સર્વોપરી ઉપાસનાયુક્ત મંદિરો રચી મૂર્તિ તો એકમાત્ર સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તોની જ પધરાવી.

એટલું જ નહિ, મંદિરના શિલાન્યાસ વિધિથી માંડી તમામ વિધિમાં શુદ્ધ ઉપાસનાનું સહેજે ખંડન ન થાય તેવા ક્રાંતિકારી ફેરફાર કર્યા છે.

મંદિરનો શિલાન્યાસ વિધિ હોય કે ઉદ્ઘાટન પ્રસંગ હોય ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી કહેતા હોય છે કે,

**"સર્વે વિધિનો રાજા એકમાત્ર આપણા હરિકૃષ્ણ મહારાજ, સ્વામિનારાયણ ભગવાન. એમને બિરાજમાન કરી મહાપૂજા, આરતી, સ્તુતિ, પ્રાર્થના કરીએ તેમાં આપણો સર્વે વિધિ આવી જાય. દિવ્યભાવે શ્રીજીમહારાજને પ્રગટ-પ્રત્યક્ષ જાણી જે કાંઈ સાંસાગોટિલા કરીએ તે આપણો વિધિ."**

મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પણ તેઓ ક્યારેય ચોઘડિયાં જોવા દેતા નથી અને કહેતા હોય છે,

''અનંતકોટિ બ્રહ્માંડના ધણી બિરાજમાન થાય એમાં વળી ચોઘડિયું શા માટે જોવું ? એ જ્યારે બિરાજમાન થાય તે જ શ્રેષ્ઠ શુભ ઘડી.''

તેઓ મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં સર્વોપરી ઉપાસનામાં અલ્પ ફેર પડવા દેતા નથી.

કોઈ કરોડપતિ હરિભક્ત હોય કે પંચમહાલના આદિવાસી હોય; દરેકના ઘરમાં એકમાત્ર શ્રીજીમહારાજ અને એમના મુક્તોની જ મૂર્તિ હોય તેવાં શુદ્ધ ઘર કર્યાં છે.

લગ્નપ્રસંગો જેવાં વ્યવહારિક કાર્યોમાં પણ ઉપાસનાનો ભંગ ન થાય તે માટે 'સાત્ત્વિક લગ્નોત્સવ'ની પ્રથા શરૂ કરાવી. જેમાં એકમાત્ર શ્રીજીમહારાજની સાક્ષીએ સાંપ્રદાયિક ઉપાસના દૃઢ રહે તેવા મંત્રોચ્ચાર દ્વારા લગ્નવિધિ કરાવવામાં આવે છે.

આવી તો ઘણી ઉપાસનાલક્ષી ક્રાંતિ આણી, એ દિવ્યપુરુષે સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કર્યું છે.

અને તેથી જ આવી નિષ્ઠાની દૃઢતાવાળા સહજાનંદી સિંહ સમા હરિભક્તોની શૂરવીરતાને કીર્તનમાં વર્ણવી છે :

"કેસરી સિંહની કૂખે જન્મેલો, સો લાંઘણ ખડ ખાય નહિ;
ઊભો ને ઊભો સુકાઈ જાય પણ, બકરું કદી થાય નહીં."

●●●

એક વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી સુરેન્દ્રનગર મંદિરે ઉપાસના શિબિરમાં લાભ આપતા હતા.

સાંજના ચાર વાગ્યાના સેશનનો પ્રારંભ થઈ ગયો હતો. પરંતુ મુંબઈ તથા અમદાવાદના મોટેરા સુખી હરિભક્તો કથામાં આવ્યા ન હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ફોન કરી તેમને બોલાવ્યા. થોડી વારમાં મોટેરા હરિભક્તો આવી પહોંચ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ભરસભામાં આ સૌ હરિભક્તોને ટોકતાં કહ્યું, "આ દેહને સાચવવામાં મહામોંઘી કથા ખોઈ તેનું શું ?"


સૌ હરિભક્તો હાથ જોડી રહ્યા. ગમે તેવો મોટો સુખી હોય કે પછી અધિકારી હોય...


પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી કદી કોઈની સત્તાથી કે મોટપથી દબાયા નથી.

મોટો શેઠિયો હોય, લખપતિ હોય કે પછી કરોડપતિ હોય પરંતુ તેની પણ શેહશરમ કે મોબતમાં દબાયા વિના ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી, મહારાજના રાજીપાનું દિવ્યજીવન જિવાડી રહ્યા છે.

શ્રીજીસંમત સિદ્ધાંતોના પ્રવર્તનમાં જેમણે કોઈની શેહ-શરમ કે મોબત રાખી નથી. એટલું જ નહિ, જોગમાં આવનારને પણ નિષ્ઠાથી ઠસોઠસ ભરી દેનારા સિદ્ધાંતવાદી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







"આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્ ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે." (ગઢડા મધ્યનું : ૧૩)

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

# ૨૧

# મહારાજનું જ્ઞાન તો શ્રેષ્ઠ ફિલૉસૉફી છે

"બાપજી, રાજી રહેજો. એક પ્રશ્ન છે. જો આપ રજા આપો તો પૂછું."

"બોલો, શું પ્રશ્ન છે ?"

"બાપજી, આપ ઘણી વાર એમ કહો છો : મહારાજનું જ્ઞાન તો ફિલૉસૉફી છે. એ સમજાતું નથી."

"ફિલૉસૉફીને ગુજરાતીમાં 'તત્ત્વજ્ઞાન' જ કહેવાય ને !"

"હા, બાપજી..." સભામાં બેઠેલા સંતો-ભક્તોએ સંમતિ આપી.

"જો સમજો, શ્રીજીમહારાજે વચનામૃતમાં જેવી સભા અને તેમાં બેઠેલા સભાજનોમાં કેવી અને કેટલી પાત્રતા છે તે અંતર્યામીપણે જાણીને વાતો કરી છે. જ્યારે સામાન્ય પાત્રતાવાળા મુમુક્ષુ સભામાં બેઠા હોય ત્યારે સામાન્ય વાતો કરી હોય અને જો ઊંચી પાત્રતાવાળા બેઠા હોય ત્યારે ભારે ભારે ઊંચી વાતો કરી હોય તેવું જોવા મળે છે. હવે જો સામાન્ય વાતોનું પ્રમાણ લઈને ઉપલક રીતે સમજીએ તો મહારાજનો યથાર્થ સિદ્ધાંત હાથમાં ન આવે. હજારો સામાન્ય શબ્દો હોય પણ જો એક ભારે શબ્દ મૂકવામાં આવે તો હજારો સામાન્ય શબ્દો ઊડી જાય. જેમ કે ઉછવણી વખતે કોઈ ૫૦, ૧૦૦, ૨૦૦, ૨૫૧, ૩૦૦, ૪૦૦

રૂપિયા સુધીની બોલી બોલ્યું હોય ને પછી કોઈ જો ૫૦૦ની ઉછવણી બોલે તો આગળની બધી ઉછવણી ઊડી જાય.

પાંચ પકવાન જમ્યા હોય ને સાથે મૂળો જમ્યા હોય તો જ્યારે ઓડકાર આવે ત્યારે પાંચ પકવાનને દબાવીને મૂળાનો જ ઓડકાર આવે છે. આવી રીતે વચનામૃતમાં રોચક, ભેદક, ભયાનક અને વાસ્તવિક શબ્દ જો સમજાય તો જ મહારાજનો કહેવાનો યથાર્થ સિદ્ધાંત હાથમાં આવે. માટે શ્રીજીમહારાજ કયા સમયે, કોના માટે, શું કામ બોલ્યા તે સમજવું તેનું નામ ફિલૉસૉફી જ્ઞાન કહેવાય.''

''ઓહોહો...બાપજી, આ તો તમે જબરી વાત કરી. આવું તો કારણ સત્સંગમાં આવ્યા પછી જ ખબર પડી. બાપજી, આવું મને કોઈએ સમજાવ્યું જ નહોતું. આપ જો ન મળ્યા હોત તો હું તો કાચો ને કાચો રહી જાત.''

''ભગત, હજુ સાંભળો તો ખરા. મહારાજના જ્ઞાનની ફિલૉસૉફી આપણે દાખલા સાથે સમજીએ.''

''વચનામૃતમાં ઘણી વાર પરોક્ષાર્થ વાતથી જ શરૂઆત થાય. જેમ કે, 'પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે...' લ્યો અહીં પેલા કોળિયે માંખ આવી. કેમ કે મહારાજે વચનામૃતની શરૂઆત જ પરોક્ષ શાસ્ત્રથી કરી. શ્રીજીમહારાજે પરોક્ષ શાસ્ત્રનો આધાર લઈને વાત કરી એટલે લોકોને તો શ્રીજીમહારાજના વચન કરતાં પરોક્ષ શાસ્ત્રનાં વચન જ અધિક લાગે. હવે શું તે પરોક્ષ શાસ્ત્ર મહારાજનો યથાર્થ મહિમા કહી શકશે ?''

પેલા હરિભક્ત બોલ્યા : ''ના બાપજી, એમાં મહારાજનો મહિમા ન જ હોય ને !''

''પરોક્ષ શાસ્ત્રમાં પરોક્ષ અવતારની જ વાત હોય એટલે એણે કરીને મહારાજનો મહિમા જરાય સમજાય નહીં. તેથી તે પેલા કોળિયે માંખ આવી એમ કહેવાય. સમજ્યા કંઈ ભગત ?''

''હા, બાપજી, મહારાજની દયાથી સમજાય છે.''

●●●

તા. ૨-૬-૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં પધાર્યા હતા.

તેઓએ સભામાં લોયા પ્રકરણના ૧૩મા વચનામૃત પર લાભ આપવાની શરૂઆત કરી.

"'હે મહારાજ ! 'જ્યાં સુધી એ મુમુક્ષુને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશકાળાદિકે કરીને વિપર્યપણું થાય અને નારાયણ છે તે તો ગુણમાં રહ્યા થકા દેશકાળાદિકે કરીને પરાભવને ન પામે એ તો ઠીક...' અહીં મહારાજનું કહેવું છે જ્યાં સુધી મુમુક્ષુ એટલે સાધનદશામાં રહેલા સાધનિકને ગુણનો સંબંધ એટલે દેહભાવ છે ત્યાં સુધી દેહના દોષો કામ, ક્રોધ, લોભ, માન આદિ પરાભવ કરાવશે. ને આવું વિઘ્ન આવે તે વિષમપણું છે. એટલે કે ભગવાનના ભક્તને જ્યાં સુધી દેહભાવ ન ટળે ત્યાં સુધી તેને વિઘ્ન કહેવાય."

આટલું સમજાવ્યા પછી તેમણે એક ફિલૉસૉફી પ્રશ્ન પૂછ્યો છે : "આ વચનામૃતમાં અહીં 'નારાયણ' કહ્યા તે કયા નારાયણ સમજવા ?"

પૂ. સંતોએ કહ્યું, "નારાયણ એટલે આપણે તો સ્વામિનારાયણ જ સમજવા."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "એમ નહીં. એવું ચોખ્ખું ક્યાં અહીં લખ્યું છે ? નારાયણ તો ઘણા છે. સ્વામિનારાયણને જ 'નારાયણ' કહ્યા છે એવું તમે કહ્યું તો તે વાત પુરવાર કરી બતાવો; એનો સચોટ પુરાવો આપો."

એટલે પૂ. સંતે ઉત્તર કરતાં જણાવ્યું કે, "બાપા, આ વચનામૃતમાં જ આગળ 'નારાયણ' એટલે સ્વામિનારાયણ તે વાતની ચોખવટ થઈ જાય છે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "કેવી રીતે ? શું ચોખવટ છે ?"

પૂ. સંતે ચોખવટ કરવા તે વચનામૃત વાંચી જણાવ્યું કે, " 'પણ જ્યારે સર્વે મુક્તને ગુણનો સંબંધ ન હોય ને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય અને નારાયણ પણ ત્યાં તેવી જ રીતે રહ્યા હોય.' અર્થાત્ બાપજી, અહીં 'અક્ષરધામ'ને વિષે નારાયણ રહ્યા હોય એમ આવ્યું તો સ્વભાવિક જ પ્રશ્ન થાય કે, 'અક્ષરધામ કોનું છે ?' તો અક્ષરધામ સ્વામિનારાયણ ભગવાનનું છે ! એવી રીતે અક્ષરધામના નારાયણ કહ્યા તે સ્વામિનારાયણ ભગવાન ઠર્યા એટલે અહીં કોઈ પરોક્ષ નારાયણને કહ્યા જ નથી."

આવો સચોટ ઉત્તર સાંભળી ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ પ્રસન્ન થયા ને રાજીપો વ્યક્ત કરતાં કહ્યું, "વગાડો તાળી. આ સ્વામી દ્વારા મહારાજ બોલ્યા."

પછી વળી ફરી પ્રસન્નતાપૂર્વક બોલ્યા, "આ ફિલૉસૉફી જ્ઞાન કહેવાય ! મહારાજે પ્રથમ ભલે 'નારાયણ' મોઘમ કહ્યા પણ 'અક્ષરધામ'ની વાત મૂકી દીધી એટલે આપોઆપ તે 'નારાયણ' એટલે સ્વામિનારાયણ જ ઠરે. એમ 'અક્ષરધામ' શબ્દથી વાત વળાંક લઈ લે છે. અને તે શ્રીજીમહારાજને જ લાગુ પડે છે. અહીં વળાંક ન લેવો હોય તોપણ મહારાજની બાજુ જ ઍરો આવે છે.

બસ, આ જ શ્રીજીમહારાજના જ્ઞાનની ફિલૉસૉફી ! આ ફિલૉસૉફી સમજતાં આવડવી જોઈએ. શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના સાતમા વચનામૃતમાં પણ આવી જ ફિલૉસૉફીની વાત કરી છે ! તે કોઈને આવડે છે ?''

એમ કહી પ્રશ્નની વધુ સ્પષ્ટતા કરતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું કે, ''આ વચનામૃતમાં આવે છે કે, 'અક્ષરબ્રહ્મ ને ઈશ્વર ને જીવ ને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા ને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનો વાચ્યાર્થ છે. તો અહીં શું ફિલૉસૉફી જ્ઞાન છે તે કહો !' ''

ત્યારે પૂ. સંતે કહ્યું, ''અહીં અક્ષરધામ પછી શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા એટલે પ્રશ્ન થાય કે 'અક્ષરબ્રહ્મ' મોટા કે 'શ્રીકૃષ્ણ' મોટા ?? તો શ્રીકૃષ્ણથી પર ને મોટા અક્ષરબ્રહ્મ કહેવાય. તો પછી અહીં અક્ષરબ્રહ્મથી પર ને મોટા જો શ્રીકૃષ્ણ કહ્યા હોય તો તે કયા શ્રીકૃષ્ણ કહ્યા હોય ? વાસ્તવમાં અક્ષરબ્રહ્મથી પર શ્રીજીમહારાજ છે. એટલે અહીં અક્ષરબ્રહ્મથી પર શ્રીકૃષ્ણ કહ્યા એટલે તે શ્રીજીમહારાજ જ ઠરે છે. જે અનાદિ શ્રીકૃષ્ણ તે શ્રીજીમહારાજ છે ને આ વાત એમને જ લાગુ પડે છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખ પર ફરી પ્રસન્નતા ઝળકી ઊઠી ને પછી ઘણી વાર સુધી બોલી રહ્યા : ''શ્રીજીમહારાજે લોયાના ૧૩મા જેવી જ ફિલૉસૉફી અહીં પણ જણાવી. મહારાજનું કેવું ફિલૉસૉફી જ્ઞાન છે ! વચનામૃત જ્ઞાન એટલે ફિલૉસૉફી જ્ઞાન ! એમની આ ફિલૉસૉફી પણ એકદમ ચોખ્ખી છે. બધાને સુખ આવે છે ને ! વાહ મહારાજ ! તમારું ફિલૉસૉફી જ્ઞાન અદ્‌ભુત છે !''

શ્રીજીમહારાજે સમજાવેલા સિદ્ધાંતો અને તેમણે સમજાવેલા જ્ઞાનમાં રહેલ ફિલૉસૉફીને સરળતાથી સમજાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૮

## પુરુષોત્તમ વતે જ પુરુષોત્તમ પમાય

તા. ૪-૩-૨૦૧૬ ને શુક્રવારના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે પ્રાતઃ સભામાં લાભ આપવા માટે પધાર્યા હતા.

તેઓ સભામાં સ્વામિનારાયણીય ઉપાસના તથા તત્ત્વજ્ઞાનસંબંધી પ્રશ્નોત્તરી દ્વારા લાભ આપી રહ્યા હતા.

સભા દરમ્યાન ગાંધીનગરના આશિષભાઈ સોની ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કૃપા કરી દૃઢ કરાવેલ શ્રીજીમહારાજની સ્વરૂપનિષ્ઠા અંગે મહિમા ગાવા લાગ્યા કે, “બાપજી ! આપે અમને મહારાજનું સ્વરૂપ ન ઓળખાવ્યું હોત તો અમારું શું થાત ? આપે અમને મહારાજનો નિર્વિકલ્પ અતિ ઉત્તમ નિશ્ચય દૃઢ કરાવ્યો છે તે અમારી પર બહુ મોટી કૃપા કરી છે.”

તેઓ આટલું બોલ્યા કે તરત જ શ્રીહરિના કર્તાપણાની મૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજી ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતના સંદર્ભ દ્વારા બોલ્યા કે, “ ‘જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો તેમ પુરુષોત્તમનો નિશ્ચય પુરુષોત્તમ વતે જ થાય છે.’ આ મહારાજનો સિદ્ધાંત છે.

તમને મહારાજનો નિશ્ચય અમે નથી કરાવ્યો પણ અમારા દ્વારા મહારાજે જ

કરાવ્યો છે તેમ જ સમજવું. મહારાજ જ મહારાજના સ્વરૂપનો નિશ્ચય કરાવી શકે અને જેને નિશ્ચય કરાવવો હોય તેને જ કરાવે છે. માટે ક્યારેય એવું ન બોલવું કે તમે નિશ્ચય કરાવ્યો. અનાદિમુક્ત તો નિરંતર મૂર્તિમાં રહ્યા છે માટે નિશ્ચય કરાવે છે તે મહારાજ કરાવે છે.''

''બાપજી, પણ આપે અમને અવરભાવનો નિશ્ચય તો કરાવ્યો ને !'' આશિષભાઈ ગુરુવર્ય પ.પૂ. બાપજી સમક્ષ બે હાથ જોડી બોલ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી હાથનો લટકો કરતાં સાબદા થઈ આશિષભાઈ સામું જોઈ બોલ્યા :

''શ્રીજીમહારાજના સ્વરૂપનો નિશ્ચય કોઈ દેહધારીથી ન થાય અને દેહધારીને ન થાય. એ તો જેને શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી સ્વરૂપનો અવરભાવનો નિશ્ચય કરાવવો હોય તેને અનહદ કૃપા કરીને કરાવે છે.

એ નિશ્ચય સત્પુરુષ કે સંતો-ભક્તો દૃઢ કરાવે છે એવું દેખાય, પરંતુ નિશ્ચય કરાવનાર તો ખરેખર શ્રીજીમહારાજ જ છે. માટે મહારાજ નિશ્ચય કરાવે તો જ નિશ્ચય થાય.

શ્રીજીમહારાજના દિવ્યાતિદિવ્ય સ્વરૂપને આ લોકના દેહધારી વ્યક્તિ માયિકબુદ્ધિથી કેવી રીતે ઓળખી શકે ? એ તો જ્યારે મહારાજ કર્તા બનીને કોઈકના દ્વારા નિશ્ચય કરાવે ત્યારે તથા તેને દિવ્યબુદ્ધિનો યોગ આપે અને મહારાજ ગેડ્ય પડાવે ત્યારે જ નિશ્ચય થાય છે. એ વિના તો શ્રીજીમહારાજનું આવું સર્વોપરી સ્વરૂપ હાથ આવવું ઘણું કઠણ છે.''

આશિષભાઈને બાપજીની વાત સમજાતાં તેઓ એક દૃષ્ટિએ એમને નીરખી રહ્યા હતા. ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજી નિશ્ચયની વાત આગળ વધારતાં બોલ્યા :

''પરભાવનો નિશ્ચય એટલે કે અનાદિમુક્તની સ્થિતિ પણ પુરુષોત્તમરૂપ થઈને શ્રીજીમહારાજનું પ્રતિલોમ ધ્યાન કરીને પુરુષોત્તમરૂપ પાત્ર થાય તે પછી શ્રીજીમહારાજ જ કૃપા કરીને કરાવે છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીની શ્રીજીમહારાજના સ્વરૂપની આવી શુદ્ધ ઉપાસના દેખીને આશિષભાઈ તો મંત્રમુગ્ધ બની ગયા અને તેઓના મહાત્મ્યની દુનિયામાં ડૂબી ગયા.

તેમના મુખેથી શબ્દો સરી પડ્યા કે, ''આવી સ્વરૂપનિષ્ઠા અને ઉપાસનાની શુદ્ધિ કરાવી શ્રીજીમહારાજનો યથાર્થ સિદ્ધાંત સમજાવનાર આ બ્રહ્માંડમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી સિવાય બીજા મેં કોઈને દેખ્યા નથી.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતે સંપૂર્ણ પરભાવનું દિવ્ય સ્વરૂપ છે. તેઓનું સંપૂર્ણ કર્તાપણું શ્રીજીમહારાજનું જ છે. તેઓ અખંડ મૂર્તિમાં રહેનારા સત્પુરુષ છે છતાંય તેઓએ ભગવાન સ્વામિનારાયણનું જ એકમાત્ર કર્તાપણું, સનાતન ભગવાનપણું, સર્વોપરીપણું પ્રસ્થાપિત કર્યું છે. તેઓએ કદી શ્રીજીમહારાજની મહત્તાને ગૌણ થવા દીધી નથી.

ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરીને, પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના-ભક્તિ કરવી. આ કારણ સત્સંગના સિદ્ધાંતનું વિશ્વવ્યાપી પ્રવર્તન કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૨૯

## ગમ્મત સાથે જ્ઞાન પાયું છે

વચનામૃતની ભાષા પ્રથમ દૃષ્ટિએ સરળ જણાય છે. વાંચવામાં સાવ સરળ ગુજરાતી ભાષા છે પરંતુ તેમાં રહેલા તત્ત્વજ્ઞાનને સમજવું એટલું સહેલું નથી.

વચનામૃતના ગૂઢાર્થ ને રહસ્યાર્થ સમજવા માટે અનુભવી સત્પુરુષની જરૂર પડે છે. ગુરુવર્ય પ.પૂ. બાપજી વચનામૃતના અનુભવી સત્પુરુષ છે.

વચનામૃતના ગહન તત્ત્વજ્ઞાનને સાવ સરળપણે સમજાવવા તેઓ ગમ્મત સાથે જ્ઞાન પીરસે છે. અન્યથા વચનામૃતનું જ્ઞાન સાવ કંટાળાજનક લાગવાની શક્યતા હોય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી નાના નાના ટુચકા, નાનાં નાનાં દૃષ્ટાંતો આપીને સૈદ્ધાંતિક વાતને મુમુક્ષુને શીરાની જેમ ગળે ઉતરાવી દે છે. તેઓની તત્ત્વજ્ઞાનની સભામાં ભારે જ્ઞાનને તેઓ સાવ હળવી રમૂજ શૈલીમાં મુમુક્ષુને સમજાવી દે છે. એક દૃષ્ટિએ સૌને જણાય કે રમૂજોની છોળો ઊડે છે પણ તેઓ ત્યારે ભારે જ્ઞાન સાવ સરળતાથી મુમુક્ષુને શીખવી દે છે.

**પ્રશ્નોત્તર શૈલી :**

તત્ત્વજ્ઞાન જેવી અટપટી અને ગહન વાત સમજાવવા માટે સીધેસીધાં પ્રવચનોને

બદલે પ્રશ્નોત્તર શૈલી વધારે ઉપકારક, કાર્યક્ષમ ને કાર્યસાધક નીવડતી હોય છે, જે ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથાવાર્તાનું આગવું પાસું છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી આ પ્રશ્નોત્તર શૈલી દ્વારા સંતો-ભક્તોના સમાજની આંતરિક સમજણ તથા સ્થિતિ જાણી એનું યોગ્ય માર્ગદર્શન આપતા હોય છે. આ શૈલીથી તેઓ સૌના જ્ઞાનમાર્ગની પાત્રતા ચકાસતા હોય છે અને જ્યાં એમને કચાશ જણાય ત્યાં તેઓ વધુ પ્રશ્નો પૂછીને વાત વધુ ઘોળી સૂક્ષ્મ છણાવટનો પ્રાયોગિક દાખલો સરળતાથી સૌને સમજાવતા હોય છે.

તેઓ કેટલાક નીરસ રહેતા શ્રોતાઓને રસતરબોળ કરતા હોય તો કેટલાક જ્ઞાની શ્રોતાને સમસ્યા સર્જીને જ્ઞાનની દૃઢતા માટે પ્રાયોગિક ક્ષેત્ર આપતા હોય છે.

ટૂંકમાં સૌમાં વિચારોની મૌલિકતા વિકસે અને આધ્યાત્મિક જ્ઞાન વધારે સ્પષ્ટ અને સુદૃઢ બને તે માટે શ્રેષ્ઠ કેળવણીકાર તરીકેની ભૂમિકાથી તેઓ પ્રશ્નોત્તર કરાવતા હોય છે.

**અન્ય આગવી શૈલી :**

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અવરભાવની એક ખાસિયત રહી છે કે તેઓ જ્યાં જ્યાં સભા કરે ત્યાં ત્યાં કેટલાક હરિભક્તોને આગવી રીતે બોલાવે અને સંબોધતા હોય છે.

જેમ કે સુરેન્દ્રનગરની સભા હોય ત્યારે ત્યાંના હરિભક્ત પ્રભુદાસને 'પ્રમુખ' કહીને સંબોધે. હરિભક્ત સાવ સાદા ને સરળ છે. ને સાથે સાથે રમૂજી પણ છે.

તેઓ એવા જવાબ આપે કે, ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા આખી સભાને હસવું આવે જ. તેમને ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ પ્રમુખ જ કહે. અને આ સાંભળી એમને પણ આનંદ વર્તે.

એવી જ રીતે સ્વામિનારાયણ ધામની પ્રાતઃ સભામાં લાભ આપતા હોય ત્યારે એવા તત્ત્વજ્ઞાનનો પ્રશ્ન આવે ત્યારે તેઓ કહેતા હોય છે, ''આપણે પહેલાં પંચનો અભિપ્રાય લઈએ. તેમની પાસેથી જવાબો મેળવીએ.''

આ પંચ એટલે જ્ઞાનલક્ષી ઉત્તરો સારા આપતાં હોય તેવા પાંચ સંતો છે. અને તેમને જ્ઞાનમાર્ગમાં આગળ વધારવા ગુરુવર્ય પ.પૂ. બાપજી ખૂબ પ્રોત્સાહન આપે ને તત્ત્વજ્ઞાનની દૃઢતા થાય તે માટે એમની પાસે પ્રથમ જવાબ લે.

ઘણી વાર ગુરુવર્ય પ.પૂ. બાપજી સભામાં વચનામૃતના કોઈ એક વાક્યનો અથવા કોઈ શબ્દનો અર્થ પૂછે અને પછી પૂછે કે, ''આનો ગુજરાતી અર્થ શું થાય ?''

બધાને થાય કે, 'ભાષા તો ગુજરાતી જ છે. પછી ગુજરાતી અર્થ શું કરવો ?'

પરંતુ એમની આ આગવી શૈલી છે. ગમ્મત સાથે જ્ઞાન આપવાની સરળ રીત છે.

તેમનો પૂછવાનો હેતુ એવો હોય છે કે આ વાક્ય કે શબ્દમાંથી શું રહસ્ય ફલિત થાય છે ?

અથવા આ વાક્ય કયા અર્થમાં કહેવાયું છે તે કહો !

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ગુજરાતી અર્થ કરવાવાળા કોઈક જ નીકળે.

પછી જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી તેનો એક જ શબ્દમાં ઉત્તર કરે ત્યારે સભાજનોને થાય કે, "બરાબર, એનો અર્થ આમ જ થાય. અહીં આવા હેતુથી જ આ વાત કહેવામાં આવી છે."

●●●

ઘણી વાર સભામાં પ્રશ્નોની ખૂબ ચર્ચા ચાલે. ગુરુવર્ય પ.પૂ. બાપજી પ્રશ્નને ખૂબ રસપ્રદ રીતે સભ્યોમાં અંદરોઅંદર ચર્ચાવે, દરેકનો અભિપ્રાય લે.

અને તેમાં જો કોઈની વાત ખોટી પડે તો તેઓ રમૂજ કરે કે, "આને જેલમાં લઈ જાવ."

ફરી બીજા કોઈનો ઉત્તર યોગ્ય ન લાગે; તો વળી કહેતા હોય છે, "આને પણ જેલમાં લઈ જાવ."

અને જો કોઈ પોતાની વાતને સિદ્ધ કરવા મથે ને અન્યની વાત સાંભળે નહીં...

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી ગમ્મત કરતાં કહેતા હોય છે, "આ કોઈનું માનતો નથી, બોલાવો પોલીસ."

આમ, ગહન તત્ત્વજ્ઞાનની ચર્ચામાં હળવી ગમ્મતો કરાવી સાવ હળવું વાતાવરણ સર્જીને વચનામૃતના ગૂઢાર્થ રહસ્યને સમજાવવાની એમની આગવી કળા છે... રીત છે... અદ્ભુત શૈલી છે.

**દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી :**

ગુરુવર્ય પ.પૂ. બાપજી અધ્યાત્મનાં ગૂઢ અને સૂક્ષ્મતમ જ્ઞાનને સમજાવવા માટે વિવિધ લૌકિક દૃષ્ટાંતો, મૌલિક દૃષ્ટાંતો તથા સત્સંગના સંતો-હરિભક્તોનાં પ્રસંગો-દૃષ્ટાંતો એમની કથાવાર્તામાં વિપુલ પ્રમાણમાં કહેતા હોય છે.

એમને જ્યારે, જ્યાં, જેને જે સમજાવવું છે, ત્યારે, ત્યાં, તે વ્યક્તિ અને

વિષયને અનુરૂપ જ દૃષ્ટાંત ખૂબ જ ટૂંકમાં અથવા જરૂર જણાય તો વિસ્તૃત રીતે સમજાવતા હોય છે.

આ દૃષ્ટાંત ઉપલક દૃષ્ટિએ સામાન્ય જણાતા હોય પણ તેમાં ખૂબ ગર્ભિત તત્ત્વજ્ઞાન સમાયેલું જોવા મળતું હોય છે.

તેઓ દૃષ્ટાંત કહ્યા બાદ તેનો સિદ્ધાંત સમજાવતા હોય છે.

જેથી જે તે આધ્યાત્મિક બાબતને સચોટ પુષ્ટિ મળતી હોય છે. ત્યારે આવો, એમની દૃષ્ટાંતકલાનાં કેટલાંક દૃષ્ટાંતો જોઈએ :

અંધેરી નગરી ને ગંડુ રાજા. આ દૃષ્ટાંત એમની આગવી શૈલીમાં સાંભળીએ એટલે ખૂબ ગમ્મત પડે.

ને છેલ્લે દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજાવે કે, જો ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા મળતા હોય એ સાર-અસારનો વિવેક નથી. ભાજી અને ખાજાનું મૂલ્ય સરખું ન હોય એમ જેને સત્સંગમાં વિવેક નથી તેઓ અવતાર અને અવતારીનું મૂલ્ય સરખું સમજે છે.

સ્વામિનારાયણ ભગવાન અને અન્ય પરોક્ષ અવતાર આ બધાને એક જ સમજાય તો ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા જેવું થયું કહેવાય.

●●●

કોઈ સ્ત્રી પોતાના પતિના ૧૮''x૨૪''ની સાઈઝના સો ફોટા ઘરમાં રાખે ને પછી અન્ય પરપુરુષનો ૧''x૧''નો નાનકડો ફોટો રાખે તો તે પતિવ્રતા કહેવાય ?

આ દૃષ્ટાંત સાવ નાનકડું છે. પણ એમાં કેટલો મોટો સિદ્ધાંત સમાયેલો છે :

એમ મંદિરોમાં કે આપણા ઘરમાં શ્રીજીમહારાજની મોટી મૂર્તિ હોય. પણ જો સાથે સાથે અન્ય પરોક્ષ દેવ-અવતારને રાખ્યા હોય... ભલે ને સાઈડમાં નાના હોય તોપણ તેની પતિવ્રતાની ભક્તિ કહેવાય નહીં.

શું પતિવ્રતા સ્ત્રી હોય તે આવડો ૧''x૧''નો નાનો ફોટો પરપુરુષનો રાખે ? ના રાખે.

અને જો એને રાખવો હોય તો એનો ધણી એને રાખવા દેશે ? ન જ રાખવા દે.

ને જો સ્ત્રી નાનો એવો પણ પરપુરુષનો ફોટો રાખે તો તેનું પતિવ્રતાપણું જાય ને વ્યભિચારિણી ભક્તિ કહેવાય.

માટે આપણે મંદિરોમાં તથા ઘરમાં પતિવ્રતાની પેઠે મહારાજ અને મુક્તોની

મૂર્તિ જ રાખવી.

એવી જ રીતે ઘરમાં પતિ-પત્ની, દીકરા-દીકરી તથા માબાપ એમ સંયુક્ત ફોટો હોય તો તે જોઈને કોઈને પણ એમ થાય કે આમના ઘરમાં સંપ સારો છે. આ સંપીલું કુટુંબ છે.

પણ જો ફોટામાં પતિની જોડે બીજી સ્ત્રીનો ફોટો હોય. પત્નીની જોડે અન્ય પુરુષનો ફોટો હોય. એ સિવાય અન્ય જાત્ય-જાત્યના બહારના ફોટા મૂક્યા હોય તો કેવું લાગે ?

લોકો ફોટો જોઈને કહે કે, આ તો વર્ણશંકર લાગે છે !! એમ જો આપણા ઘરમાં મહારાજ અને મુક્તોની જ મૂર્તિઓ હોય તો કોઈ પણને લાગે કે આ એકનિષ્ઠાવાળા છે. પતિવ્રતાની ભક્તિવાળા છે.

●●●

દુકાનની બહાર બોર્ડ માર્યું હોય : હાર્ડવેરની દુકાન, પણ દુકાનની માંહી હોય નર્યું કરિયાણું તો એ હાર્ડવેરની દુકાન ન કહેવાય.

અને જો દુકાનની બહાર બોર્ડ માર્યું હોય કરિયાણાની દુકાન પણ માંહી હાર્ડવેર ભર્યું હોય તો તે કરિયાણાની દુકાન ન કહેવાય.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત કે, મંદિરની બહાર સ્વામિનારાયણ મંદિર લખ્યું હોય પણ મંદિરમાં અન્ય દેવ-અવતારોનાં જ મુખ્ય દર્શન થતાં હોય તો બોર્ડ હાર્ડવેરનું, પણ માંહી હોય કરિયાણું એના જેવું થયું કહેવાય.

આવી રીતે એકદમ સરળ દૃષ્ટાંત વડે સર્વોપરી સિદ્ધાંતોની સમજૂતી આપી દે કે મુમુક્ષુને એમની વાત સહેલાઈથી સમજાઈ જાય.

શાસ્ત્રોના ગહન તર્ક તેઓ સહુ કોઈને જલદી સમજાવે ને વળી તેમાં ગમ્મત પણ ઉમેરે એટલે કંટાળા વગર તત્ત્વજ્ઞાનની ઊંચી વાતોની ગેડ્ય પડી જાય.

●●●

જેમ કે, બટાકાથી ભરેલ માટલું હોય તેમાં હાથ નાખે તો હાથમાં બટાકા જ આવે. માટલું આખું ઊંધું વાળો કે માટલામાં ઊંચે, નીચે, ગમે ત્યાં હાથ ફેરવો તોપણ બટાકા જ નીકળે. કદી ડુંગળીનો દડો ન નીકળે. પરંતુ બટાકાના માટલામાં હાથ નાખ્યો ને હાથમાં ડુંગળીનો દડો જ આવ્યો એનો અર્થ કે બટાકાના માટલામાં ડુંગળી ભરેલી જ હતી એટલે જ હાથમાં આવી. બાકી જો એકલા બટાકા જ હોય તો બટાકા સિવાય કશું જ હાથમાં આવે નહીં.

એવી રીતે **જીવમાં એક શ્રીજીમહારાજની જ નિષ્ઠા હોય** તો એકમાત્ર **શ્રીજીમહારાજની જ વાતો નીકળે** પણ જો સાથે સાથે અન્ય અવતારોની વાતો નીકળે છે તેનો અર્થ કે એના જીવમાં બીજું પરોક્ષ પણ ભરેલું જ છે. એટલે જ એ બહાર આવે છે.

• • •

ગાડીમાં ડીઝલ જોઈએ; તો જ ગાડી ચાલે. પાંચ લાખની ગાડીમાં તો ડીઝલ જોઈએ પણ પચીસ લાખની ગાડી ડીઝલ વગર ચાલે ?? ગાડી પાંચ લાખની હોય કે પચીસ લાખની હોય તેમાં ડીઝલ જોઈએ જ. ડીઝલ વગર ગાડી જૂની હોય કે નવી હોય ચાલે જ નહીં.

**એમ શ્રીજીમહારાજની નિષ્ઠા-નિશ્ચય એ ડીઝલ છે. તેના વગર સત્સંગની ગાડી ચાલે જ નહીં. સત્સંગમાં જૂના હોય કે નવા હોય, કોઈ નાના હોય કે મોટા હોય તેને પણ નિષ્ઠા વગર ચાલે જ નહીં.** સાધનો ગાડીની કિંમત જેવાં છે. જે વધુ સાધનો કરે તે વધુ કિંમતની ગાડી કહેવાય પણ જો તેમાં ડીઝલરૂપી નિષ્ઠા ન હોય તો તે ગાડી ચાલે નહીં. માટે શ્રીજીમહારાજના સહુ કોઈ નાના-મોટા આશ્રિતોને નિષ્ઠા જોઈએ, જોઈએ ને જોઈએ જ. તેના વગર કોઈને ચાલે નહીં. પછી ભલે તે સત્સંગમાં નવા હોય કે જૂના હોય !

• • •

કોડિયામાં દિવેલ જોઈએ; તો જ દીવો બળે. જેટલું દિવેલ હોય એટલો જ દીવો બળે. કોડિયું માટીનું હોય તો તો દિવેલ જોઈએ પણ સોનાનું કોડિયું હોય તો દિવેલ જોઈએ ??? હા. દીવો સળગાવવા દિવેલ જોઈએ જ. કોડિયું માટીનું હોય કે સોનાનું હોય તે મહત્ત્વનું નથી. દીવામાં દિવેલ મહત્ત્વનું છે.

**એમ સાધન કરતાં સ્વરૂપનિષ્ઠા વધુ મહત્ત્વની છે. સાધારણ સાધન એટલે માટીનું કોડિયું અને શ્રેષ્ઠ સાધન એટલે સોનાનું કોડિયું** અને **દિવેલ એટલે સ્વરૂપનિષ્ઠા.** સાધન ગમે તેટલાં આકરાં કરવામાં આવે પણ જો સ્વરૂપનિષ્ઠા દૃઢ ન હોય તો દીવો બળે નહિ અર્થાત્ જીવાત્માનો મોક્ષ થાય નહીં.

• • •

વડોદરા જવું હોય તો વડોદરાનો જ રસ્તો પકડવો પડે. તો વહેલું-મોડું વડોદરા આવે. પણ બધાય રસ્તે આંટા મારવા જાય તો ક્યારેય ન આવે. ખર્ચો થાય, સમય બગડે અને જો મહેસાણાના રસ્તે ચડી જવાય તો વડોદરા છેટું થઈ

જાય.

એવી રીતે શ્રીજીમહારાજનો જ યથાર્થ નિશ્ચય કર્યો હોય તો જ શ્રીજીમહારાજ હાથમાં આવે, પણ જેનો ને તેનો નિશ્ચય હોય - આપણે તો બધાય અવતાર સરખા, કોઈ નાના-મોટા નહીં. એમ સર્વદેશી સમજીએ તો આખી જિંદગી જતી રહે તોપણ શ્રીજીમહારાજનો નિશ્ચય થાય જ નહીં. **જેનો ને તેનો મહિમા સમજવાથી શ્રીજીમહારાજ દૂર થઈ જાય માટે શ્રીજીમહારાજનો દૃઢ નિશ્ચય કરીને એ એક જ માર્ગે ચાલવું.**

●●●

ખેતરમાં ૧૦-૧૦ ફૂટના ૧૦૦ ખાડા ખોદીએ તો પાણી આવે ?? ન જ આવે. પણ જો એક જ જગ્યાએ ૧૦૦૦ ફૂટ ખોદે તો પાણી નીકળે. ખેતરમાં ૧૦-૧૦ ફૂટના ૧૦૦ ખાડા કરવાથી ખેતર બગડે, પૈસા બગડે ને મહેનત વ્યર્થ જાય. **શ્રીજીમહારાજની એકની જ નિષ્ઠા હોય તો કામનું પણ જો દેવો-અવતારો વગેરેની નિષ્ઠા-ઉપાસના થાય તો તે ૧૦-૧૦ ફૂટના ખાડા કર્યા સમાન છે ને એકમાત્ર શ્રીજીમહારાજની જ નિષ્ઠા-ઉપાસના એ ૧૦૦૦ ફૂટના બોર સમાન છે.** એવી રીતે જો એક જ નિષ્ઠા રાખવામાં આવે તો ફળ મળે અને કોઈ નિષ્ઠાનું કે નિશ્ચયનું ઠેકાણું ન હોય, જાત્ય-જાત્યની નિષ્ઠા હોય તો માત્ર મજૂરી ને મહેનત જ છે.

●●●

બૅંકમાં આપણા ખાતામાં બૅલેન્સ હોય ને પછી બૅંકમાંથી પૈસા ઉપાડવા જઈએ તો મૅનેજર વાયદો કરશે નહિ અને કલાક પછી આવો એવું પણ નહિ કહે. તુરત તમારું બૅલેન્સ જોઈને પૈસા આપી દેશે અને જો ખાતામાં બૅલેન્સ નહિ હોય ને જો બૅંકમાં તમારા મામા મૅનેજર હોય, કાકા કૅશિયર હોય તોપણ એક પૈસોય કોઈ આપશે નહીં.

**માટે જેને બૅલેન્સ એટલે કે સર્વોપરી નિષ્ઠા છે, નિશ્ચય છે તેને મહારાજ વાયદો કરતા નથી. જો એવી દૃઢ નિષ્ઠા ન હોય તો પછી મહારાજ મારી સામું કેમ જોતા નથી ?**

●●●

એક માંકો નામનો મરદ જાત્રા કરવા નીકળ્યો. રસ્તામાં પૈસા ખૂટ્યા.

એક વેપારીની પેઢીએ જઈને વાત કરી કે, ‘‘ભાઈ, જાત્રાએ નીકળ્યો છું ને

પૈસા ખૂટ્યા છે. જો તમે મારી ઉપર વિશ્વાસ કરો તો મને ઉછીના પૈસા આપો. હું ઘરે પહોંચીને તમને દૂધે ધોઈને પાછા મોકલી આપીશ.''

પેલા વેપારીએ વિચાર્યું કે, 'લાવ જોવા તો દે કે આ માણસ સાચો છે કે ખોટો ?'

એટલે વેપારીએ કહ્યું, ''ભાઈ, બદલામાં તારે તારી મૂછનો વાળ આપવો પડશે.''

માંકાએ મૂછનો વાળ તોડીને આપ્યો અને કહ્યું, ''લ્યો આ માંકાની મૂછનો વાળ, બસ.''

વેપારીએ કહ્યું, ''આ વાળ તો વાંકો છે, બીજો આપો.''

માંકાએ કહ્યું, ''શેઠ, વાંકો, વાંકો તોય માંકાની મૂછનો વાળ છે. હવે બીજો વાળ ન મળે. તમારે પૈસા ન આપવા હોય તો કાંઈ નહીં.''

ચતુર વેપારીએ તેને પૈસા આપી દીધા. ગામમાં પહોંચ્યા પછી માંકાએ આ બધી વાત કરી.

આ સાંભળી તેનો મિત્ર પણ ફરતો ફરતો તે વેપારીને ત્યાં પહોંચ્યો ને પૈસા માગ્યા.

વેપારીએ એ જ રીતે મૂછનો વાળ માગ્યો. પેલાએ તરત તોડીને આપ્યો.

વેપારીએ કહ્યું, ''આ વાળ તો વાંકો છે.''

પેલાએ કહ્યું, ''બીજો લ્યો, એમાં શું !'' વેપારીએ કહ્યું, ''આ પણ વાંકો છે.''

પેલાએ કહ્યું, ''લ્યો ત્રીજો.'' એમ સાત-આઠ વાળ તોડી આપ્યા.

વેપારીએ કહ્યું, ''છાનોમાનો દુકાનનાં પગથિયાં ઊતર. તું ખોટો છે. તને પૈસા નહિ મળે.''

પેલાએ કહ્યું, ''કેમ નહિ મળે ? માંકાને તો આપ્યા હતા.''

વેપારીએ કહ્યું, ''તને તારા મૂછના વાળની કિંમત નથી, ગૌરવ નથી જ્યારે માંકાને એની મૂછના એક-એક વાળની કિંમત હતી, ગૌરવ હતું, એવા માણસ પર ભરોસો કરાય અને એ માણસ કદી પૈસા ખોટા ન કરે.''

આપણને આવા સર્વોપરી, સનાતન સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, એની આપણને કિંમત છે ? એનું ગૌરવ છે ? કે પછી પરોક્ષવાળાને રાજી કરવાનું, પૈસાદારને રાજી કરવાનું અને માણસોને જેવું સારું લાગે તેવું કરવાનું તાન રહે છે ?

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણની જ એકમાત્ર નિષ્ઠા જોઈએ અને એનું જ એકમાત્ર ગૌરવ જોઈએ તો જ આપણે શ્રીજીના સાચા આશ્રિત.

એવા ગૌરવવાળા, નિષ્ઠા-નિશ્ચયવાળા ભક્ત પર જ શ્રીજીમહારાજ ભરોસો કરે છે ને તેને જ પોતાની મૂર્તિ ધીરે છે. અર્થાત્ એને જ મૂર્તિનું સુખ આપે છે.

• • •

પાંચ પકવાન જમ્યા હોય ને સાથે મૂળો પણ જમાડ્યો હોય તો ઓડકાર આવે ત્યારે પાંચ પકવાન દબાવી મૂળાનો ઓડકાર જ આવે છે.

તો જો શ્રીજીમહારાજના સ્વરૂપને યથાર્થ જાણ્યું હોય ને એ દૃઢ નિશ્ચય હોય તો કદી પરોક્ષની વાત મુખેથી નીકળે નહીં. એકમાત્ર શ્રીજીમહારાજની જ વાતો (ઓડકાર) નીકળે.

• • •

કોઈ એક કંપનીમાં નોકરી કરે, એક જગ્યાએ સ્થિર થાય તો કંપની તેનું પ્રૉવિડન્ટ ફંડ જમા કરે, તેને હક્કો મળે, રજા મળે.

કેમ કે તમે એક કંપનીને વફાદાર છો પણ જો રોજ નોકરી બદલ્યા કરો, નવી નવી કંપની પકડો ને પછી છોડી દો તો કોઈ તમને કાયમી હક્ક આપે નહીં.

તેમ ઘડીકમાં આને માનવું ને ઘડીકમાં પેલાને માનવું અથવા બધુંય ગોળ-ખૉળ સરખું જ માનવું તો એમાં કાંઈ ન વળે.

એક નિષ્ઠા માત્ર શ્રીજીમહારાજની જ રાખવી. તો જ મહારાજ પોતાની મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે છે.

ગમ્મત સાથે શુદ્ધ સર્વોપરી જ્ઞાનના અમૃતસમાન પીયૂષ પાનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...







"જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી." (ગ.પ્ર. ૩)

– ભગવાન શ્રી સ્વામિનારાયણ

# 30

## નિર્માનીપણાના પ્રેરણામૂર્તિ

ઈ.સ. ૨૦૦૬ની સાલમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી મહેસાણા પધાર્યા હતા.

ગુલાબી પથ્થરથી નવનિર્મિત મહેસાણા મંદિરના પ્રથમ માળે શિલાનું આરોપણ થતું હતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તોને આ પ્રોગ્રામમાં લાભ આપી રહ્યા હતા.

પ્રોગ્રામની પૂર્ણાહુતિ બાદ સૌ હરિભક્તો ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે આવી રહ્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંસ્થાના વડાપદે બિરાજમાન હોવા છતાં એક અદ્‌ભુત લીલા કરી.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતાના ઊંચા આસને બિરાજવાને બદલે પ.પૂ. સ્વામીશ્રીના આસને બિરાજી ગયા.

અલ્પ સમયમાં પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા. ગુરુવર્ય પ.પૂ. બાપજીને નીચા આસને બિરાજેલા દર્શન કરી પ્રાર્થના કરી કે, ‘‘દયાળુ, આપ આપના આસન પર

બિરાજો.''

જેને ઊંચા કે નીચા આસનનો કોઈ ભેદ નથી, કોઈ માન-મોટપ, સત્તા કે પ્રભાવ દર્શાવવાનો લૌકિક ખ્યાલ જ નથી.

સદૈવ શ્રીજીમહારાજની મૂર્તિના અલૌકિક ખ્યાલમાં રાચતા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, ''તું ત્યાં બેસી જા.''

પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, ''દયાળુ, આપ અમારા ગુરુસ્થાને છો માટે આપનું આસન અમારા બધા કરતાં ઊંચું જ હોવું જોઈએ.''

ત્યારે નિર્દોષ અને નિખાલસભાવે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે,''આસન ઊંચું હોય કે નીચું એમાં શું ફેર પડી જવાનો છે ? આપણે તો મહારાજને બિરાજમાન કરવાના; માટે તું બેસી જા.''

પ.પૂ. સ્વામીશ્રીએ વિનય વચને બે-ત્રણ વાર પ્રાર્થના કરી કે,

''દયાળુ, આપ ઊંચા આસને બિરાજો; એ જ શોભે. આપના આસનમાં અમે ન શોભીએ.''

છેવટે પ.પૂ. સ્વામીશ્રીની પ્રાર્થનાનો સ્વીકાર કરી ગુરુવર્ય પ.પૂ. બાપજી યથાયોગ્ય આસન પર બિરાજ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી વચ્ચેની આ દિવ્ય લીલામાં ગુરુવર્ય પ.પૂ. બાપજીના નિર્માનીપણાનાં, દાસત્વભાવનાં દર્શન કરતાં સૌ વિચારમગ્ન થઈ ગયા.

અને અંતરથી વંદી રહ્યા કે, સંસ્થાના સર્વોચ્ચ ગુરુપદે બિરાજતા હોવા છતાં પોતાના શિષ્યના નીચા આસન પર બેસવામાં નહિ નાનપ કે નહિ સંકોચ. પોતાના મોભાનો કે પછી સત્તાનો કોઈ અહેસાસ જ નહીં.

• • •

૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભાનો લાભ આપવા પધાર્યા હતા.

પ્રાતઃ સભામાં વચનામૃતનાં ગૂઢ રહસ્યો સમજાવીને વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સૌ સંતો-ભક્તોને ખૂબ સુખિયા કર્યા.

ત્યારબાદ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી સંત આશ્રમમાં પોતાને આસને પધાર્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અન્ય સંતો સાથે સત્સંગલક્ષી વાતચીત કરી રહ્યા હતા.

તે દરમ્યાન એક સંત ગુરુવર્ય પ.પૂ. બાપજીનાં દર્શન માટે પધાર્યા.

તેઓને જોતાં જ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સત્સંગના વિકાસ અંગે તેમજ હરિભક્તોના આધ્યાત્મિક-વ્યવહારિક ક્ષેમકુશળતાના સમાચાર પૂછ્યા.

પેલા સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીની રુચિ અનુસાર તમામ માહિતી જણાવી.

ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "હવે પછી ક્યારે વિચરણમાં જવાનું છે ?"

ત્યારે પેલા સંતે કહ્યું, "બાપજી, અત્યારે હાલ સાત-આઠ દિવસ અહીં ધામ ઉપર જ રોકાવાનું છે."

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલી ઊઠ્યા, "કેમ ?"

ત્યારે પેલા સંતે કહ્યું, "બાપજી, આ સેવકની જોડે જે સંત હતા તે અન્ય સંતોની જોડમાં બહારગામ વિચરણમાં ગયા છે. એટલે સેવકનું વિચરણ થોડા દિવસ પૂરતું બંધ રાખ્યું છે."

આટલું સાંભળતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું,

"સત્સંગ વિચરણ બંધ નો રખાય. ચાલ, હું તારી જોડમાં આવું. આપણે બેય વિચરણ કરશું અને ઠેરઠેર સભાઓ કરશું."

આહાહા...!! કેટલું બધું એ દિવ્યપુરુષનું નિર્માનીપણું !!

•••

સાધકમુક્તો, સમર્પિત મુક્તો જો કોઠારમાં સેવા કરતા હોય તો તેમની પાસે ઘઉં સાફ કરવા પણ બેસી જાય.

નીચી ટેલની સેવામાં પણ કોઈ નાનપ લાગે જ નહીં.

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘાટલોડિયા પ્રાતઃ સભામાં લાભ આપવા પધાર્યા હતા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી લઘુ કરવા માટે બાથરૂમમાં પધાર્યા.

બાથરૂમમાં વાર લાગી અને અંદરથી સાવરણાનો અવાજ આવતો હોવાથી સંતોએ બહારથી બારણું ખખડાવ્યું.

જોયું તો ગુરુવર્ય પ.પૂ. બાપજી સાવરણો લઈ બાથરૂમ સાફ કરતા હતા.

સંસ્થાના ગુરુ હોવા છતાં સાવરણો લઈ બાથરૂમ સાફ કરવાની સેવામાં પણ કોઈ નીચી ટેલની સેવા કર્યાનો સંશય નહીં.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનો આવો નિર્માનીપણે સેવા કર્યાનો આગ્રહ જોઈ મસ્તક

જરૂર ઝૂકી જાય.

દાસત્વભાવ અને નિર્માનીપણું ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના જીવનમાં એક અંગની જેમ એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે, એમના અવરભાવના વ્યક્તિત્વમાંથી, એમના જીવનની હર એક ક્રિયામાંથી સહજમાં ક્ષણે ક્ષણે તેનાં દર્શન થાય.

જેનાં દર્શન કરતાં સૌ કોઈના મુખે સહસા જ શબ્દો સરી પડે કે, **“ગુરુવર્ય પ.પૂ. બાપજી એટલે દાસત્વભાવનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ જ જોઈ લ્યો...!”**

નિર્માનીપણાની સાક્ષાત્ મૂર્તિ એવા દિવ્યપુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૧

## થોકડો ફેરવી નાખ્યો છે !

૧૫-૨૦ વર્ષ પહેલાં ગુરુવર્ય પ.પૂ. બાપજી અને વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી સંસ્થાની જૂની ગાડી જીપમાં બેસી પંચમહાલ ગોધર ખાતે વિચરણમાં પધાર્યા હતા.

રસ્તામાં બાલાસિનોર પછી લુણાવાડા જતાં ત્રણ રસ્તા આવે છે ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ડ્રાઈવરને ત્રણ રસ્તા આગળ ગાડી ઊભી રાખવા કહ્યું.

ત્યાં બે નાનાં બાળકો ઊભાં હતાં. તે બંને ભાઈઓ હતા. એકની ઉંમર આશરે દસ વર્ષની અને બીજાની ઉંમર બાર વર્ષની હશે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મોટા બાળકને પૂછ્યું કે, ‘‘લુણાવાડા જવાનો રસ્તો કયો ?’’

ત્યારે તે બાળકે આંગળીનો ઈશારો કરી કહ્યું કે, ‘‘આ રસ્તે ચાલ્યા જાવ... એ રસ્તો લુણાવાડા તરફનો છે.’’

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ નાના બાળકને ફરી લુણાવાડાનો રસ્તો પૂછ્યો. ત્યારે તે બાળકે પણ તે જ રસ્તો બતાવ્યો.

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ડ્રાઈવરને તે રસ્તે ગાડી લેવા કહ્યું.

થોડી વાર પછી વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું કે, ‘‘બાપજી, આપણે દર વખતે આ જ રસ્તે ગોધર જઈએ છીએ અને આપને તથા ડ્રાઈવરને તો આ રસ્તાની ખબર જ હતી તો પછી આ બાળકોને રસ્તો પૂછવાનો શો હેતુ ? એમાંય એક નહિ પણ બંનેને કેમ પૂછ્યું ? આપની આ દિવ્ય લીલામાં કાંઈ સમજાયું નહીં.’’

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, ‘‘આજે અમારે એ બંને બાળકોનું પૂરું કરવું હતું. તેથી અમે બંનેને રસ્તો પૂછ્યો. જો એકને જ પૂછીએ તો એકનું જ પૂરું થાય. બીજાનું અધૂરું રહે. માટે અમે બંનેની રસ્તો બતાવવાની અલ્પ સેવા લઈને તેમને મૂર્તિના સુખના આશીર્વાદ આપી દીધા.

તેમણે અમને આ લોકનો રસ્તો બતાવ્યો તો અમે તેમને ઠેઠ મૂર્તિના સુખનો રસ્તો બતાવી દીધો. તેમને જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્ત કરીને તેમનો આજે થોકડો ફેરવી નાખ્યો.’’

‘‘બાપજી, ‘થોકડો ફેરવી નાખ્યો;’ એટલે શું ? કંઈક સમજાય તેમ જણાવો તો સારું !’’ પ.પૂ. સ્વામીશ્રીએ પૂછ્યું.

‘‘સ્વામી, શાસ્ત્રો એવું કહે છે કે અણુ વિભુ થાય નહીં. એટલે કે જીવ કદી ભગવાનરૂપ ન થઈ શકે.

પરંતુ સ્વામિનારાયણ ભગવાનના એવા આશીર્વાદ છે કે જો શ્રીજીમહારાજના સંકલ્પ સમા એવા અનાદિમુક્ત સત્પુરુષ મળે તો જીવને વર્તમાન ધરાવી તેના પાપ-પુણ્યનાં ખાતાં ચૂકતે કરી વિના સાધને ને વિના પાત્રતાએ પળમાં મૂર્તિમાં રાખી જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્ત કરે છે. એ જ આખો થોકડો ફેરવી નાખ્યો કહેવાય !

જેમ એક ભાઈ રેશનિંગની દુકાને વસ્તુ લેવા માટે ગયા. ત્યાં વધુ ભીડ થતી હોવાથી સવારે સૌથી પહેલાં જઈને તેમણે કાર્ડ ટેબલ પર મૂકી દીધું કે જેથી સૌથી પહેલો વારો આવે. પણ જેમ જેમ બીજા લોકો આવતા ગયા તેમ તેમ કાર્ડનો ઢગલો તેમના કાર્ડની ઉપર થતો ગયો ને તે ભાઈનું કાર્ડ સૌથી નીચે જતું રહ્યું.

પેલા ભાઈ નિરાશ થઈ ગયા કે, ‘આજે પણ મારો છેલ્લો જ નંબર લાગશે !’ પણ જ્યારે વસ્તુનું વિતરણ કરવાનું શરૂ થયું ત્યારે બધાં જ કાર્ડનો આખો થોકડો ફેરવી દીધો ને પેલા ભાઈનું કાર્ડ સૌથી ઉપર આવી ગયું અને સૌથી પહેલું નામ તેમનું લેવાયું તેથી તે ભાઈને તો ખૂબ આશ્ચર્ય થયું કે આ કેવી રીતે શક્ય

બન્યું ?

ત્યારે કોઈએ કહ્યું કે, 'થોકડો ફેરવી નાખ્યો.' તેમ આપણને આ શ્રીજીમહારાજની અને અનાદિમુક્તના સર્વોપરી પદની પ્રાપ્તિ થવી એ અતિ દુર્લભ હતી. પણ મહારાજ અને મોટાપુરુષે આપણા પર અનહદ કૃપા કરીને આપણો થોકડો ફેરવી નાખ્યો છે !

જીવકોટિમાંથી સીધા જ અનાદિમુક્તની ટોપ પરની પદવી પર બેસાડી દીધા છે. માટે હવે પોતાને દેહરૂપ માનવું છોડી 'મને ૧૧૦% અનાદિમુક્ત કર્યો જ છે.' તેની જીવસત્તાએ દૃઢતા કરો અને મૂર્તિરૂપ થઈને સર્વે ક્રિયા કરો. તો મહારાજ જલદી મૂર્તિનું સુખ આપશે.''

આપણને જીવમાંથી અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૨

## દિવ્ય આશીર્વાદ

શ્રીહરિના સંકલ્પથી વિચરતા દિવ્ય કલ્યાણકારી સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના આશીર્વાદની હેલી એટલે અનંતના સુખનું દ્વાર અને અનંતના દુઃખનું પૂર્ણવિરામ.

તેઓની અમીભરેલી આશીર્વર્ષાથી જ સઘળો સત્સંગ સમાજ અવરભાવમાં અને પરભાવમાં સુખિયો થયો છે.

તેઓના હૈયામાં અનંત જીવોનું હિત કરી પરોપકારની તથા તેમનો આત્યંતિક મોક્ષ કરી ભગવાનની મૂર્તિનું સુખ અપાવવાની અપાર કરુણાનું ઝરણું ચિરંતન વહ્યા કરે છે.

તેઓના દિવ્ય આશીર્વાદે કરીને જ અનેક ભાવિક ભક્તોનાં તન, મન, ધન અને જનનાં દુઃખો ટળ્યાં છે.

તો વળી, આધ્યાત્મિક માર્ગમાં વિઘ્ન કરતાં દૈહિક સ્વભાવો-પ્રકૃતિ, દોષો, વાસના વગેરે પણ નિવૃત્ત થયા છે.

સાવ પામર જેવા જીવનમાંથી પ્રભુને ગમતું દિવ્યજીવન જીવતાં આદર્શ પાત્રો

બન્યાં છે અને શ્રીહરિનો અંતરનો રાજીપો કમાયા છે. તેમજ ફદલમાં આત્યંતિક મોક્ષ પ્રાપ્ત કરી જન્મમરણથી રહિત થયા છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વિવિધ ઉત્સવ-સમૈયા તથા મહોત્સવ પ્રસંગે પ્રાર્થના સ્વરૂપે વહાવેલા અઢળક આશીર્વાદમાંના કિંચિત્ અંશોની અલ્પ ઝાંખી કરીએ :

“શ્રીજીમહારાજ આજે પંચમહાલ ઉપર ખૂબ ખૂબ વરસ્યા છે. આજથી અહીં મહારાજનું અખંડ સદાવ્રત ચાલુ થાય છે. આ ગોધર ગામ હતું પણ હવે ગોધર મોટું તીર્થધામ થઈ ગયું છે. હજારો ગાઉથી ફોરેનવાળાય સંકલ્પ કરીને અહીં ખૂબ ખૂબ આવશે.

માટે હે મહારાજ ! હે બાપા ! હે સદ્‌ગુરુ ! કોઈની પાત્રતા જોયા વગર ગમે એવો દુઃખી હોય, ગમે એવી તકલીફ હોય, ગમે એવી મુશ્કેલી હોય પણ હે મહારાજ ! આ ગોધર તીર્થધામે જે કોઈ આવે અને તમારાં દર્શન કરે, સંકલ્પ કરે, તમારી આસ્થા રાખે, બાધા રાખે, માનતા રાખે, તમારો અભિષેક કરે તો એના ઉપર ખૂબ રાજી થજો. ગમે એવી શારીરિક મુશ્કેલી હોય, આર્થિક મુશ્કેલી હોય, ડૉક્ટરો છૂટી પડ્યા હોય તો એને નવો જન્મ આપીને પણ તેનાં બધાં દુઃખ ટાળજો.

આ પંચમહાલમાં વરસાદની કે બીજી કોઈ જ મુશ્કેલી કોઈ દા’ડો ન રહે એવી દયા કરજો. પંચમહાલની આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે તો બધાયને ખૂબ સધ્ધર કરજો. અને જે તમારો આશરો કરે, તમારી આ વરમાળા (કંઠી) પહેરે એને આ લોક અને પરલોકમાં ઠેઠ મૂર્તિના સુખે સુખિયો કરજો, કરજો ને કરજો.”

(ગોધર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ :
તા. ૨૪, ૨૫-૧૨-૨૦૦૫ - ગોધર, પંચમહાલ)

● “હે મહારાજ ! આ રજત જયંતી મહોત્સવમાં જેણે તનથી, મનથી, ધનથી સેવા કરી હોય, જેણે પ્રસાદ લીધો હોય, જેણે ગુણ લીધો હોય એને આ લોકમાં ને પરલોકમાં ખૂબ ખૂબ સુખિયા કરો.”

(**SMVS** રજત જયંતી મહોત્સવ :
સંસ્થા દિન : તા. ૨૭-૨-૨૦૧૨, ગુરુવાર)

● “પોતાનું સ્વરૂપ ઓળખાવવાનો અને અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો મહારાજનો વિશ્વવ્યાપી સંકલ્પ છે. તે મહારાજ જરૂર પૂરો કરશે. તો આજના પ્રસંગે મહારાજને ખૂબ પ્રાર્થના કરીએ કે,

હે મહારાજ ! આજે મહેસાણામાં તમે બિરાજ્યા છો. તો મહેસાણા જિલ્લો,

મહેસાણાના તાલુકાઓ, મહેસાણાનાં ગામડાંઓ આ બધાંયને ખૂબ ખેંચો અને તમારું સ્વરૂપ ઓળખાવો. અને આ પ્રોગ્રામમાં જે તમારાં દર્શન કરે, પ્રસાદી જમે એ બધાયને છેલ્લા મૂર્તિના સુખિયા કરજો એવી ખૂબ ખૂબ મહારાજને, બાપાને પ્રાર્થના.''

(મહેસાણા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ :
તા. ૨૮-૪-૨૦૧૨, શનિવાર)

● ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ લોકનાં દુઃખ દૂર કરવા માટે ગોધર (પંચમહાલ) ખાતે 'અભિષેક મહારાજ'ની પ્રતિષ્ઠા કરી છે. તે મુજબ છતે દેહે દિવ્ય મૂર્તિસુખના ભોક્તા થવા માટે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર તથા મહેસાણા મંદિર ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજની પૂર્ણકદની મૂર્તિઓ પધરાવેલ છે.

મૂર્તિસુખનો એ હેતુ સિદ્ધ કરવા માટે કેટલીક પાયાની બાબતો જેવી કે આંતરતંત્રની શુદ્ધિ, નિષ્કામી વર્તમાનની દૃઢતા, નિર્વાસનિકપણું વગેરે મહત્ત્વનાં છે તેમજ ફરજિયાત છે.

એ માટે આ દિવ્ય મૂર્તિઓની મહિમા ને શ્રદ્ધાએ સહિત નિષ્કામભાવે મહાપૂજા કરવાથી રાજીપો પ્રાપ્ત થાય છે અને પરિણામે મૂર્તિસુખભોક્તા થવાય છે. વળી, આ મહાપૂજાનો લાભ લેનાર સર્વ ભક્તસમાજ ઉપર વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કૃપા કરીને દિવ્ય આશીર્વાદ આપ્યા છે કે,

''વ્હાલા હરિકૃષ્ણ મહારાજ જ્યાં સુધી ગઢડા તથા વડતાલ ધામમાં બિરાજમાન ન થાય ત્યાં સુધી આ બે મૂર્તિઓ અનુક્રમે સ્વામિનારાયણ ધામે અને મહેસાણા મંદિરે બિરાજી મહાપૂજાનો નિત્ય લાભ આપશે.

મહાપૂજાનો નિષ્કામભાવે જે જે મુક્તો લાભ લેશે તેમના અંતરની મલિન વાસનાઓ હરિકૃષ્ણ મહારાજ દૂર કરશે તેમજ તેમને મહાપ્રભુ પોતાના વ્હાલા નિર્વાસનિક ભક્ત કરશે તથા તેમને મહાપ્રભુની મૂર્તિનું સુખ પ્રદાન કરશે.''

(હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા નિમિત્તે :
**SMVS** રજત જયંતી મહોત્સવ અન્વયે)

● ''હે મહારાજ ! તમારું આવું સર્વોપરી સ્વરૂપ પણ તમે ઓળખાવ્યું છે. આ 'હા' પણ તમે પડાવી છે. તો હવે અમને સ્થિતિ કરાવો. અમને છતે દેહે મૂર્તિનું સુખ આવે; અમને બીજે હેત ન રહે એવી દયા કરો.

''અમારા દેહભાવને બાળી નાખો, અમારી વાસનાને બાળી નાખો, દેહભાવને ટાળી નાખો અને અમે સદાય અખંડ મૂર્તિ રૂપે વર્તીએ એવા તમારા આ કારણ

સત્સંગના પરિવાર ઉપર કૃપાની કેવળ સબસીડી વરસાવો એવી મહારાજ, બાપા ને સદ્‌ગુરુને ખૂબ ખૂબ પ્રાર્થના.''

(જ્ઞાનસત્ર-૭, વાસણા, સંધ્યા સેશન :
તા. ૭-૧૧-૨૦૧૩, ગુરુવાર)

● ''હે મહારાજ ! હે બાપા ! હે સદ્‌ગુરુ ! આ બધો તમારો પરિવાર છે. દેશ-પરદેશમાં જ્યાં જ્યાં કારણ સત્સંગના સભ્યો રહેતા હોય એ બધાયને આ આશીર્વાદમાં ભેગા લઈ ઠેઠ સુધી નિભાવજો અને આ લોક-પરલોકમાં સુખિયા થાય, બધાય હસતાં હસતાં આવે અને કોઈ આર્થિક, શારીરિક, માનસિક કે આધ્યાત્મિક કોઈ તકલીફ ન પડે અને આ લોક ને પરલોકમાં ખૂબ માલંમાલા થાય એવી આજના પ્રસંગે ખૂબ ખૂબ પ્રાર્થના.''

(નૂતન વર્ષ - વાસણા :
તા. ૨૪-૧૦-૨૦૧૪, શુક્રવાર)

● ''આ ગુરુકુલના મુક્તોમાંથી કેટલાયને મહારાજ સાધુ કરશે. કારણ સત્સંગ વિશ્વધર્મ થાય, વિશ્વવ્યાપી થાય.

અનંત જીવાત્માઓ છતે દેહે મહારાજને ઓળખવા આ કારણ સત્સંગમાં આવશે. ભવિષ્યમાં સ્વામિનારાયણ ભગવાન તમારા બધાયના સંકલ્પ સિદ્ધ કરશે.''

(સ્વામિનારાયણ ધામ, ગુરુકુલ :
ગુરુપૂર્ણિમા ઉત્સવ : તા. ૩૦-૭-૨૦૧૫, ગુરુવાર)

● ''હે મહારાજ ! આજે તમારો પ્રાગટ્ય દિવસ છે. તો આજે જેણે જેણે તમારાં દર્શન કર્યાં હોય, તમારી પ્રસાદી લીધી હોય, ભાવ ઉત્પન્ન થયો હોય, ગુણ લીધો હોય અને જે કોઈ તમારાં દર્શન કરવાં આવે એ બધાયનો છેલ્લો જન્મ કરજો.''

(પાટણ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ :
તા. ૨૦-૩-૨૦૧૬, રવિવાર)

● ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આ પ્રાગટ્યસ્થાનના અહો મહિમાની વાર્તા કરતાં અનેક મુમુક્ષુઓ માટે અદ્‌ભુત આશીર્વાદની હેલી વરસાવતાં કહ્યું હતું કે,

''હે મહારાજ ! હે બાપા ! આ તમારું સ્થાન છે. જેમ ગોધરમાં તમે આશીર્વાદ આપ્યા છે તેમ હે મહારાજ ! અહીં કોઈ ગમે તેવો દુખિયો આવે; ગમે તેવી વિકટ પરિસ્થિતિવાળા આવે તો હે મહારાજ... હે બાપા... તે રાજી થકો અહીંથી જાય

અને તમારી કંઈક આસ્થા રાખે, શ્રદ્ધા રાખે ને મહિમા સહિત અહીં દર્શને આવે તો તેનું આ લોકમાં તથા પરલોકમાં પૂરું કરી તેનો છેલ્લો જન્મ કરજો.

આ બધુંય તમારા પ્રતાપે છે. હે મહારાજ ! હે બાપા ! તમારે તાણ નથી, તૂટો નથી અને અમારે તાણનો પાર નથી તો બધાયને ન્યાલ કરજો. સંતો ! હરિભક્તો ! જો સાચા ભાવે આસ્થા રાખશો તો જરૂર ૧૧૦% મહારાજ તમારો સંકલ્પ પૂરો કરશે.''

(બળદિયા - જીવનપ્રાણ અબજીબાપાશ્રી પ્રાગટ્યસ્થાન
ઉદ્‌ઘાટન પ્રસંગ : તા. ૨૬-૬-૨૦૧૬, રવિવાર)

● ''આપણે અમીરપેઢીના વારસદાર છીએ તો આપણા ગોપાળબાપા, નિર્ગુણબાપા, ઈશ્વરબાપા, વૃંદાવનબાપા, આપણા મુનિબાપા આ દિવ્યપુરુષોમાં જેવા કલ્યાણકારી ગુણો હતા એવા ગુણો આપણામાં મહારાજ સદાય આપે અને એમના વાયરાથી જેમ જીવોનો મોક્ષ થતો એ પેઢીના ઠેઠ સુધી આપણે વારસદાર થઈએ એવી મહારાજને પ્રાર્થના.

હે મહારાજ ! આ તમારી વાડી છે. આ બધો કારણ સત્સંગનો પરિવાર તમારો છે. તો બધાય સંતોમાં, હરિભક્તોમાં તમારા કલ્યાણકારી ગુણો આવે અને તમારા રાજીપાનાં પાત્ર બને એવી ખૂબ ખૂબ દયા કરો.''

(સંતદીક્ષા વિધિ - સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર :
તા. ૧૬-૭-૨૦૧૬, શનિવાર)

● ''હે મહારાજ ! સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના હેતુ માટે તમે આ બ્રહ્માંડમાં પધાર્યા. એ તમારો સંકલ્પ હતો અને એ સંકલ્પની સેવા અમને તમે આપી એના સહભાગી કર્યા છે.

તો હે મહારાજ ! દેશ-પરદેશમાં, આખા વિશ્વમાં તમારું સર્વોપરી સ્વરૂપ ખૂબ ઓળખાવે એવાં સંકલ્પ સ્વરૂપોને મોકલો અને એવા અનંત જીવોને ભગવાનની ભૂખ જગાડો.

જેમ તમે અમને તમારું સ્વરૂપ સહેજે ઓળખાવ્યું છે તેમ જે અમારા જોગમાં આવે એ બધાયને સહેજે ઓળખાય અને તમારા સ્વરૂપની બધાયને ખૂબ ખૂબ નિષ્ઠા થાય એવી આજના પ્રાગટ્ય દિવસે આ બધાય ઉપર ખૂબ ખૂબ દયા કરો, કરો ને કરો એવી મહારાજ, આપણા બાપા, આપણા સદ્‌ગુરુને ખૂબ પ્રાર્થના...''

(શ્રીહરિ પ્રાગટ્યોત્સવ નિમિત્તે)

● "હે મહારાજ ! હે બાપા ! હે સદ્‌ગુરુ ! તમારો જે સંકલ્પ અને જે હેતુ હતો કે અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિનું પ્રવર્તન કરવું તેને બસ હવે જલદી પૂરો કરો. આ બધાયને તેમાં ખૂબ નિમિત્ત કરો.

દેશ-પરદેશમાં, આખી દુનિયાભરમાં, આખા વિશ્વમાં, તમારી સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિ ખૂબ ખૂબ પ્રવર્તે એવી પ્રાર્થના..."

(બાપાશ્રી પ્રાગટ્યોત્સવ નિમિત્તે)

આવી રીતે અલ્પ આશીર્વાદમાં આવી ગયેલા મુમુક્ષુઓ કારણ સત્સંગમાં ખેંચાઈ અનાદિની સ્થિતિના કોલ પામી રહ્યા છે.

છતે દેહે મૂર્તિસુખના અધિકારી સહજમાં કરવાની કરુણા વરસાવનાર સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# 33

## નિખાલસતા

તા. ૨-૬-૧૭ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં લોયા પ્રકરણના ૧૩મા વચનામૃત પર લાભ આપતા હતા.

"હે મહારાજ ! જ્યાં સુધી એ મુમુક્ષુને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશકાળાદિકે કરીને વિષમપણું થાય છે." એમ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ વાંચ્યું.

ત્યાં તો કોઈ સંત બોલ્યા : "બાપજી, અહીં 'વિપર્યપણું' લખ્યું છે 'વિષમપણું' નહીં."

ફરી ગુરુવર્ય પ.પૂ. બાપજી વાંચવાનો પ્રયત્ન કરતાં બોલ્યા :

"વિષમપણું થાય છે."

"ના, બાપજી અહીં 'વિપર્યપણું' એમ લખ્યું છે."

"હા, સ્વામી, તમે સાચું કહ્યું. અહીં વિ... પ... ર્ય...પણું જ લખ્યું છે. અમને વાંચતાં ન આવડ્યું."

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજી સભાજનોને સંબોધતા બોલ્યા : "આ સ્વામી તો ભણેલા છે અને અમે તો અભણ છીએ. એટલે અમને ન આવડે. સારું કર્યું

સ્વામી, તમે અમને આજ શિખવાડી દીધું.''

આમ, તેઓએ સંતો-ભક્તોના ગુરુ હોવા છતાંય સાવ નિખાલસભાવે વર્તી પોતાની સાહજિકતાનાં દર્શન સૌને કરાવ્યાં.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં આવી નિખાલસતાનાં પળે પળે દર્શન થાય છે.

● ● ●

તા. ૧૫-૯-૦૮ ને સોમવારના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી યુ.એસ.એ. વિચરણ બાદ સૌપ્રથમ વાસણા ખાતે પૂનમની સભામાં દર્શન-આશીર્વાદનો લાભ આપવા પધાર્યા હતા.

સમૈયાની કથામાં પ.પૂ. સ્વામીશ્રીએ લાભ આપતાં કહ્યું કે, ''પ્રકૃતિના સુખમાંથી જીવને પ્રીતિ છૂટતી જ નથી. માત્ર ભારતમાં રહેનારાને જ નથી છૂટતી એવું નથી. યુ.એસ.એ.માં પણ એ જ પરિસ્થિતિ છે. બધેય કાગડા કાળા જ છે.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલી ઊઠ્યા કે, ''સ્વામી એવું નહિ, મેં અમેરિકામાં એક ધોળું કબૂતર જોયું હતું હો !!!''

કેવી નિખાલસતા !! કેટલી સહજતા !!

● ● ●

તા. ૫, ૬ અને ૭ નવેમ્બર ૨૦૧૩ના રોજ વાસણા ખાતે ઊજવાયેલ જ્ઞાનસત્ર-૭નો આ પ્રસંગ છે.

અંતિમ દિનના રોજ પ્રાતઃ સેશનનો સાત વાગ્યાનો સમય હતો. મૂર્તિધામ હૉલમાં હરિભક્ત સમાજની હકડેઠઠ મેદની જામી હતી.

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીનું મૂર્તિધામ હૉલમાં આગમન થયું.

સૌએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

એટલામાં સ્ટેજ ઉપરથી જાહેરાત થઈ : ''હવે ગુરુવર્ય પ.પૂ. બાપજી આપણને સૌને ધ્યાનનો લાભ આપી મૂર્તિસુખમાં રમમાણ કરાવશે.''

ત્યાં તો ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલી ઊઠ્યા, ''જો મને સ્વામી (પ.પૂ. સ્વામીશ્રી) જેવું ધ્યાન કરાવતા નથી આવડતું. માટે બધા અમારી ઉપર રાજી રહેજો.''

વળી એ જ દિવસે બપોરના સેશનમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી લાભ આપતા

હતા.

એમાં વચ્ચે કોઈક અંગ્રેજી શબ્દ બોલવાનો થયો.

ત્યાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘મને અંગ્રેજી બોલતા નથી આવડતું. હું ભણેલો-ગણેલો નથી. મને અંગ્રેજીમાં વાત કરતાંય ન આવડે. મારા કરતાંય સ્વામી સારી વાતો કરે. એની આગળ આપણે કશું નહીં !’’

ગુરુપદે બિરાજેલા સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ હોવા છતાં પણ જાહેરસભામાં પોતાના શિષ્યના જેવું મને ના આવડે એવું સહજમાં કહી દેવું... કેટલી સાહજિકતા ! કેટલી નિખાલસતા !

કેટલા પોતાપણાના ખ્યાલોથી પર વર્તતા હોય તેનાં દર્શન કરાવે છે. વાહ દયાળુ, વાહ...!!

●●●

તા. ૧૮-૨-૧૪ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી સમર્પિત તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થી મુક્તોને લાભ આપવા માટે ગાંધીનગર ખાતે પધાર્યા હતા.

સભામાં ગુરુવર્ય પ.પૂ. બાપજી પધાર્યા ત્યારે મુક્તો કીર્તન ગાઈ રહ્યા હતા : ‘ખાવું, પીવું, બેસવું, સૂવું...’ કીર્તન પૂરું થયા બાદ મુક્તોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, ‘‘બાપજી, આ કીર્તન સમજાવોને !’’


ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ‘‘તમને કીર્તન સમજાવીએ. પણ તમે બધા અમારી પર રાજી રહેજો. અમને કીર્તન ગાતાં નથી આવડતું. તમારા જેવું અમે ગાઈ ન શકીએ.’’


કેવી નિખાલસતા ! ઊડીને આંખે ચોંટે. નહિ કોઈ શરમ કે સંકોચ ! નહિ પોતાની પદવીનો ખ્યાલ ! નહિ કોઈ પોતાપણાનો ભાર !

ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિખાલસતા આગળ આપણે સૌ કોઈ ઝાંખા પડી જઈએ. જેવા એ દિવ્યપુરુષ બે-પાંચ જણની આગળ નિખાલસ હોય એવા ને એવા જ હજારો ને લાખોની મેદની વચ્ચે પણ હોય !

પોતાના વર્તનથી અનેક સંતો-હરિભક્તોને નિખાલસતાનો ગુણ શીખવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...







હવે એવા પ્રભુના જે દાસ, કહો કેમ ન સહે  ઉપહાસ;
જેના  નિરમાની ભગવાન, તેના જનને જોયે કેમ માન.

– સદ્. નિષ્કુળાનંદ સ્વામી

# ૩૪

## દિવ્ય સ્મૃતિઓ

ભગવાન સ્વામિનારાયણ અને જીવનપ્રાણ અબજીબાપાશ્રીના દિવ્ય સંકલ્પથી જ જેઓનું અવરભાવમાં પ્રાગટ્ય થયું છે એવા શ્રીજીસંકલ્પરૂપ દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનની તથા તેઓએ કરેલાં મહાન અદ્ભુત આધ્યાત્મિક તથા સામાજિક કાર્યોની પ્રાગટ્યથી લઈને વર્તમાન સુધીની દિવ્ય સ્મૃતિઓની આછેરી ઝરમર માણીએ :

ઈ.સ. ૧૯૩૩ - વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીનું વિરમગામ તાલુકાના વાસણ ગામે પ્રાગટ્ય થયું.

ઈ.સ. ૧૯૫૩ - કારણ સત્સંગના સિદ્ધાંતોને છડેચોક પ્રવર્તાવી ઉજાગર કરનાર પોતાના આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીના પ્રાગટ્યના દિવ્ય આશીર્વાદ સમર્થ ગુરુ સદ્. મુનિબાપાને પ્રાર્થના કરી અપાવ્યા.

ઈ.સ. ૧૯૫૬ - ભાગવતી સંતદીક્ષા ગ્રહણ કરી ‘સાધુ દેવનંદનદાસ’ એવું નામ ધારણ કર્યું.

- સદ્. ગોપીવલ્લભદાસજી સ્વામી સાથે મૂળીમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ખૂબ સત્સંગ વિચરણ કર્યું.

ઈ.સ. ૧૯૬૮-૭૦ - સદ્. મુનિસ્વામી થકી તેઓના સિદ્ધાંતોનો વારસો પામી કારણ સત્સંગની દિવ્ય અમીરપેઢીના અમીર વારસદાર થયા.

ઈ.સ. ૧૯૬૯-૭૦ - શ્રીજીમહારાજ અને જીવનપ્રાણ અબજીબાપાશ્રીના સર્વોત્તમ સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ અમદાવાદમાં બાપુનગર વિસ્તારમાં મલેકસાબાન સ્ટેડિયમની પાળે સભાનો પ્રારંભ કર્યો. અને ઘનશ્યામનગર મંદિરનો શિલાન્યાસ કર્યો.

ઈ.સ. ૧૯૭૦-૭૩ - અનેક વિરોધોના વંટોળ વચ્ચે બાપાશ્રીનો મહિમા અને અસ્મિતા ચોમેર પ્રસરાવી હરિભક્ત સમાજને બાપાશ્રી પ્રત્યેની અસ્મિતાના રંગે રંગી દીધો અને તેનો અહેસાસ સૌને થયો.

ઈ.સ. ૧૯૭૪ - અમદાવાદમાં ઓઢવ વિસ્તારમાં ઘનશ્યામનગર ખાતે સ્વામિનારાયણ સંપ્રદાયનું સૌપ્રથમ શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિર રચી સ્વામિનારાયણ ભગવાનનો અધૂરો સંકલ્પ પૂર્ણ કર્યો અને સંપ્રદાયમાં શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરો રચવાનો ક્રાંતિકારી પ્રારંભ કર્યો.

ઈ.સ. ૧૯૭૫ - બાપાશ્રીનો સિદ્ધાંત છડેચોક વિસ્તારવા માટે ઘનશ્યામનગર મંદિરે વર્ષમાં બે વાર, પાંચ પાંચ દિવસનાં બ્રહ્મસત્રો યોજવાનું શરૂ કર્યું.

ઈ.સ. ૧૯૭૬ - એસ.એમ.વી.એસ. સંસ્થાના માસિક સામયિક ‘ઘનશ્યામ’ અંકનો પ્રારંભ કર્યો.

ઈ.સ. ૧૯૭૮ - ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે મુક્તરાજ ઘનશ્યામભાઈ - (વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી)નું મોટા મંદિરે પ્રથમ મિલન થયું.

ઈ.સ. ૧૯૭૯ - શહેરી વિસ્તારના હરિભક્તોને સત્સંગનો લાભ આપી બળિયા રાખવા માટે અમદાવાદની લાંબેશ્વરની પોળમાં મકાન ખરીદી સત્સંગ સભાનો પ્રારંભ કર્યો.

ઈ.સ. ૧૯૮૦ - પોતાના સર્વશ્રેષ્ઠ શિષ્ય તેમજ આધ્યાત્મિક અનુગામી સત્પુરુષ વ્હાલા પ.પૂ. સ્વામીશ્રીને ભાગવતી સંતદીક્ષા આપી, 'સાધુ સત્યસંકલ્પદાસ' એવું નામકરણ કર્યું.

ઈ.સ. ૧૯૮૧ - ભગવાન સ્વામિનારાયણનો ૨૦૦ વર્ષનો પ્રાગટ્ય દ્વિશતાબ્દી મહોત્સવ ઘનશ્યામનગર મંદિરે ઊજવાયો.

ઈ.સ. ૧૯૮૪ - શ્રીજીમહારાજ અને બાપાશ્રીના સિદ્ધાંત પ્રવર્તન કાજે સાંપ્રદાયિક બંધનોમાંથી નિર્બંધ થયા.
- ઘનશ્યામનગર મંદિરનો દશાબ્દી ઉત્સવ ઊજવાયો.
- પંચમહાલ ખાતે નૂતન સત્સંગનાં બી રોપાયાં.

ઈ.સ. ૧૯૮૬ - દ્વિતીય શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરની ઇસનપુર ખાતે રચના કરીને સર્વોપરી સનાતન ઉપાસનાના પ્રવર્તનને વધુ વેગ આપ્યો.

ઈ.સ. ૧૯૮૭ - શુદ્ધ ઉપાસનાયુક્ત ભવ્ય પ્રથમ શિખરબદ્ધ મંદિરનું શ્રીજીમહારાજના પ્રસાદીભૂત સ્થાન વાસણા ખાતે નિર્માણ કરીને સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**ની સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૮૭ - સંસ્કાર કેન્દ્ર અન્વયે બાળ-બાલિકા, કિશોર-યુવક મંડળની સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૮૮ - સમાજને બળિયો કરવા નિરમા ફાર્મથી શિબિરોનો પ્રારંભ થયો.

ઈ.સ. ૧૯૯૫ - 'જીવનપ્રાણ અબજીબાપાશ્રી શાર્ધ શતાબ્દી મહોત્સવ' માત્ર ૧૪ સંતોના સહયોગથી ભવ્યતાથી યોજી સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં એસ.એમ.વી.એસ. સંસ્થાની શાન વધારી.

ઈ.સ. ૧૯૯૫ - સૌપ્રથમ વાર વિદેશ વિચરણ અર્થે લંડન પધારી વિદેશની ભૂમિ પર કારણ સત્સંગનાં બીજ રોપ્યાં.

ઈ.સ. ૧૯૯૬ - સૌપ્રથમ અમેરિકા અને કુવૈત ખાતે કારણ સત્સંગનાં બીજ રોપાયાં.

ઈ.સ. ૨૦૦૧ - મહિલા વર્ગના આધ્યાત્મિક-સામાજિક ઉત્કર્ષ માટે ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ત્યાગી

મહિલામુક્તોના ‘ભક્તિનિવાસ’ એકમની સ્થાપના થઈ.

ઈ.સ. ૨૦૦૧-૦૨ - સ્વામિનારાયણ ધામ ખાતે ભવ્ય સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાયો.

ઈ.સ. ૨૦૦૨ - ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ ધામનું નિર્માણ કરી **SMVS** સંસ્થાના મુખ્ય વડામથકની સ્થાપના કરી.

- આજના વિષય, વ્યસન, ભોગવિલાસજન્ય કુત્સિત વાતાવરણથી બાળકોને બચાવવા, સદ્‌ગુણયુક્ત બાળકોની હારમાળા રચવા, દેશ ને સમાજનું ભાવિ ઉજ્જવળ બનાવવા અને સંસ્કૃતિના જતન માટે સ્વામિનારાયણ ધામ ગુરુકુલની સ્થાપના કરવામાં આવી.

ઈ.સ. ૨૦૦૩ - વિદેશની ભૂમિ પર અમેરિકાના ન્યૂજર્સી સ્ટેટમાં જર્સીસિટી ખાતે સૌપ્રથમ સર્વોપરી શુદ્ધ ઉપાસનાયુક્ત મંદિરનું નિર્માણ કરીને કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાનો મંગલ પ્રારંભ કર્યો.

ઈ.સ. ૨૦૦૬ - ભવ્ય વચનામૃત રહસ્યાર્થ દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવાયો.

ઈ.સ. ૨૦૦૭ - સમગ્ર સંસ્થાનું સુયોગ્ય મૅનેજમેન્ટ ગોઠવવા કાર્યાલયોની રચના કરી.

ઈ.સ. ૨૦૦૮ - ગુરુવર્ય પ.પૂ. બાપજીનો ૭૫મો પ્રાગટ્યોત્સવ ‘અમૃત મહોત્સવ’ તરીકે ઊજવાયો.

ઈ.સ. ૨૦૧૧ - મુમુક્ષુને સંત થતા પૂર્વે સુવ્યવસ્થિત આધ્યાત્મિક ઘડતર તથા વ્યવહારિક તાલીમ આપી તેઓનું સર્વાંગી ઘડતર કરવા માટે સમર્પિત તાલીમ કેન્દ્ર (એસ.ટી.કે.)નો પ્રારંભ કર્યો.

- આજની બાલિકા એ આવતી કાલની સમાજની જનની છે. તે બાલિકાઓ અનંત બાળકોનાં જન્મ અને ઘડતરની ઉચ્ચ સેવા કરનાર એક શ્રેષ્ઠ નારી બને તેવા હેતુથી મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિના ભાગ રૂપે કન્યા કેળવણીના તીર્થ સમાન સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલની સ્થાપના કરવામાં

આવી.

- આજની બાળપેઢીને સત્સંગ, સંસ્કાર તેમજ કેળવણીના ઉચ્ચ આદર્શો બાળપણથી મળી રહે તે માટે 'આદર્શ બાળ પ્રૉજેક્ટ' (એ.બી.એસ.)નો પ્રારંભ કરવામાં આવ્યો.

ઈ.સ. ૨૦૧૨ - પોતાના આધ્યાત્મિક અને વ્યવહારિક વારસદાર અનુગામી સત્પુરુષ તરીકે વ્હાલા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીને ઘોષિત કર્યા.

- ભવિષ્યમાં થનાર કારણ સત્સંગ યુનિવર્સિટીનો ભાવિ સંકલ્પ ઉદ્‌ઘોષિત કર્યો.

- 'કારણ સત્સંગ યુનિવર્સિટી'ના પૂર્વાપર આયોજનના ભાગ રૂપે આદર્શ યુવા પ્રૉજેક્ટનો પ્રારંભ થયો.

- સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થયે રજત જયંતી મહોત્સવ ઊજવાયો તે ઉપક્રમે ૨૯ મંદિરોનાં નિર્માણકાર્ય થયાં.

ઈ.સ. ૨૦૧૩ - ત્યાગાશ્રમના માર્ગે વળવા ઇચ્છનાર મુમુક્ષુ યુવતીઓનું આધ્યાત્મિક ઘડતર કરવા તથા વ્યવહારિક તાલીમ આપી તેઓનું સર્વાંગી ઘડતર કરવા માટે સમર્પિત તાલીમ કેન્દ્ર (એસ.ટી.કે.)નો પ્રારંભ થયો.

ઈ.સ. ૨૦૧૪ - શ્રીજીસંમત કારણ સત્સંગના મૂળભૂત સિદ્ધાંતો ગુરુવર્ય પ.પૂ. બાપજી દ્વારા મહારાજ સમજાવી રહ્યા છે. તેનો લઘુ ગ્રંથ 'સ્વરૂપનિષ્ઠા'ની રચના કરવામાં આવી. જેમાં જ્ઞાનની સ્પષ્ટતા માટે ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રીએ પણ અંગત રસ લઈ ખૂબ દાખડો કર્યો.

ઈ.સ. ૨૦૧૫ - દેશ-વિદેશમાં સમાજના કોઈ પણ વર્ગને સામાજિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓથી  સંલગ્ન કરવા તેમજ લાભ આપવા માટે **SMVS** ચૅરિટિઝ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી.

- આજે કે ભવિષ્યમાં જે હેતુ, આદર્શો તેમજ સિદ્ધાંતોથી આ **SMVS** સંસ્થાનું શ્રીજીમહારાજના સંકલ્પથી સ્થાપન કરવામાં આવ્યું છે તેમાં હજારો-લાખો વર્ષ સુધી કોઈ ફેરફાર ન આવે અને પેઢીઓની પેઢીઓ સંસ્થાના

પાતાળમાં પાયા પહોંચાડવા **SMVS** સંસ્થાનું મુખ્ય સંસ્થા બંધારણ રચવામાં આવ્યું.

- સ્વામિનારાયણ ભગવાને પૂ. સંતો માટે કરેલ આજ્ઞાઓ વર્તમાનકાળે પણ અક્ષરશઃ પાળવા તેમજ આજના કુત્સિત વાતાવરણ વચ્ચે સંતોના આશ્રમની અણીશુદ્ધતા માટે **SMVS**ના ત્યાગી સમાજ માટે સંત બંધારણની રચના કરવામાં આવી.

ઈ.સ. ૨૦૧૬ - વિદેશ સત્સંગ પ્રવૃત્તિના સુવ્યવસ્થિત સંચાલન માટે અમેરિકાના ચેરીહિલ સિટી, ન્યૂજર્સી ખાતે સ્વામિનારાયણ ધામની વડામથક તરીકે સ્થાપના કરી.

- બળદિયા ખાતે બાપાશ્રીના મૂળભૂત પ્રાગટ્યસ્થાન પર છત્રી નિર્માણ કર્યું.

એસ.એમ.વી.એસ. સંસ્થાનું શૂન્યમાંથી સર્જન કરી વિશ્વના ફલક પર પહોંચાડી શ્રીહરિની સર્વોપરી ઉપાસનાનું છડેચોક જેટ સ્પીડે પ્રવર્તન કરનાર યુગપ્રવર્તક સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદના...

# ૩૫

## દિવ્ય પ્રસાદમ્

ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખેથી સાવ સહજભાવે નિસૃત થતા એવા કેટલાક અંગ્રેજી શબ્દો જેમાં એમની અવરભાવમાં બોલવાની લઢણ તથા શૈલી યથાવત્ રીતે મૂકવા પ્રયત્ન કરેલ છે. જે વાંચી-સાંભળીને આપણે બ્રહ્માનંદમાં ગરકાવ થઈ શકીએ :

**અંગ્રેજી ભાષાના શબ્દોનાં પ્રાસાદિક ઉચ્ચારણો :**

| | |
|---|---|
| ૧. ઑડિનરી | ૨. સેમ રીપ્લાય |
| ૩. એમિટેશન | ૪. ટોપ |
| ૫. સોલિસિટર | ૬. પ્રોસેસ |
| ૭. રીનયૂ | ૮. એસમબલ |
| ૯. રેકર્ડ | ૧૦. બેનિફ્ટ |
| ૧૧. એમ્પોરટેડ | ૧૨. સમટાઈમ |
| ૧૩. રિમેમ્બર | ૧૪. પ્રિ-પ્લાનિંગ |
| ૧૫. હિયરિંગ | ૧૬. પ્રૅક્ટિકલ |

૧૭. કિલીયર
૧૮. સુપ્રીમ
૧૯. પ્રમોશન
૨૦. ડાયરેક્ટ
૨૧. ઈનડાયરેક્ટ
૨૨. કેપેબલ
૨૩. ફિલોસોફી
૨૪. પીએચ.ડી.
૨૫. ટાયટલ
૨૬. હાર્ડ (હાર્ટ)
૨૭. પબ્લિક
૨૮. ડુબ્લિકેટ
૨૯. ડાયવરઝન
૩૦. કોમ્પ્યુટર
૩૧. એજન્ટ
૩૨. ડીલર
૩૩. પાર્ટી
૩૪. સેમ્પલ
૩૫. સ્ટેટમેન્ટ
૩૬. જજમેન્ટ
૩૭. પે ઑર્ડર
૩૮. ડબલ ફિલ્ટર
૩૯. પૉઈન્ટ
૪૦. સૉલિડ
૪૧. લાયસન્સ
૪૨. પ્યોર
૪૩. કોરટ
૪૪. મેમો
૪૫. પૉઝિટિવ-નૅગેટિવ

●●●

**ગુજરાતી ભાષાના કેટલાક ગામઠી શબ્દોનાં પ્રાસાદિક ઉચ્ચારણો :**

૧. તરગાળા
૨. હિલોળીયા
૩. રેઢિયાર
૪. લોચો
૫. ડફ્ફોળ
૬. બોઘસ કંપની
૭. ભિખારા
૮. ભોં (ભોંય)
૯. કમલા-ધમલા
૧૦. હાલી મળ્યા
૧૧. પોતસાહન
૧૨. જામીન
૧૩. નોખું
૧૪. પાધરું
૧૫. મહાણીયું
૧૬. હમજણ
૧૭. હાલેલું
૧૮. સાધમપણું
૧૯. પરવવતારનાર
૨૦. આતંતિક
૨૧. કિયો
૨૨. સલોક
૨૩. ચેવું
૨૪. બલાડી

૨૫. હાંભળવું
૨૬. પ્રવરતી
૨૭. જઈશી
૨૮. વતિરેક
૨૯. ઘાલવા
૩૦. પક્રતિ
૩૧. સમરતી
૩૨. બાતલ જવું
૩૩. કલાઈ
૩૪. બાઝવું
૩૫. સમરથ
૩૬. ચહમેરી
૩૭. મડદાલ
૩૮. સૂક્ષ્મ
૩૯. ગાડરિયો પરવાહ
૪૦. શિરોમણિ
૪૧. સમરણ
૪૨. ધનવાદ
૪૩. ઝીણો
૪૪. ડોહો
૪૫. ધેય
૪૬. લબાડ
૪૭. મેંડા
૪૮. વિસમ
૪૯. પસતાવના

●●●

**ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથાવાર્તા દરમ્યાન આવતા કેટલાંક સાંદર્ભિક શબ્દો અને લઘુવાક્યો :**

ગુરુવર્ય પ.પૂ. બાપજીની અમૃતવાણીમાં કેટલાંક સાંદર્ભિક શબ્દો અને લઘુવાક્યો આવતાં હોય છે. આ શબ્દો અને લઘુવાક્યો ઉપલક દૃષ્ટિએ સામાન્ય જણાતાં હોય છે. પણ ગુરુવર્ય પ.પૂ. બાપજી એનું વિવરણ કરે ત્યારે એમાં રહેલ રહસ્યસ્ફોટ થતાં સૌ મુમુક્ષુને તે માર્ગદર્શક બની રહેતાં હોય છે.

આ શબ્દ-લઘુવાક્યોમાં આવતાં નાનાં દૃષ્ટાંતો, પ્રસંગો કે સિદ્ધાંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીની કથાશૈલીની મૌલિકતાનાં દ્યોતક છે.

૧. નૅગેટિવની પૉઝિટિવ
૨. ગુજરાતી અર્થ
૩. પોણી સોળઆની
૪. પેથોભાઈ
૫. ચગડોળ ચાલુ કર્યા
૬. બાયપાસ કાઢ્યું
૭. ખોબા ભરવા
૮. એકસો ને દસ ટકા
૯. જોનસન રહેમતુલ્લા લગડી
૧૦. છોલ્યા વગરના છે
૧૧. દાઢીમાં હાથ ઘાલવો
૧૨. બેઠો ઉતારો
૧૩. વળાંક લેવો
૧૪. માસીબાનું ઘર છે
૧૫. અંકે ૧૦૦ કરવા
૧૬. ઈલેક્ટ્રિકનો ઉઘાડો કરંટ

૧૭. વાયરનું બંડલ

**કહેવતો :**

૧. જેવા રેંગણા એવી જાર.
૨. અંધરે નગરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા.
૩. લે દેવ ચોખા ને મેલ મારો છેડો.
૪. ચૈતર ચઢે નહિ ને વૈશાખ ઊતરે નહીં.
૫. આગ લાગ્યા પછી કૂવો ખોદવા ન બેસાય.
૬. ગરજ સરી કે વૈદ વૈરી.
૭. પહેલા કોળિયે માખ.
૮. જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફઈ હું.
૯. વિવાહનું બારમું થતાં વાર ના લાગે.
૧૦. નોકરી કરવી તો સરકારની, સાધુ થવું તો સ્વામિનારાયણના.
૧૧. પડ્યો પોદળો ધૂળ ઉપાડે.
૧૨. પહેલો ઘા રાણાનો.
૧૩. બુઢિયો ઘરડો થાય પણ ગુંલાટ મારવી ન ભૂલે.
૧૪. ભેંસનાં શિંગડાં ભેંસને ભારે.
૧૫. મેંતો મારેય નહિ ને ભણાવેય નહીં.
૧૬. માખી મારે તે માણા મારે.
૧૭. માન ન માન, મૈં તેરા મહેમાન.
૧૮. મિયાં ચોરે મૂઠે ને અલ્લા ચોરે ઊંટે.
૧૯. મિયાંની ભેંસને ડોબું ન કે'વાય.
૨૦. મોસાળ ને મા પીરસનારી.
૨૧. રડતો જાય તે મૂવાના સમાચાર લાવે.
૨૨. લાલો લાભ વિના લોટે નહીં.
૨૩. વાર્યા ન વળે પણ હાર્યા વળે.
૨૪. શિંગડે ખાંડું ને પૂંછડે બાંડું.
૨૫. હલકું લોહી હવાલદારનું.
૨૬. હૈયાં બાળ્યા કરતાં હાથ બાળવા સારા.
૨૭. આંખનું કાજળ ગાલે ઘસ્યું.

૨૮. આંધળું ગાય કે દળે.
૨૯. આંધળું દળે ને કૂતરું ખાય.
૩૦. Old is gold.
૩૧. કૂતરું તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી.
૩૨. ખાંપણની ખોટ હોય ને તીરથના મનસૂબા.
૩૩. ગઢવી ક્યાં ગયા'તા ? તો કે', ઠેરના ઠેર.
૩૪. ઘર ફૂટે ઘર જાય.
૩૫. ચકલી નાની ને ફૈડકો મોટો.
૩૬. ચેલા તેરા પણ કહ્યા કરેંગા હમેરા.
૩૭. જમવામાં જગલો ને કૂટવામાં ભગલો.
૩૮. ઠોઠ નિશાળિયાને વેતરણાં ઝાઝાં.
૩૯. ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે.
૪૦. તારું મારું સહિયારું, મારું મારું આગવું.
૪૧. ત્યાગે સો આગે, માગે સો ભાગે.
૪૨. દગાબાજ દોઢા નમે.
૪૩. દાઢીની દાઢી, ને સાવરણીની સાવરણી.
૪૪. ઊંટે કાઢ્યા ઢેકા ને માણસે કાઢ્યા કાઠા.
૪૫. બાપના ન વાળે તે બાવાના શું વાળશે ?
૪૬. લાલીના લેખે.
૪૭. લૂલી વાસીદું વાળે ને સાજી ઝાલી રહે.

●●●

### કીર્તનો

૧. નથી સાધન કે બુદ્ધિનું આ કામ,
કેવળ કૃપાથી પ્રાપ્તિ છે તમામ...
૨. આ સભામાં આપણ સૌના, તેજોમય તન છે...
૩. છાંડી કે શ્રી ઘનશ્યામ, ઓર કો જો જપું નામ...
૪. વળી કહું કોઈ સંતને, સેવશે શ્રદ્ધાવાન;
તેના અંતરથી ઊછળી રે, વળી જાશે જાણો અજ્ઞાન.
૫. અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;

મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.

૬. જીવ ઈશ્વર તણો રે માયા કાળ, પુરુષ પ્રધાન,
સહુને વશ કરું રે સહુનો પ્રેરક હું ભગવાન.

૭. રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...

૮. નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં, કરી દીધા છે મુજ આકાર રે...

૯. નક્કી નકોર નિશ્ચય રાખજો, નથી મુજ વિના કોઈ ભગવાન રે...

૧૦. સાધુ એમ ઓળખાય, હરિરસ પીવે સૌને પાય;
સાચા સાધુ એમ ઓળખાય જી.

૧૧. રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા; ધનપતિ દુખિત વિકાર મેં;
વિના વિવેક ભેખ સબ દુખિયા, જૂઠા તન અહંકાર મેં.

૧૨ સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહિ,
એના સર્વોપરીપણામાં બીજી જોડ નહીં.

૧૩. આપે આશિષ અલબેલડો, ને સુણો કૃપાભર્યા એના બોલ રે;
કહે છે વ્હાલો કરી કૃપા રે.

૧૪. શ્રીજી મળ્યા, બાપા મળ્યા, હવે અન્યની પરવા નથી...

૧૫. રાજી કર્યા નથી હવે છે કરવા, સંકલ્પ દેવો નથી હવે ફરવા...

૧૬. અમે તો આવ્યા મૂર્તિ દેવા, જેને જોઈએ તે આવજો લેવા...

૧૭. ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન, એ વર માગું છું...

૧૮. સુખ સાચું જોયું રે મૂર્તિમાં, મુક્તો તેમાં મોહ્યા રે મૂર્તિમાં...

૧૯. સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો...

૨૦. શ્રીજી પ્રગટ મળ્યા, બાપા પ્રગટ મળ્યા, પ્યારા સ્વામી;
જય બોલો આનંદને પામી.

૨૧. આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ,
પુરુષોત્તમ પ્રગટી રે.

૨૨. શ્રીજી મૂર્તિમાં અમને રાખજો, જાણી બિરદ તવ કૃપાનાથ...
એ વર મુને આપજો.

૨૩. હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે...

૨૪. બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન...

૨૫. મૂર્તિ કેવી મળી છે તેનો ખ્યાલ કરો, શ્રીજી સર્વોપરી છે તેનું ધ્યાન ધરો...
૨૬. ચિદ્‌ઘન તેજમાં શોભી રહ્યા રે, શ્રીજી રાજાધિરાજ રે...
૨૭. દિવ્ય કારણ સત્સંગમાંહી સુણો જિજ્ઞાસુ, શ્રીજી મળે મોક્ષ થાય છે...
૨૮. તેજ તેજ તો ઝળહળે, ચારે દિશા માંહી;
મધ્યે પ્રભુજી દર્શન દે છે, ઘનશ્યામ હરિ સુખદાઈ.
૨૯. વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત્;
અમારાં નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.

દિવ્ય પ્રસાદીભૂત શબ્દોથી તેઓ અધ્યાત્મનાં ગૂઢાર્થ તથા રહસ્યમય જ્ઞાન સરળતાથી સમજાવે છે જેનાથી અનેક મુમુક્ષુઓને આનંદ-સુખ આવે છે.

આવા પ્રસાદીભૂત શબ્દોથી સૌનાં પ્રસાદ સમ દિવ્યજીવન બનાવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૬

## હજુ જોજો તો ખરા આજના કિશોરો અને નવી પેઢીને

ગુરુવર્ય પ.પૂ. બાપજી ઘણી વાર સભામાં હરિભક્તોને સંબોધીને કહેતા હોય છે કે,

“તમે બધાએ પહેલાં ડાલડા ઘી ખાધેલું અને અત્યારે ચોખ્ખું ઘી ખાવ છો. તમે બંને ઘી ખાધેલા છો એટલે ડાલડાનો ભાગ રહી જાય છે. પરંતુ હવે પછીની બાળકોની તથા કિશોરોની પેઢી આવી રહી છે તેમને તો શુદ્ધ ચોખ્ખું ઘી જ મળે છે એટલે એમનો પાવર તમારા કરતાં જુદો હશે અર્થાત્ જૂના હરિભક્તોએ પરોક્ષ વાતો, અવતાર અને અવતારીની ભેળસેળવાળી વાતો સાંભળી છે અને આજના બાળકો તથા કિશોરોને પરોક્ષ સ્વરૂપોની કે વાતોની ખબર જ નથી કેમ કે તેમને જન્મથી જ સર્વોપરીપણાની શુદ્ધ ઘી સમાન વાતો જ સાંભળવા મળી છે એટલે હવે પછીની બાળકો તથા કિશોરોની પેઢીનો સર્વોપરી ઉપાસના પ્રત્યેનો રજમો જુદો હશે.”

વળી, આજે બન્યું છે પણ એવું જ. **SMVS**નાં બાળકો તથા કિશોરો કાંઈક જુદી માટીનાં પાક્યાં છે. સર્વોપરી સિદ્ધાંતો નવી પેઢીના રોમરોમમાં પ્રસરાવી

એમનું અદ્‌ભુત ઘડતર ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીએ કર્યું છે. નવી પેઢી સર્વોપરી નિષ્ઠા અને નિયમ-ધર્મમાં ખૂબ જ ચુસ્ત છે.

તેઓ કોઈની શેહ-શરમમાં આવે એમ નથી. કોઈને પણ નમી દે એમ નથી. તેમને શ્રીજીમહારાજની નિષ્ઠા તથા નિયમમાં કોઈ ચલિત કરી શકતા નથી.

બાળ મંડળનાં બાળકો સ્ટેજ પર બોલતાં હોય છે કે, “મારા રૂંવાડે રૂંવાડે શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંતો છે.” આ સાંભળીને ગુરુવર્ય પ.પૂ. બાપજી રાજી થકા કહેતા હોય છે કે, “જુઓને આ નવી પેઢી ને આજનાં આ બાળકને કે હજુ તો એના શરીરે રૂંવાડું ઊગ્યું નથી છતાં પણ કેટલો બધો રજમો છે ! જ્યારે એને રૂંવાડું ઊગશે અર્થાત્ કિશોર અવસ્થામાં આવશે ત્યારે તેને સિદ્ધાંતો પ્રત્યે કેટલું બધું ગૌરવ હશે !”

ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રથમથી જ કિશોર મંડળનો આગ્રહ.

વર્ષો પહેલાં તેમણે ‘રજવાડી યુવક મંડળ’ની સ્થાપના કરેલી. આ મંડળના સભ્યો બધા કિશોરો હતા. તેમનામાં યુવાનીના ભાવો હોવા છતાં તેમનાં જીવન સર્વોપરી સિદ્ધાંત તથા નિયમ-ધર્મમાં શૂરાપૂરા હતાં એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી તેમને રજવાડી મંડળ કહેતા હતા. આજે એવાં અનેક બાળ મંડળ, કિશોર મંડળ ચાલી રહ્યાં છે. અને તેમાં ભવિષ્યના અદ્‌ભુત સમાજનું ઘડતર થઈ રહ્યું છે.

● ● ●

સંપ્રદાયના એક મંદિરે આપણા હરિભક્ત પરિવાર સહિત દર્શન કરવા ગયા હતા. ત્યાં એક મોટેરા સંત હતા; તેમને દંડવત-દર્શન કરીને ‘જય સ્વમિનારાયણ’ કર્યા. એ સંત બહુ વિનયી અને વિવેકી હતા.

તેમણે પૂછ્યું, “ક્યાંથી આવો છો ? શું કરો છો ? ઉતારા વગેરેનું...”

હરિભક્તની જોડે એમનો ૮ વર્ષનો બાળમુક્ત હતો. મોટેરા સંતે બાળકને નજીક બોલાવી માથે હસ્ત મૂકીને પ્રેમથી પૂછ્યું, “શું તારું નામ છે ?”

આ બાળક તો **SMVS**નો હતો. એટલે એણે પેલા સંતને કહ્યું, “દયાળુ, દેહનું નામ કહું કે આત્માનું કહું ?”

આ સાંભળી વડીલ સંતને આશ્ચર્ય થયું. આટલા નાના બાળકને આટલી નાની ઉંમરે દેહ ને આત્મા જુદા છે એવું જ્ઞાન !

તેઓ બાળક ઉપર ખૂબ રાજી થયા ને પછી કહ્યું, “બંનેનાં નામ કહે.”

બાળકે કહ્યું, “દેહનું નામ દેવ અને આત્માનું નામ અનાદિમુક્ત.”

વડીલ સંતે પૂછ્યું, “તારું ગામ કયું ?”

બાળકે ફરી એ જ વાત દોહરાવીને કહ્યું, “દેહનું ગામ અમદાવાદ છે અને આત્માનું ગામ મૂર્તિ છે અને સ્વામિનારાયણ ભગવાન મારાં (ચૈતન્યનાં) સાચાં માતાપિતા છે.” બાળકનું આવું પરભાવનું જ્ઞાન, તેની ખુમારી તથા રજમો જોઈને તે સંત બોલ્યા, “ધન્યવાદ છે તારા ગુરુ બાપજીને કે તને આ ઉંમરે આવું જ્ઞાન જીવમાં રેડી દીધું છે. તેમને અમારા જય સ્વામિનારાયણ કહેજો.”

●●●

એક વાર એક હરિભક્ત સંપ્રદાયના મંદિરમાં દર્શન કરવા ગયા. સાથે એમનો નાનો બાળમુક્ત પણ હતો. મંદિરમાં એક સંતનાં દર્શન કર્યાં.

બાળમુક્ત સંતની આગળ હાથ જોડીને ઊભો રહ્યો અને બોલ્યો, “મને છતે દેહે મૂર્તિનું સુખ મળે એવી મારા પર દયા કરજો.”

બાળકની પ્રાર્થના સાંભળીને તે સંત અત્યંત રાજી થઈ ગયા. તેમણે વિનમ્રપણે કહ્યું, “તું બાપજીનો શિષ્ય છે. આ પ્રાર્થના એમની પાસે કરાય. વર્તમાન સમયે છતે દેહે મૂર્તિનું સુખ આપી શકે એવા એ એક જ સત્પુરુષ છે.”

તે સંતે બાળમુક્તના પિતાને કહ્યું, “ધન્ય છે તમને, તમારા બાળકને તથા તમારા ગુરુજીને કે આવડી ઉંમરે એનામાં આવા દિવ્ય સંસ્કાર રેડ્યા છે. અમારા જેવા મોટા મોટાને પણ છતે દેહે મૂર્તિનું સુખ આપજો એવું બોલતા આવડે નહિ, માગતા આવડે નહિ જે તમારા બાળકને આવડે છે.” તે સંત પણ આ **SMVS**ની નવી પેઢીના સંસ્કારને, તેમને મળેલા દિવ્ય જ્ઞાનને મનોમન વંદી રહ્યા.

●●●


એક દિવસ બે યુવકો એક સ્વામિનારાયણની સંસ્થાના મંદિરમાં ગયા.

મંદિરમાં પ્રવેશતાંની સાથે તેઓ અન્ય દેવોનાં દર્શને ન જતાં સીધા ઘનશ્યામ મહારાજના ગર્ભગૃહ તરફ વળ્યા ને દંડવત-દર્શન કરવા લાગ્યા. એમની આ રીત ગર્ભગૃહમાં ઊભા રહેલા એક સંતે જોઈ. તેઓ આ યુવકોની સર્વોપરી નિષ્ઠા ઓળખી ગયા. તેથી તેમને નજીક બોલાવ્યા ને કહ્યું,


“તમે સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થામાંથી આવો છો ને !”


“હા, સ્વામીજી...”

“ધન્ય છે તમારા ગુરુજી બાપજીને ! જેમણે તમને આ યુવાવસ્થામાં એક ‘સર્વોપરી નિષ્ઠા’નાં અમૃત પિવડાવ્યાં છે.”









જ્યારે એ દિવ્યપુરુષ કંતાનના કોથળા ઉપર બેસતા હતા તથા ઉપર આભ ને નીચે ધરતી હતી ત્યારે જેવી સાધુતા હતી તેવી ને તેવી જ સાધુતા આજે લાખોના ગુરુ અને સર્વોચ્ચ સ્થાને બેસવા છતાં જીવંત છે.

– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

# ૩૭

## જીવંત સાધુતા

આજના કિશોરો અને નવી બાળપેઢીમાં કારણ સત્સંગનું શુદ્ધ જ્ઞાન જીવમાં રેડી સંપ્રદાયમાં અદ્‌ભુત ક્રાંતિ સર્જનારા ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

'સંત સાધુતાથી જ શોભે.' એવી સાધુતા જ જેઓના જીવનનો આદર્શ છે એવા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંપ્રદાયમાં શ્રીજીમહારાજે પ્રસ્થાપિત કરેલી સંતોની આચારસંહિતા, પંચવર્તમાનની બાંધેલી ધર્મ-મર્યાદાઓ તથા સાધુતાની ઉચ્ચતમ પ્રણાલિકાને અદ્યપિપર્યંત જાળવી રાખી તેનું ખૂબ જતન કર્યું છે.

નંદસંતોના જીવનમાં જે વર્તનનાં શ્રેષ્ઠ અને દેદીપ્યમાન સાધુતાસભર મૂલ્યો કંડારાયેલાં હતાં તેનું જીવંત દર્શન ગુરુવર્ય પ.પૂ. બાપજીના અવરભાવના જીવનમાં સાંગોપાંગ થાય છે.

નંદસંતોના જેવી જ સાધુતાની રીત-રસમ, પ્રણાલિકા, ધર્મ-નિયમની દૃઢતા, શ્રીજીમહારાજની આજ્ઞાઓનું અક્ષરશઃ પાલન ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કર્યું છે અને પોતાના સંતોના જીવનમાં પણ તેવી સર્વોચ્ચ સાધુતાનું સિંચન કરી તેનો ભવ્ય વારસો આપી પાલન કરાવ્યું છે.

સાધુને સાધુતા શીખી સંતતા પ્રાપ્ત કરવાની પાઠશાળા એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનનો એક નાનકડો પ્રસંગ એવો નહિ હોય કે જેમાંથી સાધુતા શીખવા ના મળે...

સરસપુર મંદિરેથી વર્ષો પહેલાં તેઓ ગોધાવી ગામે સત્સંગ-વિચરણ અર્થે ગયેલા.

જોડ્યમાં પરાણે સાધુ લીધેલા. એ સમયે ગામડે કોઈ સુવિધા મળે નહીં. સવારે શૌચ કરવા વગડે જવું પડે.

ત્યારબાદ તળાવે સ્નાન કરવાનું. એ વખતે શિયાળો ને પોષ માસની ટાઢ્ય ખૂબ પડેલી.

તેઓ સ્નાન કરવા હેમ જેવા તળાવે ગયા. પાણી બરફની તીખી ફાચરો જેવું જણાય.

પાણીમાં આંગળી બોળે તો એટલો ભાગ ખોટો પડી જાય, એવું ઠંડુંગાર.

તેમાં એમણે સ્નાન કર્યું.

શરીરમાં લોહીની ટશરો ફૂટવા માંડી. સુસવાટા મારતા પવનને કારણે ઠંડીનું લખલખું ફરી વળ્યું અને શરીરમાં ઠંડી પેસી ગઈ.

તેઓ ત્યાં જ બેભાન જેવા થઈ ગયા ને જાણે કે ધામમાં જ ગયા. અચેતન અવસ્થા થઈ ગઈ.

હરિભક્તોએ કરગઠિયા વીણી લાવીને તાપણું કર્યું.

કેટલાક લોકોએ પૂળા લાવીને સળગાવ્યા ને શરીરમાં ગરમાવો લાવવાના પ્રયત્નો કર્યા ત્યારે કેટલી વારે ઠંડીથી કળ વળી ને જાગૃત થયા.

તેમણે ૫૦ વર્ષ સુધી આવી રીતે ઠંડા પાણીથી જ સ્નાન કર્યું છે.

●●●

એક દિવસ ગુરુવર્ય પ.પૂ. બાપજી જમાડવા બેઠા હતા. તેમને માટે આજે ઘણા દિવસે પૂ. સંતો લાડુ બનાવીને લાવ્યા હતા.

એટલે પત્તરમાં લાડુ પીરસ્યો. પ્રથમ તો તેમણે આનાકાની કરી, રુચિ જણાવી નહીં.

પરંતુ પૂ. સંતોએ આગ્રહ જણાવ્યો ને કહ્યું, “જો આપ જમાડો તો બધાય સંતો અને હરિભક્તોને મીઠાઈ ન જમવાના નિયમ ચાલે છે તે આજે જમાડે.”

“પૂ. સંતો તથા હરિભક્તોને મીઠાઈ જમવા મળે તો તો બહુ સારું. એમને

જમવા મળે તો તો લાડુ જમાડીશું.'' એમ કહીને તેમણે થોડો લાડુ જમાડ્યો.

પૂ. સંતોએ પૂછ્યું, ''બાપજી, લાડુ આપને કેવો લાગ્યો ? અનુકૂળ આવ્યો ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''લાડુ બરાબર બનાવ્યા છે.''

આ સાંભળીને પૂ. સંતોને ઘણો સંતોષ થયો કે બાપજી આજે રાજી થકા જમાડશે. જોડે આજે ટામેટાનું શાક બનાવ્યું હતું તે પણ પત્તરમાં પીરસ્યું હતું.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું, ''બાપજી, ટામેટાનું શાક કેવું લાગ્યું ?''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''ટામેટાનું શાક પણ બરાબર બનાવ્યું છે.''

ત્યારબાદ પૂ. સંતોએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને કહ્યું, ''બાપજી, લાડુ બરાબર બન્યો છે તો થોડો વધારે લ્યો.'' એમ કહી થોડો લાડુ આપવા માંડ્યો તો બાપજીએ ના પાડી.

પૂ. સંતોએ પૂછ્યું, ''કેમ ના પાડો છો ?''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''ટામેટાનું શાક આપો, તે લઈશું.''

પૂ. સંતોને આશ્ચર્ય થયું ને કહ્યું, ''બાપજી, આપને લાડુ અનુકૂળ આવ્યો છે તો શાકને બદલે લાડુ જમાડો ને.''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''સંતો, શાક બરાબર બન્યું છે તો શાક જ જમાડીએ. લાડુ વધુ ન જમાય. લાડુ જમવા માટે સાધુ નથી થયા, શાક જ જમાડાય. આ તો બધાય સંતો-હરિભક્તો આજે મીઠાઈ જમી શકે એટલે આટલો લાડુ જમાડ્યો. બાકી તો લાડુ અમને જરાય ન ગમે; અમને તો જમવાનું સાદું જ ગમે.''

●●●

એક દિવસ ઘાટલોડિયા મંદિરની પ્રાતઃ સભા પતાવી ગુરુવર્ય પ.પૂ. બાપજી વાસણા મંદિરે પધાર્યા.

ઉપર સંત આશ્રમમાં પોતાના આસને જતા હતા.

ત્યાં એક ખૂણામાં એક કપડું જોયું ને તરત બોલ્યા, ''આ લૂગડું શાનું છે ?''

''બાપજી, એ તો ઝાપટિયું છે.'' સંતોએ જવાબ આપ્યો.

''આવું ઝાપટિયું ? સ્ત્રીના લૂગડા જેવું ? સંતોના આશ્રમમાં આવું ઝાપટિયું ન શોભે, ન રખાય. માટે જાવ, કોઈની જોડે આ ઝાપટિયું નીચે મોકલાવી દો. અહીં અન્ય બીજા કપડાનું સાદું ઝાપટિયું રાખજો.''

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી સંસ્થાના ગુરુપદે બિરાજ્યા હોવા છતાં ભગવા સુતરાઉ

માદરપાટ સિવાય કોઈ કાપડનો ઉપયોગ કરતા નથી. રેશમી કે મુલાયમ કાપડનો તેઓએ કદી પોતાના જીવનમાં અંગત ઉપયોગ કર્યો નથી.

આજે સમગ્ર એસ.એમ.વી.એસ. સંસ્થાના ગુરુસ્થાને તેઓ બિરાજે છે. જેમના વચને કરોડો રૂપિયાનાં આખા મંદિર હરિભક્તો કરાવે છે તેઓ તેમના માટે શું ન આપી શકે ? માત્ર રેશમની નહિ, મોંઘામાં મોંઘા કાપડની ને સોનેરી વસ્ત્રની પણ ગૌમુખી લાવી આપે. અરે, તેમને વાપરવાની ગાડી, આસન, પદાર્થો તથા સગવડો બધું મોંઘામાં મોંઘું લાવી આપે તેમ છે. પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજીની સાધુતા એવી ને એવી જીવંત દર્શન થઈ રહી છે. આજે પણ એવું ને એવું નિષ્કલંક સાધુતાસભર જીવન જીવી રહ્યા છે.

આમ, ગુરુવર્ય પ.પૂ. બાપજીએ ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ અને શિક્ષાપત્રીમાં સંતોને કરેલ અલ્પ આજ્ઞાઓનું પણ કદી ઉલ્લંઘન કર્યું નથી.

સ્ત્રીઓ તથા પુરુષોની સભા જુદા સભાખંડમાં જ થાય છે. સંતો ગમે તેટલી સેવા કરે તોપણ ક્યાંય તેમના નામની કે ઉપસવાની કોઈ ભાવના નહીં.

નિર્માની વર્તમાનની દૃઢતા માટે પૂ. સંતો મૂર્તિ બનાવે; પુસ્તકનું લેખનકાર્ય કરે તેમજ કીર્તન રચે તેમાં પણ ક્યાંય તેમનાં નામ લખતા નથી.

સંતોને શાસ્ત્રી, પુરાણી જેવી કોઈ વ્યવહારિક પદવી પણ નથી. એટલું જ નહિ, સંતોને કોઈ સ્થાન નિશ્ચિત નહીં. 'સાધુ તો ચલતા ભલા' તેમ જ્યાં આજ્ઞા થાય ત્યાં સેવામાં જવાનું પણ કોઈ પ્રકારનું બંધન નહીં.

આવી રીતે શ્રીજીમહારાજની પંચવર્તમાનની ઝીણામાં ઝીણી બાબતને તેઓ આગ્રહપૂર્વક પાળે છે.

● ● ●

કોઈની પણ મહોબતમાં લેવાયા વિના ગુરુવર્ય પ.પૂ. બાપજી હરહંમેશ પોતાની સાધુતામાં અડગ રહ્યા.

વર્ષો પહેલાં આપણા ગુરુવર્ય પ.પૂ. બાપજી એકાદશીને દિવસે માત્ર મગફળીના દાણાથી ચલાવી લેતા અને ઘણી વખત તો નકોરડી એકાદશી પણ કરતા.

એ સમયે ગુરુવર્ય પ.પૂ. બાપજીને કોઈ ફરાળ લાવી આપનાર પણ નહોતું.

એક વખત એકાદશીના બે દિવસ પહેલાં એક હરિભક્ત આવ્યા અને એક

રૂપિયો ધરી કહ્યું, “લો આ રૂપિયો. અગિયારસના દિવસે તેમાંથી ફરાળ લાવીને જમજો.”

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એમને કહ્યું કે, “ભાઈ અમારાથી રૂપિયાને અડાય નહિ કે રખાય પણ નહીં. આપને સેવા કરવી હોય તો આપ ફરાળ લાવીને આપો. પણ અમે રૂપિયા તો નહિ જ લઈએ.”

પેલા ભાઈએ બાપજીને ઘણો આગ્રહ કર્યો છતાં ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્પર્શ પણ ન કર્યો.

●●●

એસ.એમ.વી.એસ.ના સર્વે પૂ. સંતો ગુરુવર્ય પ.પૂ. બાપજીના પગલે પગલે ચાલી તેઓના જેવું સાધુતાસભર દિવ્યજીવન જીવી શ્રીહરિને પ્રસન્ન કરી રહ્યા છે.

એસ.એમ.વી.એસ.ના પૂ. સંતો સ્ત્રી અને ધનના સંપૂર્ણ ત્યાગી છે. સંતો જોડ વિના કદી એકલા બહાર નીકળતા નથી.

વળી, સ્ત્રીઓ સામે દૃષ્ટિ માંડીને જોતા નથી તથા સ્ત્રીઓ સાથે વાતચીત પણ કરતા નથી. તો પછી સ્ત્રીઓ સાથેનો સંબંધ કે તેમનો સ્પર્શ તો હોય જ ક્યાંથી ? સંતો આ ઘોર કળિકાળમાં અષ્ટ પ્રકારે નિષ્કામ ધર્મ અણીશુદ્ધ પાળી રહ્યા છે.

સંતો કદી પૈસાનો સ્પર્શ સુધ્ધાં કરતા નથી. પૈસાને રાખતા નથી કે અન્ય પાસે રખાવતા પણ નથી. બૅંકમાં કોઈ સંતોનું પોતાનું ખાતું નથી કે એક તસુ જેટલી પણ પોતાના નામે જમીન કે અન્ય કોઈ વસ્તુ નથી.

સંતો આજે પણ પત્તરમાં બધું જ ભોજન ભેળું કરી પાણી નાખીને જ જમાડે છે અને તુંબડીમાં જ જળ ધરાવે છે.

વસ્ત્રો પણ રામપુર ગામની ભગવી માટીથી રંગેલાં માદરપાટનાં જાડાં ધોતિયાં અને ગાતડિયાં જ પરિધાન કરે છે. તદુપરાંત ગમે તેવી કડકડતી ઠંડીમાં પણ દૈહિક સુખની પરવા કર્યા વિના સંતો સ્વેટર, મોજાં કે મોજડી કદી પહેરતા નથી.

ઠંડી સામે રક્ષણ મેળવવા ભગવી માટીથી રંગેલી માત્ર એક ગરમ શાલ અને ચરણમાં સાદા સ્લીપર જ ધારણ કરે છે.

ઈ.સ. ૨૦૧૦ના ડિસેમ્બરમાં ભારતથી પૂ. સંતો વિદેશની ભૂમિ ઉપર કારણ સત્સંગના ખૂંટ ખોડવા હેતુક કૅનેડામાં પધાર્યા હતા.

કૅનેડામાં ટોરેન્ટો ખાતે લેવાયેલ ભવ્ય મંદિર માટેની જગ્યામાં હવે મંદિરનિર્માણનું

ભગીરથ કાર્ય આરંભવાનું હતું. તૈયાર 'Banquet Hall' હતો. ત્યાં જ નવનિર્માણ કરી મંદિર કરવાનું હતું.

તેથી પૂ. સંતો મંદિરના શિખરનું માપ લેવા માટે રૂફ (છત) ઉપર ચડીને માપ લઈ રહ્યા હતા.

આ વખતે કૅનેડામાં કાતિલ ઠંડી હતી. ચારેબાજુ સખત હિમવર્ષા થઈ રહી હતી. તાપમાન ૨૪° સે. જેટલું; ગાત્રો થીજી જાય એવું વાતાવરણ હતું.

ઠંડીના સુસવાટાભેર પવનનાં વમળ ફૂંકાઈ રહ્યાં હતાં. એ વખતે હરિભક્તો બે-ત્રણ જાડા કોટ, પગમાં શૂઝ અને માથે હેલ્મેટ પહેરીને પણ થરથરી રહ્યા હતા.

પરંતુ પૂ. સંતો તો માત્ર ગાતડિયા તથા શાલભેર અને પગમાં માત્ર સ્લીપર પહેરીને શ્રીજીમહારાજના કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરવાના સંકલ્પને પૂરો કરવા થનગની રહ્યા હતા.

હરિભક્તોનો ઘણો આગ્રહ હોવા છતાં શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ આ સંતોએ શરીરે બીજું વસ્ત્ર નહોતું અડાડ્યું.

ધન્ય હો ગુરુવર્ય પ.પૂ. બાપજીના સંતોની શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તવાની ખટકને !!

વર્તમાનકાળે નંદસંતોના જેવી સાધુતા એસ.એમ.વી.એસ.ના સંતોમાં કેળવવાની પ્રેરણા કરનાર પ્રેરણામૂર્તિ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૩૮

## હજુ જોજો તો ખરા

૪૦ વર્ષ પહેલાં શ્રીજીમહારાજ અને બાપાશ્રીના સિદ્ધાંતોના વિશ્વવ્યાપી પ્રચારનો પ્રારંભ કરવા માટે ઘનશ્યામનગર (ઓઢવ), અમદાવાદ ખાતે ૧૫૦૦ વાર જગ્યા મંદિર માટે લીધી હતી.

ત્યારે હરિભક્તોએ કહ્યું, “સ્વામી, આવડી મોટી જગ્યા લઈને તમે શું કરશો ? હરિમંદિર માટે તો આ જગ્યા બહુ મોટી પડશે.”

ત્યારે દીર્ઘદ્રષ્ટા સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક જ શબ્દમાં ભવિષ્યની આગાહી કરતાં ઉત્તર કર્યો કે, “હજુ જોજો તો ખરા... આ ૧૫૦૦ વાર જગ્યા પણ નાની પડશે.”

ત્યારબાદ ત્રણ માળના મંદિરનું આયોજન કરીને મંદિરનું બાંધકામ શરૂ કરાવ્યું. એ સમયે મંદિર કરવા માટે નહોતા માણા, નહોતા પાણા કે નહોતાં નાણાં.

ત્યારે ફરીથી હરિભક્તોએ કહ્યું, “સ્વામી, તમારી જોડે એક સરખો સાધુય

નથી ને આવડું મોટું ત્રણ માળનું તોતિંગ મંદિર કરીને કરશો શું ?''

ત્યારે પણ તેઓનો આ એક જ જવાબ હતો : ''હજુ જોજો તો ખરા. એક નહિ, ઢગલાબંધ સાધુઓ થશે.''

અને ગુરુવર્ય પ.પૂ. બાપજીના એ શબ્દો આજે સાકાર થતા જણાય છે. આજે ૪૦ વર્ષમાં એ ૧૫૦૦ વાર જગ્યા નાની પડે છે. એ ત્રણ માળનું હરિમંદિર નાનું પડતાં તેનો જીર્ણોદ્ધાર કરી શિખરબદ્ધ મંદિર તૈયાર કરવું પડ્યું.

અને એ નૂતન શિખરબદ્ધ મંદિર પણ આજે નાનું પડે છે.

• • •

ગુરુવર્ય પ.પૂ. બાપજી જ્યારે મોટા મંદિરે બિરાજતા ત્યારે એક વાર હેતવાળા હરિભક્ત જશુભાઈ ભાવસાર ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવેલા. તે વેળા જ્યોતીન્દ્રભાઈ આદેશરા ત્યાં હાજર હતા.

જશુભાઈએ ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું, ''દયાળુ, રજા આપો તો એક પ્રશ્ન પૂછું.''

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સંમતિ આપી. જશુભાઈ બોલ્યા, ''આપ તો મહાપ્રભુના જ્ઞાનનો અખૂટ ખજાનો ધરાવો છો પરંતુ અમે રહ્યા ગૃહસ્થ. સાધુ થવાની તો અમારી શક્તિ નથી. પરંતુ એક સંકલ્પ થાય છે કે, આપ આપના જ્ઞાનનો ખજાનો પીરસશો કોને ?''

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, ''શું વાત કરો છો ? જોજો તો ખરા. કેટલાય યુવાનિયા સાધુ અને હરિભક્તોની મોટી વણઝાર ઊભી થશે. સમય આવ્યે વાત.''

બસ, 'જોજો તો ખરા'નો મૂળભૂત શબ્દ એસ.એમ.વી.એસ. સંસ્થાની સ્થાપના (પ્રાદુર્ભાવ) પહેલાંનો છે.

• • •

ઈ.સ. ૧૯૮૬માં વાસણા ખાતે સૌપ્રથમ શિખરબદ્ધ મંદિર માટે જગ્યા લીધી ત્યારે પણ હરિભક્તો કહેતા હતા કે, ''આવડું મોટું મંદિર કેમ કરો છો ?''

ત્યારબાદ ઈ.સ. ૧૯૯૯માં સ્વામિનારાયણ ધામ, ગાંધીનગરની ૬૦ વીઘા જમીન લીધી ત્યારે તો હરિભક્તો કહેતા, ''આવડી મોટી જગ્યાને કોણ સાચવશે ? અહીં તમે શું કરશો ?''

એ વખતે પણ તેઓનો ટૂંકો ને ટચ જવાબ હતો કે, ''હજુ જોજો તો ખરા...''

ને આજે વાસણા મંદિરની જગ્યા તથા સ્વામિનારાયણ ધામ સંકુલ બંને નાનાં પડે છે.

અરે, આજે એ સ્વામિનારાયણ ધામ આખી સંસ્થાનું સંચાલન કરતું ઈન્ટરનૅશનલ હેડ ક્વાર્ટર (વડુંમથક) બની ગયું અને અનંતને મુમુક્ષુ કરી મુક્ત સ્થિતિ પમાડવા માટેનું આધ્યાત્મિક ઈન્ટરનૅશનલ હેડક્વાર્ટર બની ગયું છે. આ સ્વામિનારાયણ ધામ આજે શ્રીજીમહારાજના સિદ્ધાંતો ને સંકલ્પોના વિશ્વવ્યાપી પ્રવર્તનનું કેન્દ્રસ્થાન બની રહ્યું છે.

વિદેશની ભૂમિ પર પણ તેઓએ મોટાં મોટાં સંકુલો રચ્યાં છે. જ્યારે વિદેશમાં એક પણ હરિભક્ત નહોતા ત્યારે પણ તેઓ કહેતા કે, ‘‘હજુ જોજો તો ખરા...’’

જ્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે એક પણ સાધુ નહોતા ત્યારે હરિભક્તો તેઓને એવું કહેતા કે, ‘‘તમારી જોડે એકેય સાધુ નહિ ટકે.’’

ત્યારે પણ તેઓએ આ જ શબ્દો ઉચ્ચાર્યા હતા કે, ‘‘હજુ જોજો તો ખરા...’’

અને આજે સાધુ થવા માટે મુમુક્ષુઓની કતાર ખડી રહે છે.

તેમને સામેથી એવું કહેવું પડે છે કે, ‘‘હજુ થોડી ધીરજ રાખી રાહ જુઓ. સમય આવ્યે તમને બોલાવી લઈશું. અમારે કોઈને સાધુ કરવામાં ઉતાવળ કરવી નથી. અમારે તો ક્વૉલિટીવાળા ખરેખરા સાધુ તૈયાર કરવા છે.’’

અને આજે માત્ર ત્રીસ વર્ષના ટૂંકા સમયગાળામાં **SMVS**ની પ્રગતિ જેટ ગતિએ થઈ રહી છે તેવું સમગ્ર સંપ્રદાય કહે છે તેનું કારણ શું ?

કેવળ એ દિવ્યપુરુષના દિવ્ય સંકલ્પો જ કે, ‘‘હજુ જોજો તો ખરા...’’

•••

ઈ.સ. ૨૦૧૩માં ગુરુવર્ય પ.પૂ. બાપજી ગાડી લઈ વિચરણમાં પધાર્યા હતા. સાથે વિદેશથી લાભ લેવા આવેલા એક હરિભક્તને સત્સંગ માટે લીધેલા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી પરોક્ષના શ્રદ્ધાળુ લોકો પૂનમે ચાલતા જતા હોય તેવા રસ્તે ગાડી લેવડાવી મુમુક્ષુઓને સામેથી દર્શન આપે.

તેઓ તેમને કંઠી પહેરાવે, પ્રસાદી આપે, આશીર્વાદ વહાવે ને પોતાની દિવ્યદૃષ્ટિથી સૌનું સેવન કરી સંકલ્પોનું વાવેતર કરે.

સાથે આવેલા સંતો-હરિભક્તોને તેઓએ કહ્યું, ‘‘અરે તમે પણ મહારાજને પ્રાર્થના કરીને આ મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણના સંકલ્પો કરો.

તેઓની આ અલૌકિક રીત દેખી પેલા વિદેશના હરિભક્તે તેમને પૂછ્યું કે,

"બાપજી, આપ આ સંકલ્પો કરો છો અને અમારી પાસે કરાવો છો તે શાના માટે ?"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, "અનંતકોટિ બ્રહ્માંડોમાં કારણ સત્સંગ ફેલાવવાનો મહારાજનો સંકલ્પ પ્રબળ છે. હજુ જોજો તો ખરા... અમે જે આ સંકલ્પો કરીએ છીએ તે બધાય મુમુક્ષુઓ ભવિષ્યમાં કારણ સત્સંગમાં આવશે અને શ્રીજીમહારાજનું સર્વોપરી સ્વરૂપ ઓળખી અનાદિમુક્તની સ્થિતિ પામશે. મહારાજના આ સંકલ્પો ભવિષ્યમાં જરૂર ફળીભૂત થશે."

●●●

એક વખત ગુરુવર્ય પ.પૂ. બાપજી ગોધરા વિચરણમાં પધારતા હતા.

સાથે એક સમર્પિત મુક્ત પણ હતા. ગાડીમાં ગુરુવર્ય પ.પૂ. બાપજી બેઠા એટલે તરત જ પેલા મુક્તને કહ્યું કે, "હેઠા ઊતરો."

આ સાંભળી તેમને આશ્ચર્ય થયું; કાંઈ સમજાયું નહીં.

તેથી બાજુમાં રહેલા સેવક સંતે કહ્યું કે, "ગાડીમાં બેઠા પછી રસ્તામાં જે દેખાય તેના કલ્યાણના સંકલ્પો ચાલુ કરી દેવા. પણ અમથા બેસી ન રહેવું એવી ગુરુવર્ય પ.પૂ. બાપજીની રુચિ છે."

પછી તો તેમણે એ મુજબ સંકલ્પો કરવાના ચાલુ કરી દીધા. પછી તેમણે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પૂછ્યું કે, "બાપજી ! આ સંકલ્પો કેમ કરવાના ?"

ત્યારે તેઓ બોલ્યા કે, "અનંતકોટિ બ્રહ્માંડોમાં કારણ સત્સંગના વિજયધ્વજો ફરકાવી દિગંતમાં ડંકા દેવાનો શ્રીજીમહારાજનો સંકલ્પ છે. તેથી અમે આ સંકલ્પોનું વાવેતર કરીએ છીએ. હજુ જોજો તો ખરા... મનુષ્ય, પશુ-પક્ષી, કૂતરાં, બિલાડાં, ગાય, ભેંસ જેના જેના પર અમારી દૃષ્ટિ પડી છે એ બધાંયને મહારાજ જરૂરથી કારણ સત્સંગમાં લાવશે અને તેમનું આત્યંતિક કલ્યાણ કરશે."

ગુરુવર્ય પ.પૂ. બાપજીના શબ્દો 'હજુ જોજો તો ખરા...' એ મુજબ વર્તમાનકાળે **SMVS**નાં મંદિરોમાં જ્યાં જુઓ ત્યાં મુમુક્ષુઓનાં ટોળેટોળાં ઊમટી પડે છે તે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ મુમુક્ષુઓ માટે કરેલા સંકલ્પોનું જ પરિણામ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની સર્વે ક્રિયાના કર્તા સ્વયં શ્રીજીમહારાજ છે. તેઓના મુખે સંકલ્પોને વહાવનાર સ્વયં શ્રીજીમહારાજ છે. તેઓ **SMVS** સંસ્થાના વિકાસલક્ષી દૂરગામી સંકલ્પો ભવિષ્ય ભાખીને અવારનવાર વહાવતા હોય છે કે, "હજુ જોજો તો ખરા..."

"૫૦૦-૫૦૦ એકરનાં સ્વામિનારાયણ ધામ દેશ-પરદેશમાં રચાશે..."

"એક એક હરિભક્ત આખાં આખાં મંદિરો બનાવે એવા હરિભક્તોને મહારાજ મોકલશે."

"હજુ અનેક સંતો અને હરિભક્તોનો વિશાળ સમાજ મહારાજ મોકલશે."

"વાસણા મંદિરનો મૂર્તિધામ સભાહૉલ જોઈને બોલ્યા કે, સંતોથી આ આખો હૉલ ભરાઈ જશે..."

"સંતો-હરિભક્તો, બાઈઓ-ભાઈઓનો અદ્‌ભુત નિર્વાસનિક સમાજ મહારાજ મોકલશે..."

"કારણ સત્સંગ વિશ્વવ્યાપી બનીને વિશ્વધર્મ બનશે..."

"શ્રીજીમહારાજ કાળિયા, ધોળિયા, ભૂરિયા, પીળિયા આ બધાયને ખેંચશે ને પોતાના સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવશે..."

"સ્વામિનારાયણ સંપ્રદાયમાં કારણ સત્સંગના ડંકા વાગશે..."

'હજુ જોજો તો ખરા...'ના પ્રચંડ સંકલ્પને વેગવંતો કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કે

# ૩૯

## ગુણગ્રાહકતા

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી દરેકની સારી વસ્તુ, રીતભાત, કોઈનાં સારાં અંગ, કોઈના સારા ગુણ વગેરેને અન્યને શીખવવા ગ્રહણ કરે અને જોડે રહેલા સંતો-હરિભક્તોને પણ એવું શીખવા માટે માર્ગદર્શન આપે, પ્રેરણા આપે.

આવી ગુણગ્રાહકતા એ જ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીની સૌથી મોટી મોટપ છે. અવરભાવમાં પોતે આવડી મોટી સંસ્થાના વડા તેમજ લાખો લોકોના ગુરુસ્થાને બિરાજતા હોવા છતાં કોઈ નાનામાં નાની વ્યક્તિ કે વસ્તુમાંથી પણ એના ગુણ જોઈ લેવા - શીખી લેવા એ કાંઈ નાનીસૂની વાત નથી.

જેમ દાસ અને નિર્માની થવું તે કાયરનું કામ નથી, શૂરવીરનું કામ છે તેમ ગુણગ્રાહક થવું એમાં પણ જેનું તેનું કે દરેકનું કામ નથી.

જે રાગ અને દ્વેષથી પરનું સ્વરૂપ હોય, જેનું નિર્મળ જીવન હોય, જેના વિચારોમાં કેવળ દિવ્યતા હોય તેનું કામ છે.

એક વખત એક સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજીને પ્રશ્ન પૂછ્યો કે, "બાપજી, આપ તો અમારા બધા સંતો-હરિભક્તોનું બધું જ જાણો છો, અમારી નાનામાં નાની કસર-કુટેવ, અમારામાં રહેલા મહારાજને ન ગમે એવા સ્વભાવ આ બધાંની આપને ખબર છે. છતાં પણ આપ અમને કેવી રીતે નિભાવી શકો છો ? કેવી રીતે અમને ગળે લગાડી પ્રેમ ને વાત્સલ્ય આપી શકો છો ? અમે તો કોઈની નાની ભૂલ પણ સહન નથી કરી શકતા !!"

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ તે સંતને એટલું જ કહ્યું કે, "ભલે કોઈનામાં ગમે તેટલા સ્વભાવ હોય, કોઈની ગમે તેટલી કસર હોય, કુટેવો હોય, કોઈનાથી ગમે તેટલી ભૂલો થઈ હોય પરંતુ અમે ક્યારેય એની ભૂલો કે કસર સામું જોતા જ નથી. બસ એ ગમે તેવો હોય તોપણ એને મહારાજ લાવ્યા છે. એ મહારાજના સંકલ્પમાં તો ભળ્યો છે ને !! નહિતર આવા ઘોર કળિકાળમાં કોને મહારાજ અર્થે જીવવાનો સંકલ્પ થાય ? ગમે તેમ તોય એ મહારાજના સંકલ્પનું પાત્ર છે. એને શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા તો દૃઢ છે ને એ જ એનો સૌથી મોટો ગુણ છે."

બસ, આવા નિરંતર એના ગુણોનો વિચાર કર્યા કરવો, તો ક્યારેય આપણા થકી કોઈને 'ના' કે 'જા' કહેવાનો સંકલ્પ જ ન થાય. એના માટે આપણને મહિમા જ રહે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ પોતાના સંતોને એક વાત શિખવાડે કે, "સંતો ! ગમે તેવો પામર ને પતીત જેવો જીવ હોય પણ આપણે તેનો દોષ શા માટે જોવો ? જોવાય તો તેનો ગુણ જોવો, પણ દોષ નહિ જ." એ જ મહારાજ અને મોટાની અને આપણી રીત છે.

વળી, અન્યના ગુણ ક્યારે જોઈ શકાય ? તો જ્યારે પોતાને સંપૂર્ણ ન મનાય, પોતાને બીજા કરતાં અધિક ન મનાય, પોતાને કસર રહિત ન મનાય ત્યારે.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ સંતોને શિખવાડે કે, "સંતો ! હંમેશાં આપણે એક રીત શીખવી કે અન્યનું સારું આયોજન, સારું મૅનેજમેન્ટ, સારી રીતભાત, સારી પદ્ધતિઓ જોઈને તેને સ્વીકારતાં શીખવું. અન્યનાં એવાં આયોજન, મૅનેજમેન્ટ કે પદ્ધતિઓ હોય કે જેનાથી આપણા કારણ સત્સંગના શુદ્ધ જ્ઞાન, ઉચ્ચ આદર્શો-સિદ્ધાંતોમાં સમાધાન ન કરવું પડતું હોય તો તે સ્વીકારવામાં આપણને કોઈ જ વાંધો ન હોવો જોઈએ. અન્યની એવી સારી બાબતો સ્વીકારવાથી આપણે નાના નહિ થઈ જઈએ. અન્યની સારી બાબતને ગ્રહણ કરવી એ આપણી નાનપ નથી પરંતુ એ જ આપણી મોટપ છે, એ જ

આપણી શોભા છે.''

●●●

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આવી ઉત્કૃષ્ટ વિચારધારા જોઈને ક્યાંક એવું લાગે કે કોઈકનું અનુકરણ કર્યું. પરંતુ વાસ્તવિકતાએ ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કોઈની કોમ્પિટીશન માટે કે સરસાઈ દેખાડવા કર્યું એવું નથી.

આવી સહજતા એ જ એમની ગુણગ્રાહકતા છે, એ જ એમની મોટાઈ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ કહેતા હોય છે, ''આપણાં આદર્શો, સિદ્ધાંતો અને મૂલ્યોને ગૌણ કર્યા વિના કોઈની સારી વસ્તુ ગ્રહણ કરવાથી આપણા વિચારો વધુ ઉત્કૃષ્ટ બને જેથી ઊલટાનું આપણું કાર્ય જ વધુ સારું થાય, શ્રેષ્ઠ થાય. તો એમાં ખોટું શું છે ? આપણું કાર્ય ઉત્તમ થશે તો એનાથી મહારાજ પણ રાજી થશે અને આપણે તો મહારાજને રાજી જ કરવા છે ને ! તો પછી અન્યની સારી વાત સ્વીકારવાથી મહારાજને રાજી કરવાના કાર્યમાં સુગમતા રહેતી હોય તો આપણને ફાયદો જ ફાયદો છે. એમાં કાંઈ ખોટું છે જ નહીં.''

વળી, ગુરુવર્ય પ.પૂ. બાપજી સંતોને એ પણ શિખવાડતા હોય છે કે, ''કોઈ આપણી સારી બાબત કે આપણું સારું આયોજન સ્વીકારે તો આપણે ક્યારેય એના માટે બે શબ્દો હીણા ન બોલવા કે એના માટે કોઈ પણ જાતની ટીકા-ટિપ્પણી ન કરવી. ઊલટાનું આપણે રાજી થઈને એમને સહકારરૂપ થવું, એમને મદદરૂપ થવું. તો મહારાજ આ જોઈને રાજી થાય. કોઈને આપણી વાત, વિચાર, આયોજન, વહીવટી વ્યવસ્થા આ જે કાંઈ પણ સારું લાગ્યું અને એને કોઈ પોતાના અંગત જીવનમાં કે કોઈ સમૂહ-સંગઠન કે સંસ્થામાં અમલ કરવા ઈચ્છે તો તેમાં આપણે રાજી થવું. એમનું કાર્ય સારું થવામાં આપણને સહકારરૂપ થવાની સેવા મળી. તેમાં કદી આપણે એવો સંકુચિત વિચાર ન કરવો કે આપણું અનુકરણ કરી લેશે તો ? આપણા કરતાં આગળ નીકળી જશે તો ? એવા વિચારો કરીએ એમાં આપણી શોભા ન કહેવાય. આપણે તો મેં કર્યું એ ભાવ ભૂલવાનો છે અને મહારાજે જ બધું કર્યું છે તે ભાવ દૃઢ કરવાનો છે. માટે જે કાંઈ છે તે બધું મહારાજનું છે. માટે, મહારાજનું આપેલું કોઈ મહારાજના રાજીપા માટે, મહારાજનો મહિમા વધારવા માટે વાપરે, અનુસરે તો રાજી જ થવું જોઈએ. એવી આપણી રીત છે.''

●●●

એક વખત એક અન્ય સંસ્થાના વહીવટી કર્તાનો આપણા એક સંત ઉપર ફોન આવ્યો અને વાત કરી કે, "આપના 'સંપ-સુહૃદભાવ-એકતા' પુસ્તકમાં આ એક પ્રકરણ અમારે અમારા સામયિકમાં છાપવું છે તો જો આપ પરવાનગી આપતા હોય તો છાપીએ."

ત્યારે તે સંતે વડીલ સંતની મંજૂરી લઈ થોડી વાર પછી ફોન કરીને ઉત્તર જણાવવા કહ્યું.

ત્યારબાદ આ સંતે ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીની સેવામાં રહેલા સંતોને જાણ કરી આ અંગે રુચિ જણાવવા કહ્યું.

ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "ભલે ને છાપતા. એક નહિ, પાંચ પ્રકરણ છાપે તોપણ આપણને વાંધો નથી ! આપણે તો વધુ રાજી થઈએ. આપણે તો મહારાજના સિદ્ધાંતનો પ્રચાર કરવો છે ને ! એ માટે મહારાજ ગમે તેને નિમિત્ત કરે. આપણે તો રાજી થવું અને મહારાજને પ્રાર્થના કરવી કે, 'હે મહારાજ, એમનું કાર્ય પણ વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનાવજો અને અમને આપે જે સિદ્ધાંતો સમજાવ્યા છે તેને તેઓ સ્વીકારે અને એમના દ્વારા આપના સર્વોપરી સિદ્ધાંતનું પ્રવર્તન કરજો.' માટે એવી પ્રાર્થના કરી તે વહીવટીકર્તાને જે છાપવું હોય તે છાપવાનું જણાવો."

આ છે તેમની વિશાળતા.

●●●

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે જો અલ્પ સમય માટે પણ રહેવા મળે તો જરૂરથી અનુભવાય કે તેઓમાં અવરભાવની વ્યવહારકુશળતા કેટલી બધી છે !

ગુરુવર્ય પ.પૂ. બાપજી પોતે સંપૂર્ણ વ્યવહારકુશળ હોવા છતાં નિરંતર બીજામાંથી શીખવાની પ્રેરણા લે તેવું દર્શાવે અને સંતોને પણ શિખવાડ્યા કરે.

એક વખત વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી એક હરિભક્તને ત્યાં એમની કંપનીમાં પધરામણી માટે પધારેલા. કંપની બહુ જ વિશાળ હતી.

કંપનીમાં આશરે ૧૨૩ કરતાં વધુ વ્યક્તિઓ સ્ટાફ તરીકે કામ કરતી હતી. પધરામણીમાં આરતી-પગલાં વગેરે કર્યા બાદ ગુરુવર્ય પ.પૂ. બાપજી સત્સંગ માટે બિરાજમાન થયા.

સત્સંગ પૂરો થયા બાદ પેલા હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજી સાથે કંપનીના વ્યવસ્થાપન, કાર્યપદ્ધતિ, ભાવિ આયોજનો વગેરે વિષે ચર્ચા કરવા લાગ્યા.

વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીને કંપનીની વ્યવસ્થા પદ્ધતિ તથા આયોજન ગમ્યાં.

એટલે તરત જ સંતોને પ્રેરણા કરતાં વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી બોલ્યા કે, "સંતો, આમની કંપનીમાં વ્યવસ્થાપન બહુ જ સારું છે હોં. હજુ આમની પાસેથી વિશેષ બાબતોને જાણી એમાંથી સારી સારી બાબતોનો આપણાં મંદિરોના વહીવટી વિભાગમાં તેમજ કાર્યાલયના વિભાગોમાં પણ જે રીતે અમલ કરવા યોગ્ય હોય તેમ કરજો."

કેવી ગુણગ્રાહકતા !

આવી રીતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી કાયમ એક જ રીત શિખવાડતાં કહેતા હોય છે કે, "આપણે સદાયને માટે ગુણગ્રાહક રહેવું પરંતુ ગુણભાન કે ગુણભારમાં ન રહેવું. આપણામાં રહેલા સારા ગુણોનું આપણને ભાન રહે કે એનો ભાર રહે તો એ તો આપણું અભિમાન કહેવાય. એનાથી મહારાજ રાજી ન થાય. આપણે તો કોઈ પણ રીતે મહારાજને રાજી કરવા છે, માટે સૌમાંથી ગુણો શીખ્યા કરવા તો મહારાજ આપણી ઉપર રાજી થાય."

અલ્પ સરખા જીવમાંથી પણ તથા જડ પદાર્થમાંથી પણ ગુણ ગ્રહણ કરવાની અદકેરી રીત શીખવનાર ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદના...



દિવ્યપુરુષ ગુરુ બાપજી એ, શ્રીહરિ ઓળખાવનાર છે;
સૌના વ્હાલા સ્વામીશ્રી એ, દિવ્યજીવન દેનાર છે;
સંતો-ભક્તો શ્રીહરિના, મૂર્તિસુખ લેનાર છે,
શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, SMVS કહેવાય છે.

– SMVS સંતવૃંદ





# ૪૦

## રચવો એવો દિવ્ય સમાજ

સ્વામિનારાયણ ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ અને અનાદિમુક્તની સ્થિતિના આશીર્વાદ પ્રાપ્ત થયા પછી મહારાજ પછીથી આપણો નંબર બીજો કર્યો. કારણ કે અનાદિમુક્તની પદવી એ શ્રીજીમહારાજ પછીની પદવી છે.

મોટાપુરુષે સહેજે જ કૃપા કરીને વર્તમાન ધરાવીને જીવમાંથી શિવ કહેતાં અનાદિમુક્તની પંક્તિમાં લઈ લીધા.

ગુરુવર્ય પ.પૂ. બાપજી અવારનવાર પોતાના સર્વે સંતો અને હરિભક્તો માટે પોતાનો સંકલ્પ જણાવતા હોય છે કે, “ગઢડા મધ્યના ૪૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું તે મુજબ અમારે એક તલમાત્ર કસર ન હોય એવા દિવ્ય સમાજની રચના કરવી છે. તે માટે જેવી રીતે રાજા કોઈ દાતણ વેચનારીને રાણી કરી દે, તેમાં રાજાએ પોતાનું કર્તવ્ય બજાવી દાતણ વેચનારીમાંથી રાણી કરી દીધી. હવે તે દાતણ વેચનારીએ રાણી બનવું પડે. તેણે પહેલાંનાં સ્વભાવ, રીતભાત, સંગ, ખાવું, પીવું, સૂવું, ઊઠવું, બેસવું, હરવું, ફરવું, પહેરવું, ઓઢવું,

બોલવું, ચાલવું વગેરે તમામ બાબતોમાં બદલાવ લાવવો જોઈએ તો રાણીનું પદ શોભાડી શકે અને તો જ રાણી તરીકેનું સુખ ભોગવી શકે. એવી જ રીતે આપણને અનાદિમુક્તની પદવી આપી અનાદિમુક્તની સ્થિતિના કોલ આપ્યા. હવે તે પદવીને લાયક આપણે થવું પડે તો જ અનાદિમુક્તની પદવીને શોભાડી કહેવાય.''

કારણ સત્સંગનો સમાજ એટલે અનાદિમુક્તોનો સમાજ. અનાદિમુક્તોનું જીવન દિવ્ય હોય. એની નજર મહારાજ અને મોટાપુરુષના રાજીપા તરફ જ મંડાયેલી હોય.

અલ્પ વચનમાં ફેર પડે તો મહદ્ વચનમાં ફેર પડે તેવી રીતે વર્તનારા ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પ.પૂ. સ્વામીશ્રી નિયમ-ધર્મની દૃઢતા બાબતે ખૂબ જ કડક વલણ અપનાવે. ગુરુવર્ય પ.પૂ. બાપજીની રોજિંદી કથામૃતમાં વારંવાર નિષ્ઠા અને નિયમ-ધર્મની દૃઢતા કરાવવાનો સર્વોપરી ઈશક પણ જોવા મળે.

તેથી **SMVS**નો સમાજ નિષ્ઠા અને નિયમે કરીને શૂરોપૂરો છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એવો અનાદિમુક્તોનો દિવ્ય સમાજ રચીને સંપ્રદાયમાં અનોખી ભાત પાડી છે.

•••

**SMVS**ના સંતો પંચવર્તમાને શૂરાપૂરા છે તો હરિભક્ત સમાજ પણ એવો જ નિયમ-ધર્મની દૃઢતાવાળો છે.

સંતો એક વાર વિચરણમાં જતા હતા ને રસ્તામાં એક પૅલેસ (દરબારગઢ) આવ્યો. આ દરબારગઢમાં રહેતાં રાજમાતાએ સંતોને દૂરથી જોયા એટલે પધરામણી કરાવવા અંગે ભલામણ કરાવી.

સંતો પધારતાં રાજમાતા પોતાના કક્ષ(ઓરડા)માં જતા રહ્યા. પછી સંતો જીવનું રૂડું થાય ને મહારાજનો મહિમા થાય એ માટે પધરામણી કરવા ગયા.

સંતોએ પધરામણી કર્યા બાદ ત્યાં બેસીને રાજમાતાના પરિવારના પુરુષ સભ્યોને થોડી સત્સંગની વાર્તા માંડી.

એટલામાં સંતોની સાથે રહેલ કાર્યકરને રાજમાતાએ બોલાવ્યા ને જણાવ્યું કે, ''મારે સંતોના ચરણસ્પર્શ કરવા છે.''

કાર્યકરે આવી સંતોને વાત કરી ત્યારે સંતોએ કહ્યું, ''એમને કહો કે, 'અમે સ્ત્રી-ધનના ત્યાગી સંતો છીએ. અષ્ટ પ્રકારના બ્રહ્મચર્ય વ્રતનો લોપ થાય તેવી ક્રિયાનો વિચારે ન કરવો તો પછી ક્રિયા તો થાય જ કેમ ?' માટે એમને આ રીતે

જણાવો.''

કાર્યકર દ્વારા સંતોની વાત સાંભળવા છતાંય રાજમાતા એ વાતને સ્વીકારી ન શક્યાં ને પોતાનો આગ્રહ બતાવ્યો. એટલે સંતો વિનયવચન કહેવડાવી ત્યાંથી તત્કાળ નીકળી ગયા.

સંતો તો પંચવર્તમાનના અણીશુદ્ધ નિયમ શિર સાટે રાખે છે તેમ હરિભક્તો પણ ગૃહસ્થના પંચવર્તમાનના નિયમ શિર સાટે પાળે છે.

●●●

૨૫ વર્ષની ઉંમરના શ્યામબરન રામજગ યાદવ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી, પણ અમદાવાદમાં CRPમાં નોકરી કરે.

હિન્દીભાષી તેથી કથાવાર્તામાં સમજણ ઓછી, પણ મહિમાવંત ઘણા.

એક વાર તેમની નોકરીની બદલી અરુણાચલ પ્રદેશમાં થવાથી ત્યાં પહોંચી ગયા.

૩-૪ મહિના થયા હશે અને તબિયત બગડવા લાગી. ત્યાંનું પાણી માફક ન આવવાથી ઝાડા થઈ ગયા.

કાયમની બીમારી લાગુ પડી ગઈ. ડૉક્ટરને બતાવ્યું, દવાઓ લીધી છતાં કોઈ પ્રકારે રાહત ન રહે.

શરીર ધીરે ધીરે ઓગળવા માંડ્યું અને સુકાતું ગયું.

સાથીમિત્રો સલાહ આપવા લાગ્યા કે, ''તું પણ અમારી જેમ દારૂ પી અને માંસ, મટન ખા તો હટ્ટો-કટ્ટો બની જઈશ.''

મિત્રોએ તેને ખૂબ સમજાવ્યો કે, ''અહીં રહેવું હોય અને શરીર સારું રાખવું હોય તો આ રીતે જ જીવન જિવાય. અમારો તો એવો અનુભવ છે.''

ત્યારે શ્યામબરન મનોમન વિચારી રહ્યા, ''હું તો એસ.એમ.વી.એસ. સંસ્થાનો કિશોર સભાનો સભ્ય છું. મારાથી આવું કદાપિ ન થાય.''

પોતાના સાથીમિત્રોને તેઓએ પ્રેમથી સમજાવ્યું કે, ''મારા શરીરનું જે થવું હોય તે થાય; તેની મને ચિંતા નથી. આ દેહ રહે કે ના રહે. પરંતુ મારે તો મારા ભગવાનની આજ્ઞા નથી જ લોપવી. દારૂ-માંસ-મટન જેવા અભક્ષ્ય પદાર્થો ખાવા-પીવાની તો ક્યાં વાત છે પરંતુ હું તો તેનો સ્પર્શ પણ નહિ કરું.''

પંચવર્તમાનસંબંધી નિયમ-ધર્મનો કેવો દૃઢાવ !!

●●●

**SMVS**નો હરિભક્ત સમાજ ચાને વ્યસન ગણે છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ આજ્ઞાંકિત હરિભક્તોમાં ચાનું વ્યસન પણ રહેવા દીધું નથી.

એટલું જ નહિ, હરિભક્તોના ઘરે પણ ચા બનતી જ નથી. એમના ઘરે આવેલા મહેમાનોને પણ ચા બનાવીને પિવડાવવામાં આવતી નથી.

**SMVS**ના હરિભક્તો પોતે ચા પીતા નથી અને કોઈને ચા પિવડાવતા પણ નથી.

નિયમ-ધર્મની આટલી સૂક્ષ્મ બાબતે પણ અહીં ખૂબ કડકાઈ છે.

**SMVS**ના કોઈ પણ સમૈયા પ્રસંગે કે ઉત્સવ-મહોત્સવ પ્રસંગે કદી ચા બનાવવામાં આવતી નથી. આજે કેટલાય હરિભક્તોના બાળમુક્તો છે કે જેમને ચા શું કહેવાય ? ચા કેવી હોય ? તેનો સ્વાદ કેવો હોય ? તેની ખબર જ નથી. એમણે ચા ભાળી જ નથી.

વર્તમાન સમયે આટલી નાની આજ્ઞાનું પણ હરિભક્તો ચુસ્તપણે પાલન કરે છે અને તેમની પાસે પાલન કરાવવામાં આવે છે.

●●●

મુંબઈના હરિભક્ત શ્રી રાજેન્દ્રભાઈ પાલા સ્વામિનારાયણ સંપ્રદાયના ખ્યાતનામ ગાયક કલાકાર છે.

તેઓ કીર્તનભક્તિના વિવિધ પ્રોગ્રામ કરવા સંપ્રદાયમાં અનેક જગ્યાએ જાય છે.

તેઓ વર્ષોથી સત્સંગી છે પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી તથા પ.પૂ. સ્વામીશ્રીના યોગમાં આવતા, સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠા સમજાણી અને ચુસ્ત નિષ્ઠાવાન હરિભક્ત બન્યા.

તેઓ ગાયક કલાકાર રહ્યા એટલે સ્વાભાવિક ચા પીવાની ટેવ હતી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ પૂછ્યું, “તમને કાંઈ વ્યસન છે ? તમાકુ, માવા-ગુટકા, દારૂ વગેરે.”

રાજેન્દ્રભાઈએ કહ્યું, “ના બાપજી, મારે આ પ્રકારનું કોઈ વ્યસન નથી.”

પછી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, “ચા પીવો છો ? ચાનું વ્યસન હશે, નહીં ?”

રાજેન્દ્રભાઈને ચા વ્યસન કહેવાય તેનું આશ્ચર્ય લાગ્યું કેમ કે ચાને તો કોઈ

વ્યસન ગણતું જ નથી.

રાજેન્દ્રભાઈએ કહ્યું, "હા બાપજી, ચા પીવાની ટેવ તો ઘણી છે. અમારે કલાકારોને ચા વગર ચાલે નહીં"

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ કહ્યું, "આપણે તો મહારાજ વગર ન ચાલે; બાકી બધા વગર ચાલે."

એમ કહી ચા છોડવા કહ્યું કે, "મહારાજને રાજી કરવા હોય તો ચાને છોડો. અમે તમારી કીર્તનભક્તિથી નહિ, પણ ચા છોડશો એનાથી વધુ રાજી થઈશું."

રાજેન્દ્રભાઈ માટે આ ઘણું કઠણ હતું, પણ અશક્ય ન હતું. તેમણે કહ્યું, "ચા છોડવા જરૂર પ્રયત્ન કરીશ."

ગુરુવર્ય પ.પૂ. બાપજી અને પૂ. સંતોએ છ માસ સુધી એમની પાછળ પડીને એમને ચા છોડાવી.

એમણે જ્યારે ચા છોડી ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજીને હાશ થઈ ને ખૂબ રાજીપો દેખાડ્યો.

આજે રાજેન્દ્રભાઈ ખુદ કહેતા હોય છે કે, "મને ચાનું વ્યસન છૂટે એમ હતું નહીં. અમે સત્સંગ શિબિરોમાં જતા તો બપોરે ત્રણ વાગે અમને 'ટી ટ્યૂમર' ઊપડતું હતું ને અમે શિબિરમાંથી છટકીને હોટલ શોધી કાઢીને ચા પી લેતા હતા. આજે હું તો ચા પીતો નથી પણ અમારા ઘરમાંથી સમૂળગી ચાને કાઢી."

આવી છે દિવ્યપુરુષની દિવ્યતા ને આવો રચ્યો છે દિવ્ય સમાજ !!

●●●

પંચમહાલના આદિવાસીના ડુંગરા પર ઝૂંપડા જેવા કાચા મકાનમાં રહેણાક હોય છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીને પધરામણીએ જવું હોય તો ગાડી ત્યાં સુધી પહોંચે નહીં. એના ઘર સુધી ચાલીને જવું પડે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી એક આદિવાસી માટે ડુંગરા ચઢવાનું કષ્ટ સહી એના કાચા મકાનમાં પધરામણી કરે ત્યાં સુધીમાં થાકી ગયા હોય પણ તેઓ જ્યાં ઘરમાં પ્રવેશ કરે તો ઘરમાં કે દીવાલ ઉપર શ્રીજીમહારાજ અને મુક્તો સિવાય કોઈની ઉપાસના જોવા ન મળે.

ચુસ્ત સર્વોપરી નિષ્ઠાવાળા આદિવાસી હૈયામાં નિર્દોષ સ્નેહ ને હરખાતા હૈયે બાપજીને આવકારે ત્યારે ગુરુવર્ય પ.પૂ. બાપજી તેની નિષ્ઠા તથા નિયમ-ધર્મની

ટેક જોઈને તુરત બોલે, “આવા મુક્તોને ઘેર પધરામણી થાય તો આપણને થાક ન લાગે, થાક લાગ્યો હોય તો ઊતરી જાય.”

આવા ભક્ત ઉપર એમની ખૂબ પ્રસન્નતા ફરી વળે ત્યારે દર્શન થાય કે કરોડપતિના બંગલામાં પધરામણી વખતે રાજીપો ન બતાવે તેના કરતાં અત્યંત રાજીપો આ ઝૂંપડાનિવાસી આદિવાસી પર વરસાવે.

આ આદિવાસી ભક્તો પ્રથમ વહેમ-અંધશ્રદ્ધામાં પીડાતા હતા. દેવ-માતા-ભૂવા-ડાકલા વગેરેમાં અટવાતા હતા. દારૂ-માંસનો આહાર કરતા હતા. તે જ આદિવાસી સમાજમાં બાળકો બાળપણથી આજે સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠા ને નિયમની ટેકને લઈને દિવ્યજીવન જીવતા જોવા મળે છે.

દાહોદ જિલ્લાના એક અંતરિયાળ ગામમાં રહેતા એક બાળમુક્તને ભારે અછબડા નીકળ્યા હતા.

જેથી ખૂબ તાવ આવી ગયો.

તેનાં દાદા-દાદી અને સગાંસંબંધીઓએ તેને રીતિ-રિવાજ પ્રમાણે બળિયાદેવને પગે લાગવાનું કહ્યું.

પરંતુ આ એસ.એમ.વી.એસ.નો બાળમુક્ત માને ખરો...! તેણે ઘસીને ના પાડી દીધી.

બળજબરી અને દબાણ કરવામાં આવ્યું તો ઘરમાં જઈ ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ પાંચ દંડવત કર્યા અને કહ્યું, “મારા સ્વામિનારાયણ ભગવાન જ મારું સર્વસ્વ છે. એમના સિવાય આ માથું બીજે ક્યાંય નહિ નમે.”

આમ, દિવ્યજીવન જીવતો દિવ્ય સમાજ રચીને સંપ્રદાયમાં નૂતન ઈતિહાસ રચનારા વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૧

## કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે

"દાતણ હોય ત્યાં દીવો નહિ ને દીવો ત્યાં નહિ દાતણ." એવું અવિરત વિચરણ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનેક મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના કોલ આપતા. એવું જ અવિરત વિચરણ વર્તમાનકાળે ગુરુવર્ય પ.પૂ. બાપજીના જીવનમાં પણ તાદૃશ્ય થાય છે કે જેઓ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપની ઓળખાણ કરાવી આત્યંતિક કલ્યાણના કોલ આપવા સખત દાખડો કરી રહ્યા છે.

અથાક વિચરણના આગ્રહનું મૂર્તિમંત સ્વરૂપ એટલે ગુરુવર્ય પ.પૂ. બાપજી.

ગુરુવર્ય પ.પૂ. બાપજીની ૮૩ વર્ષની ઉંમરે માત્ર ૧લી નવેમ્બર, ૨૦૧૪થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીના માત્ર ચાર માસના વિચરણનો અહેવાલ તેમના અથાક વિચરણ અને કથાવાર્તાના આગ્રહની શાખ પૂરે છે. એમાંય ૨૧ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫ સુધીનું તેમનું વિચરણ તો ખૂબ જ આકરું રહ્યું હતું.

ભાદરવા મહિનામાં એક દિવસ માણસા પાસેના દાતા ગામમાં પ્રોગ્રામ

રાખેલો. સવારે સાત વાગ્યે વાસણાથી નીકળી વિજાપુર, વિસનગર, માણસા કેટલીક પધરામણીઓ પતાવી દાતા ખાતે પ્રોગ્રામમાં પહોંચ્યા.

| વિગત | આંકડાકીય માહિતી |
|---|---|
| કુલ દિવસો | ૧૨૦ |
| અમદાવાદ સેન્ટર કે અન્ય ગામોનું વિચરણ | ૧૫૫ |
| વિચરણના કુલ કિલોમીટર | ૧૨,૦૯૨થી વધુ |
| કુલ સભાઓ | ૧૫૭ |
| કથાવાર્તાનો લાભ આપ્યો | ૨૧૧ કલાકથી વધુ |
| લાભ લેનાર મુમુક્ષુ | ૧,૩૩,૪૧૦થી વધુ |
| પ્રાતઃસભાઓમાં લાભ | ૮૨ સભા |
| સમૈયામાં લાભ | ૨૦ સભા |
| જ્ઞાનશિબિરોમાં લાભ | ૧૯ સભા |
| શાકોત્સવોમાં લાભ | ૧૧ સભા |
| STKના મુક્તોને લાભ | ૭ સભા |
| પધરામણીમાં લાભ | ૩૬થી વધુ |
| મંદિરના પાટોત્સવ પ્રસંગે લાભ | ૩ સભા |
| પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ | ૧ |
| શિલાન્યાસ સમારોહમાં લાભ | ૪ |
| બોર્ડ અનાવરણ પ્રસંગે લાભ | ૧ |

દાતા ગામે પ્રોગ્રામ પતાવી એક વાગ્યે વાસણા પરત પધાર્યા ને અડધા દિવસમાં તો લગભગ ૩૦૦ કિ.મી.ની સફર થઈ.

બપોરે વાસણા આવી ઠાકોરજી જમાડ્યા ને તરત જ સુરત જવા નિર્ધાર્યું. પૂ. સંતો તથા સાથેના કેટલાક હરિભક્તોએ બપોરે થોડોક આરામ કરવા નમ્ર પ્રાર્થના કરી.

પરંતુ દરિયાના પાણીને રોકી ન શકાય તેમ આ દિવ્યપુરુષના આગ્રહો ને સંકલ્પોમાં રુકાવટ લાવી ન શકાય.

ગુરુવર્ય પ.પૂ. બાપજી તો બપોરે જમાડીને સુરત જવા ગાડીમાં બેસી ગયા.

ત્યાં જઈને પણ લગભગ બાર-તેર જેટલી પધરામણીઓ કરી ને રાત્રે આઠ વાગ્યે સુરત મંદિરે પહોંચ્યા. એમ એક દિવસમાં કુલ ૬૦૦ કિ.મી.નું વિચરણ કર્યું.

આખા દિવસનો થાક લાગ્યો છે તે સામે દૃષ્ટિ કરવાને બદલે બીજા દિવસે ૮ કલાકની સભા કરી સૌના જીવમાં મહારાજનો મહિમા ભરી સૌને ખૂબ બળિયા કર્યા.

તે જ દિવસે ઠાકોરજી જમાડી રાત્રે વડોદરા જવા નીકળ્યા. બીજા દિવસે વડોદરા પ્રાતઃ સભા પતાવી સીધા જ અમદાવાદ-નરોડા સભામાં હાજરી આપી અને સાંજે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર લાભ આપવા પધાર્યા.

આવી રીતે પોતાના સ્વાસ્થ્ય પરત્વે કઠોરતા કેળવી અવિરત વિચરણ તેઓએ કર્યું છે.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજીના આવા વણથંભ્યા, આકરા વિચરણના પ્રસંગો વાંચી અહોહોભાવ આકારે બનેલા એક હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજી પાસે આવ્યા.

તેમણે દિવ્યભાવે દંડવત-દર્શન કરીને ગુરુવર્ય પ.પૂ. બાપજીને વિનમ્રભાવે પૂછ્યું, “બાપજી, આપ અવરભાવની ૮૪ વર્ષની જૈફ વયે આટલું બધું અથાક વિચરણ અને સતત દાખડા કેમ કર્યા કરો છો ? આપનું અવરભાવનું સ્વાસ્થ્ય પણ સારું રહેતું નથી. વળી, આપને અવરભાવમાં ડાયાબિટીસની તકલીફ છે અને બાયપાસ સર્જરી પણ કરાવેલ છે. એમાંય પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતો તો ઘણો દાખડો કરીને વિચરી જ રહ્યા છે. માટે આપને આવી સ્થિતિમાં બહુ વિચરણ કરવાની જરૂર જણાતી ન હોવા છતાં આટલા બધા વિચરણનો આગ્રહ આપ કેમ દર્શાવો છો ?”

આમ કહી તે હરિભક્તે ગુરુવર્ય પ.પૂ. બાપજીને તેઓના વિચરણ કરવા પાછળનું રહસ્ય પૂછ્યું.

તે સાંભળી સિદ્ધાંત પ્રવર્તનની અસ્મિતાના સાગર એવા ગુરુવર્ય પ.પૂ. બાપજી તે હરિભક્ત પ્રત્યે બોલ્યા કે, “આપણા મહારાજ નીલકંઠવર્ણી વેશે ૧૧ વર્ષની નાનકડી ઉંમરે ૭ વર્ષ સુધી ઉઘાડા ચરણે ચાલતાં વનમાં અને આખા ભારતમાં વિચર્યા છે. સમગ્ર ભારતના ખૂણે ખૂણે કેવળ જીવોને પોતાનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવી આત્યંતિક કલ્યાણના અધિકારી કરવા માટે વ્યક્તિ વ્યક્તિ સુધી પહોંચ્યા છે તથા પરોક્ષનાં તીર્થોમાં પણ મુમુક્ષુઓને દર્શન આપવા માટે પધાર્યા

છે. તે માટે તેમણે ક્યારેય ઊંઘ, ભૂખ, થાક કે તકલીફ, મુશ્કેલી સામે જરાય જોયું નથી. કારણ કે આપણા મહારાજનો અનંતકોટિ બ્રહ્માંડના સર્વે જીવોને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી મૂર્તિના સુખભોક્તા કરવાનો પ્રચંડ સંકલ્પ હતો. એ માટે જ તેઓએ પરોક્ષ સંપ્રદાયો કરતાં અતિ ઉત્કૃષ્ટ પોતાનો આગવો સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો છે.''

ગુરુવર્ય પ.પૂ. બાપજી આમ જ્યારે બોલવા લાગ્યા ત્યારે તે હરિભક્ત બાપજીને નીરખી જ રહ્યા.

ગુરુવર્ય પ.પૂ. બાપજીએ બોલવાનું ચાલુ જ રાખ્યું :

''પરંતુ એ જીવો નવા આદરવાળા હોવાથી શ્રીજીમહારાજના સ્વરૂપને યથાર્થ ઓળખી શકતા નહોતા. તેથી શ્રીજીમહારાજનો સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તનનો સંકલ્પ એ વખતે સાકાર થઈ શક્યો નહીં. તેથી એ સંકલ્પને વધુ વેગ આપીને સાકાર કરવા માટે શ્રીજીમહારાજના આશીર્વાદથી જ શ્રીજીસંકલ્પમૂર્તિ આપણા અબજીબાપાશ્રી આ બ્રહ્માંડમાં પ્રગટ થયા. અને સંપ્રદાયમાં સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના પાતાળમાં પાયા નાખીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ સત્સંગમાંય સત્સંગ એવો સર્વોત્કૃષ્ટ કારણ સત્સંગ સ્થાપ્યો. આ કારણ સત્સંગમાં અનેક મુમુક્ષુઓને ખેંચીને અનાદિમુક્તની સ્થિતિ પમાડવા માટે આપણા બાપાશ્રી ઠેર ઠેર ખૂબ વિચરતા હતા. બાપાશ્રીની વાતોમાં ભાગ-૨ની ૧૧૧મી વાતમાં બાપાએ પોતાનો આ સંકલ્પ જણાવતાં કહ્યું છે કે, 'અમારે તો જીવને ઠેઠ મૂર્તિમાં મૂકવા છે. બીજો કોઈ અર્થ સારવો નથી. તેથી રાત કે દિવસ જોતા નથી. ક્યારેય નવરા રહેતા નથી.' સ્વયં બાપાશ્રીએ પણ આ કારણ સત્સંગના સર્વોપરી જ્ઞાન અને સિદ્ધાંતોને સમગ્ર વિશ્વમાં ચારેબાજુ પ્રવર્તાવવા માટે કેટલાં બધાં કષ્ટો વેઠી અપાર દાખડા કર્યા છે !''

''એટલે તમે પણ બાપાશ્રીના પગલે ચાલો છો...''

તે હરિભક્તને હસ્તના લટકે ચૂપ કરતાં તેઓ પોતાનો આગ્રહ જણાવતાં બોલ્યા :

''માટે અમને તો નિરંતર એક જ આગ્રહ વર્તે છે કે, 'કેમ કરીને બાપાશ્રીએ આપેલાં આ સર્વોચ્ચ જ્ઞાન અને સિદ્ધાંતોયુક્ત કારણ સત્સંગ દેશ-પરદેશમાં, આખા વિશ્વમાં અને અનંત બ્રહ્માંડોમાં પ્રવર્તે... અમારે તો સમગ્ર વિશ્વના એકેએક દેશ, તેના એકેએક રાજ્ય, અને એ રાજ્યોના તમામ જિલ્લા, તેના

તમામ તાલુકા અને તમામ ગામડાંઓમાં કારણ સત્સંગનો વિશ્વવ્યાપી પ્રચાર કરીને મહારાજ અને બાપાશ્રીનો સંકલ્પ પૂરો કરવો છે અને આ કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવા માટે જ અમે રાત્યદિન જોયા વગર આ ઉંમરે પણ આટલા બધા દાખડા કરી રહ્યા છીએ અને એટલે જ અમે સંતોને પણ કહીએ છીએ કે, 'સંતો ! તૂટી પડો !!! જેમ ઘોડાના ડાબલા પૃથ્વીને ખૂંદી વળે તેમ તમે આખા વિશ્વને ખૂંદી વળો... એક મિનિટ પણ નવરા ન રહો...' અત્યારે કારણ સત્સંગને સમગ્ર વિશ્વમાં ફેલાવવાનો શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો બહુ પ્રબળ સંકલ્પ છે. અને આવા સંકલ્પથી જ સ્વયં શ્રીજીમહારાજે આ **SMVS** સંસ્થાનું સ્થાપન કર્યું છે. અને એટલે જ અમે હરહંમેશ કહીએ છીએ કે કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે !!''

તે હરિભક્ત ગુરુવર્ય પ.પૂ. બાપજીના સિદ્ધાંત પ્રવર્તન માટેના આગ્રહ ને અવિરત વિચરણની વાત સાંભળતાં સ્તબ્ધ થઈ ગયા. અને બોલ્યા :

''બાપજી, આપનો સંકલ્પ છે એટલે કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે જ...''

''ભગત, સાંભળો તો ખરા.''

''અમારે માત્ર કારણ સત્સંગ ઝાઝા લોકોના પરિચયમાં આવે, 'કારણ સત્સંગ' શબ્દનો જ પ્રચાર-પ્રસાર થાય એવું નથી કરવું. અમારે તો દરેકના વ્યક્તિગત આંતરજગતમાં કારણ સત્સંગ પ્રવર્તાવવો છે. કારણ સત્સંગના સિદ્ધાંતો દરેક વ્યક્તિની રગેરગમાં પ્રવર્તાવવા છે. અનંતને શ્રીજીમહારાજનું સર્વોપરી સ્વરૂપ જેમ છે તેમ ઓળખાવી અનાદિમુક્તની સ્થિતિ પમાડી અનંત ચૈતન્ય મંદિરોની વણઝાર રચીને અનાદિમુક્તોનો દિવ્ય સમાજ રચવો છે. અને જ્યારે આ સંકલ્પ ફળીભૂત થશે ત્યારે જ અમારા કરેલા આ બધા દાખડા લેખે લાગશે.''

આવો ભવ્ય અને પ્રચંડ સંકલ્પ છે ગુરુવર્ય પ.પૂ. બાપજીનો કે જેની ઊંચાઈને કલ્પવી તે માયિક મન-બુદ્ધિની ક્ષમતા બહાર છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીના મુખે આવા ખમીરવંતા શબ્દો સાંભળી હરિભક્ત તો તેમના ચરણોમાં ઢળી જ પડ્યા.

●●●

ગુરુવર્ય પ.પૂ. બાપજી કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવા માટે અતિ ઉત્સુક છે.

તેના માટે તો તેઓ પોતાના અવરભાવના સ્વાસ્થ્યની પણ જરીયે દરકાર ન

કરે. તેઓના જીવનમાં હરપળ આ સંકલ્પને સાકાર કરવાના આગ્રહની અનુભૂતિ થાય.

તા. ૧૯મી ઑગસ્ટ, ૨૦૧૬ના રોજ ગુરુવર્ય પ.પૂ. બાપજી અને વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી સંતમંડળે સહિત નૉર્થ અમેરિકા ખાતે વિદેશ વિચરણાર્થે પધારવાના હતા.

તેના પંદર દિવસ પૂર્વે તા. ૩-૮-૨૦૧૬થી તા. ૧૬-૮-૨૦૧૬ દરમ્યાન શ્રીજીમહારાજની ઇચ્છાથી ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વતંત્રપણે ગંભીર મંદવાડલીલા ગ્રહણ કરી હતી.

તેથી વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી અને પૂ. સંતો ચિંતિત હતા કે, “ગુરુવર્ય પ.પૂ. બાપજી વિદેશ વિચરણ માટે પધારશે કે કેમ ?”

કારણ કે આવી સ્થિતિમાં તેઓ વિદેશ પધારે તે તેઓના સ્વાસ્થ્ય માટે હિતાવહ ન હતું.

તેઓની સેવામાં રહેલા તમામ ડૉક્ટરોનો પણ એ જ અભિપ્રાય હતો કે, “ગુરુવર્ય પ.પૂ. બાપજી વિદેશ ન પધારે તો સારું.”

પરંતુ ગુરુવર્ય પ.પૂ. બાપજી તો સ્વતંત્ર સત્પુરુષ છે. તેઓ તો ઇચ્છે ત્યારે સ્વતંત્ર થકા મંદવાડ ગ્રહણ કરે અને સ્વતંત્ર થકા મંદવાડને રજા આપે.

તા. ૧૬મી ઑગસ્ટના રોજ વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી અચાનક મોડી રાત્રે બે વાગ્યે જાગી ગયા.

અને સૌ સંતોને જગાડીને કહ્યું, “અમે મંદવાડ ગ્રહણ કરીને બેસી રહીશું તો કારણ સત્સંગ કેવી રીતે વિશ્વવ્યાપી થશે ? અમારે તો કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવો છે. માટે આજથી આ મંદવાડ ગયો.”

એમ કહી તેઓએ મંદવાડને રજા આપી દીધી.

“હવે મહારાજ અમેરિકામાં કારણ સત્સંગના ડંકા દેશે. માટે અમેરિકા જવાની તૈયારી કરવા મંડી પડો.” એમ કહી તેઓ શાંત ચિત્તે પોઢી ગયા.

બીજે દિવસે સવારે છ વાગ્યે બ્લડપ્રેશર ચેક કરતાં નૉર્મલ જણાવ્યું અને બપોરે બાર વાગ્યે બ્લડ રિપૉર્ટ કરાવ્યા જે બિલકુલ નોર્મલ આવ્યા.

આ રીતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ સ્વતંત્રપણે મંદવાડલીલા સંકેલી તા. ૧૯મી ઑગસ્ટ, ૨૦૧૬થી તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધી વિદેશ વિચરણ કરી કારણ સત્સંગના વિશ્વવ્યાપી કરવાના સંકલ્પ માટે વધુ સમર્થન આપ્યું.

“કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે...” આ શબ્દો કોઈ આ લોકની વ્યક્તિના

મુખમાંથી નીકળેલા નથી. આ શબ્દો કક્કા, બારાક્ષરીના અક્ષરોની રચના નથી. પરંતુ સ્વયં સ્વામિનારાયણ ભગવાનનો ભવ્ય અને દિવ્ય સંકલ્પ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજી દ્વારા આ સંકલ્પને વહેવડાવનાર સ્વયં અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન છે. આ સંકલ્પ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો નથી, પણ સ્વયં શ્રીજીમહારાજનો છે; કારણ કે શ્રીજીમહારાજ એમના દ્વારા સર્વે કાર્ય કરી રહ્યા છે.

તેમના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ છે. માટે તેઓનો આ પ્રચંડ સંકલ્પ જરૂરથી સાકાર થશે જ અને એ પણ શ્રીજીમહારાજ જ પૂર્ણ કરશે.

કારણ સત્સંગ એ સ્થાનવાચક શબ્દ નથી પરંતુ જ્ઞાન અને સિદ્ધાંતવાચક શબ્દ છે.

માટે કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવો એનો અર્થ **SMVS** સંસ્થાને વિશ્વવ્યાપી કરવી તે નથી, પરંતુ કારણ સત્સંગના સનાતન સિદ્ધાંતોને વિશ્વભરમાં પ્રવર્તાવવા તે જ ગુરુવર્ય પ.પૂ. બાપજીનો અસીમિત અને અતિ વિશાળ સંકલ્પ છે.

“કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે...!” આ સંકલ્પને અખિલ બ્રહ્માંડમાં વહેતો કરનાર દિવ્ય સત્પુરુષ ગુરુવર્ય પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન...

# ૪૨

## દિવ્યપુરુષ મહિમાગાન

**પ્રાર્થના : હે વ્હાલા બાપજી, હે વ્હાલા બાપજી**
**(રાગ : હે સદ્‌ગુરુજી, હે સદ્‌ગુરુજી....)**

હે વ્હાલા બાપજી, હે વ્હાલા બાપજી, જેમ કહેશો તેમ કરશું જોડી હાથ જી;
હે દિવ્યપુરુષ, હે વ્હાલા બાપજી, જેમ રાખો તેમ રહેશું જોડી હાથ જી...ટેક

શ્રીજી સંકલ્પે આપ પ્રગટ થયા, નિયમ નિષ્ઠાએ કરી શોભી રહ્યા;
સિદ્ધ મુનિસ્વામીને ગુરુ કર્યા...હે વ્હાલા બાપજી ૦૧

હેતુ પ્રાગટ્યનો તમે ઉર ધરી, અહીં-તહીં રહ્યા તમે બહુ ફરી;
નર્યાં અપમાનોને સહન કરી...હે વ્હાલા બાપજી ૦૨

જે દિ જમવા માટે ખીચડી નો'તી, વિચરણ માટે ક્યાં જોડ હતી;
રોમે રોમમાં નરી ખુમારી હતી...હે વ્હાલા બાપજી ૦૩

તાવ ટાઈફૉઈડ જેવો મંદવાડ સમો, ફ્રૂટ ન્હોતું સુધારી ક્યાંથી જમો;
શ્રીજી સિદ્ધાંતોનો હતો રજમો...હે વ્હાલા બાપજી ૦૪

ખૂબ સમર્થ છતાં જરણાઓ કરી, ગાડાં વાસણ ઘસીને સેવા કરી;

મુનિસ્વામી ગુરુનો લાભ ધરી...હે વ્હાલા બાપજી ૦૫
સભા સ્ટેડિયમ કેરી પાળે ભરી, ભગવું ફરકાવીને ધજા કરી;
શેર જામફળ લાવી પ્રસાદી ધરી...હે વ્હાલા બાપજી ૦૬
બાપા કેરા વિરોધી વચ્ચે રહ્યા, બાપાવાળો એમ સહુ કહેતા રહ્યા;
તોય લાખો બાપાવાળા થયા...હે વ્હાલા બાપજી ૦૭
માળા લઈને પ્રદક્ષિણા બહુ ફર્યા, ફરતાં ફરતાં ઘણા સત્સંગી કર્યા;
ગોટલી આપી મહારાજ બાપા ભર્યા...હે વ્હાલા બાપજી ૦૮
રાત દાડો કે દિ તમે જોયા નથી, એક-બે કાજે તમે રહ્યા મથી;
આખા જીવનમાં એકે રજા રાખી નથી...હે વ્હાલા બાપજી ૦૯
આપ સ્વયં મૂર્તિમાંહી રહ્યા, છતાં અપાર દુઃખો આપે સહ્યાં;
સૌને મૂર્તિસુખથી ભરી રહ્યા...હે વ્હાલા બાપજી ૧૦
ઘણા વિમુખ વિમુખ તમને કહેતા રહ્યા, તોય લાખો મુખોન્મુખ કરતા રહ્યા;
ઠસોઠસ નિષ્ઠાથી ભરતા રહ્યા...હે વ્હાલા બાપજી ૧૧
હજુ સત્સંગ આખો જોઈ રહેશે, શ્રીજી દિગંતમાં ડંકા દઈ દેશે;
શું થયું.. કેમ થયું..? તેમ સહુ કહેશે...હે વ્હાલા બાપજી ૧૨
બસો બસો વર્ષનો સંકલ્પ જે, શુદ્ધ સંપ્રદાય તણો હતો તે;
જય જયકાર તેનો આજે થઈ રહ્યો છે...હે વ્હાલા બાપજી ૧૩
આપ કહો છો કંઈ અમે નથી કરતા, સ્વયં શ્રીજીમહારાજ છે આપ કર્તા;
તવ કૃપાએ એમાં અમને ભેળવતા...હે વ્હાલા બાપજી ૧૪
ઉપકારો અનંત નવ વિસરીએ, આપ વચને ટુક ટુક થઈ રહીએ;
આપ શતાબ્દી કેરી આશા કરીએ...હે વ્હાલા બાપજી ૧૫
ઘણી વખત કર્યા હશે ઓશિયાળા, મનમુખી સ્વભાવે કર્યા દુખાળા;
બધું ભૂલીને માફ કરો ગુરુ મારા...હે વ્હાલા બાપજી ૧૬

## દિવ્યપુરુષ મહિમાગાન

એક દિવ્યપુરુષની વાત કરું, પ્રાણપ્યારા ગુરુ બાપજીની કરું;
એક દિવ્યપુરુષની વાત કરું, દિવ્યભાવ મહિમા સાથે કરું...ટેક
શ્રીહરિનો મહિમા સર્વોપરી, જેના રૂંવાડે-રૂંવાડે એ જ ભર્યો;
તે માટે તન-મન અર્પી દીધું, એવું કાર્ય મારા ગુરુજીએ કીધું...૦૧

અમીભરેલી દૃષ્ટિ છે કેવી, ઝાડી દેશમાં વરસે કૃપા કેવી;
દીન-દુખિયાનાં સર્વે દુઃખો હરે, પોતે ભૂખ દુઃખ ને થાક સહે...૦૨

ખીચડીમાં જે દિ હળદર ન્હોતી, કર્યું સિદ્ધાંતમાં સમાધાન નહિ;
રાખી નિયમ ધરમની દૃઢતા ઘણી, છે જો સાધુતાની મૂર્તિ ખરી...૦૩

દુખિયા જીવોને સુખિયા કરવા, ટાઢ તડકો ને વરસાદ સહ્યાં ઘણાં;
વન-પર્વત ઝાડીએ વિચર્યા ઘણું, ચડી ડુંગરા આશીર્વાદ આપ્યા ઘણા...૦૪

પગપાળા ચાલ્યા એ પોટલાં લઈ, બેઠા ટ્રક ટેમ્પામાં ને રિક્ષા કરી;
કર્યા ઉપવાસ પાળી આજ્ઞા ઘણી, રાતોની રાતો જાગી વાતો કરી...૦૫

વહેલા ઊઠ્યા ને મોડા સૂતા, રાતોની રાત એ પોઢ્યા નહિ;
સેવકભાવે ઘણી સેવા કરી, ઘસ્યાં વાસણ પાણી દેગડાં ભરી...૦૬

માલ વિનાના માનવ કેવા, અપમાન કરે તુચ્છ ગણી;
દિવ્યભાવે દર્શન સેવા-સમાગમ, કર્યા રાજી મુનિ સ્વામીને મળી...૦૭

સમજે અંતરથી દિવ્યભાવ, આ સત્પુરુષ કેવા દિવ્ય હશે;
દિવ્ય સમજે તે સર્વે દિવ્ય થશે, સર્વે દુઃખોના ડુંગરો તૂટી જશે... ૦૮

## એક અતિ બડે...

### (રાગ : ગુરુ ગોવિંદ દોઉં ખડે...)

દિવ્યપુરુષ એક અતિ બડે, શ્રીજી સમ સુખધામ;
બાપાશ્રી કે વચન પ્રગટે, ગુરુજી મેરે મહાન... હો વ્હાલા૦૧


બાપાશ્રી એક દિન પધારે, ધન્ય વાંસવા ગાંવ;
જેઠાભાઈ દર્શન આયે, પૂજન કરી પડે પાંવ... હો વ્હાલા૦૨


ભક્ત વિનવે બાપાશ્રી કો, પુત્ર દિયો સુખધામ;
હમ તુમ્હારે આપ હમારે, કૃપા કરો મુજ તાત... હો વ્હાલા૦૩


રાજી હો ગયે બાપાશ્રી જો, ભક્ત પૂરે નિષ્કામ;
ટીકા લગાયા શ્રીફલ દિયા, ભક્ત હુવે બડ ભાગ... હો વ્હાલા૦૪


મુસ્કુરાતે બાપા બોલે, સંકલ્પ શ્રીજી સુજાન;
આધા તુમ્હારા આધા હમારા, મુક્ત અનાદિ મહાન... હો વ્હાલા૦૫

આધા હમારા વો ગુરુજી મેરે, દિવ્યપુરુષ નિદાન;
શુદ્ધ ઉપાસના કારણ પ્રગટે, બાપજી મેરે મહાન... હો વ્હાલા૦૬









મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી;
કર્યું જેણે હેત તે સાથે, જન્મ મરણ નથી માથે.

– વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી

## પરિશિષ્ટ-૧ (ભાગ-૨) : પ્રકરણની વિષયવાર સૂચિ


| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| **સામર્થ્ય** | | |
| એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહીં | ૦૭ | ૦૨ |
| દિવ્ય આશીર્વાદ | ૧૨૦ | ૩૨ |
| **સ્થિતિ** | | |
| સત્પુરુષ તો તેને રે કહીએ, જે શાશ્વત શાંતિ પમાડે રે | ૨૬ | ૦૭ |
| મુક્તપુરુષ તો તેને રે કહીએ, જે મૂર્તિના સુખમાં રમાડે રે | ૩૫ | ૧૦ |
| આપ્યા કોલ, કર્યા કૃતાર્થ | ૩૯ | ૧૧ |
| પરભાવની અલૌકિક સ્થિતિ | ૪૭ | ૧૩ |
| અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે | ૫૭ | ૧૬ |
| થોકડો ફેરવી નાખ્યો છે ! | ૧૧૭ | ૩૧ |
| **પંચવર્તમાન** | | |
| સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં | ૧૨ | ૦૩ |
| તન કી ઉપાધિ તજે સોહી સાધુ | ૨૨ | ૦૬ |
| સાધુને મોટું પાપ લાગે. | ૪૯ | ૧૪ |
| નિર્માનીપણાના પ્રેરણામૂર્તિ | ૧૧૩ | ૩૦ |
| **સાધુતા** | | |
| જાણો પર ઉપકારી એહી રે | ૦૧ | ૦૧ |
| સાધુતાના શણગાર | ૧૫ | ૦૪ |
| ચાર રૂપિયાનાં જોડાં ચૌદ વર્ષ ચલાવ્યાં | ૪૩ | ૧૨ |
| રજોગુણનો લેશ નહીં | ૫૩ | ૧૫ |
| નિર્દંભ સાધુતા | ૫૯ | ૧૭ |
| પસંદગી તો પ્રતિકૂળતાની જ | ૬૨ | ૧૮ |
| અનંતના આત્મીય સ્વરૂપ | ૬૫ | ૧૯ |
| નિખાલસતા | ૧૨૬ | ૩૩ |
| જીવંત સાધુતા | ૧૪૫ | ૩૭ |
| ગુણગ્રાહકતા | ૧૫૬ | ૩૯ |

| વિગત | પેજ નં. | પ્ર.નં. |
|---|---|---|
| **સિદ્ધાંત પ્રવર્તન કાર્યો** | | |
| દિવ્ય સ્મૃતિઓ | ૧૨૯ | ૩૪ |
| હજુ જોજો તો ખરા આજના કિશોરો અને નવી પેઢીને | ૧૪૨ | ૩૬ |
| હજુ જોજો તો ખરા | ૧૫૧ | ૩૮ |
| રચવો એવો દિવ્ય સમાજ | ૧૬૧ | ૪૦ |
| કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે | ૧૬૭ | ૪૧ |
| **ઉપાસના** | | |
| કર્તાપણું બસ એક શ્રીજીનું | ૧૭ | ૦૫ |
| સ્વામિનારાયણ ભગવાન બીજો કોઈ નહીં | ૭૦ | ૨૦ |
| રૂપિયો એટલે રૂપિયો એમાં ૯૯ પૈસા પણ ન ચાલે | ૭૫ | ૨૧ |
| અમને તો એક સ્વામિનારાયણનો જ મહિમા કહેવાનો હવાલો આપ્યો છે | ૭૮ | ૨૨ |
| નિશ્ચય તો નવડા જેવો કરવો | ૮૧ | ૨૩ |
| ભગવાન તો એક સ્વામિનારાયણ જ; એ વિના ગુરુ કે સત્પુરુષ પણ નહીં | ૮૫ | ૨૪ |
| આવા સ્વામિનારાયણ મળ્યા પછી મોબત કોની ? | ૯૪ | ૨૬ |
| પુરુષોત્તમ વતે જ પુરુષોત્તમ પમાય | ૧૦૧ | ૨૮ |
| **જ્ઞાનોપદેશ** | | |
| વચનામૃતના આચાર્ય | ૩૦ | ૦૮ |
| મહારાજનું જ્ઞાન તો શ્રેષ્ઠ ફિલૉસૉફી છે | ૯૭ | ૨૭ |
| ગમ્મત સાથે જ્ઞાન પાયું છે | ૧૦૪ | ૨૯ |
| દિવ્ય પ્રસાદમ્ | ૧૩૫ | ૩૫ |
| **મહિમા** | | |
| સૌમાં મહારાજ બિરાજમાન છે | ૩૩ | ૦૯ |
| મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ ? | ૮૯ | ૨૫ |
| દિવ્યપુરુષ મહિમાગાન | ૧૭૪ | ૪૨ |

## પરિશિષ્ટ-૨ (ભાગ-૨) : સમાવિષ્ટ પ્રસંગોની સૂચિ



| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૧ | મોરજ ગામના હરિભક્તોને સુખિયા કરવા રાત્રે એક વાગ્યા સુધી પધરામણી કરી. | ૦૧ | ૦૧ |
| ૨ | નાદુરસ્તી હોવા છતાં પંચમહાલનાં ગામોમાં વિચરી આદિવાસી હરિભક્તોને સત્સંગી કર્યા. | ૦૨ | |
| ૩ | કીર્તિભાઈ ભાવસારના દીકરા હરિકૃષ્ણને આપ્યું જીવનદાન. | ૦૭ | |
| ૪ | વડોદરાના ભરતભાઈ પટેલના પિતાશ્રીને આ લોકમાં રાખ્યા. | ૦૯ | |
| ૫ | પંચમહાલના રામાભાઈ બારિયાને જીવનદાન આપ્યું. | ૦૯ | ૦૨ |
| ૬ | પ.પૂ. બાપજીનાં વચને એક વીઘાના ચાર લાખ ઊપજ્યા. | ૧૦ | |
| ૭ | બાયપાસ સર્જરી દરમ્યાન પણ સાધુના નિયમ-ધર્મમાં અડગ રહ્યા. | ૧૨ | ૦૩ |
| ૮ | પૂનમના સમૈયામાં ગરમીના દિવસોમાં ગાતડિયું ઓઢવા અંગે વિવેક ઉપદેશ | ૧૫ | ૦૪ |
| ૯ | સ્ત્રીઓ બાજુથી વ્હીલ ચેર ન લેવડાવતાં સંતોને સાધુતાની રીત શીખવી. | ૧૬ | |
| ૧૦ | પ.પૂ. બાપજીના આશીર્વાદથી હરિભક્તનું દુઃખ ટાળ્યું છતાંય પોતે કર્તા ન થયા. | ૧૭ | |
| ૧૧ | સુરેન્દ્રનગર ખાતે વિચરણમાં પહોંચવામાં પણ મહારાજનું કર્તાપણું દૃઢ કરાવ્યું. | ૧૮ | |
| ૧૨ | સળેખમમાં દવા લેવાની પ્રાર્થના વખતે દવાનું નહિ, મહારાજનું કર્તાપણું દૃઢ કરાવ્યું. | ૧૯ | ૦૫ |
| ૧૩ | ડૉ. રાજેશભાઈને મહારાજનું કર્તાપણું દૃઢ કરાવ્યું. | ૧૯ | |
| ૧૪ | ક્રિષ્ના હૉસ્પિટલના માલિક ડૉ. અનિમેષભાઈ ચોકસીને મહારાજનું કર્તાપણું દૃઢ કરાવ્યું. | ૨૧ | |
| ૧૫ | સવારે પાંચ વાગ્યે બનાવેલી ખીચડી રાત્રે અગિયાર વાગ્યે પ.પૂ. બાપજી જમાડતા. | ૨૨ | ૦૬ |
| ૧૬ | તુરખા ગામે પત્તર પરથી ઊભા થઈ હરિભક્તોને કથાનો લાભ આપ્યો. | ૨૪ | |
| ૧૭ | પ.પૂ. બાપજીનાં દર્શને અજમેરના ડૉ. ચંદ્રકાંતભાઈને શાશ્વત શાંતિનો અનુભવ થયો. | ૨૬ | ૦૭ |
| ૧૮ | અંતર્યામીપણે કિશોરને ઘાટ-સંકલ્પ જણાવી, એને ચોખ્ખો કર્યો. | ૨૮ | |
| ૧૯ | ભૂજના વડીલ સંતે પ.પૂ. બાપજીનો મહિમા ગાયો ને ‘વચનામૃતના આચાર્ય’ તરીકે બિરદાવ્યા. | ૩૦ | ૦૮ |
| ૨૦ | પ.પૂ. બાપજીએ સંતને બે શબ્દ કહ્યા બાદ એમની દિવ્યભાવે માફી માગી. | ૩૩ | ૦૯ |
| ૨૧ | ડૉ. નવીનચંદ્ર શેલતને પ્રતિલોમ લટક આપી પ.પૂ. બાપજીએ કરાવ્યો મૂર્તિસુખનો અનુભવ. | ૩૫ | ૧૦ |

**દિવ્યાનુભૂતિ : ૨**


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૨૨ | કડી ખાતે શોભાયાત્રામાં માળીનું ફૂલ સ્વીકારી મૂર્તિસુખના કોલ આપ્યા. | ૩૯ | |
| ૨૩ | ફ્રૂટની લારીવાળાને જોઈ પ.પૂ. બાપજીએ સંકલ્પોનું કર્યું વાવેતર. | ૪૦ | ૧૧ |
| ૨૪ | પ.પૂ. બાપજીએ હરિભક્તોને સંકલ્પના વાવેતરની સેવામાં જોડ્યા. | ૪૧ | |
| ૨૫ | પ.પૂ. બાપજીએ ચાર રૂપિયાનાં જોડાં ચૌદ વર્ષ ચલાવ્યાં. | ૪૩ | |
| ૨૬ | પ.પૂ. બાપજીએ નવા તૈયાર થયેલ આસનમાં જૂનું ફર્નિચર વાપરવાનો આગ્રહ જણાવ્યો. | ૪૪ | ૧૨ |
| ૨૭ | પ.પૂ. બાપજીએ નવી ડોલ ન વાપરતાં જૂની ક્ષારવાળી ડોલ વાપરવાનો જ આગ્રહ રાખ્યો. | ૪૫ | |
| ૨૮ | પ.પૂ. બાપજીએ બે ઈન્હેલરમાંથી એક ન રાખવાની રુચિ જણાવી. | ૪૬ | |
| ૨૯ | બાયપાસ સર્જરી બાદ બેભાન અવસ્થા છતાં નરોડા કથા કર્યાની અલૌકિક સ્થિતિ જણાવી. | ૪૭ | ૧૩ |
| ૩૦ | શાકોત્સવ પ્રસંગે પૂર્વાશ્રમના વાસણ ગામે પધારવાની ના કહી. | ૪૯ | |
| ૩૧ | પ.પૂ. બાપજીએ પૂર્વાશ્રમની વાત પૂછતાં રાજેશભાઈને અટકાવ્યા. | ૫૦ | ૧૪ |
| ૩૨ | એસ.ટી.કે.ના મુક્તોને કરાવી નિઃસ્નેહી વર્તમાનની દૃઢતા. | ૫૧ | |
| ૩૩ | રજત જયંતી મહોત્સવમાં ભભકાદાર બગી પર ન બિરાજવાની રુચિ જણાવી. | ૫૩ | |
| ૩૪ | પ.પૂ. બાપજીએ એક યુવકને સાદાં વસ્ત્રો પહેરવાની આજ્ઞા કરી. | ૫૪ | ૧૫ |
| ૩૫ | એક હરિભક્તે રેશમી ગૌમુખી આપી પણ તરત સાગરદાનભાઈને આપી દીધી. | ૫૫ | |
| ૩૬ | પ.પૂ. બાપજીને પ.પૂ. સ્વામીશ્રીએ સૌનું માન ટાળવા પ્રાર્થના કરી ત્યારે પરભાવની સ્થિતિ વર્ણવી. | ૫૭ | ૧૬ |
| ૩૭ | સાધકને એલાયચીનો હાર ધારણ કરી રાખવાની પ્રાર્થના બદલ અરુચિ જણાવતાં સાધુતા શીખવી. | ૫૯ | ૧૭ |
| ૩૮ | પ.પૂ. બાપજીએ ગુરુપદે હોવા છતાં પોતાના સુખ કરતાં હરિભક્તોને દર્શન માટેનાં દ્વાર સદા ખુલ્લાં રાખવા કહ્યું. | ૬૦ | |
| ૩૯ | પ.પૂ. બાપજીએ શિયાળાની ઠંડીમાં ગાતડિયા પર શાલ ગ્રહણ કરવાની ના પાડી. | ૬૨ | |
| ૪૦ | તકલીફ હોવા છતાં પ.પૂ. સ્વામીશ્રી તથા વડીલ સંતોની મોટી ગાડી લાવવાની પ્રાર્થના સ્વીકારી નહીં. | ૬૩ | ૧૮ |
| ૪૧ | જોડમાં એકથી વધુ સંત રાખવાની પ.પૂ. સ્વામીશ્રીની પ્રાર્થના સ્વીકારી નહીં. | ૬૩ | |
| ૪૨ | પ.પૂ. બાપજી પ્રતિકૂળતા હોવા છતાં કાયમ સાનુકૂળતા જણાવે. | ૬૪ | |
| ૪૩ | કેસરડીના કિંજનભાઈ દક્ષિણીને તેમના પરિવારનો ઈતિહાસ કહી આત્મીયજનની અનુભૂતિ કરાવી. | ૬૬ | ૧૯ |


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૪૪ | કડીના વિક્રમભાઈના પિતાશ્રીને હેતથી બોલાવી પોતીકા કરી લીધા. | ૬૮ | |
| ૪૫ | સ્વામિનારાયણ ધામ પ્રાતઃ સભામાં 'અને વળી જે ભગવાન છે…' એ બધાની જોડે બોલાવવાનું પ્રકરણ ચલાવ્યું. | ૭૦ | ૨૦ |
| ૪૬ | અમદાવાદના સાતમા વચનામૃતના આધારે સમજાવી સનાતન-આધુનિક ભગવાનની વિગત. | ૭૨ | |
| ૪૭ | ૧૦૦ પૈસાના રૂપિયા જેવો નક્કી નકોર નિરુત્થાનપણે નિશ્ચય હરિભક્તને દૃઢ કરાવ્યો. | ૭૫ | ૨૧ |
| ૪૮ | એક જ ગરજુ હરિભક્ત માટે એકધારા ચાર કલાક મહારાજના મહિમાની વાતો કરી. | ૭૯ | ૨૨ |
| ૪૯ | અમે સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કહેવાનો હવાલો લઈને આવ્યા છીએ એમ સમજાવ્યું. | ૭૯ | |
| ૫૦ | નિશ્ચય માટે નવડાનો ઘડિયો સમજાવવાની પ.પૂ. બાપજીની અનોખી રીત | ૮૧ | ૨૩ |
| ૫૧ | નિષ્ઠાવાન હરીશભાઈ દેસાઈએ પિતાશ્રીની ગંભીર માંદગીમાં પણ નિશ્ચયની દૃઢતા રાખી. | ૮૩ | |
| ૫૨ | સ્વામિનારાયણ ધામ પ્રાતઃ સભામાં પ્રેમી ભક્તને 'ભગવાન તો સ્વામિનારાયણ જ' સમજાવ્યું. | ૮૫ | ૨૪ |
| ૫૩ | પ.પૂ. બાપજીએ ગુરુપૂર્ણિમાના દિને પ.પૂ. સ્વામીશ્રી દ્વારા ગાયેલ સત્પુરુષ મહિમા પર ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાવ્યો. | ૮૬ | |
| ૫૪ | ભાવનગરના પ્રકાશભાઈને ટકોર કરી, મહારાજનો મહિમા દૃઢ કરાવ્યો. | ૮૬ | |
| ૫૫ | દીપકભાઈ ભટ્ટ જેવા મુમુક્ષુને 'મુઝે કૌન મિલા હૈ ઔર કૈસા કિયા હૈ' પ્રાપ્તિનો અનુભવ કરાવ્યો. | ૮૯ | ૨૫ |
| ૫૬ | પ.પૂ. બાપજીએ આખું મંદિર બાંધી આપવા બદલ અન્ય અવતારની મૂર્તિ પધરાવવાના પ્રસ્તાવનો મોબત રાખ્યા વિના અસ્વીકાર કર્યો. | ૯૪ | ૨૬ |
| ૫૭ | સુરેન્દ્રનગર ઉપાસના શિબિરમાં મોટેરા હરિભક્તો મોડા પધારતાં તેમની મોબત ન રાખતાં પ.પૂ. બાપજીએ તેમને ટકોર કરી. | ૯૬ | |
| ૫૮ | પ.પૂ. બાપજીએ મુમુક્ષુને વચનામૃતનું ફિલૉસૉફી જ્ઞાન સમજાવ્યું. | ૯૭ | ૨૭ |
| ૫૯ | પ.પૂ. બાપજીએ લોયાના ૧૩મા વચનામૃત પર તત્વજ્ઞાન સમજાવ્યું. | ૯૮ | ૨૮ |
| ૬૦ | પ.પૂ. બાપજીએ પોતાનું પ્રધાનપણું ટળાવવા આશિષભાઈ સોનીને નિશ્ચય પુરુષોત્તમ વડે થાય એમ સમજાવ્યું. | ૧૦૧ | |
| ૬૧ | પ.પૂ. બાપજીની કથાવાર્તામાં પ્રશ્નોત્તર શૈલી. | ૧૦૪ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૬૨ | પ.પૂ. બાપજીની કથાવાર્તાની દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી : | ૧૦૬ | |
| | ૧. સાર-અસારના વિવેકનું દૃષ્ટાંત | ૧૦૭ | |
| | ૨. પતિવ્રતા ભક્તિનું દૃષ્ટાંત | ૧૦૭ | |
| | ૩. હાર્ડવેરની દુકાનનું દૃષ્ટાંત | ૧૦૮ | |
| | ૪. માટલામાં બટાકાનું દૃષ્ટાંત | ૧૦૮ | |
| | ૫. ડીઝલનું દૃષ્ટાંત | ૧૦૯ | |
| | ૬. કોડિયામાં દિવેલનું દૃષ્ટાંત | ૧૦૯ | |
| | ૭. વડોદરા જવા વડોદરાનો રસ્તો પકડવાનું દૃષ્ટાંત | ૧૦૯ | ૨૯ |
| | ૮. એક જગ્યાએ ૧૦૦૦ ફૂટ ખાડો ખોદવાનું દૃષ્ટાંત | ૧૧૦ | |
| | ૯. ખાતામાં પૈસા હોય તો કેશિયરનું દૃષ્ટાંત | ૧૧૦ | |
| | ૧૦. માંકા મરદનું દૃષ્ટાંત | ૧૧૦ | |
| | ૧૧. મૂળો ખાધાનું દૃષ્ટાંત | ૧૧૨ | |
| | ૧૨. એક જગ્યાએ નોકરી કરે તો ફંડ મળ્યાનું દૃષ્ટાંત | ૧૧૨ | |
| ૬૩ | મહેસાણા ખાતે શિલારોપણના કાર્યક્રમમાં પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને પોતાના આસને બેસવાનું કહી નિર્માનીપણું દર્શાવ્યું. | ૧૧૩ | |
| ૬૪ | પ.પૂ. બાપજીએ એક સંતની જોડ બની વિચરણ કરવાનો પ્રસ્તાવ મૂકી દાસત્વપણું શીખવ્યું. | ૧૧૪ | ૩૦ |
| ૬૫ | પ.પૂ. બાપજીએ બાથરૂમ સાફ કરીને નીચી ટેલની સેવા કરવાની રીત શીખવી. | ૧૧૫ | |
| ૬૬ | પ.પૂ. બાપજીએ બે બાળકોને રસ્તો પૂછી કર્યું કલ્યાણ. | ૧૧૭ | ૩૧ |
| ૬૭ | પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને થોકડો ફેરવ્યાનું દૃષ્ટાંત સમજાવ્યું. | ૧૧૮ | |
| ૬૮ | પ.પૂ. બાપજીએ વિવિધ સમૈયા, ઉત્સવ, મહોત્સવ તથા પ્રસંગોપાત્ત આપેલ દિવ્ય આશીર્વાદ. | ૧૨૧ | ૩૨ |
| ૬૯ | પ.પૂ. બાપજીએ પ્રાતઃ સભામાં એક શબ્દ બોલતાં ન આવડ્યો તો નિખાલસભાવે ભૂલ સ્વીકારી. | ૧૨૬ | |
| ૭૦ | પ.પૂ. બાપજીએ પ.પૂ. સ્વામીશ્રીને ધોળા કબૂતરની વાત સહજતાથી કરી. | ૧૨૭ | |
| ૭૧ | પ.પૂ. બાપજીએ નિખાલસભાવે જણાવ્યું, ‘મને સ્વામી જેવું ધ્યાન કરાવતાં ન આવડે.’ | ૧૨૭ | ૩૩ |
| ૭૨ | પ.પૂ. બાપજીએ અંગ્રેજી બોલતાં ન આવડે પણ સ્વામીને સારું આવડે એમ કહી નિખાલસતા જણાવી. | ૧૨૮ | |
| ૭૩ | પ.પૂ. બાપજીએ STKના મુક્તો આગળ મને તમારા જેવું કીર્તન ગાતાં ન આવડે એમ જણાવ્યું. | ૧૨૮ | |


| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૭૪ | પ.પૂ. બાપજીની અનુજ્ઞા હેઠળ થયેલ આધ્યાત્મિક અને રચનાત્મક કાર્યોની ઈ.સ. ૧૯૩૩થી ઈ.સ. ૨૦૧૬ દરમ્યાનની દિવ્ય સ્મૃતિઓની આછેરી સ્મૃતિયાત્રા. | ૧૨૯ | ૩૪ |
| ૭૫ | પ.પૂ. બાપજીની સભામાં આવતા અંગ્રેજી શબ્દો, ગામઠી શબ્દો, સાંદર્ભિક શબ્દ ને લઘુવાક્યો, કહેવતો અને કીર્તનો આદિ પ્રાસાદિક સૂચિ. | ૧૩૩ | ૩૫ |
| ૭૬ | બાળમુક્ત દેવ અબાસણાએ સંપ્રદાયના સાધુને દેહ-આત્માની વિક્તિથી સમજાવી ગુરુવર્ય પ.પૂ. બાપજીની શાન વધારી. | ૧૪૩ | |
| ૭૭ | એક બાળમુક્તે સંપ્રદાયના સાધુ પાસે 'છતે દેહે મૂર્તિસુખ માગી' ગુરુવર્ય પ.પૂ. બાપજીની ગરિમા વધારી. | ૧૪૪ | ૩૬ |
| ૭૮ | પ.પૂ. બાપજીના બે નિષ્ઠાવાન બે યુવકોએ એકલા મહારાજનાં દર્શન કરી સંપ્રદાયના સાધુને સર્વોપરી નિષ્ઠાની મહત્તા સમજાવી. | ૧૪૪ | |
| ૭૯ | પ.પૂ. બાપજીએ ગોધાવી સત્સંગ વિચરણ દરમ્યાન વર્તમાન પાળવા ઠંડા પાણીએ સ્નાન કર્યું. | ૧૪૬ | |
| ૮૦ | પ.પૂ. બાપજીએ લાડુ-શાક બંને બરાબર હોવા છતાં સાદું ભોજન જ જમાડ્યું . | ૧૪૬ | |
| ૮૧ | પ.પૂ. બાપજીએ સંતોને સ્ત્રીનાં લૂગડાં જેવું ઝાપટિયું ન રખાય એવી ટકોર કરી. | ૧૪૭ | ૩૭ |
| ૮૨ | પ.પૂ. બાપજીએ ફરાળ માટે પૈસા ન લેતાં મગફળીથી ચલાવ્યું. | ૧૪૮ | |
| ૮૩ | સંતો વિદેશની ભૂમિ પર ચોવીસ ડિગ્રી ઠંડીમાં ગાતડિયાભેર રહ્યા. | ૧૪૯ | |
| ૮૪ | ૪૦ વર્ષ પૂર્વે જમીન-સંપાદન વખતે ગુરુવર્ય પ.પૂ. બાપજીએ એક નહિ, ઢગલાબંધ સાધુ થશે એવો સંકલ્પ જણાવ્યો. | ૧૫૧ | |
| ૮૫ | જશુભાઈ ભાવસારને ગુરુવર્ય પ.પૂ. બાપજીએ 'હજુ જોજો તો ખરા' સંતો-ભક્તોની વણઝાર ઊભી થશે એવો જણાવ્યો સંકલ્પ. | ૧૫૨ | |
| ૮૬ | પ.પૂ. બાપજીએ 'હજુ જોજો તો ખરા' વાસણા - સ્વામિનારાયણ ધામની જગ્યા નાની પડશે એવો સંકલ્પ જણાવ્યો. | ૧૫૨ | |
| ૮૭ | પ.પૂ. બાપજીએ વિદેશની ભૂમિ પર પણ 'હજુ જોજો તો ખરા'નો સંકલ્પ રેલાવ્યો. | ૧૫૩ | ૩૮ |
| ૮૮ | પ.પૂ. બાપજીએ સાધુઓની કતાર ઊભી હશે એવો સંકલ્પ જણાવ્યો. | ૧૫૩ | |
| ૮૯ | પ.પૂ. બાપજીએ પરોક્ષના પૂનમે જતા શ્રદ્ધાળુઓને કારણ સત્સંગમાં લાવવા સંકલ્પોનું વાવેતર કર્યું. | ૧૫૩ | |
| ૯૦ | પ.પૂ. બાપજીએ ગોધરા વિચરણમાં સાથે જનાર સમર્પિતમુક્તને કલ્યાણના સંકલ્પો કરવાની અનોખી રીત શીખવી. | ૧૫૪ | |
| ૯૧ | પ.પૂ. બાપજીએ કદીએ હરિભક્તના અવગુણ-દોષો જોયા નથી. | ૧૫૬ | |

| ક્રમ | પ્રસંગ - વિગત | પેજનં. | પ્ર.નં. |
|---|---|---|---|
| ૯૨ | પ.પૂ. બાપજીએ અન્ય સંસ્થાના વહીવટકર્તાને સંપ-સુહૃદભાવ-એકતા પુસ્તકનાં પ્રકરણ છાપવાની પરવાનગી આપી. | ૧૫૮ | ૩૯ |
| ૯૩ | પ.પૂ. બાપજીએ હરિભક્તની કંપનીમાં પધરામણી દરમ્યાન તેમની કાર્યપદ્ધતિ અને વ્યવસ્થાપન સ્વીકારવા અંગે સંતોને ભલામણ કરી. | ૧૫૯ | |
| ૯૪ | સંતોએ નિયમ-ધર્મ સાચવવા રાજમાતાની મોબત પણ ન રાખી. | ૧૬૨ | |
| ૯૫ | શ્યામબરન રામજગ યાદવ ધર્મ-નિયમની દૃઢતા માટે વિપરીત સંજોગ છતાં દારૂ-માંસને ન અડ્યા. | ૧૬૩ | ૪૦ |
| ૯૬ | પ.પૂ. બાપજીએ રાજેન્દ્રભાઈ પાલાને સર્વોપરી નિષ્ઠા કરાવી ‘ચા’ સરખું વ્યસન પણ રહેવા દીધું નહીં. | ૧૬૪ | |
| ૯૭ | દાહોદ જિલ્લાના એક બાળકે મહારાજ સિવાય કોઈને માથું ન નમાવ્યું. | ૧૬૬ | |
| ૯૮ | પ.પૂ. બાપજીએ ચાર માસ દરમ્યાન કરેલ અવિરત સત્સંગ વિચરણની ગાથા. | ૧૬૭ | |
| ૯૯ | પ.પૂ. બાપજીએ એક હરિભક્તને અવિરત વિચરણ પાછળનો હેતુ જણાવ્યો. | ૧૬૯ | ૪૧ |
| ૧૦૦ | પ.પૂ. બાપજીએ વિદેશ વિચરણાર્થે પધારવાનું નક્કી થતાં મંદવાડલીલાને સ્વતંત્રપણે સંકેલી વિદેશમાં પધાર્યા. | ૧૭૧ | |
| ૧૦૧ | પ.પૂ . સ્વામીશ્રી તથા પૂ. સંતો રચિત દિવ્યપુરુષ મહિમાગાનનાં કીર્તન | ૧૭૪ | ૪૨ |


**સમજે અંતરથી દિવ્યભાવ,**
**આ સત્પુરુષ કેવા દિવ્ય હશે;**
**દિવ્ય સમજે તે સર્વે દિવ્ય થશે,**
**સર્વે દુઃખોના ડુંગરો તૂટી જશે.**
**- વ્હાલા પ.પૂ. સ્વામીશ્રી**



સંસ્થાપક
વ્હાલા ગુરુવર્ય પ.પૂ. બાપજી



વ્હાલા
પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુવર્ય પ.પૂ. બાપજી

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." – આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા અને ઉપાસના-મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુવર્ય પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાના પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનનાં દીવડાં પ્રકાશ્યાં છે.

ગુરુવર્ય પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે, મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે, ઘાટ-સંકલ્પો વિરામ પામી જાય છે, મનોરથો પૂર્ણ થાય છે, તનનાં, મનનાં ને જનનાં સર્વે દુ:ખોથી જાણે મુક્ત થઈ પ્રભુના સુખમાં ગુલતાન થયાનો અહેસાસ થાય છે. એમના સમાગમમાં આવનાર કોઈ પણ વ્યક્તિ શ્રીજીમહારાજનાં સ્વરૂપને જેમ છે તેમ ઓળખાયાની અને છતે દેહે આત્યંતિક કલ્યાણ પામ્યાની પરિતૃપ્તતા પોષે છે. એમની કરુણાભીની દિવ્યદૃષ્ટિમાં આવનાર સૌ કોઈ કૃતાર્થતા અનુભવે છે.

પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૫ વર્ષની ઉંમરે પણ અસંખ્ય ગામડાંઓમાં વિચરણ તથા હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી હોવા છતાં તેઓ અવિરત વિચરણ કર્યા કરે છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે – 'વાંચે ગુજરાત' તથા 'સ્વચ્છતા અભિયાન' આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની પ્રેરણાથી 'એસ.એમ.વી.એસ. ચેરિટીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતાં તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુવર્ય પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઇતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓનાં ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુવર્ય પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે.

શ્રીજીના ને મુક્તના મહિમાનો પાર પામવો તે રમતવાત નથી. સાત સમુદ્રની શાહી કરે, પૃથ્વીનો કાગળ કરે ને વૃક્ષમાત્રની કલમો કરે ને કલ્પની આયુષ્ય કરે ને લખે તોપણ પાર આવે તેમ નથી. તોય મહિમા લખાય તેમ નથી.

હે બાપજી ! અમારા ઉપર સદૈવ રાજી રહેજો... આપના મહિમાને આ પુસ્તકમાં લખવાની અમારી ભૂલ બદલ ક્ષમા કરજો.

કારણ અમે અમારાં બુદ્ધિ-જ્ઞાનથી આપની ચેષ્ટાને, આપની દિવ્ય પળોને અને દિવ્ય અનુભવોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે.

આપ તો સંપૂર્ણ પરભાવનું સ્વરૂપ છો... આપના સ્વરૂપને અમારી અલ્પ મતિથી કેમ સમજવું ?

માટે આપ જ કેવળ કૃપા કરી આપના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવો. આપના ખરા મહાત્મ્યની દિવ્યાનુભૂતિ કરાવો.

આપે અમને સદાય સર્વોપરી મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનની
જ એક નિષ્ઠા રોમરોમમાં પ્રગટાવી છે;
ધ્યાન-ભજન-ઉપાસના એકમાત્ર શ્રીજીમહારાજનું જ થાય;
સ્વામી-દાતા-નિયંતા એકમાત્ર શ્રીજીમહારાજ જ છે;
અનંત અનાદિમુક્તો મૂર્તિરૂપ હોવા છતાં એ સેવક જ છે,
ભોક્તા જ છે - એવું શુદ્ધ જ્ઞાન જ પ્રગટાવ્યું છે.
બસ અમે આપનાં દિવ્ય ચરિત્રોને, આગ્રહો અને આદર્શોને,
વર્તનને દિવ્યભાવે જોતા શીખીએ અને
લેતા શીખીએ એવી પ્રાર્થના...

**સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ**
**સ્વામિનારાયણ ધામ**
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૧૩૦૫૨, ૫૩ Email : ssd@in.smvs.org